ઑક્સફર્ડ ગુજરાતી નવલ કથા

મોહિની



[illegible]

PUBLISHED FOR HODDER & STOUGHTON BY THE
OXFORD UNIVERSITY PRESS, BOMBAY AND MADRAS

ઑક્સફર્ડ ગુજરાતી નવલ કથા

મોહિની

મૂળ લેખક

મીસીસ હેન્રી વુડ

અનુવાદક

રા. ભોગીન્દ્રરાવ ર. દિવેટીઆ, બી. એ.

THE OXFORD GUJARATI NOVELS

DANESBURY HOUSE BY MRS. HENRY WOOD

PUBLISHED FOR

HODDER & STOUGHTON

BY THE

OXFORD UNIVERSITY PRESS

BOMBAY & MADRAS

1915

કિંમત રૂ. ૧.

Price Re. 1.

PRINTED BY A. P. BREWIN AT THE "BOMBAY CHRONICLE"
PRESS, MEDOWS STREET, FORT, FOR THE PUBLISHERS
MESSRS. HODDER & STOUGHTON, OXFORD
UNIVERSITY PRESS, HORNBY ROAD,
FORT, BOMBAY.

અનુક્રમણિકા

આજ લેખકનાં બીજાં પુસ્તકો

		રૂ.	આ.	પૈ.
૧	ઉષાકાન્ત	૧	૦	૦
	,, ...	૦	૮	૦
૨	મૃદુલા	૦	૮	૦
૩	સીતારનો શોખ	૧	૦	૦
૪	જીવન કલા	૦	૪	૦
૫	રાજમાર્ગનો મુસાફર	૦	૪	૦
૬	ટેલીફોન	૦	૧	૦
૭	ટોલ્સ્ટોયની વાતો, ભાગ ૧... ..	૦	૪	૦
૮	નવરંગી બાલકો	૦	૪	૦
૯	રસિકચંદ્ર, ભાગ ૪...	૧	૦	૦
૧૦	આસીસ્ટંટ કલેક્ટર	૧	૦	૦
૧૧	Selections from English Poets	૦	૧૨	૦

પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામાં બાળલગ્ન, સ્નેહલગ્ન, સંસાર સૂધારાના અનેક પ્રશ્નો લઈ પુસ્તકો લખાયાં છે ને લખાય છે, પરન્તુ જન સેવાના ઉદ્દેશથી લખાયેલા પુસ્તકો નથી કહો તો ચાલે. આ પુસ્તકમાં–આ નવલ કથામાં સ્નેહી યુવાન–યુવાતનો વિયોગ–પ્રેમાલાપ–અદ્દભૂત બનાવો વર્ણવ્યા નથી. પરન્તુ આ પ્રવૃત્તિમય જીવનમાં–જે સમયે સ્ત્રી તેમજ પુરૂષને કમાવવાની જરૂર જણાતી જાય છે તે વખત–પૂર્વપશ્ચિમના સંયોગમાં કેટલાક ગંભીર દોષો આવતા જાય છે તે દોષો દૂર કરવાની રેખા માત્ર દર્શાવી છે. ગુજરાતમાં–હિંદુઓમાં દારૂનો પ્રચાર નથી તો પછી દારૂનું સૂચન થાય એવાં પુસ્તક શામાટે જોઇએ? એ પ્રશ્ન આ પુસ્તક લખાતી વેળા થયો હતો. પરન્તુ આપણો જીવનક્રમ બદલાય છે. આપણે આપણે માટેજ જીવવાનું નથી. પરને માટે પણ જીવવાનું છે. મ્હોટાં શહેરોમાં મીલો, કારખાના, રેલ્વે વગેરેમાં હજારો કારીગરો સાંજનાં દારૂમાં ગુલ્તાન રહે છે. ઉંચી કોમમાં કેફી પીણાનો શોખ વધતો જાય છે અને છેલ્લો સરકારી આબકારી રીપોર્ટ વાંચતાં જણાશે કે આખા હિંદુસ્તાનમાં મુંબાઇ ઇલાકામાં દારૂનો ખપ નેવુ ટકા જેટલો વધ્યો છે. વસ્તુ સ્થિતિ આવી છે–દારૂ ન પીવો એ ધર્મઆજ્ઞા છે એ ભાવના આ સ્વતંત્ર વિચારના જીવનમાં ઘસાતી જાય છે. હોલીકા સંમિલન, પ્યુરીટી લીગ, સમાજ સેવા સમાજના રીપોર્ટો ઉપરથી એ વ્યસન વધતુ જાય છે એમ લાગે છે તો પછી આ

પ્રશ્ન ઓછો મહત્વનો નથી. આપણા મજુરો-કારીગરો કે નવા વિચારના સુધારકોમાં ખપવા માંગતા યુવાનો, દારૂમાં પૈસા-આત્મા અને શરીરની ખુવારી કરે એ જોઇ કયો દેશહિતચિંતક દીલગીર નહી થાય. આપણા એ બન્ધુઓ મનુષ્ય-દેવ બનવાને બદલે પશુ થાય ને પશુ થતાં આપણે ન અટકાવીયે તો મનુષ્યનું કર્તવ્ય નથી કરતાં એમ નહી લાગે?

આ પુસ્તકનો હેતુ જણાવ્યા પછી જણાવવાની જરૂર છે કે આ પુસ્તક સુપ્રસિધ્ધ નવલકથાકાર Mrs. Henry Wood ના 'Danesbury House' નો અનુવાદ છે. મીસીસ હેન્રી વુડની નવલ કથાનો અનુવાદ ગુજરાતીમાં વાચનના શોખ વધારનાર મી. કાબ્રાજીએ કર્યા છે. 'East Lynne' અથવા 'દુઃખીઆરી બચુ' વગેરે હજી રસભેર વંચાય છે. એટલે વસ્તુમાં આ લેખકનું-અનુવાદ કર્તાનું કાંઈજ નથી. માત્ર નવલકથામાં જણાવેલા પ્રસંગો આપણા દેશને ઉચિત રીતે ગોઠવવા પ્રયત્ન થયો છે. મીસીસ હેન્રી વુડને આ નવલ કથા લખવા માટે ટેમ્પરન્સ સોસાયટી તરફથી રૂ. ૧૫૦૦ નું પહેલું ઈનામ મળ્યું હતું એટલુંજ નહી પણ એની ઘણી આવૃત્તિઓ થઇ છે. આપણે ત્યાં પણ મદ્યનિષેધક સભા, સોશીયલ સર્વીસ લીગ, મોરલ એજ્યુકેશન લીગ તેમજ સરકાર અને રાજયો આ પુસ્તકને ઉત્તેજન આપશે એવો વિશ્વાસ છે.

છેવટે એક વાત કહેવાની છે તે એ કે આ પુસ્તકની પ્રસિધ્ધિ વિચિત્ર સંયોગોમાં થઇ છે. હિંદુ-

સ્તાનમાં ઇંગ્રજી–વિદેશી કંપની તરફથી દેશી ભાષામાં નવલ કથાનું પુસ્તક પ્રસિધ્ધ થયું હોય તો આ પ્રથમજ છે અને એમાં સંયોગવશાત્ આ લેખક જોડાયો છે એ માટે એ કંપનીનો ઉપકાર માને છે અને સમસ્ત ગુજરાતી પ્રજા તરફથી એ કંપનીનો ઉપકાર માને છે. ઓક્ષફર્ડ યુનીવ્હર્સીટી પ્રેસે આ સાહસ ઉઠાવ્યું છે તેમાં ખાત્રી છે કે જય મળશેજ. આ ફર્મના મુંબાઇના એજન્ટે આ લેખક પ્રત્યે જે સદ્ભાવ દર્શાવ્યો છે તે માટે ફરીને એકવાર આભાર માને છે. જે ઉદ્દેશથી મીસીસ હેન્રી વુડે આ પુસ્તક લખ્યું છે તેજ આશયથી અનુવાદ થયો છે ને પ્રસિધ્ધ થયું છે. તે ઉદ્દેશ–આશય સચવાશે અને જન સમાજ વધાવી લેશે તો ઉપકૃત થઇશું.

વીલર-વીલા,
સાંતાક્રુઝ.
કોરોનેશન ડે,
૧૨-૧૨-૧૪.

ભોગીન્દ્રરાવ ર. દિવેટીયા,
બી. એ.

મોહિની.

પ્રકરણ ૧ લું.

ભૂલ.

પાણીનાજ નશામહીં, રહું સદા ચકચુર.

કલાપિ.

શિયાળામાં પાછલા પહોરે શાન્તિકુંજની બારી આગળ પડેલા સ્ટૂલ ઉપર, સૂર્યનાં આછાં કિરણના તાપમાં ટાઢ ઉરાડતી અને ફાટેલા કબજાને સીવતી પારવતી બેઠી હતી. પારવતી પોતાની બુદ્ધિ, ચપળતા, નિમકહલાલી અને શાન્ત સ્વભાવથી શેઠ શેઠાણીની માનીતી હતી એટલુંજ નહિ પણ બીજા નોકર ચાકરો પારવતી તરફ માનથી જોતા.

મનના વિચારની સાથે સોયની ગતિ ચાલતી હતી ત્યાં અંદરથી બાલકના રોવાનો અવાજ સંભળાયો અને તેની સાથેજ પારવતીએ 'રાઘુ' ને બૂમ પાડી. રાઘુ પાટ ઉપર અડધો ઉંઘતો અડધો જાગતો ઝોકાં ખાતો હતો. રાઘુ જુનો નોકર હતો અને બાલકોને સંભાળવાનું કામ રાઘુનું હતું. રાઘુ વૃદ્ધ થવા આવ્યો હતો અને હાલના શેઠ વસન્તરાવને પણ તેણેજ ઉછેરી મોટા કર્યા હતા. પોતાના નામની બૂમ સાંભળતાંજ રાઘુ ચમકી ઉઠયો ને પારવતી સામું જોઈ બોલ્યો.

"તેં બૂમ પાડી!"

"હા! બાબુ રૂવેછે તે સાંભળતો નથી!"

રાઘુ જાગૃત થઈ ઓરડામાં ગયો અને ત્યાંથી પારણામાં સૂતેલા બાળુને બ્હાર લાવ્યો. નવ માસનો બાળુ સુંદર, ખિલેલાં પુષ્પોનો ગુચ્છો હોય તેમ જોનારનાં નેત્રને લાગતું. તેના સુરખીવાલા ગાલ, ચપળ નેત્રો, ભરેલું શરીર અને ગૌર બદન જોઈ દુશ્મનને પણ તેને રમાડવા ઈચ્છા થતી. બાળુ ઉંઘમાંથી હમણાજ ઉઠયો હતો એટલે મિજાજ ઠેકાણે ન હોતો. રોતો હતો. રાઘુએ ખોળામાં સુવાડી, પગ હલાવી, થાબડી છાનો રાખવા, ઉંઘાડવા બહુ પ્રયત્ન કર્યા પણ બાળુ રોતો રહ્યો નહિ.

" રાઘુ ! શું તું એને ઉંઘાડવા માગે છે? હવે તે ઉંઘે ? કયારનો સુતોછે તે જાણેછે ? "

" પારવતી ! તું તારૂં કામ કર. "

પારવતી જાય એમ નહોતી. બીજા ઉપર હુકમ કરવાની ટેવ પડેલી હોવાથી તે રાઘુનો જવાબ સાંખી શકી નહિ અને બોલી. "રાઘુ ! એને ઉંઘવું નથી. રમવું છે. ભૂખ લાગી હશે. દૂધ પા ! " રાઘુએ ઉત્તરજ ન આપ્યો. પાટ ઉપર પથારી પડી હતી તે ઉપર પોતે સૂતો અને બાળુને સૂવાડયો. બાળુની ઉંઘ પૂરી થઈ હશે પણ પોતાની ઉંઘ પૂરી થઈ ન હોતી એટલે પડયો તેવોજ ઉંઘી ગયો.

પારવતી ઘડીકમાં રાઘુ તરફ તો ઘડીકમાં બાળુ તરફ જોતી બેસીજ રહી; એટલામાં બાળુને ઉધરશ આવી, રાઘુ જાગ્યો. બાળુને બેઠો કર્યો, વાંસે હાથ ફેરવ્યો પણ ઉધરશ દબી નહિ. દશ બાર દિવસથી બાળુને ઉધરશ થઈ હતી અને તેની છાતી ભરાઈ ગઈ હતી. દવાથી કાંક આરામ હતો છતાં કોઈ કોઈવાર ઉધરશ એક સામટી આવતી. ઉધરશ દબી નહિ એટલે બાળુને સુવાડી રાઘુ છાજલી ઉપરથી ' કફ મિક્ષ્ચર ' લેવા ઉઠયો. છાજલી ઉપર ' કફ મિક્ષ્ચર ' ન હોતું.

"પારવતી! બાબુની દવાની શીશી ક્યાં મૂકી છે?"

"તે હું શું જાણું? મેં લીધી નથી."

"તું નહિ તો બીજું કોણ જાણે? ત્યારે જાય ક્યાં?"

"એક વખત કહ્યું કે હું જાણતી નથી. તને ભાનજ ક્યાં છે? મૂકી હશે એક જગાએ ને ખોળશે બીજી જગાએ."

"બીજે ક્યાં મૂકે. છાજલી ઉપર, ગઈકાલ રાતરે મેં જાતે દવા પાઇ શીશી છાજલી ઉપર મૂકી હતી. કોઇ બીજાનો હાથ પડયો લાગે છે. મારા કામમાં આમ બીજી વાર કોણ માથું મારે છે તે જોઇ લઇશ. કદાચ બાઈના ઓરડામાં હોય તો જોઉં."

બાબુને પથારીમાં નાંખી રાઘુ દોડયો. ઓરડામાંથી તરતજ પાછો આવ્યો.

"રાઘુ! કેમ જડી કે?"

"ન જડે તો જાય ક્યાં! આવવા દે બાઈને, જેણે શીશી લીધી હશે તેની ધૂળ ન કઢાવું તો મારૂ નામ રાઘુ નહિ. આ શીશી બાઈના કબાટમાં ગઈ કયાંથી? મ્હને ઠપકો ખવડાવવાની કોઇની યુક્તિ છે પણ યાદ રાખજો હું ભુંડો છું. એને ઘર છોડાવું ત્યારે ખરો. એ પેલા રામાના કામ! બાઈ બ્હાર ગયાં કે ઘરમાં તોફાન મચાવેછે." રાઘુએ મેઝર ગ્લાસમાં મીક્ષ્ચર નાખ્યું અને બાબુને પાયું. પારવતી વિચારમાં હતી. "બાબુની દવાને કોણ અડકે? રામાને અડકવાની જરૂર શી? ત્યારે." પારવતીને નવોજ વિચાર સૂઝયો. 'રાઘુએ પોતેજ આડી અવળી મૂકી દીધી હોયતો? બાઈના કબાટમાંથી બીજી શીશી લાવ્યો હોય, અને જૂની છાજલી ઉપર ભરાઇ રહી હોય તો?' આ વિચાર થતાંજ પારવતી એકદમ છાજલી પાસે ગઈ. શીશીઓ ઉથલાવી. મીક્ષ્ચરની શીશી ઢીંગલી પાછળ હતી. શીશી

મળી કે તરતજ પારવતીની નજર રાઘુ પાસેની શીશી ઉપર પડી ને બૂમ પાડી.

"રાઘુડા! હાય! હાય! સત્યાનાશ વાળ્યું! શીશી તો આ રહી, ત્યારે તે પાયું શું?"

"શું પાય?" એમ રાઘુ બોલ્યો તો ખરો પણ બોલતાં બોલતાં ધ્રુજયો. હોશકોશ ઉડી ગયા ને ધોળો પૂણી જેવો થઈ ગયો. પારવતીના હાથમાંની શીશી અને પોતાના હાથમાંની શીશી જોયા કરી. બન્ને શીશીઓ એકજ જાતની હતી; બન્નેનાં કદ સરખાં હતાં. બન્નેમાં દવા પણ સરખી હતી. બન્નેનો રંગ એકજ જાતનો હતો. દવાપણ આબેહુબ એજ હોય એમ લાગતું.

પારવતીએ રાઘુના હાથમાંની શીશી ઝુંટાવી લીધી. બુચ ઉઘાડી દવા સૂંઘી. દવા સુંઘતાંજ પારવતી ગભરાઈ ગઈ અને ત્રાસ, ક્રોધ, ભયથી રાઘુનું માથું પકડી હલાવી બોલી.

"રાઘુ! વગર મોતે છોકરાને મારી નાંખ્યો. તેં શું પાયું તેનું ત્હને ભાન છે? અફીણનો અરક."

રાઘુના પેટમાં ચરેરાટ થયો પણ બચાવ કરવા બોલી ઉઠયો.

"તારામાં તો અક્કલ નથી. અફીણનો અરક ક્યાંથી હોય?"

પારવતીને ખાત્રી હતી કે તે અફીણજ છે. શેઠાણીના કબાટમાં અફીણનો અર્ક રહેતો એ તેને ખબર હતી. પારવતીએ બન્ને હાથ રાઘુના ખભાઉપર મૂકી રાઘુને ખૂબ હચમચાવ્યો.

"રાઘુ? તને ભાન નથી. તેં શું કર્યું અને તું કેવી સ્થિતિમાં છે તે તું સમજે છે? મીક્ષ્ચર કયું અને અફીણ કયું તે તું અત્યારે ઓળખી શકે એમ નથી."

એક પળ પણ ખોવા જેવી ન હોતી. શીશી, બાબુ, અને પોતાની જાતનો વિચાર કરતા રાઘુને એમને એમ પડતો મૂકી પારવતી એકદમ નીચે ગઈ. નીચે વચલા હૉલમાં રામો સામે મળ્યો. રામાને પકડી બહાર બારણાં આગળ લાવી. રામાને તો એમજ લાગ્યું કે પારવતીની ડાગળી ખશી ગઈ હશે.

"રામા! બાબુ મરવા પડયોછે. દોડતો જઈ દાકતર નાયકને બોલાવી લાવ. જેવા ને જ્યાં બેઠા હોય ત્યાંથી એકદમ લાવજે."

રામો તો હકીકત સાંભળી આભોજ બની ગયો. સવાલ પૂછવાની ઈચ્છા કે હિંમતજ રહી નહી અને એમને એમ દાકતરને બોલાવવા દોડયો. પારવતી રામા પાછળ દોડી, વળી ઉભી રહી—વળી દોડી અને રામાને બૂમ પાડી ઉભો રાખ્યો. 'રામા! દાકતરને કહેજે કે બાબુને દવાને બદલે અફીણ પાયુંછે જેથી દવા લઈનેજ આવે.'

શાન્તિકુંજથી આશરે અડધા માઈલ ઉપર એક વિશાળ ઉંચુ મકાન દેખાતું હતું. એ મકાનના ઘાટ ઉપરથી, જતાં આવતાં ગાડાં, કોલસાના ઢગલા, જુનો લોખંડનો કાટ, કાન ફોડી નાખે એવા અવાજ ઉપરથી કોઈ કારખાનું હોય એમ લાગતું અને હતું પણ તેમજ. પારવતી કારખાનાના કમ્પાઉન્ડમાં પેઠી. કામ કરતા મજુરો, બળતી ભઠ્ઠીઓ, હરતા ફરતા લુહારોની જરા પણ દરકાર કર્યા વિના પારવતી અંદર ઓફીસમાં થઈ કારખાનાના માલેક અને મેનેજરની ખાનગી રૂમમાં પેઠી.

વસન્તરાવ શરીરે કદાવર અને ભવ્ય હતો, તેનાં તેજસ્વી નેત્રો, વિશાળ કપાળ, હસમૂખો ચહેરો આકર્ષક હતાં, તે ઉમરે આશરે બત્રીસ તેત્રીશ વર્ષનો હશે. પારવતી દાખલ થઇ તે વખતે વસન્તરાવ બે કારીગરોની સાથે જરૂરની

વાતો કરતો હતો. આમ કારખાનામાં અને તેમાં પણ ખાનગી રૂમમાં ચાકરડી દોડતી દાખલ થાય એ આશ્ચર્યજનક હતું ને તેથી વસન્તરાવને નજ ગમે એ સ્વાભાવિક હતું. વસન્તરાવનો મિજાજ ગયો અને બોલવા જતો હતો ત્યાં પારવતી બોલી ઉઠી. "સાહેબ, ઘરે ચાલો! સત્યાનાશ ગયું. રાઘુએ બાબુને કાંઇને બદલે કાંઈ પાઇ દીધું છે"

વસન્તરાવ ખૂરશી ઉપરથી કૂદી પારવતી પાસે આવ્યો.

"કાંઇને બદલે કાંઇ એટલે?"

"સાહેબ! કફ મિક્ષ્ચર જડયું નહિ એટલે બાઈના કબાટમાંથી એવી દવા આણી. પાયા પછી ભૂલ જણાઇ."

વસન્તરાવે પારવતીનું બોલવું પુરેપુરૂં સાંભળ્યું અને આવેલા કારીગરોને એમને એમ પડતા મૂકી બહાર દોડયો. દોડતાં દોડતાં એટલુંજ બોલ્યો, "દાકતર નાયકને બોલાવવા મોકલવું હતું ને?"

'સાહેબ! એ તો ક્યારનું મેં મોકલ્યું છે. રામો ગયોછે."

આ ત્રાસદાયક બનાવ દુર્ભાગ્યે ઘણાજ ખરાબ વખતે બન્યો હતો, કારણ બાબુની માતા અને વસન્તરાવની પત્ની સુધા ઘરમાં ન હોતી. આગલેજ દિવસે બે છોકરાંને લઈ ખંડાલે એક સંબંધીને મળવા ગઈ હતી.

ગામમાં હાહાકાર થઇ રહયો. શાન્તિકુંજમાંથી વસન્તરાવનો નોકર ઉઘાડે માથે, ગાભરો રસ્તામાં દોડતો ગયો, સ્ટેશન પાસે ગામઝાંપે દાકતર નાયકના ઘરમાં પેઠો અને દાકતર અને નોકર પાછા એમને એમ હાંફળા ફાંફળા ગયા. એ વાત આવા નાના ગામમાં છાની શી રીતે રહે?

વસન્તરાવનું લોખંડનું કારખાનું આજ વર્ષોનાં વર્ષો થયાં ચાલતું હતું. વસન્તરાવ બારે મહિના અહીંજ

રહે; કારખાનાનાં અંગે હજારો માણસોનાં સંબંધમાં આવે. લોકોની–ગામની સ્થિતિ સુધારવા સદા તત્પર રહે, તવંગર છતાં નાનામાં નાના બાલકને–ગરીબમાં ગરીબને પ્રેમથી બોલાવે–મદદ કરે; પછી લોકો એમને કેમ નચાહ્ય! વસન્તરાવનું કામ, વસન્તરાવનો બોલ લોકો જીવના જોખમે ઉપાડી લેતા. એમના ઘરનાં એકએક માણસને ગામમાં લોકો ઓળખતાં. વસન્તરાવને ત્યાં આનંદ તે લોકને આનંદ, એને ત્યાં શોક કે લોકને પણ શોક. આ સ્થિતિ હોવાથી રામાને દાકતરને લઈજતો જોયો કે વસતીમાં ફાળ પડી. જતા આવતા લોકો ઉભા રહ્યા. ઘરમાંથી માણસો બ્હાર નિકળ્યાં. 'શું થયું? કોણ માંદુ હશે?' એમ પૂછ પાછ થવા લાગી. એટલામાં કારખાનામાંથી વાત આવી.

'બાબુને ઝેર દેવામાં આવ્યું છે.'

ઝેરની વાત સાંભળતાંજ લોકો એક બીજાની સામુ જોવા લાગ્યા. ઝેર આપનાર કોણ એ વિચાર થયો પણ નામ દેવાય કેમ? પરમેશ્વર બિચારાને બચાવે. અરેરે, સુધા બેન ઘેર નથી ને આ કયાં થયું? પારકુ દુઃખ ગમે તેટલું મોટું હોય પણ તે બહુ લાગતું નથી, એ ન્યાયે ટીકા–શોક–દીલસોઝી દર્શાવી લોકો વિખરાઈ ગયા. ડૉકટર નાયકે ઉલટી કરાવી પણ બાબુ હજી શુધ્ધિમાં આવ્યો ન હોતો. બચશે કે કેમ તે કહી શકાતું નહોતું. વસન્તરાવ બાબુ પાસે ગયો. તેના કપાળે હાથ ફેરવ્યો. દાકતરને 'કેમ લાગેછે?' ના પ્રશ્ન પૂછયા. આંખમાંથી આસું લોહી નાંખતાં વિચાર થયો, "સુધાને ખબર કરૂં? એ બિચારી આ સાંભળી કેવી હબકશે! અરેરે, એ જાણતી હશે કે ઘેર આમ કેર વરતાયોછે."

"પારવતી! કારખાનામાંથી બલવન્તને બોલાવી લાવ. આપણી ગાડી જોડાવ."

પારવતી કારખાનામાં દાખલ થઈ કે તરતજ મજુરો, કારકુનો, કારીગરો તેને વિંટળાઈ વળ્યા. 'બાબુ ગયો?' એને કેમ છે?' 'બચશે કે?' 'કોણે ઝેર આપ્યું?' એવી પ્રશ્ન પરંપરા ચાલી. પારવતી બલવન્તને બોલાવવા આવી હતી એટલે એને સંદેશો પોહોચાડયા પછીજ જતાંજતાં ટુંકમાં પતાવ્યું.

રાઘુએ ભૂલમાં દવાને બદલે અફીણ પાયું. દાકતર નાયક આવ્યા છે પણ શું થશે તે રામ જાણે.

રેલ્વેનો વખત ન હોતો અને બંગલાથી સ્ટેશન અને ખંડાળાના સ્ટેશનથી સુધાના સંબંધીનો બંગલો એટલે દૂર હતો કે પગ રસ્તે જવાથી વખતનો બચાવ થાય એમ હતું. બલવન્ત ફોરમેન હતો. શેઠનો વિશ્વાસ-પાત્ર સાથે કુટુમ્બમાં ઘરનોજ માણસ લેખાતો એટલે બાબુને માટે એને પણ બહુ લાગ્યું હતું. બલવન્ત ગાડી લઈ બંગલે આવ્યો. વસન્તરાવ બલવન્તને જોતાંજ ઢીલા થયા. હૃદય ભરાઈ આવ્યું ને બોલ્યા. "બલવન્ત! સુધાને બહુ ધીરેથી ગભરાય નહિ એમ વાત કરજે. દાક-તરનું કહેવું છે કે બચે તો બચે."

સાહેબ! મારાથી બનશે એટલું કરી સુધા બ્હેનને ગભરાવા નહિ દઉં! બલવન્ત ગાડીમાં બેઠો અને ઘોડાની લગામ ગાડીવાને છૂટી મૂકી. ગાડી ખંડાળાની સડકે ચાલી. પત્થરની સડક તે ઉપર દોડતી ગાડીના ખડ-ખડાટ સાંભળી લોકો બહાર આવ્યા અને બલવન્ત સુધા-બેનને બોલાવવા જાયછે એ તરત સમજાયું.

* * * * *

જે સમયે ચિંતાતુર હૃદયે, જેમ બને તેમ વહેલા પહોંચી સુધાને ઘેર લાવવા, ગાડી દોડાવવા, ઘોડાને ચા-બુક ઉપર ચાબુક મારવા બલવન્ત કહેતો હતો તેજ સમયે ખંડાળામાં વિનાયકના બંગલામાં જંમવાની તૈયારી થતી

હતી. વિનાયકરાવ જુના સુપ્રસિધ્ધ સોલીસીટર હતા. એમની પેઢી મુંબાઈમાં જાણીતી હતી. ખંડાળામાં પોતાનો બંગલો હોવાથી વાર તહેવારે રજામાં આવતા અને એટલા દિવસો શાન્તિમાં પસાર કરતા. ધંધાને અંગે વિનાયકને હાયકોર્ટના જજો, મોટી વ્યાપારી પેઢીના સાહેબો, અને રાજ રજવાડા સાથે સંબંધ પડતો. મૂળ જ્ઞાતિએ પ્રભુ અને વિલાયતી કેલવણી લીધી એટલે સુધારામાં આગળ વધ્યા હતા. એ જ્ઞાતિમાં ભક્ષ્યાભક્ષ્યનો છોછ હોતો નથી અને તાડી દ્રાક્ષાસવ શાથે વિલાયતી–દેશી દારૂ પ્રમાણમાં વપરાયછે ને વિનાયકના ઘરમાં વપરાતો. ઘરમાં રસોઇઓ હતો અને સુધા આવી હતી એટલે આખુ કુટુમ્બ સાથેજ જમવા બેઠું હતું. પાટલાની પધ્ધતિ મુંબાઈમાં ચાલતી પણ બંગલામાં–ખંડાળામાં થાળીઓ મેજ ઉપર આવતી અને આજપણ વ્યવસ્થા એજ પ્રમાણે હતી. વિનાયકરાવ અને તેમનાં પત્ની તારાની સાથે સુધા બેઠી હતી. સુધા–સુધા-અમૃત રૂપ હતી. જેવું તેનું બાહ્ય સુંદર હતું તેવુંજ અંતર સુંદર હતું. સુધાની પાસે તારાની નાની બેન મોહિની હતી. મોહિનીને પિયરમાં કોઈ ન-હોવાથી બ્હેનને ત્યાંજ રહેતી. વિનાયકની બીજી બાજુએ એનોજ ભાગીદાર અને એનીજ જ્ઞાતિનો સોલીસીટર લક્ષ્મણરાવ હતો. વિનાયકનાં બે છોકરાં અને જયન્ત અને ભદ્રા સાથેસાથે બેઠાં હતાં. સુધા તો ખંડાળા ઘણીવાર આવેલી પણ છોકરાં પહેલ વહેલાંજ આવેલાં હોવાથી સવારમાં બધાં ફરવાં ગયાં હતાં. ઉચા પહાડ ઉપરથી દેખાતી રેલ્વેની ટનલો, તેમાંથી જતી આવતી ગાડીઓ–દૂર ખીણોમાંનાં લીલાં ખેતરો, ઝુંપડાં–દૂર ઝાંખુ દેખાતું મુંબાઈ વગેરે જોવામાં વખત ક્યાં ગયો તેનું કોઇને ભાન ન રહયું અને તેથી ખાવાની વાર થઈ હતી. ઘેર આવી જમવા બેઠાં–જમતાં જમતાં વાતો કરતાં લહેજત આવતી અને આનંદ છવાઈ ગયો હતો.

જયન્ત—લક્ષ્મણરાવ ! લોહગઢના કિલ્લાની વાત તો પછી કહીજ નહિ ને ! તમે તો ઘણીવાર જોયો હશે.

લક્ષ્મણ—ના ના, પણ તમને બધાંને કાલે લઇ જઇશ. સુધાને જયન્તના પ્રશ્નથી હસવું આવ્યું અને બોલી.

જયન્તે લોહગઢ સંબંધ લેખ 'મનોરંજન'માં વાંચ્યોછે એટલે એને ત્યાં ભૂતકાળમાં ખખડતાં હથિયાર, બખ્તર, લડાઈ અત્યારે પણ હશે એમ ધારેછે. એ સમય ને હાલમાં કેટલો ફેર છે. એ શું જાણે ! ભાઈ ! અત્યારે તો પત્થર અને ખાલી કિલ્લા શિવાય કાંઈ નથી.

જમવાનું પીરસાયું અને નોકરોએ દારૂની નાની પ્યાલીઓ ભરી દરેકની પાસે મૂકી. દારૂની પ્યાલી જોતાંજ ભદ્રા અને જયન્ત ચમકયાં. જયન્તથી રહેવાયુ નહી અને બોલ્યો.

" મ્હારે નહિ જોઇએ. પાણી બસ છે "

" પાણી ?"

"હા—ભદ્રાને પણ પાણી. અમે પાણીજ પીએ છીએ." પાણીની વ્યવસ્થા ન હોતી, પાણીને બદલે સોડાજ લેવાતું. વિનાયકરાવને ત્યાં માત્ર હાથ ધોવામાંજ પાણીનો ઉપયોગ થતો, બાકી પીવાને માટે સોડાજ. જમતી વખત દ્રાક્ષરસ–દારૂ વપરાતો. જ્ઞાતિરૂઢી હતી એટલે ગુજરાતની જ્ઞાતિઓને આશ્ચર્યજનક કે નીતિ વિરૂદ્ધ લાગે એ સંભવિત છે. નોકર નીચે પાણી લેવા ગયો. વિનાયકનાં બન્ને બાલકોને પાણીને બદલે સોડા અને જમતી વખત દ્રાક્ષરસ દેશી કે વિલાયતી દારૂ લેવાની ટેવ પડી હતી એટલે એમણે તો દારૂની પ્યાલીઓ પાસે લીધી. નોકરે બે પ્યાલા પાણીનાં જયન્ત અને ભદ્રા પાસે મૂકયા.

તારા—સુધા બ્હેન! શું આ છોકરાં પાણીજ પીશે! દારૂ જલદ નથી તેમ બહુ નથી. જરા પીશે એમાં શું? પાણી તો નહિજ. શરીર બગડશે. પીવુંજ હોય તો ભલે સોડા પીએ.

સુધા—તમારૂં કહેવું ખરૂં હશે પણ એમને પાણીનીજ ટેવ છે એટલે બીજું કાંઈ નહિ લે.

વિનાયક—છોકરાંને શું માફક આવશે ને શું નહિ તેની તમને જરાએ ખબર હોય એમ લાગતું નથી.

વિનાયકનાં બન્ને છોકરાંઓએ પ્યાલી ખાલી કરી નાખી. જયારે જયન્ત ને ભદ્રા અડકયાં ન હોતાં.

સુધા—માફ કરો. એ છોકરાં નહી લે.

વિનાયક—સાદો દ્રાક્ષાસવ પણ નહિ? અત્યારથીજ તેમને સાધુ બનાવવાછે કે શું? પ્યાલીમાંના ચક-ચકિત દારૂ માટે જેટલા અમે ઇંતેજાર છીએ તેટલાંજ ઇંતેજાર અમારાં છોકરાં છે અને તેમાં વાર તહેવારે, મહેમાન પરોણા આવ્યા હોય ત્યારે તો તેમને પણ એકને બદલે બે પ્યાલી જોઇએ.

મોહિની—સુધા! છોકરાંને આવી જરૂરની વસ્તુ ન આપી શિક્ષા કરવાની રીત તો તમારે ત્યાંજ દેખી.

સુધા—હું એને શિક્ષા માનતીજ નથી. સમજ્યાં! તેમને ટેવ નથી માટે તે પીતાં નથી બીજું કાંઈ નહિ.

વનાયક—ઢોંગ રહેવા દો! જયવન્ત! પી જા! હવે ડાહયો થા મા!

સુધાનો ચહેરો ગંભીર થયો અને તે દ્રઢતાથી બોલી. "નાજી! તેમ નહિ બને."

સુધાની બોલવાની ઢબજ એવી હતી, તે વખતની તેની મુખ મુદ્રાજ એવી હતી કે વિનાયકે વાત પડતી મૂકી. છોકરાં રમવા ગયાં.

તારા—સુધા, આ ગભરૂં જેવાં છોકરાં ઉપર આ જુલમ શો? પાણીજ પીવું એ આગ્રહ શો? પાણી કેટલું ખરાબ આવે છે તેનું ભાન છે! એવા જુલમનું કાંઈ કારણ?

સુધા—કારણ એટલુંજ કે પાણી પીવું એ વધારે લાભકારક છે એમ હું માનું છું. જૂલમ? શામાટે એવો ખોટો વિચાર લાવોછો! એ જુલમ નહિ પણ એ એમનું હિત છે. અત્યારેજ તમારાં દેખતાંજ એમને મરજીમાં આવે તે પીવા કહું અથવા ન કહું તોપણ પાણીજ પીવાનાં. મનુષ્ય માત્રને પાણી ઉપર કુદરતી ભાવ હોયછે. બાલકોને પણ પાણીજ, સ્વચ્છ પાણીજ પ્રિય હોયછે. દારૂ, સોડાનું એક ટીપું બાલકની જીભ ઉપર મૂકો અને જુઓ શું થાયછે? કેવું મોં બગાડે છે? એનો સ્વાદજ એવોછે કે એક વખત તો થુંકી નાખશે. જેવી કડવી દવા તેવોજ દારૂ.

તારા—તે ઠીક. પણ જ્યાંસુધી નાના છે અને તમારી પાસે છે ત્યાંસુધી પાણી પીશે, પણ મોટાં થશે, બ્હાર ફરશે હરશે ને ન્યાત જાતમાં, પાર્ટીઓમાં જશે ત્યાં તમે ક્યાં રોકવાનાં હતાં?

સુધા—તે વખતની વાત તે વખતે. એમના હૃદયમાં બીજા સારા સંસ્કાર પાડવા અને આપણી ઇચ્છા મુજબ વર્તે એમ કેળવવા એ પણ આપણું કામ છે અને તે હું કરીશ. મ્હોટાં થયે પાણી પીયે કે દારૂ પીએ એ એ જાણે પણ મેં મારી ફરજ બજાવીછે એટલો તો સંતોષ થશે ને! આજથી બારે વર્ષે જ્યાંરે મ્હારાં ને તમારાં છોકરાં સાથે ઉભાં રહેશે, એકને સ્વચ્છ કુદરતી મીઠું પાણી ગમતું હશે, બીજાને તે તરફ અભાવ હશે ત્યારે કેવો તફાવત લાગશે! અને એ શાનું પરિણામ?

ન્હાનપણની કેલવણીનુંજ ને! પાણી માટેનો પ્યાર તમે જેમ બને તેમ ઓછો કરોછો. હું તે ખીલવું છું. તારા બ્હેન! આપણે આપણાં બાલકોમાં કુદરતી પાણી માટે ભાવ ઉત્પન્ન કરવોજ જોઇએ.

એટલામાં નોકર આવ્યો અને સુધા તરફ જોઇ બોલ્યો. "બાઈ! આપને કોઈ મળવા આવ્યું છે. ઉતાવળનું કામ છે." ખંડાળામાં વિનાયકના કુટુમ્બ શિવાય કોઈની સાથે પરિચય ન હોવાથી સુધા બોલી–ભાઈ! ભૂલતો હોઈશ. માટે મારે નહિ હોય!

"જી! આપનેજ માટે. લાનોલીથી ગાડી લઈ આવેલ છે નામ—બલવન્ત—"

લાનોલી–! બલવન્ત! આ પરિચિત શબ્દો કાને પડતાંજ એ શબ્દો સાથેજ આઘાત થયો. વાત વાતને ઠેકાણે રહી. સુધાના મ્હો ઉપરનો આનંદ લુપ્ત થયો. સુધાની ધીરજ જતી રહી. હાથ, આખુ શરીર ધ્રુજવા લાગ્યું. રોઉં રોઉં થઈ ગઈ.

હાય! હાય! શું હશે? હજી તો હું કાલેજ આવી છું એટલામાં શું થયું! ત્યાં કોઈ ખાસ માંદુ નથી. રખેને બાબુ માંદો થયો હોય! એમને તો કાંઈ નહિ થયું હોય? એમ હોય તો મ્હારી શી વલે? હું વિધવા. વિધવા શબ્દનો અર્થ સમજતાં સુધાની છાતી ભરાઈ ગઈ–ગાભરી બારણા તરફ દોડી. બલવન્તને દેખતાંજ બોલી.

શું છે? જલ્દી કહે. મને કોઈ સુજતું નથી. તારા શેઠ ક્યાં છે? એમને શરીરે તો ઠીક છે ને? કારખાનામાં કાંઈ અકસ્માત્ તો થયો નથી ને!

બલવન્ત—બાઈ સાહેબ! ગભરાવ નહિ. ગભરાવા જેવું કાંઈ નથી. સાહેબ મજાહમાં છે. એમણેજ મને મોકલ્યોછે. એ તો બાબુની તબીયત જરા નરમ છે માટે તેડવા આવ્યો છું.

સુધાના જીવમાં જીવ આવ્યો. પોતાના વ્હાલા, જીવન આધાર પતિને કાંઈ નથી, એમના શરીરે નુકશાન નથી જાણતાં શાન્તિ થઈ. બાબુ માટે પ્રેમ ન હોતો એમ નહિ પણ પતિ તેમાં મનોરમ, અનુકૂળ વ્હાલ સોયો પતિ હોય અને એવા પતિનું માથું દુઃખે તોપણ પત્નીને કેટલુ થાય એ અનુભવથીજ સમજાયછે. પતિ કરતાં પુત્ર, કે પુત્ર કરતાં પતિ વધતો નથી પરન્તુ વિધવાની સ્થિતિજ ત્રાસદાયક છે. પતિને કાંઈ નથી અને બાબુની તબીયત સહજ નરમ છે જાણી સુધાને ટાઢક વળી અને પાસે પડેલા કોચ ઉપર ધબ લેઇને બેઠી—"બલવન્ત! એને એકદમ શું થયું?

"એ તો રાઘુએ મિક્ષ્ચરને બદલે બીજી દવા ભૂલથી પાઇ. દાકતર નાયક ત્યાં ગયા ને હું અહીં આવ્યો. હવે ઠીક છે" પોતાના ન્હાના નવ માસના બાલકને મૂકી આવી તે માટે સુધાને પસ્તાવો થયો. આયા, નોકરોને બાલક સોંપવાથી એમની નીતિ બગડેછે, એમનાં હૃદયમાં હલકી છાપ પડેછે એ સુધા સારી રીતે જાણતી હતી માટેજ જયન્ત અને ભદ્રાને સાથે લાવી હતી. બાબુ નાનો હતો. રાઘુ જુનો નોકર હતો, અને બાબુને પવન લાગે એ બ્હીકે સાથે લાવી નહોતી. પણ સુધાને એમજ થયું કે ન આવી હતે તો સારૂં થાત. બીચારૂં અવાચક બાલક અત્યારે હશે?

મ્હે બાપડું રમકડું કુમળું ઉછેર્યું
આ પ્રેમના હૃદયનો રસ પાઈ પોષ્યું
પારેવડું સમ હતું બહુ ભોળીયું એ
ને ગીતડું પ્રણયનું, મુજ બાલડું તે.

કલાપિ.

એમ કહેવાનો, સંભારી રોવાનો વખત આવશે કે શું." વળી સુધાએ હિંમત ધરી પૂછયું, "બલવન્ત! રેલ્વેમાં આવ્યા?

'ના—જી. વખત ન હોતો એટલે ટાંગામાંજ આવ્યો.'

'ચાલ—ત્યારે'

વિનાયક, તારા, મોહિની દિગ્ મૂઢની માફક ઉભાંજ હતાં. વચમાં બોલવાનો કે પ્રશ્ન પૂછવાનો આ સમયજ ન હોતો.

વિનાયક—સુધા! જાઓછો? એકલાં જશો?

સુધા—બલવન્ત સાથે છે પછી શું. અને લાનોલી ક્યાં દૂર છે? જયન્ત અને ભદ્રા અહીં રહેશે.

ભાઈ બ્હેનની આંખમાં આંસુ આવ્યાં ને રોતાં રોતાં બોલ્યાં- બા! હમે પણ આવીશું. અમને અહીં નહીં ગમે, તમે ક્યારે પાછાં આવશો?

સુધાએ બન્નેને બાથમાં લીધાં-બન્નેને બારણા બ્હાર લઈ ગઈ, બન્નેના ગાલ ઉપર બ્હાલથી ચુંબન કર્યું ને ધીરે રહી બોલી-" બ્હેન! ભાઈ! સોમવારે આવીશ હોં. વિનુકાકા, તારા માશીને કનડશો નહિ. બેટા! એક વાત કહું! દારૂ કે દ્રાક્ષાસવ લેવા આગ્રહ કરે તો લેશો નહિ હોં? મને દીલગીર કરવી હોય તો લેજો. લેશો તો મ્હને વ્હાલાં નહિ લાગો.

" બા. બા! એમ ન બોલ. તમને દીલગીર જોઈ અમારાથી રહેવાય નહી. નહી લઇએ." આટલું કહેતાં બન્ને ગળગળાં થઈ ગયાં. જયન્ત અને ભદ્રાને માતપિતાની આજ્ઞા, એ કાયદા, માતપિતાની વૃત્તિ, શબ્દ આજ્ઞારૂપ હતો.

બાપુ! બ્હેન! હું જાઉછું હોં! સોમવારે આવીશ અગર બોલાવી લઇશ.

બાબુને રમાડજે. બા. વ્હેલી આવજે. ત્હારૂં કહેલું કરીશું હો.

સુધા ગાડીમાં બેઠી. બેસતાં બેસતાં, ગાડી ચાલતાં ચાલતાં છોકરાં પ્રત્યે ટીકીટીકીને જોઈ રહી. બે બાલકને મૂકી એક બાલકને જોવા, હૃદય સાથે ચાંપવા જતી હતી. આમાંથી કોઇને ચાંપશે કે કેમ? માતા બાલકનું–બાલક માતાનું મુખ જોશે કે કેમ?

પ્રકરણ ૨ જું.

રસ્તામાં.

ચલાવી પુષ્પમાલા પર નીચે સર્પો ભર્યાં કિસ્મત
સનમ દીદારમાં નાંખી પલક જૂદાઈના કિસ્મત

મણિલાલ.

સુધા ગાડીમાં બેઠી હતી; લાનોલીની સડક ઉપરથી ગાડી ઝપાટાબંધ ચાલ્યે જતી હતી; છૂટા છવાયા બંગલા, બે બાજુ દેખાતી પહાડોની ટોચો, ખીણો, ચઢાવ, ઢોળાવ આવતા હતા પરંતુ સુધા સજીવ છતાં નિર્જીવ પુતળીની માફક ઘસડાતી હતી. 'હજી કાલ તો બાબુને મૂકી આવીછે. ખંડાળામાં વિનાયક, તારાને સંતોષ થાય એમ રહી નથી ત્યાં આ શું? બાબુને અફિણ? અને તે પણ રાઘુ જેવા જુના વફાદાર નોકરની ભૂલ!' માતાનું હૃદય કેમ રહે? એની એ વાત ઉથલાવી ઉથલાવીને પૂછવાથી રખેને સત્ય જણાઈ આવે એમ માની સુધાએ બલવન્તને અથ તે ઇતિ સૂધી કહેવાનો આગ્રહ કર્યો. પારવતીએ કહી હતી તેમ બલવન્તે કહી પણ સુધાને એથી સંતોષ થયો નહી ને બોલી?

બલવન્ત! વાત મારા મગજમાં હજી ઉતરતી નથી. અફીણનો અર્ક મેં જાતે મારા ઓરડામાં કબાટમાં મૂક્યો હતો. એ કોઈ લે એમ ન હોતું. તે દિવસ મેં દાંતના

દુખાવા માટે મંગાવ્યો હતો. ઉતાવળમાં ઉપર ચીઠી ચોડવી રહી ગઈ હતી એ વાત ખરી પણ રાઘુ બીજી નહી ને એજ શીશી ક્યાંથી ઉપાડી લ્હાવ્યો! બાબુની દવા એ ઓરડામાં રહેતીજ નથી. મારા શિવાય બીજાનો હાથ પડતોજ નથી. બીજા કોઇની આવી ભૂલ થઈ હોય તો મને નવાઈ ન લાગે પણ કોઈ નહિ ને રાઘુજ આવી ભૂલ કરે એ માનુ નહિ. રાઘુ ઉંઘમાં તો ન હોતો ને!

બળવન્ત મુગો હતો. એના હૃદયમાં ગડભાંગ ચાલતી હતી. અમૂક વાત કહેવી કે કેમ? એ વાત માત્ર લોકોની અફ્વાજ હતી. ખાત્રી વિના કેમ કહેવાય! કહું તો શું ખોટું? ન માને ને રાઘુને કહે તો દુશ્મનાવટ થાય. પણ–

બળવન્ત! રાઘુની ભૂલ! રાઘુ વફાદાર જુનો! એની ભૂલ હોય? તારૂં શું ધારવું છે?

બળવન્તથી ન રહેવાયું ને બોલી ઉઠયો.

બ્હેન પારવતીએ કહેલી વાત તમને કહું કે નહિ એમ થયા કરેછે.

આ વાત સાથે કાંઈ સંબંધ હોય તો જરૂર કહે.

એ તો રવીવારે પારવતી મ્હારે ત્યાં આવી હતી. વાતમાં ને વાતમાં મારે ત્યાંથી પારવતી ને પૂછ્યું કે 'તને નોકરી ફાવેછે કે? બીજા નોકરો કેવા છે? રાઘુની સાથે બને છે કે કેમ?'

પછી.

બાઇ સાહેબ! નહિ કહું. તમને ખોટું લાગે ને વળી ગંભીર છે.

ત્યારે તો જરૂર કહે. એમાં ખોટું શાનું લાગવાનું.

પારવતીએ કહ્યું કે 'રાઘુ દારૂ પીએછે.'

શું ? શું બોલ્યો ? રાઘુ દારૂ પીએછે. ?

જી હા. રાઘુની દારૂની લત હમણાં હમણાં બહુ વધીછે.

તદ્દન ખોટું. હું માનુંજ નહી. રાઘુ કોઈ કોઈ વાર તાડી પીએછે. પણ તે પણ માફકસર. દારૂ પીએજ નહિ. પારવતી જૂઠી. ઘેર જવા દો પછી એની વાત.

" બ્હેન ! મ્હારે ત્યાં પણ પારવતીની વાત પહેલી તો માની નહી પણ જ્યારે પારવતીએ ખાત્રીપૂર્વક કહયું ત્યારે માન્યું. પારવતીએ એકવાર નહી પણ અનેકવાર રાઘુને બેભાન સ્થિતિમાં જોયોછે." સુધા મુગીજ રહી–વિચારમાં પડી ગઈ.

" રાઘુ ! દારૂડીયો ! એ બનેજ કેમ ! ઘોડાવાળો. રામો કોઇ કોઈવાર દારૂ પીએછે એ ખરૂં પણ રાઘુનું તો આજજ સાંભળ્યું. આટલાજ માટે ઘાટીને બદલે ગુજરાતી નોકરો રાખવા હું એમને કહુંછું પણ એમને ઠીક પડતું નથી. મરાઠા–ઘાટી ભેગા થયા કે દારૂ–તાડીની વાત. પેલી દારૂની દુકાન કારખાના પાસેજ ઉઘડીછે ત્યારથી આવા ભવાડા થવા માંડયા છે એ બધુ ખરૂં, પણ રાઘુ— "

સુધા, ભોળી, વિશ્વાસુ સુધા, શુધ્ધ હૃદયની સુધા બળવન્તની વાત માની શકતી ન હોતી. સુધા વધારે મુઝાઈ. બાબુને અફીણ–તે રાઘુને હાથે–રાઘુ દારૂડીયો–એ બનેજ કેમ. " બ્હેન મ્હને જુઠું બોલવાથી કાંઇ લાભ નથી અને પારવતી ખાત્રી વગર હરફ બ્હાર કાઢે એવી નથી. રાઘુની પેટી પાસે એણે દારૂની બાટલી જોઈછે, પીતાં જોયોછે. અરે આજ સવારે–તમે ઘરમાં નહિ, ખાસ કામ નહી એટલે પીધેલો. આથીજ જ્યારે રાઘુને બાબુની દવાની શીશી ન જડી ત્યારે પારવતીએ જાતેજ છાજલી ઉપરથી શોધી કાઢી અને ખરી વાત જણાતાં રાઘુને ઠપકો પણ આપ્યો. "

"પણ રાઘુ દારૂ પીતો હોય તો મને ખબર ન પડે? હું નોકરો શું કરેછે તેની ખાસ ચીવટ રાખું છું. નોકરો તરફ માયાથી વર્તુંછું પણ તે સાથે તે બગડી ન જાય તેની સંભાળ રાખવા ચુકતી નથી. દારૂની ગંધ માર્યા વિના રહે ?"

"પારવતીનું કહેવું એવું છે કે રાઘુ દિવસના ભાગમાં કદી પિતો નથી. અને ગંધને માટે તો એલચી, ચણા, આદુના કકડા આખો દિવસ ખાયછે."

રાઘુના મ્હોમાંથી એલચીનો વાસ આવતો તે તો સુધાને ખબર હતી. નોકર પાસે આમ એલચી ક્યાંથી તે ઘણીવાર પ્રશ્ન થતો પણ મોટા ઘરમાં પાનની તાસકમા સોપારી, એલચી પડયાંજ હોય એટલે સોપારીના કકડા, એલચી ઉપડે એ કાંઈ નવાઈ લાગતી નથી. રાઘુ કોઈ કોઇવાર બરાબર ઉત્તર આપી શકતો નહિ. રાતનાં બોલાવતાં ઉંઘમાં હોય એમ ભાસતું પણ આ પરિણામ દારૂનું હશે એમ એને સ્વપ્ને પણ ખ્યાલ નહી. જેમ જેમ રાઘુનો વિચાર થતો ગયો તેમ તેમ સુધાની મુઝવણ વધી. મ્હારા ઘરમાં દારૂડીયો નોકર, ઇશ્કી નોકર ન રહે એટલા માટે હું ચીવટ રાખનારી, પટીયાં ચટીયાં પાડનારને ઘડી ઉભો ન રાખું, અસભ્ય વાતો, સ્ત્રી મંડળ સાથે હસીને વાત કરવા આવે તો તરછોડી નાંખુ, છોકરાંને નોકરો સાથે બાજી રમતાં દેખું તો ધધડાવી કાઢું; બીજાનાં ઘરોમાં બનેછે તેમ શેઠ બહાર જાય ને ભટ, નોકરને શેઠાણી ચોપાટ ખેલે, હાહાઠીઠી કરે તેની મ્હને ચીડ તેનાજ ઘરમાં દારૂડીયો નોકર? લોકો શું કહેતા હશે! આવું અંધેર! પારવતીએ મ્હને વાત કેમ ન કરી. વાત કરી હત તો મ્હારા બાબુને એને સોંપતજ નહી. મ્હારા બાબુને-" બાબુ સાંભરતાં આંખમાં ઝળઝળીયાં આવ્યાં.

બ્હેન ! પારવતીએ કહ્યું હત તે ઠીક એ મને પણ લાગેછે પણ રાઘુ તમારો જુનો ને વિશ્વાસુ નોકર. પારવતી નવી. જુના નોકર માટે નવા નોકરથી એમ ફરિયાદી કેમ થઈ શકે ? ફરિયાદ કરે તો મનાય પણ ખરી કે?

બળવન્ત ! તારૂ કહેવું વાજબીછે. રાઘુ ઉપરના પૂર્ણ વિશ્વાસ ને લીધે હું જોઇ શકી નહી. પણ એ દારૂ લાવતો ક્યાંથી !

બ્હેન ! વ્યસન પડયા પછી મનગમતી વસ્તુ ગમે ત્યાંથી મળી આવે છે. સુધાએ આજ નવીજ વાંત સાંભળી હતી તેથી ક્ષણવાર બાબુ વિસરાયો. બાબુના અકસ્માતનું કારણ, ન કરે નારાયણ ને બાબુને કાંઇક થાય તો તેનો અપરાધ પોતાનેજ માથે. હાય ! હાય ! મ્હારાં જેવી ભૂલો કેટલાં માબાપ કરતાં હશે. હું એમ ધારતી હતી કે હું તો ઘરની દેખરેખ બરાબર રાખું છું. મારાજ ઘરમાં મારાજ નોકર દારૂની ધૂનમાં ન કરવાનું કરે તો પછી છોકરાંનું તો શું થાય? આવા ઘરમાં કોણ જાણે કેટલાયે ઘોંટાળા હશે ? સારાં સારાં લુગડાં પહેરી જન સમાજમાં ફરીયે તેમાં શું ? વળી અફીણની શીશી રાખીજ શું કામ ? રાખી તો ચીઠી ચોડવાનું આળસ. હાય ! હાય! તે દિવસ ટર્પેન્ટાઈનનો અકસ્માત થયો હતો છતાં એવીને એવીજ રહી. આળસમાં ને આળસમાં–તેલ આજ નાખુ કાલ નાંખુ તેમાં અથાણું બગડયું. એ તો નાની ભૂલ હતી. આ ભૂલમાં તો ફૂલ જેવો છોકરો ખોઇશ. હવે ?

બળવન્ત ! આ વાત તેં કોઇને કહીછે ?

ના. શામાટે કહેવી પડે ? પારવતી પણ એ સંબંધી ચૂપજ છે.

બળવન્ત ! બહુ સારૂં કર્યું. ને રાઘુએ એમને ઉછેરેલા. એમના બાપના વખતનો નોકર. મ્હારી સાસુના મંદવાડ વખતે રાઘુએ જે ચાકરી કરીછે તેવી તો પેટને‌ા છોકરોએ ન કરે. બીજાની વાત હોય તો જૂદી વાત પણ આવા નોકરને કાઢી મૂકવો એ ઠીક નહી. હાલમાં તો ચૂપજ રહેવું. રાઘુને સુધારવાનું કામ હું માથે લઉછું. એને થોડા રોજમાં ઠેકાણે લાવીશ અને નહીંજ સુધરે તો પછી શું કરવું તે તે વખતે વાત. પારવતીને પૂછવાથી વધારે હકીકત મળી આવશે. આ ટેવ રાઘુને હમણાંજ પડી હોવી જોઇએ.

ગાડી પુરપાટ દોડે જતી હતી—લાનોલીના બંગલા દેખાવા લાગ્યા. ફાનસના દિવાનો પ્રકાશ પડતો હતો. કારખાનાની ભીંત દૂરથી દેખાઇ. રસ્તો ઉંચો નીચો હતો એટલે ઘડીકમાં ચ્હડાવ ચ્હડવાનો આવતો તો ઘડીકમાં ઉતરવાનું આવતું. ઢોળાવ નીચે રેલ્વેની સડક હતી. એ સડક ઓળંગી જવાનું હતું. ઢોળાવ એટલો હતો કે ઘોડાની લગામ ખેંચાઇ ન હોય તો અકસ્માત થયા વિના રહેજ નહી. સડકની એક બાજુએ નાનો બંગલો હતો, ત્યારે બીજી બાજુએ ખાડો હતો. સુધા બળવન્તની વાતોમાં હતી. ગાડીવાળાએ ઝાંપો બંધ દેખી ઝાંપો ઉઘાડવા પાંડુને બૂમ પાડી.

પાંડુને જોઇ સુધા બોલી. “ પાંડુ ! બાબુને કેમ છે ? કાંઇ ખબર આવી છે ?” પાંડુનો ઉત્તર ન મળ્યો. પાંડુ ઝાંપો ઉઘાડવા ઉઠયો હતો. પાંડુએ ઠોકર ખાધી. દરવાજો ઉઘડયો. હાથમાં એક ઝાંપો ઝાલી પાંડુ ચાલતો હતો. ઘોડાવાળાએ ગાડી હાંકી. કોણ જાણે કેમ પાંડુના હાથમાંથી ઝાંપો ખસી ગયો ને ઝાંપો જોરથી ઘોડાના મ્હોં ઉપર અથડાયો. અથડાતાંજ ઘોડો ભડકયો. પાછો હઠયો. ઘોડાવાળાએ લગામ ખેંચી રાખી બહુએ જોર કર્યું પણ ઘોડો હાથમાં

ન રહ્યો. શું થયું તે જોવા સુધા ઉંચી થઈ. બળવન્ત ગભરાયો ને બોલ્યો. "બ્હેન! બેસી રહો. ઉભા થશો તો—"

સુધા પરિસ્થિતિ સમજી ગઈ. સડકની કોર ઉપર પૈડુ આવ્યું હતું. ગાડી ઉંધી વળી ને "મરી–મરી" એ વિચાર આવતાંજ પતિ, છોકરાં સાંભર્યાં. "હાય બાબુડા! તને જોઈશ નહિ કે? હે પ્રભુ! મ્હારાં છોકરાંને સાચવજો ને એમને સારાં–"

સુધા પોતાની સ્ત્રી હત તો બળવન્તે બાથ ભીડી પકડી રાખી હત, પરન્તુ પરસ્ત્રીને, શેઠાણીને કેમ અડાય એ વિચારે અટકાવ્યો. જુના હીંદુ રિવાજ પ્રમાણે લાજ-મર્યાદા અયોગ્ય હદ સૂધી લઇ જતાં કેવું પરિણામ આવેછે! પોતાનુંજ બાલક ધાવતું હોય, રોતું હોય, બળતું હોય તોપણ વડિલનાં દેખતાં લેવાયજ કેમ? પોતાનીજ સ્ત્રી ગભરાય, તાણ હીસ્ટીરીયાથી પડે આખડે પણ વડિલનાં દેખતાં એની સારવાર થાયજ કેમ? પર-પુરૂષ કે પરસ્રીને આવા અકસ્માત વખત પણ અડકાયજ કેમ? કોઈ જાણે તો! કોઇ જુએતો! શું ધારે? હું બાઇને બાથ ભીડી પકડી રાખું ને ઘેર વાત કરે તો–આ વિચારો બળવન્ત જેવા સામાન્ય મનુષ્યને આવેજ. એ હિદુ સમાજના નિરીક્ષણ કરનારને આશ્ચર્યકારક નહિ લાગે.

સુધા ત્રાસ પામી ગઇ હતી. નીચે ઉંડો ખાડો, ઘોડાનું ભડકવું, અને છેક કોરે આવેલું પૈડું, ગમે તેવા હીમતવાળાની ધીરજ પણ જાય તો સુધા જેવી કોમળ હૃદયની સ્રીની શી વિસાત! રેલ્વેનો ઝાંપો ઢોળાવ પાસે એવા આવેલો હતો કે ઢોળાવ ઉતરનારથી દેખાય નહી અને આ ઉચાણ કાઢી નાંખવા લાનોલીના લોકોએ અનેક વાર અરજી કરી હતી છતાં કાંઇજ થયું ન હોતું. કોઈ દીવસ આવો અકસ્માત થશે એમ લોકોનું કહેવું

હતું અને આજ બન્યું પણ એમજ. ઘોડો ભડકતાંની સાથેજ પાછો હઠયો. ગાડી કોર ઉપર આવી. પૈડું નીચે ગયું ને ઉંધી વળી. ગાડીનો પોલ તુટી ગયો, ઘોડો છૂટો થયો ને નાઠો. બળવન્ત કોણ જાણે કેમ બચ્યો થોડુંક છોલાયું એટલું એજ. સુધા ગાડી તળે આવી ગઇ હતી. એને કાઢી કેમ? એકલો શું કરે! ઘોડાવાળાનો પત્તો ન હોતો. "પાંડુ! પાંડુ" ની બૂમ પાડી પણ પાંડુ આવ્યોજ નહિ. એટલામાં ચોકી ઉપર ઘડીઆળમાં બારના ડંકા વાગ્યા. તેજ પળે થોડે દૂર દેશી-વિલાયતી દારૂની દુકાનનાં બારણાં ઉઘડયાં. દુકાનમાં બળતા દીવાનો પ્રકાશ રસ્તા ઉપર પડયો ને દુકાનમાંથી ગાળો દેતાં, ઘોંઘાટ કરતાં લોકાનાં ટોળાં નિકળ્યાં. બળવન્ત તેમની તરફ દોડયો ને "બચાવો! આવો" ની બૂમો પાડવા લાગ્યો. પીઠામાંથી નીકળનારામાંના ઘણા ખરા મજુર વર્ગના હતા. કેટલાક તો વસન્તરાવના કારખાના-નાજ હતા. બૂમ સાંભળી ઉભા રહ્યા. ચોગરદમ જુએછે તો સામે બળવન્ત શેઠ. બળવન્ત શેઠનું નામ પડતાંજ દુકાનદાર ફાનસ લઇ બ્હાર નીકળ્યો—"શુ. છે?" બળવન્તે ધડકતે હૃદયે, ગભરાયેલ અવાજે ટુકમાં કહેવાય એટલું કહ્યું. દારૂડીયોનો વિશ્વાસ શો. આમ છતાં કેટલાક હજી શુદ્ધીમાં હતા ને મદદે ગયા. દુકાનદાર ફાનસ લઇ દોડયો પણ દુરભાગ્યે પવનના એક ઝપાટે દીવો ઓલવાઇ ગયો. "મેં ન હોતુ કહ્યું કે દોડતી ગાડીનો અવાજ છે. પણ બાર વાગ્યા કે નહી તેની ભાંજગડમાં મારૂ સાંભળે કોણ?"

પાંચ છ મજુર અને બળવન્તે મહા મહેનતે ગાડી ઉંચી કરી સુધાને બ્હાર કાઢી. સુધા બેભાન હતી. સુધાને જોતાંજ બળવન્તના હોશકોશ ઉડી ગયા. ગભરાયો અને એમ ને એમ બંગલા તરફ દોડયો. બીજા દાકતરને

તેડવા ગયા. સદ્‌ભાગ્યે દાક્તર પણ શાન્તિકુંજમાંજ હતો. ઘોડાવાળો ખાડામાં પડી ગયો હતો ત્યાંથી ઉપર લાવવામાં આવ્યો. થોડી વારમાં એનામાં બોલવાના હોશ આવ્યા.

"સાલા પેલા પાંડુને ફાંસીને લાકડે ચડાવવો જોઇએ."

"પાંડુને શું છે?" મજુરો બોલ્યા.

"હરામખોરે દારૂ પીધો હતો. નોકરી વખતે દારૂ કેવો? જરૂર કાલે સાહેબને કહીશ. ઝાંપો ઉઘાડવા ઉઠયો ત્યારે પગજ ક્યાં ઠરતો હતો—હાથમાં ઝાંપોજ ક્યાં રહેતો હતો? જાતનુંજ ભાન ન હોતું તો પછી ઝાંપો શી રીતે રહે! ઝાંપો ઘોડાના મોં ઉપર અથડાયો.—"

"ત્યારે તો ઘોડો ભડકયો હશે!"

"ભડકે નહી તો શું થાય! આમ કોઇ દિવસ થયું નથી. જમ જેવો ઝાંપો વાગ્યો કે તરતજ ઘોડો પાછો હઠયો ને પાછળ હતી કરાડ એટલે પછી પૂછવું શું." દારૂવાળો વચમાં બોલી ઉઠયો, "એ ઢોળાવજ ખરાબ છે એને ઉતારવાની જરૂરછે. હવે જો જો ન સમો થાય તો—પાંડુ બેહદ દારૂ પીએછે. ઇસ્ટેશન માસ્તરને કહેવું પડશે. પાંડુને ખસેડે નહી તો કોઇ દીવસે આખી ગાડી ઉંધી વાળશે."

"હવે આ ગાડી બંગલા સુધી લઇ જવાની તજવીજ કરવી જોઇએ."

"ઘોડો ક્યાં!"

"અરે ઘોડો તો તબેલામાં જઇને બેઠો હશે. એ બીજે જાય એમ નથી. કોણ ખવડાવવા બેસી રહ્યુંછે?"

"ચાલતો ખરો, પાંડુની મજાહ જોઇએ." બે ચાર જણા પાંડુની કેબીન પાસે જઇ બારણું હચમચાવ્યું. પાડુએ બારણું ઉઘાડયું. અથડાતો બ્હાર આવી લાકડાના કકડાની પાટ બનાવી હતી ત્યાં ધબલઇ પડયો.

"વાહ પાંડુ વાહ! રેલ્વેની ઠીક નોકરી કરેછે? તેં કેટલું નુકશાન કર્યું તેનું તને ભાન છે?"

"શું છે!" પાંડુને બીજું બોલવાની શક્તિ ન હોતી આંખો ચકળવિકળ ફરતી હતી. બે ત્રણ માણસો આવ્યા છે, તેમને કાંઇ જોઇએ છે, રખેને કાંઇ ચોરી જાય માની પૈસાની થેલી હાથમાં પકડી રાખી હતી. "એની સાથે વાત કરવી નકામી છે. જુઓ, તમે સાક્ષી છો. શેઠ મને લડે નહી માટે આ બતાવું છું."

"પાંડુ હવે તારૂ આવી બન્યું જાણજે. નોકરી વખતે આમ ભાન ભૂલે એ ખોટું. જો સુધા બ્હેનને કાંક થાયું તો તારા બાર વાગી ગયા જાણજે." ટોળું પાંડુને એમને એમ રહેવા દઈ ચાલવા માંડયું. સામેથી દાકતર નાયક, બળવન્ત અને વસન્તરાવ આવતા દેખાયા. ત્રણે આવતા જોઇ ટોળું બાજુ ખસી ગયું ને નીચા વળી બધાએ સલામ કરી. દાકતર ફાનસ ઉચું કરી સુધાના મ્હો સામું પળવાર જોઇ રહયો.

"સાહેબ! બાઇ હાલ્યાં કે ચાલ્યાં નથી, આમને આમ પડી રહ્યાં છે."

"ચુપ રહે? આઘા ખસો. વચમાં ગરબડ નહી. વસન્તરાવ! આપ જરા મ્હને બરાબર તપાસવા દેશો? બલવન્ત! ફાનસ ધર તો?"

દાકતર નાયક શું કરે! એ જગાએ બીજો જગપ્રસિધ્ધ દાકતર હત, વૈદ્ય ધન્વંતરી પોતે હાજર હત તોપણ એનું એજ. સુધાના શરીરમાં પ્રાણજ ન હોતાં એ એ પહેલીજ નજરે જોઇ શકયો હતો. પરન્તુ વસન્તરાવને સખ્ત આઘાત ન લાગે એ બ્હીકથીજ એકદમ બોલ્યો ન હોતો. વસન્તરાવની નજર દાક્તર તરફ જતાં

શું કહેશે એ સાંભળવા હૃદય ધબકતું હતું. પરીક્ષામાં પેપરનું બંડલ ફુટતાં સવાલ કેવા હશે તે જાણવા વિદ્યાર્થીઓના હૃદયમાં જે વૃત્તિ થાયછે, કાંઇક અપરાધ કર્યા પછી વડિલ પાસે જતાં શું થશે, શું કહેશે એ સાંભળતાં પહેલાં જે લાગણી થાયછે તે વૃત્તિ વસન્તરાવની હતી. અક્કલ બહેર મારી ગઇ હતી. ન્યાયાધીશ તહોમતદારને અપરાધી કે અનપરાધી ઠરાવશે એ નક્કી ન હોય ને અપરાધીની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ વસન્તરાવની હતી. વસન્તરાવ દૂર ખસી ગયા હતા, અને અંધકારમાં છતાં દાક્તર નાયક ને સુધાને જોઇ શકતા હતા. જે સુધાએ ભોંય પગ મૂકયો ન હોતો, જે સુધા સવા મણ રૂની તળાઈ શિવાય બીજે સૂતી નહી, જે સુધાને પવન આવશે, મચ્છર કરડશે એ બ્હીકે છત્રીપલંગ, મચ્છરદાની તૈયાર ને તૈયાર રહેતાં, તેજ સુધા અત્યારે પત્થર કિંવા લાકડાના કકડાની માફક સખ્ત જમીન ઉપર પડી હતી. હૃદય વૃત્તિઓ પોતાના ઉપર કાબુ ન મેળવે એ ઉદ્દેશથી વસન્તરાવે ઘોડાવાળાને કહ્યું.

"તને વાગ્યું તો નથી ને?"

"ના જી. બાઇ ઉઠે તો બસ."

"શું થયું? બળવન્ત કહેછે ઝાંપો ઘોડાને અથડાયો."

"હા જી, પાંડુએ દારૂ પીધેલો એટલે ઝાંપો હાથમાંથી ખસી ગયો."

"પાંડુ! દારૂ પીધેલો?"

"તો–અરે, હજી કયાં ભાન છે?"

દાકતર નાયકે તપાસ કરી, નાડી જોઇ, આંખો જોઇ, છાતી જોઇ. વસન્તરાવ પાસે આવ્યો. દાકતર

વસન્તરાવનો હાથ પકડી દૂર લઈ ગયો. આંગળ પાછળ કોઇ નથી એટલી ખાત્રી કર્યાં પછી દાકતર વસન્તરાવના સામુ જોઇ રહયો.

"દાકતર શું છે? મને અહીં કેમ લાવ્યા? સુધાને કેવું ને કેટલું વાગ્યું છે? બોલો ને! કેમ બોલતા નથી? દાકતર! આ મશ્કરીનો સમય છે? મ્હારા હૃદયમાં શું થાય છે તેનું તમને—"

"વસન્તરાવ! કેવી રીતે ને શું કહેવું તેની મને સુજ પડતી નથી."

આ શબ્દ સાંભળતાંજ વસન્તરાવ હેઠળ બેસી ગયો અને હૃદયમાં ડુમો ભરાયો.

"દાકતર! દાકતર! શું છે?"

"ભાઈ! હવે સુધા બ્હેન તમારાં નથી–ગયાં બીચારાં!"

વસન્તરાવ ઉશ્કેરાયલો ઉભો થયો, દાકતરનો હાથ જોરથી પકડયો, ખભા ઉપર હાથ મૂકી, દાંત પીસી બળતા હૃદયે બોલ્યો–

"દાકતર! તમે સાચું કહોછો? સુધા મારી નથી?"

ભાઇ! વાત સાચી છે. ઇશ્વરનો ઉપકાર માનો કે એમને પીડા ભોગવવી ન પડી. પડતાંની સાથેજ ડોક ભાગી ગઈ છે."

વસન્તરાવ, લાનોલીમાં મુખ્ય મનાતો વસન્તરાવ, શાન્ત, સમજુ વસન્તરાવ દોડયો અને સુધાના શરીર ઉપર પડયો અને છાતી ઉપર માથું નાખી ખૂબ રોયો.

પ્રકરણ ૩ જું.

સુનું ઘર.

ગુણ સુગન્ધો મધુર તારા,
હૃદયને કાંઈ હારનારા
લીધા ક્ષણ વાર મેં બ્હેની.
થશે તે લુપ્ત તે કહેની.

નરસિંહરાવ.

લાનોલીમાં એવો એક પણ મનુષ્ય નહિ હોય જે સુધાને ચહાતું નહિ હોય. વાર તહેવારે, સાજે માંદે સુધા કારીગરોને, મજુરોને તન મન અને ધનથી મદદ કરતી. સુધાની હાજરી સર્વત્ર સુધા વરસાવતી. આવી માતા તુલ્ય શેઠાણીના આવા ત્રાસદાયક મૃત્યુથી લાનોલીમાં હાહાકાર વર્તી રહયો હતો અને ઝાંપાવાળા પાંડુની કમબખ્તી આવી. અકસ્માતની ખબર પોલીસને મળતાંજ પાંડુને પકડયો. સુધાના શબ પાસે જુરી ભરાઇ અને ઘોડાવાળા, બલવન્ત, દારૂવાળા અને મજુરોની જુબાની ઉપરથી પાંડુએ દારૂ પીધો હતો, દારૂના ઘેનમાંજ ઝાંપો ઉઘાડયો એ સાબીત થયું અને નોકરીને વખતે દારૂના ઘેનમાં બેદરકારી રાખી ખૂન કરવાનો આરોપ મૂકાયો. પાંડુને આગળ તપાસ ચાલતાં સૂધી કેદ કરવામાં આવ્યો.

લાનોલી હવા ખાવાનું સ્થળ છે એટલે શિયાળા ઉન્હાળામાં આખું ગામ ભરચક લાગેછે એ વાત ખરી, પરન્તુ વધારે પ્રસિદ્ધ તો વસન્તરાવના કારખાનાને લીધેજ હતું. લોખંડનું કારખાનું એટલા મોટા પાયા ઉપર હતું કે તેને અંગે નાનું બજાર, નિશાળ, દવાખાનું, મજુર વર્ગ માટે ચાલો હતી. એંજીનીઅર, સુતારો, લોહારો, કડીયા વગેરે ધંધાર્થી સંખ્યાબંધ રહેતા. લાનોલી આવનાર આ લોખંડનું કારખાનું જોયા વિના રહેતા નહી અને આને-

લીધેજ વ્યાપારી વર્ગમાં લાનોલી પ્રસિધ્ધ પામ્યું હતું. જેટવું લાનોલી, લોખંડનું કારખાનું જાણીતું હતું તેટલુંજ તેથી વિશેષ જાણીતાં તેના માલિક વસન્ત અને સુધાનાં નામ હતાં. વસન્તના પિતાએ આ કારખાનું જી. આઇ. પી. રેલ્વે આવી તે સમયે ઉધાડયું હતું અને પ્રમાણિકતા, ખંત અને મળતાવડા સ્વભાવથી કારખાનાને ઉન્નત સ્થિતિએ આણ્યું હતું. વસન્ત અને તેના ભાઇ કેશવ ઉમ્મર લાયક થયા અને કોલેજનો અભ્યાસ પૂરો થયો એટલે ભાગીદાર બનાવ્યા, પરન્તુ દુર્ભાગ્યે વસન્ત એકલોજ માલીક રહયો.

એના પિતા અને ભાઇ બન્ને ગુજરી ગયા. કેશવની વિધવાને કારખાનાની ઉપજમાંથી દર માસ સારી રકમ આપવામાં આવતી હતી અને તે ઉત્પન્નમાંથી સુશીલા પોતાનું શાન્ત જીવન નભાવતી હતી. વસન્ત પોતાની પત્ની સુધા, ભદ્રા, જયન્ત અને નાના બાબુની સાથે સંસાર સુખ ભોગવતો હતો ત્યાં એકાએક આપત્તિ આવી પડી. ખંડાળે એક દિવસ માટે ગઇ તે વખત વસન્ત કારખાનામાં હતો એટલે મળાયું નહીં અને અન્તકાળના મનના ઉભરા સાંભળ્યા શિવાય આમ મનોરમા પત્ની ખોઇ બેઠો. બાબુ દાકતરની મહેનતથી સાજો થયો પરન્તુ માતાનો વ્હાલ સ્વપ્ને પણ મેળવી શકયો નહિ. પોતાનાં બે વ્હાલાં તડફડતાં છોકરાં ખંડાળે મૂકી, સુધા જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલા ખાતાં બાલકને છાતી સરસે ચાંપવા અધીરા જીવે દોડતી આવતી હતી ત્યાં દૃષ્ટ ક્રૂર કાળે વચમાંથીજ ઝડપી લીધી. માતાનું સ્નેહાળ મુખ ન જોયું બાબુએ કે ન જોયું ભદ્રા જયન્તે. રડતાં આક્રન્દ કરતાં મા વિનાના બાલકને હું કેમ જોઇ શકીશ એ વિચારે વસન્ત મુઝાતો હતો.

સુધા! મનોરમા અનુકૂળ સુધાના સદ્‌ગુણો, તેની સાથે ભોગવેલાં સંસાર સુખ અત્યારેજ સાંભરી આવ્યાં. આખા ઘરમાં પોતેજ મોટો હતો અને પોતે મુઝાય તો છોકરાંની શી સ્થિતિ! આજ વિચારે શાન્ત થયો હતો. પત્ની અને તેમાં પણ જીવન મિત્ર, અર્ધાંગના, મંત્રીપદ લે એવી પત્નીનું મૃત્યુ કેટલું દુઃખદ છે એ માત્ર અનુભવથીજ સમજાય એમ છે. વસન્તની આ સ્થિતિ હતી.

બળવન્ત, વફાદાર બલવન્તં તો સુધાના મૃત્યુથી આભોજ બની ગયો હતો. સુધાને તેડવા ગયો ત્યારે બાબુના જીવન માટે ભય હતો અને એ દુઃખદ વાર્તા શી રીતે કહેવી એવો વિચાર કરતો હતો ત્યાં આમ જૂદુંજ બન્યું. કારખાનામાં અનેક કારકુનો હતા પરન્તુ બળવન્તને તોલે કોઇ ન આવે. સરળ, પવિત્ર જીવન, માલિક તરફ પ્રેમ ભાવના અને પ્રમાણિકતા તો બળવન્તનાંજ. સુધા અને વસન્ત બળવન્તની આંખેજ જોતાં હતાં. રાઘુ દારૂ પીએછે એ વાત એણે સુધાને કહી હતી અને રાઘુએ દારૂના ઘેનમાં બાબુને અફીણ ન આપ્યું હત તો સુધાને પગ રસ્તે બોલાવી આવવાની જરૂર પડત નહી અને એમ થાત તો અકસ્માત બનત નહી. ‘રાઘુ! રાઘુ! ત્હારી આ ટેવે! પાંડુ! ત્હારી દારૂ પીવાની લતે, કેવુ ગંભીર પરિણામ આણ્યું? જો આ અકસ્માતથી રાઘુ સમજે તો હવે દારૂનું નામ નહિ લે. જો એમ થાય તો શેઠને ખબર કરવાની જરૂર નથી. ના. ના. પારવતીને કહીશ કે કોઇને વાત ન કરે. સુધા બ્હેનના મરણ પછી રાઘુ રાઘુજ ન હોય. એ તો બાવરોજ બની ગયોછે અને બાબુને જોઇ રોયાજ કરેછે. ગંભીર ગુન્હો કર્યો હોય, ખૂન કર્યું હોય ને છાતી ઉપર બોજો હોય તેમ જીવન ગાળેછે. ખરેખર ને એનો પસ્તાવો થવોજ જોઇએ. શિક્ષાનો હેતુજ એ છે કે સૂધરે તો પછી શેઠને કહી કાઢી મૂકાવવાથી શો લાભ! એ તો એજ.’

બળવન્તની વિચારમાલાનો અન્ત આવ્યો. પારવતીએ બળવન્તની ઇચ્છાનુંસાર એ સંબંધ અક્ષર પણ બહાર ન કાઢવા વચન આપ્યું અને વાતનો વિષય બદલાયો.

" બળવન્ત! ભદ્રા ને જયન્ત કાલે આવેછે પણ એમની સાથે સુધા બ્હેનની બ્હેન પણ આવેછે. આજ સવારેજ શેઠ બધાંને કહેતા હતા કે છોકરાં અને તેમાં બાબુને માટે ખાસ સુધાની બ્હેન આવવાની છે માટે એને કોઇ પણ રીતે અણગમતું આવે કે ખોટું લાગે એવું ન થાય તેમ તજવીજ કરવી." એ આવવાની સાંભળી રાઘુનો મીજાજ ગયો અને બોલ્યો, "ખરાં શેઠાણી કરતાં એવાં ખોટાં શેઠાણીઓનો મિજાજ સંભાળવો બહુ મુશ્કેલ છે."

"પારવતી! તું તારૂં કામ કર. બીજાંની વાતમાં ન પડીએ. રાઘુનું વાંકુ એની પુંઠ પાછળ બોલવું એ ઠીક નહિ."

મ્હોટાના ઘરમાં જેટલી વાત નોકરો જાણે છે તેટલી વાત કુટુમ્બના માણસો પણ જાણતા નથી. રાતના પરવાર્યાં પછી નોકરો ભેગામળી આખા દિવસની ડાયરી આપલે કરે છે. પોતાના કામને અંગે થયેલી વાતચિત કરે છે, શેઠ શેઠાણીને માટે જે અભિપ્રાય આપે છે તે જો સાંભળ્યા હોય તો 'જી! આવ્યો સાહેબ!' કહેતા નોકરો કેટલામાં છે તે ખબર પડે. નોકરો અજ્ઞાન હોય છે, એમનામાં ઉંડી પહોંચ હોતી નથી એ વાત ખરી પરન્તુ એમનામાં માણસને ઓળખવાની શક્તિ જબરી હોય છે. નોકરો અથંગ ઉજાગરા, તનતોડ મહેનતથી ડરતા નથી પરન્તુ એમના હૃદયમાં થવું જોઇએ કે શેઠશેઠાણી અમને કુટુમ્બના માણસ તરીકે ગણેછે અને હલકા નથી માનતા. પંક્તિ ભેદ સમજતા નથી. અમારે દુઃખે દુઃખી થાય છે અને અણીની વખતે મદદ કરે છે. આટલીજ ખાત્રી હોય તો નોકરો તમારા ગુલામ થઈ રહેવાના.

સુધા, વસન્ત નોકરોમાં માનીતાં હતાં અને તેને લીધેજ નવી શેઠાણી થતી બાઈ કેવી હશે? કેટલા દહાડા રહેશે? શેઠ શામાટે એમને લાવતા હશે? સુશીલા ભાભીને છોકરાં સોંપે તો શું? એ વિચારે નોકરો ચઢયા હતા.

સુશિલા સુધાના ગુજરી ગયાપછી સાંજ સવાર બે વાર શાન્તિકુંજમાં આવતી, બાબુની સંભાળ લેતી, દિવરની પાસે અડધો કલાક ગાળી તેના દુઃખી મનને આશ્વાસન આપતી અને રાત્રે બાબુને સુવાડયા પછી ઘેર જતી. ભાભી ઉપર દિવરનું પણ તેટલુંજ હેત હતું. સગાં ભાઈ બેન હોય, માતા પુત્ર હોય તેમ બન્ને વર્તતાં અને સુશીલાને જરાપણ ઓછું આવે એમ વસન્ત કરતો નહિ. ભદ્રા અને જયન્ત આજ ખંડાળેથી આવવાનાં હતાં; છોકરાંને જોઈ વસન્ત મુઝાશે અને છોકરાં ગભરાશે માટે એમને શાંત કરવા, વાત વિસારે પાડવા સુશિલા આવી હતી. બાબુને રમાડી, રસોડામાં આંટા મારી બ્હાર દિવર પાસે ગઈ અને દિવર ભોજાઈ સામસામાં ખુરશી ઉપર બેઠાં.

વસન્તભાઈ! છોકરાંને સંભાળવા સુધાની જગાએ કોઈ બાઈ આવે છે એ વાત ખરી?

ભાભી! તમે એ શું બોલો છો? સુધા! સુધાની જગા કોણ પુરી શકે એમ છે?

ભાઈ! હું એમ નથી કહેતી. સુધાની જગા તો કોઈથી પુરી પુરાય એમ છેજ નહિ. હમારા જેવી હજારો આવે પણ સુધા તે સુધાજ હતી. ગરીબ બિચારી સુધા. આમ અચાનકજ આવીરીતે ચાલી જશે એમ કોણ જાણતું હતું?

વસન્તનું હૃદય ભરાઈ આવ્યું. આંખમાં આંસું આવ્યાં. સામે સુધાની મ્હોટી છબી હતી. એ જોતાંજ,

એનું હસતું મુખ જોતાંજ સુધાની સૂક્ષ્મ મૂર્તિ હૃદયમાં આવી ચિત્તને હલમલાવી નાંખવા લાગી. વસન્ત હિંમત હારી ગયો પણ એ ઠીક નહિ કરી જાગૃત થયો–ઉભો થયો; બારીએ જઇ આડું મ્હો કરી આંસું લોહી નાંખ્યાં અને નિશ્વાસ નાંખી ખુરશી ઉપર બેઠો.

છોકરાં સંભાળવા અને ઘરની વ્યવસ્થા કરવા કોઇ આવે છે એમ રાઘુ કહેતો હતો. પણ એ કોણ છે ?

એ તો સુધાની બ્હેન અને વિનાયકની સાળી મોહિની. છોકરાં એની સાથે હળ્યાં છે એટલે થોડા દિવસ રહી જશે, એવો તારાનો કાગળ છે.

થોડા દિવસ એટલે ? એની પણ મુદત તો હશે ને !

ના, એ તો કાંઈ ચોકસ નથી. પણ ભાભી ! ખાસ તાણ વેઠી મોહીનીને અહીં મોકલે અને મોહિની આવવા કબુલ થાય એ કાંઈ ઓછી વાત છે?

વસન્ત ! એ તો કહે, પણ તમે એકદમ હા શા ઉપરથી પાડી ?

ભાભી! છોકરાંને માટેજ. જુઓ ! રાઘુ બાબુને સંભાળે પણ જયન્ત અને ભદ્રાનું શું ? નોકરોમાં ઉછરે એ મ્હને પસંદ નથી અને એ મને પસંદ નહોતું તે ત્હમે જાણો છો.

ત્હમે કર્યું હશે તો વિચારીનેજ કર્યું હશે પણ આ ભાભીની જરાક સલાહ લીધી હત તો સારૂં. મ્હને આ ઘરની ચિન્તા નથી એમ તો નહિને. જેમાં ગણું ત્હેમાં ત્હમે ને આ છોકરાંજ છે, મ્હારે કોઈ બીજું નથી. જયન્તને મુંબાઈ ભણવા મુકયો હત તો ચાલત અને ભદ્રા મ્હારી પાસે રહેત.

ભાભી! ભાભી! માફ કરો. ત્હમે મ્હને દિયર ગણ્યોજ નથી. સગી માં જેવું હેત રાખતાં આવ્યાં છો ને મ્હારાથી કાંઇજ થયું નથી, પણ ભાભી! છોકરાંવિનાનું ઘર સૂનુંજ લાગે? મ્હને એકલા તો ઘર ખાવા ધાય. મોહીની થોડા દિવસ રહી જાય એમાં ત્હમને હરકત છે. મ્હને એમ લાગે છે કે મોહિની માટે ત્હમને કાંઈ વ્હેમ છે.

વસન્ત! માફ કરજો પણ એકાદ બે પ્રશ્ન પુછું? મોહિની કેટલા વરશની છે?

મ્હેં તો એને ઘણા વરશ ઉપર જોઈ હતી પણ હું ધારૂંછું કે સત્તર અરાઢ વર્ષની હશે વખતે મ્હોટી પણ હોય.

બસ એટલુંજ જોઈતું હતું. વસન્ત! ત્હમે સંભાળજો.

મ્હારે સંભાળવાનું? શું?

ભાઈ! મોહિની સુધાની દૂરની પણ બ્હેન છે. કુંવારી છે. ઉમર લાયક છે. “મા નહિ તો માશી” એ કહેવત છે. માશીનો ‘શી’ ન ઉડી જાય એટલુંજ. મોહિની જેવી ઉમર લાયક છોકરીને તારા કાંઈપણ કારણ શિવાય મોકલે એવી નથી. એ જાળ પાથરશે અને એ જાળમાં ત્હમે ન ફસાવ એટલું સાચવજો.

વસન્ત, સુધાનો પ્રિયતમ વસન્ત, ભાભીના શબ્દો સાંભળી ચોંક્યો. સુધાનો સ્નેહ, સુધાનાં સ્વપ્નાં, સુધાનો ચેહરો હજી તાજોજ હતો. શું મ્હારૂં મન મ્હારે તાબે નથી! ભાભીને મ્હારે માટે આવી ખોટી શંકા શામાટે આવે! બીજા ગમે તેમ બોલે પણ ભાભી—

વસન્તના હૃદયમાં શા શા વિચારો થયા કરતા હતા તે સુશીલા સમજી ને બોલી. ‘વસન્તભાઇ! ખોટું ન લગાડશો. તમને મ્હેં નાનપણથી અનુભવ્યા છે. ત્હમારૂં

અને છોકરાનું હિત મ્હારે હૈડે છે માટેજ કહું છું. મને બીજાની પેઠે મન મનાવતા નથી આવડતું. ત્હમે સ્ત્રીઓની એ ખટપટ, કાવાદાવા ન સમજો. પૈસો, ઘરબાર કોને ન ગમે. આવતાં વાતજ ઓરડાની કુંચીઓ મળે એ કોને ન ગમે. મોહિની અમથી આવતી નથી એ ખાત્રી રાખજો. માશી ટળી મા થશે. તારા આવી ઉમરે પહોચેલી છોકરીને અહીં મોકલે તે અમથી નહિ હોં! થોડાક દહાડા નહિ, પણ ઘરની માલીક થશે. વળી એ વહુ તરીકે આવતી હત તો જૂદી વાત પણ આ સ્થિતિમાં ઘરમાં કંકાસ વધશે, નોકરો ઉપર રોફ મારશે, છોકરાંને ધમકાવશે ને અસંતોષ ફેલાવશે. ત્હમે પુરૂષો ન સમજો.

ખરે, વસન્ત આ વાત સમજ્યોજ નહોતો–એને ગળે એ વાત ઉતરીજ ન હોતી.

ભાભી! મ્હારે માટેની ત્હમારી લાગણી હું સમજું છું પણ મ્હને લાગે છે કે આમાં તમારી ભૂલ થાય છે. મોહિની અને છોકરાં હમણાં આવશે. આજ અહીંજ જમજો.

મ્હને વાંધો નથી અને વાતે વાતે મોહિનીને જણાવીશ પણ ખરી કે છોકરાંનું, મને તમારૂં જેટલું લાગે છે તેટલું એને નહિ લાગે અને કુટુમ્બની વ્યવસ્થા હું કરી શકું એમ છું. સુશીલાએ શાલ ખીંટીએ મૂકી. સુશીલાને હુકમ કરવાનો, વ્યવસ્થા કરવાની ટેવ હતી પરંતુ તેનું હૃદય નિખાલસ હતું અને એને વસન્ત માટે ઘણું લાગતું. સુશીલા ઘરમાં ગઈ, ત્યાં રાઘુ મળ્યો.

ભાભી, પેલી આવવાની છે, ઘણા દિવસ તો નથી રહેવાની. પણ રહેશે તો આપણે એનો હુકમ માનવાના નથી. વસન્તભાઈ નાના હતા ત્યારનો હું છું. સુધા ભાભીને સાંજે તેડવા મુકવા હું જતો હતો. એમનાં છોકરાંને સાચવવાં એ મારૂં કામ છે. ભાઇએ કહ્યું કે એના હુકમ પ્રમાણે કરવું પણ તે કેમ બને?

ફંફાસના ગણેશ બેઠા એ સુશીલા સમજતી હતી પણ ગમે તેમ થાય તોપણ નોકરોને કાબુમાં રાખવાજ જોઇએ અને એમને હદમાંજ છૂટ આપવી જોઇએ એ વિચારની હોવાથી સુશીલા બોલી—

રાઘુ! મોહિની સુધાની બ્હેન થાય માટે એનું અપમાન એ સુધાનું અપમાન. પારવતીને પણ કહેવું કે કોઇએ જરા ચુંચાં કરવાની નથી અને વસન્તભાઇના હુકમમાં જરાએ વાંધો આવવો જોઇએ નહિ. રાઘુ મુગો રહ્યો. અંદર જઇ બાબુને લઈ આવ્યો. સુશીલાએ બાબુને તેડયો. તેના બન્ને ગાલ ઉપર ચુંબન કરી ઉંડો નિશ્વાસ નાંખ્યો. "ખરે! વસન્ત, આ છોકરાને મને સોંપે તો કેવું સારૂં" સુશીલાને છોકરાં ન હોતાં, છોકરાં થયાં ન હોતાં અને તેથીજ બાબુને જોઈ એની આંખમાં આંસુ આવ્યાં. બાબુને જોતાંજ સુધા સાંભરી અને સુધા સાંભરતાં મૃત્યુનું કારણ સાંભર્યું અને રાઘુને પુછયું.

"રાઘુ! તું આવી ગંભીર ભૂલ કરીશ એ મેં ન હોતું જાણ્યું. રાઘુ! એમ શાથી થયું વારૂં?"

"ભાભી? મને માફ કરો. તમને પગે લાગી કહું છું કે મને એ સંબંધી સવાલ ન પુછશો. જ્યારે જ્યારે એનો વિચાર કરૂં છું ત્યારે ભાન ભૂલી જાઉ છું અને ફિકર થાય છે કે હું ગાંડો થઇશ અગર આપઘાત કરીશ. અરે ભાભી! સુધા બ્હેનને બદલે હું મરી ગયો હત તો કેવું સારૂ?" આટલું કેહતાંજ રાઘુ ધબાક હેઠળ બેસી ગયો ને મ્હો ઢાંકી ખૂબ રોયો. સુશીલા બાબુને લઇ ફરવા ગઈ—એટલામાં ગાડીનો ખખડાટ સંભળાયો; બે છોકરાં ને બે સ્રીઓ આવતી દેખાઈ. ખખડાટ સાંભળી રાઘુ ટટાર થયો ને બે સ્રીઓને જોઇ બોલ્યો. "ભાભી! આ તો એકને બદલે બે છે."

"આગળ છે તે મોહીની અને બીજી તારા–મોહીનીની સગી બ્હેન." સુશિલા અને રાઘુએ મોહિનીને ટીકી ટીકીને જોઈ. મોહિની મોહિનીજ હતી, ગૌર ભરેલું બદન, સ્વચ્છ વસ્ત્ર, કપાળમાં ચાંલો, વાળ ઓળવાની ઢબ, કબજો અને શરીર એવા હતાં કે જોનારના નેત્ર સહજ પણ ખેંચાયાવિના રહે નહી.

તારા, મોહીની અને છોકરાં ઘરમાં દાખલ થયાં. છોકરાં કાકી પાસે ગયાં. કાકીએ બન્નેને છાતી સરસાં ચાંપ્યાં, સુશિલા મોહિની અને તારા પાસે ગઈ. "આવો, ઠીક થયું આવ્યાં તે" એમ કરી આવકાર આપ્યો.

"સુશીલા બ્હેન! સુધા આમ ચાલી જશે એ કોણ ધારતું હતું. સોમવારે તો આવવાનું કહી ગયાં છે. છોકરાં બીચારાં મા વિના મુઝાતાં હતાં એટલે મારાં મનમાં કે મોહિની થોડા દિવસ ત્યાં રહી આવે તો ઠીક. મોહીનીને નવું નવું લાગે એથી બે દિવસ હું સાથે જાઉં અને ભોગભેગી ત્હમને, વસન્તભાઇને મળી ખરખરો કરતી આવું એમ ધારી આવી. ત્હમે ઘણું ખરૂં પુના કે મુંબાઈ રહેતાં હશો એમ માનતી હતી, બાકી તમે છો પછી મોહીનીની શી જરૂર."

"હા, પુના રહી આવી ખરી, પણ સુધાના મૃત્યુ પછી મ્હારે અહીંજ રહેવું વાજબી માની આવી હતી. મોહીની પણ ક્યાં લોક છે? અને કોઈ વાતે ઓછું આવવા નહી દઉ. બેલાશક રહે, આ પણ ઘર છે ને."

સુશીલા, તારા, મોહિની બેઠાં હતાં ત્યાં વસન્તરાવ આવી પહોંચ્યા. જયન્ત અને ભદ્રાને જોતાંજ હાથ પહોળા કર્યા; બન્ને બાલકો પિતાને બાઝી પડયાં–રોઈ પડયાં. વસન્તની આંખો ભીંજાઈ. બીજાની સન્મુખ રોવું, હીમ્મત ખોવી એ ઠીક નહિ માની મ્હો ફેરવી બારી તરફ ગયો.

જે ઓરડામાં કામથી પરવારી સુધાને મળવા દોડી આવતો, જ્યાં સુધાના હસમુખા ચેહરાનાં દર્શન થતાં ત્યાં આજ કોઇ નવીન કુમારી બેઠી છે. જેને માટે ભાભીએ સવારે ભય બતાવ્યો હતો તેજ. ના ના, એ બનેજ નહિ. શું મ્હારી સુધાને બેવફા થાઉં—હજી એની રાખ પણ ટાઢી પડી નથી ને બીજી. આવો વિચાર પણ શામાટે આવવો જોઇએ? ભાભી! ભાભી! ત્હમે શું બોલ્યાં છો તેનું પરિણામ શું આવશે તેનો વિચાર કર્યો હતો? વસન્તથી ઓરડામાં ઉભા રેહવાયું નહી અને ચાલ્યો ગયો. સુશીલા કામસર ઉઠી અને ઓરડામાં તારા અને મોહિની એકલાં પડયાં.

તારા! મ્હારે અહીં નથી રહેવું. કોણ જાણે ત્હને શું એ ભૂત ભરાયું કે મ્હને અહીં આણી. પેલી રાં—મારા ઉપર રોફ મારતી હોય એમ લાગે છે. એ જો રહેવાની હોય તો મ્હારાથી ઘડી નહી રહેવાય. પછી હું શેઠાણી કે એ! સુધા કંઈ મ્હારી સગી બ્હેન ન હોતી કે ત્હેનાં છોકરાંની ઉઠવેઠ હું કરૂં? ને તે પણ ચાકરડી તરીકે.

છાની મર. નહી રહે તો ક્યાં જઈશ, ચુલામાં. ત્હારૂં સુધારવું હોય તો રહે, નહીતો છાણાં વીણતાં પાર નહી આવે, સમજી? અને એ કાંઈ હમેશાં અહીં નથી રહેતી, સમજી?

તે હશે પણ અત્યારે તો ઘરની માલીક હોય તેમ વર્તે છે. હું તો એમ માનું છું કે અહીંજ રહેશે.

ત્હારામાં જરાયે અક્કલ નથી મોહિની! ત્હારામાં ત્હારાપણું હશે અને આવડત હશે તો બધું એ સવળું પડશે.

પણ તારા! મ્હને ત્હારી પેઠે નથી આવડતું. આ છોકરાં મ્હને જરાયે ગમતાં નથી તો પછી ચાહું તો શી રીતે!

મોહિનીની નજર સામેનાં દર્પણ ઉપર ગઇ. દર્પણમાં પોતાનું પ્રતિબિમ્બ જોયું, જોતાંજ સૌદર્યનો ગર્વ થયો. વાળ સમા કર્યા, છેડો ઉંચો કર્યો, તારાના શબ્દો ધ્યાનમાં લીધા. 'જો આ યુકિત સફળ ન થઈ તો—જો હું પાછી જાઉં તો—આ વૈભવ, આ સુખ બીજીનું ને! મ્હારે તો બ્હેન બ્હનેવીના ઓશીઆળા રોટલા ખાવાનાને—હમારામાં પણ પારસીના માફક કુંવારા રહેવાની નવાઈ નથી—હદ નથી. બીજું મળે પણ તે આવું મળે? પણ આ છોકરાં ઉપર ભાવ કેમ થાય. પેલી અહીં રહે તો એનો દમામ જૂદો છે. અમારા બેમાંથી કોની સત્તા ચાલે? એનીજ—ત્યારે—કદાચ વસન્તરાવના કાન ભંભેરાય તો—ના—ના. એ તો બહુ સારા છે. ભોળા છે, ભલા છે. પણ સુધાને માટે હજી રોયા કરે છે ને નપરણેતો—અરે, ભાયડાઓ વળી કોઈ દિવસ પરણ્યાવિના રહ્યા છે ને હું સુધા કરતાં હજાર દરજ્જે દેખાવડી છું. સાથે રહીશ પછી એવા પતંગીઆને ભમાવવા એમાં શી વીસાત? પણ કદાચ બાજી ગઈ તો—' મોહિનીના મનમાં આ વિચાર આવ્યો ત્યાં તારા બોલી.

મોહિની! વસન્તરાય તો વસન્તજ છે. શું એમનો સ્વભાવ—

પણ તારા! હું તો બંગલો અને અંદરનો ઠાઠ જોઈનેજ આભી બની ગઈ છું. આ બધું મ્હારૂં!

આ તો કાંઈ નથી. રોકડ નાણાનો તો સુમાર નથી. આવક એક રાજા જેટલી. એ બધું જો ત્હારામાં હોશીયારી હોય તો—આવડશે તો ટાંચકાં કરીશ નહિ તો ભીખ માગતી થઈશ.

જે સમયે આ બે બ્હેનો ઉપલી વાત કરતાં હતાં ત્યારે સુશીલા જયન્તની શોધમાં હતી.

જયન્ત અને ભદ્રા કાકીને મળી અંદર ગયાં હતાં. દરરોજ સવારે બાળરામાયણ, બાળગીતા, બાળપ્રાર્થના, એવી જાતના પુસ્તકો વાંચવા. વંચાવવાની ટેવ હતી અને તે માટે આ બે છોકરાં અંદર ગયાં હતાં. પરન્તુ જયન્તને મા સાંભરી અને એકલો કોચ ઉપર પડી રોતો હતો. સુશીલાએ જયન્તને ખોળામાં લીધો; એના ગાલ ઉપર વાંસા ઉપર હાથ ફેરવી ચુંબન કર્યું.

ગાંડા! છાનો રહે ભાઈ! રોવાતું હશે કે?

કાકી! કાકી! સુધા બા તો નહિજ આવે ને. સુધા બ્હેન કદી જુંઠું બોલતાં નહી તે પણ જુંઠું બોલ્યાંને! સોમવારે આવીશ કહી નજ આવ્યાંને. બા, બા, તું ક્યાં ગઇ?

ભાઇ! બેટા! ગભરા ના. તું ગભરાય પછી ભદ્રાનું શું. બાબુ બિચારાએ તો મ્હોંએ જોયું નથી–એને નહી સાંભરે! સુધા બ્હેન સ્વર્ગમાં ગયાં.

પણ અહીં આવવાનાં નહીને. અરે એક મીનીટ પાછાં આવે તો મળી લઉ.

ભાઈ એ તો હવે શેના આવે? આપણે એમની પાસે જઇશું.

એ તો કોણ જાણે કયારે?

બેટા! વખત આવે એ એ થશે. ભાઇ સ્વર્ગમાંથી એ ત્હારી સંભાળ લેશે.

કાકી! એમને ત્યાં એકલાં ગમતું હશે ખરૂં.

બેટા એ તો સુખીજ હશે. અને ત્હારા ઉપરનું વ્હાલ એવુંને એવુંજ રહેશે. સુખી હશે કારણ એ સારાં હતાં. અહીંજ દુઃખી ન હોતાં તો પછી ત્યાં દુઃખી શેના થાય! એ એવાં ભલાં હતાં કે પરમેશ્વરને બહુ વ્હાલાં હતાં.

કાકી! પેલા પાંડુએ ઘોડો ભડકાવવા જાણી જોઇને તો ઝાંપો ઉઘાડયો નહી હોય ને?

ના ભાઈ, એ વાત સંભારવીજ નહી. પાંડુએ દારૂ પીધો હતો અને ઘેનમાં હાથમાંથી ઝાંપો છટકી ગયો.

દારૂ ન પીધો હત તો એમ ન થાત ને?

ના. એણે દારૂ ન પીધો હત તો સુધા બ્હેન બાબુને મળ્યાં હત. સોમવારે ત્હારી પાસે આવ્યાં હત અને અત્યારે આપણે બધાં સાથેજ બેઠાં હત.

પાંડુએ શામાટે દારૂ પીધો! લોકો દારૂ શામાટે પીતા હશે?

દારૂની લતમાં માણસો પશુ થઇ જાય છે. જીવનનું ભાન ભૂલી જાય છે.

હું દારૂનું નામ લેવાનો નથી.

તું, નહિ ભાઈ! દારૂની આડે ન જવું. આપણાંમાં પીએછે પણ તું નહી પીએ એની મ્હને ખાત્રી છે. પીક-મી-અપ, આઇસક્રીમ, સોડા વગેરે પણ જોઇએજ એમ ત્હને નથી પછી એ ટેવ કયાંથી આવે. ને મોટો થાય ત્યારે પણ ના કહેજે નહિ તો સુધા બ્હેન સ્વર્ગમાં બેઠાં બેઠાં દીલગીર થશે.

સુધાનું સૂક્ષ્મ શરીર, દેવદૂત તરીકે સુધા આવી ઉભી હોય તેમ જયન્તે ઉંચુ જોયું, હાથ જોડયા અને બોલ્યો.

કાકી! બા! હું કદી નહી પીઉં. પણ કાકી? મોહિની માશી કયાં સુધી રહેવાનાં છે?

મ્હને ખબર નથી પણ ત્હને ગમશે ને?

કાકી! ના. મ્હને નથી ગમતું. એ મ્હને કહેતાં હતાં કે સુધા બ્હેનની જગાએ હું છું. એ કાંઈ મારી મા નથી.

સુશીલા, હેતાળ સુશીલા, તરતજ સમજી કે મોહિની સ્વરૂપે મોહિની છતાં તેને કોઈ ચાહતું નહિ અને ચાહી શકે એમ પણ નહોતું. વસન્ત પણ એજ અભિપ્રાયનો થાય તો કેવો આનંદ.

સુશીલા ઘરમાં ગઇ. જયન્ત ખાવાની વાર છે તે દરમીયાન કારખાનામાં બળવન્ત પાસે જઇ આવું ધારી બ્હાર નીકળ્યો.

બળવન્ત! કારખાના બ્હાર બે માણસ સાથે વાત કરતો ઉભો હતો. જયન્તને જોતાંજ બળવન્ત દોડી આવ્યો. જયન્તને પ્રેમથી પાસે લીધો. જયન્તની આંખમાં આંસું આવ્યાં ને બોલ્યો.

બળવન્ત! એટલો ઝાંપો તમારાથી ન પકડાયો?

ભાઈ! આ મ્હારો હાથ જોયો, એક હાથ ઉતરી ગયો છે. હાથ તો શું પણ સુધા બ્હેનને બચાવવા જીવ આપવા તૈયાર હતો પણ મારૂં ચાલ્યું નહી એટલે શું કરૂં.

કાકી કહે છે પાંડુએ દારૂ પીધો હતો. એણે દારૂ ન પીધો હત તો આજે સુધા બ્હેન જીવતાં હત, ખરૂં ને?

હા ભાઇ!

લોકો શામાટે દારૂ પીવા દેતા હશે.

કોણ પીવાડે છે!

ત્યારે શામાટે પીતા હશે?

કારણ કંઈ નહી. સારા સમજુ માણસો તો ન પીએ.

બળવન્ત તમે પીઓછો?

નારે ભાઇ! મ્હેતો ચાખ્યો નથી કે દારૂ કેવો થાય. પરમેશ્વરે મને બચાવ્યો છે તે ઉપકાર. જયન્ત! મ્હારા કાકા, મ્હારા બાપ એટલો દારૂ પીતા હતા કે મ્હારી

મા–દૈવી મા ન હત તો હું પણ દારૂડીયો થયો હત. ભાઇ! એક વખત મ્હારા બાપ ને મ્હારા કાકા જોર જૂલમથી મ્હને ધરીને દારૂ પીવડાવવા તૈયાર થયા હતા. સદ્‌ભાગ્યે તે વખતે કોઈ આવી ચડયું, નહી તો શું થાત તે રામ જાણે. ભાઇ, મ્હોટી ઉમર સુધી મ્હે માર ખાધો છે દારૂ માટે. હું સારો રહયો હોઉ તો મ્હારી માને લીધે. જયન્ત ત્હને શું કહું. હું પરણ્યો, અમને પહેલેથી સ્નેહ હતો, એક બીજાને મળવા અત્યન્ત આતુર હતાં. પ્રથમ રાત્રી-એ કાંઇ કાંઈ આશાઓ હતી. પ્રથમ રાત્રી, હનીમુનના આનંદ ભોગવવા કોને વૃત્તિ ઉમંગ નહી હોય. તે દિવશે મ્હારા પિતા અને કાકા દારૂમાં ચકચૂર થઈ બ્હાર ગયેલા. રોજ રાત્રે નવ વાગ્યા સૂધીમાં ન આવે તો મ્હારે શોધવા જવું પડતું. જયન્ત, તે દિવસે પણ તેમજ. આશા-સ્નેહની ભરેલી પત્નીને એકલી વાટયજોતી ઘરમાં મૂકી ધડકતે હૃદયે પીતા, કાકાને ખોળવા નિકળ્યો. જયન્ત, રાતના ચાર વાગ્યે પીઠામાંથી ગાડીમાં નાંખી લઇ આવ્યો. તે દીવસનો મ્હને એવો ત્રાસ છે કે દારૂનું નામ ન લેઉ.

ભાઇ પીએછે?

ના. જેમને પોતાના મન ઉપર કાબુ નથી હોતો તેજ પીએ.

પાંડુ હવે પીતો હશે?

હવે તો કયાંથી પીએ! કેદખાનામાં છે અને કેસમાં શું થાય છે તે જોઇએ.

એટલામાં જયન્તને ખોળતો માણસ આવ્યું તેની સાથે જયન્ત ઘેર ગયો.

પ્રકરણ ૪ થું.

પાસા પોબાર.

દિવાનો જોય છે ગ્રહરાશી માશૂકના બદનની.

હરિહર.

ના જાણતી સરળ બાળ તું ઘોર ભાવી,
સંતાયું શામ સરિતાજળ માંહી આવી.

નરસિંહરાવ.

સમય ક્યાં અને કેમ જતો હતો તેનું ભાન મોહિનીને ન હોતું. થોડા દિવસજ રહેવા આવેલી મોહિનીના થોડા દિવસજ પુરા થયા નહિ. તારાને ત્યાંથી કોઈ તેડવા આવ્યું ન હોતું તેમ અહીંથી કોઇ જવાનું કહેતું નહિ. મોહિની વસન્તરાવની તજવીજ રાખવામાં, એને ખુશ રાખવામાં જરાપણ કચાશ રાખતી નહિ. સવારમાં ચાહ પોતેજ તૈયાર કરી વસન્તરાવને મોકલતી; પાનની ડબ્બી પોતેજ ભરી આપતી. રસોઇઓ હતો પણ વસન્તરાવને માટે ચાર ઉન્હી રોટલી તો પોતેજ કરી આપતી; વસન્તરાવનો અપોરનો ચાહ નાસ્તો પોતેજ મોકલતી. વસન્તરાવના ઓરડામાં સાફસુફ કરવાનું કામ પોતાનું. વસન્તરાવ ઘરમાં હોય તે દરમિયાન બાબુને પોતાની નજરથી આઘી ખશેડતી નહિ. જમતાં જમતાં, ચાહ પીતાં કે રાતના બાબુને માટે સુખડનું તેલ લાવજો, જયન્ત માટે સારી ટોપી લાવવી જોઇએ, ભદ્રાને ચણીયાનું લુગડું જોશે. મારે માટે આણેલ એને આપીશ. જયન્તે ખાધું! ભદ્રાને કેમ છે. બાબુને માટે નાની ઠેલણ ગાડી હજી આવી નહિ. એમ કહેતી. નોકરો હલકા નોકરોને ખુશ કરવા એ મોહિનીને મન ભારે ન હોતું. હરકોઈ બ્હાને કોઇને ચાર આના તો કોઇને રૂપીઓ, કોઇને ખમીસ તો કોઇને

ટોપી, કોઈને લુગડું તો કોઈને કબજો આપતી. ક્યાં એનું પોતાનું જતું હતું? આમ જે નોકરો મોહિનીથી ડરતા હતા તેજ નોકરો મોહિનીનું સારૂં બોલવા લાગ્યા. જો મોહિની પોતાની યુકિતમાં ન ફાવી હોય તો તે રાઘુ અને પારવતીના સંબંધમાજ. આમ મોહિનીએ પોતાનો મોહપાસ આખા કુટુમ્બ ઉપર પાથરવા માંડયો.

ઉન્હાળો આવ્યો. શેશન્સમાં પાંડુને નોકરીના વખતમાં દારૂ પી બેદરકારીથી ખૂન કરવાના કારણસર બે વર્ષની સજા થઇ. શિક્ષાની ખબર મળતાંજ લાનોલીમાં સુધાની મૃત્યુની વાત તાજી થઈ પણ વખત જતાં વિસારે પડી. ભદ્રાની વર્ષગાંઠ આવી. વસન્તરાવને ત્યાં જમવાનું હતું. ભદ્રાની નિશાળની બ્હેનપણીઓ અને એકાદ બે જણને જમવાનું નોતરૂ હતું. વસન્તરાવને ત્યાં સુધાના સમયમાં કેવળ વનસ્પતિ આહારજ થતો. એમની જ્ઞાતિમાં મદ્યમાંસની છૂટ હતી છતાં વસન્તરાવ એની આડે જતા નહિ અને એજ કારણને લીધે જ્ઞાતિ ભોજનમાં કોઇ ઠેકાણે જતા નહિ. મોહિનીને ભક્ષ્યાભક્ષ્યનો છોછ ન હોતો એટલુંજ નહિ પણ અભક્ષ્ય ભોજન માટે દુરાગ્રહ હતો. લાનોલી આવ્યા પછી એને મનમાનતો ખોરાક મળ્યો ન હોતો. પોતે માતા, દેવીની ભકત હતી, બ્હેનને ત્યાં વાર તહેવારે દારૂનો ઉપયોગ થતો અને પ્રસાદી તરીકે નાની પ્યાલી લેવાની ટેવ હતી. બનેવી વિનાયક સવારે વ્હેલો ઉઠી નહાતો. અને પૂજામાં એક બે કલાક ગાળતો; ઇશ્વરપ્રત્યે, માતાપ્રત્યે શ્રધ્ધા હતી અને એ શ્રધ્ધાને અંગેજ માતાને બલિદાન પ્રિય હોય, માતાજીને મદિરા તો જોઇએજ એવી માન્યતા હોવાથી પોતે રાખતો. પોતાની બેઠકના પાટલા પાછળ શિશો ને ન્હાની પ્યાલી રહેતી. પુજાના પાટલા નીચે મીઠામાં નાખેલા આદુના કકડા તૈયાર રહેતા. વખતો વખત સ્નેહી મંડળ, શકિતના ભકતો આવતા અને

જમતા પહેલાં પ્યાલા શીશા ખખડતા, બૂચો ઉડતા અને જમતી વખત રાક્ષસો, ભૂતાવળીની મીજબાની ચાલતી હોય એમ પાડોશીઓને લાગતું. તારા, મોહિની અને છોકરાને ન્હાની પ્યાલી આપવામાં આવતી અને ત્હેમને લેવી પડતી. તેઓ લેતાં. માતાજીના પ્રસાદની ના કહેવાય નહિ. મોહિનીને એ લત લાગી હતી. વસન્તરાવના ઘરમાં દારૂનું નામ ન હોતું. વસન્તરાવ પોતે કોઇ પાર્ટીમાં સગાવ્હાલાને ત્યાં જતો ત્યારે નામનું આચમન લેતો. જાતની, ધર્મની બંધી ન હોવાથી વસન્તરાવ બીજા લે તેનો વાંધો કાઢતો નહિ.

રોજ વસન્તરાવ અને છોકરાં વ્હેલાં જમતાં પણ આજ ભદ્રાની વર્ષગાંઠ હોવાથી મોહની, નોતરેલાં છોકરાં, વસન્તરાવ, જયન્ત, ભદ્રા સાથેજ બેઠાં. રંગોળી પુરી પાટલા માંડવામાં આવ્યા હતા. બબે પાટલા વચ્ચે ધૂપની સળીઓ મૂકી હતી. છોકરાંના ગળાંમાં ફુલના હાર, ભદ્રાના માથામાં ફુલની વેણી શોભી રહી હતી. જમવાનું શરૂ થતાં પહેલાં મોહિની પૂજા કરી આવી અને ભદ્રાના કપાળમાં ચાંલ્લો કરી, હાથમાં પાંચ રૂપીઆ મૂક્યા. ભદ્રા ખુશી થઈ. ત્યારપછી માતાજીની પ્રસાદીની પ્યાલીઓ આવી. એક પ્યાલી મોહિનીએ જયન્ત આગળ અને એક ભદ્રા આગળ ખાસ ધરી. બીજી પ્યાલીઓ બીજાં છોકરાં આગળ મૂકાઈ. જયન્ત દારૂની પ્યાલી જોતાંજ બોલી ઉઠયો. "માશી! હું અને ભદ્રા નથી પીતાં એ જાણો છો પછી આ શામાટે!"

આજ ભદ્રાની વર્ષગાંઠ છે તે દિવસે માતાની પ્રસાદીની ના કહેવાય નહિં અને વળી વધારે કયાં છે? માંડ ચમચી હશે, એ તો ચરણામૃત છે. આજ બોલીયે નહિ. માતાજીનું કુડું પડે. અંબાજીમાં ભલભલા બ્રાહ્મણો, વાણીયાઓ

લે છે તે જાણુતો નથી. કલકત્તાની કાળીમાં, જેપુરમાં લોહીનો ચાંલ્યો કરવો પડે છે. ભદ્રકાળીમાં માતાના હવનની વખતે કોઇથી ચું-કે-ચા થાય છે! તો પછી. ઓછાજ આપણે દારૂડીઆની પેઠે પ્યાલાને પ્યાલા પીયે છીએ. આપણામાં તો ઘરઘરનો રીવાજ છે. એ તો તમારે ત્યાં છે નહી, નહી તો આજ તો બીજુંએ ખાવાનું હોય.

માશી! તે ત્હમારે ત્યાં. અહીં તો કોઈ દિવસ ખાધું નથી ને ખાઈશું પણ નહી. આપણે ચાખવાના નથી.

કોઇ દિવસ ચાખ્યો નથી માટે લેવાય નહી એવું કોણે કહ્યું? આવા શુભ પ્રસંગે તો લેવોજ જોઇએ. શું ભદ્રા વ્હાલી નથી?

પણ એમને એમ ખુશી ના દેખાડાય કે? દારૂ પીઉં તોજ વ્હાલ જણાય કે? તોજ માતાજી ખુશી થાય કે?

હા. આજ ના કહેવાયજ નહિ. ચાંગલું પણ લીધા વિના ન ચાલે. મ્હારો હાથ પાછો ઠેલાય નહિ. વસન્તરાવ જયન્તને બે અક્ષર કહો.

એની મરજી હોય તો લે.

વસન્તરાવને સુધાના પરિચયમાં આવ્યા પછી દારૂ, અભક્ષ્યાભક્ષ્ય વગેરેનો વિચાર કરવાનોજ પ્રસંગ આવ્યો ન હોતો. સુધા ઘરમાં દારૂ દાખલ થવા દેતીજ નહી અને એમાં એને વાંધો ન હોતો. કોઇને ન ગમતી ચીજ કરવામાં શામાટે વચમાં આવવું એ એનો સ્વભાવ હતો એટલે મોહિનીની માફક પીવડાવવા દુરાગ્રહ કદી કરતો નહિ.

જયન્ત જો ત્હારા બાપે હા પાડી. લે, પી.

બાળક જયન્તનો મીજાજ ગયો. પ્યાલી ફેંકી દીધી ને બોલ્યો. "ના. હું નહી પીઉં."

બીજાં છોકરાં તો મોહિનીનો ક્રોધિત ચેહેરો જોઈ ડઘાઈજ ગયાં. રસોઇઓ, નોકર જ્યાં હતા ત્યાંજ ઉભા રહ્યા. આ ચર્ચા આવી ગંભીર થશે એમ વસન્તરાવ ધારતો નહી. છોકરાંઓને કઢી ખા, શાક કેમ ન ભાવે, બરાબર બેસ એમ ખાતાં ખાતાં માબાપ કહેછે તેમજ આજ થાય છે એમ માનતો અને તેથીજ તે કાંઈ બોલ્યો ન હોતો.

ભદ્રા! ચાલ તું પીજા. તારો ભાઈ તો ગાંડો છે.

ગરીબ બિચારી ભદ્રા, હિંદુ સંસારમાં જન્મતાંજ રાંડ પથરા નામે ઓળખાતી પુત્રીમાં હિમ્મત કયાંથી હોય! એણે મોહિનીની બ્હીકે, ધડકતે હૃદયે પ્યાલી હાથમાં લીધી પણ તેજ પળે જયન્ત મોહિની કે પિતાની જરાપણ દરકાર રાખ્યાવિના બોલી ઉઠયો.

ભદ્રા! તું નથી જાણતી કે—

ભદ્રાના હાથમાંથી પ્યાલી પડી. છાંટા થાળીમાં પડયા, આ જોઈ મોહિનીનું મ્હોં પડી ગયું. રૂવે રૂવે ક્રોધ વ્યાપ્યો. અને બોલવા જતી હતી ત્યાં જયન્ત ભદ્રા તરફ જોઈ બોલ્યો. "ભદ્રા! શરમ છે ત્હને! મ્હેં ન કહયું હત તો તું પીતી હતી ને. સુધા બ્હેનના છેલ્લા શબ્દો એટલામાંજ ભૂલી ગઇ ને!"

ભદ્રાથી રોવાઈ જવાયું. રોતાં રોતાં, ડસકા ખાતાં બોલી. "ભાઈ! માશી એ—"

વસન્તરાવ વચમાં બોલ્યો. "જયન્ત! ત્હને એ તરફ તિરસ્કાર હોય એમ લાગે છે. અને એ ઠીક છે પણ આ તો ચાંગલુંજ હતું."

ભાઇ! બાબુને જોવા સુધા અહી આવતાં હતાં ત્યારે મ્હારી પાસે એમણે વચન લીધું હતું કે હું દારૂને નહિ અડકું. ભદ્રા જાણે છે. મોહિની માશી પણ તે વખતે હતાં.

વસન્ત—શું સુધાએ વચન લીધું હતું?

હા. મારી માએ. જતાં જતાં એના છેલ્લા શબ્દ એ હતા અને સ્વર્ગમાંથી જોતી હશે.

આટલું બોલતાંજ જયન્તને મા સાંભરી અને આંખમાંથી ચોધાર આંસું વહેવા લાગ્યાં. ભદ્રા પણ રોઈ. ખાવાની મજાહ નષ્ટ થઇ. વસન્તને પ્રિયતમ સાંભરી અને ક્ષણવાર કોળીઓ હાથમાંજ રહયો. આખરે મોહિની તરફ જોયું ને બોલ્યો.

મોહિની! છોકરાંને નગમતી વસ્તુ આપવાની કાંઇ જરૂર નથી; એમને દુઃખી ન કરીશ.

"બહુ સારૂં" કહી મોહિનીએ પ્યાલી ઉપાડી લીધી પરન્તુ એનું ચાલતું હત તો, એનું ચાલ્યું હત ને વસન્તરાવ હાજર ન હોત તો જયન્તને ચાબુકે ચાબુકે મારત.

ભદ્રાની વર્ષગાંઠને દિવસે, જમવાના વખતે કલેશ થયો. જ્યાં જ્યાં દારૂનું સેવન થાય છે ત્યાં આજ સ્થિતિ. હોંશથી મિષ્ટ ભોજન થયું હોય ત્યાં પહેલાં દારૂની પ્યાલીઓ ખખડે, તે અંગે ધાંધલ ઘોંઘાટ થાય અને જમતાં એક કલાકને બદલે ચાર ચાર કલાક નિકળે, બૂમાબૂમ, ખાવાની હુંસાતુંશી, ઠપકા ચાલે અને નાના બાલકો ઉપર ન છાજતી અસર થાયજ. આ સ્થિતિમાં જરાપણ અતિશયોકિત નથી. સુધરેલા કહેવાતા કુટુમ્બમાં દારૂને લીધે ગૃહશાન્તિ સ્વપ્ને પણ હોતી નથી. અને મોહિનીના રાજ્યમાં સુધાની શાન્તિ ન હોય એ સ્વાભાવિક છે. સુશીલા હત તો કદાચ આ સ્થિતિ ન થાત. એની હાજરીમાં મોહિનીનું કાંઇ ચાલત નહિ પણ દુર્ભાગ્યે સુશીલા સતારા જવાની હતી. સુશીલાની માતા ગંભીર મંદવાડમાં હતી અને તાર આવવાથી જવાની તૈયારી કરવામાં ઘર આગળ રોકાઇ હતી.

સવારમાં વહેલા આવી ભદ્રાને ચાંલ્લો કરી નવી જરકસી ઓઢણી અને બુધ્ધિ ખિલે એવી રમતની એક પેટી આપી ગઇ હતી. મોહિનીએ જમીને જવા આગ્રહ કર્યો હતો પણ તે માત્ર ઉપરનોજ હતો. સુશીલા જવાની છે એ વાત સાંભળી હૃદયમાં શાન્તિ થઇ હતી અને તે દિવશે ખુશાલીમાં એકને બદલે બે પ્યાલી પીધી હતી.

સુશીલાની માનો મંદવાડ લાંબો ચાલ્યો અને તેને લીધે સુશીલાને સતારા રહેવુ પડયું. છ મહીના થઈ ગયા માને કાંક સારૂ થયું એટલે રજા લઇ લાનોલી આવી. ગામમાં પેસતાંજ પહેલા ખબર મળ્યા કે મોહિનીનું વસન્તરાવ સાથે લગ્ન નકિ થયું છે. આ સાંભળતાંજ સુશીલા ઓટલા ઉપર બેસી ગઈ.

આખરે થયું કે? વસન્તરાવને લગ્નજ કરવાં હતાં તો ઘણીએ કન્યા મળત. આથી તો ઘરમાં કલેશ વધશે. હજી એ બંધ પડે તો સારૂં. લગ્ન તો નથી થયું ને?

આટલું થતાંજ સુશિલા દિયરને મળવા ગઈ. વસન્તરાવ ઘરમાંજ હતા. “કેમ ભાભી! સારૂ” વગેરે વાત થયા પછી ભાભીએ વાત ઉપાડી.

વસન્તરાવ! તમે ફરી પરણો છો એ વાત ખરી?

હા. ભાભી.

મ્હારૂં કહેવું ખરૂં પડયું ને? સંભાળજો એમ મ્હેં નહોતું કહયું? એના પાસા પોબાર પડયાને!

ભાભી વિચાર કરતાં ફરી પરણવું ઠીક લાગ્યું. લગ્નની મ્હને જરા પરવા નથી અને હું સુધાને વિસરી ગયો નથી. ફરી પરણવાથી કાંઇ સ્નેહ ભૂલાતો નથી અને બીજી વાસના હવે છે નહિ. સ્ત્રીવિના ઘર નકામું અને છોકરાંને માવીના સંભાળનાર કોઈ નહિ. મોહિનીનો સ્વભાવ

સારો છે, વ્યવસ્થા કરતાં આવડે છે. નોકર ચાકર ને છોકરાં હળી ગયાં છે અને છોકરાંને જીવની પેઠે સાચવે છે. મ્હારી તજવીજ તો એવી કરેછે કેટલીક વખત એમ લાગે છે કે એવી તજવીજ તો સુધાથી પણ થતી નહિ. બાળુ તો એની પાસેથી ખસતોજ નથી.

હું—

ભાભી! એમ કેમ!

એનો અર્થ એટલોજ કે તમારૂ કેહેવું માનતી નથી. મોહિનીની મોહજાળમાં ત્હમે સપડાયા છો. ત્હમે એનીજ આંખે જુઓ છો એમ લાગે છે. સ્વભાવ! મોહિનીનો સ્વભાવ મળતાવડો? કોણ કહે છે મળતાવડો? છોકરાંને માટે મરી પડે છે! છોકરાંને પુછ્યું છે કે એમને એમ. બાળુને ખસેડતી નથી. હા. વાત ખરી પણ એ બધા ઢોંગ છે. સ્ત્રીચરિત્ર છે, બાજી છે; અને ત્હમારે માટે—હું કહેવા માગતી નથી.

ભાભી! ભાભી! ત્હમને મોહિની માટે પહેલેથીજ ખોટા વિચાર ઠસી ગયા છે.

તે હશે. કારણ છોકરાની મા થઈ આમ અવાય નહિ ને આવી. તારાએ મોકલી. ઉમર લાયક, પરણાવવા લાયક, સ્ત્રી આમ વિધુર અવસ્થાના પુરૂષ હોય ત્યાં રહેવા આવવું એજ ખોટું, હું વખતો વખત આવી તાલ જોતી અને મ્હારો અભિપ્રાય મ્હને ખરો લાગતો હતો. છોકરાંને માટેજ પરણવા ધારતા હો તો મોહિનીને બદલે બીજીને પસંદ કીધી હત તો હું ખૂશી થાત. નહિ પરણો એ તો મ્હે ધાર્યું ન હોતું. ના કહેતા હતા પણ એ તો સ્મશાન વૈરાગ્ય. પુરૂષો ભાગ્યેજ બીજી વાર ન પરણે. ત્હમે બીજીને પરણશો એમ ધાર્યું હતું.

ભાભી! ત્હમે કાન્તિની વાત કરો છો.

હા. કાન્તિ બધી રીતે સારી છે પણ જરા નાની છે. એમ કાંઇ નાની નથી. આપણામાં પંદર સોળ વર્ષ પહેલાં લગ્ન થતાંજ નથી.

ખાસી ૧૫ વર્ષની હશે અને એ છોકરાંને સારી રીતે સંભાળત.

મોહિની ક્યાંથી ગમી ત્હેની સમજણ પડતી નથી.

ભાભી! એમાં ગમવા ન ગમવાનો સવાલ નથી. ક્યાં પહેલીવારનું લગ્ન હતું અને કયો લગ્નના લાવા લેવા હતા. કાન્તિના માટે મ્હને માન અને ભાવ છે પણ લગ્ન ખાતે તો મ્હારે મન બન્ને સરખાં છે. સુધા તે સુધાજ હતી. આ તે લગ્ન કહેવાય. ઠીક એ તો—

વસન્ત! તમે આજ ગાંડા થયા છો? લગ્નની દરકાર નથી ને લગ્ન કરવા તૈયાર થયા છો. કાન્તિને માટે માન અને ભાવ છે ને પસંદ પડી મોહિની.

ભાભી! ખરૂં પૂછાવો તો મ્હારે લગ્ન કરવું પડે છે. વાત કોઇને મ્હોયે ન જાય હોં!

સુશીલા એકદમ ઉભી થઇ. વસન્ત! ત્હમે શું કહોછો! વસન્ત! મ્હારા દિયરને હું આવા જાણતી ન હોતી. બસ તમે મરજીમાં આવે તેમ કરો. આજથી હું નહીં આવુ. જાઉં છું.

ભાભી! ભાભી! હું તમારી પાસે ઉછર્યો છું ને આ તમારો દિયર કોઈ દિવસ નીતિનીમર્યાદા છોડે એમ માનો છો? ભાભી! તમે ઉધું સમજયાં છો. બેસો. કરવું પડે છે એટલે સાંભળો. મોહિની અહીં રહી છે એ વાત ગામમાં ફેલાઇ છે અને લોકો ગમે તેમ

બોલે છે. ત્હમે જાણોછો કે મોહિની માત્ર અહીં છોકરાં ખાતરજ આવી હતી. વળી એને પરણવાનો ખ્યાલ પણ ન હોતો. એને તો હું બાળકજ ગણતો. છોકરાં સાથે એને ગાડીમાં ફરવા લઇ જતો—એ મારી સાથે બેસતી—આ સ્થિતિ હતી—છે.

ગામમાં વાત થાય છે એમ કોણે કહ્યું ?

સાંભળો. એક દિવસ તમારા ગયા પછી તારા આવી. મ્હીડાયેલી લાગતી હતી. એને મોહિનીએ કાગળ લખ્યો હશે એમાં લખ્યું હતું કે હું અહીં દુ:ખી છું. ગામમાં બધાં આંગળીઓ કરેછે અને ન કહેવાનું કહેછે માટે મ્હને અહીંથી લઇ જાવ. મ્હારે રહેવું નથી પણ છોકરાં વગર, બાબુ વગર મ્હારાથી ઘડી રહેવાશે નહિ ને વસન્તરાવને તો મ્હારા ગયાથી નહિ લાગે પણ મ્હને તો એમનાવિના નહિ ગમે, વગેરે—

કાગળ જોયો હતો ! કે તારાની વાતો. કાગળ લખાવ્યો ન હોય.

ભાભી ! કાગળ જોયો નથી પણ તારા ઉશ્કેરાઇ ગઇ હતી, રોવા જેવી થઈ ગઈ હતી એટલે ખોટું બોલવાનું કારણ હોય એમ હું માનતો નથી. વળી આપણા લોકો પણ વિચિત્ર છે. હું એકલો, મોહિની જેવી ઉછરતી ઉમર લાયક ઘરમાં રહે, હું એને છોકરાંની સાથે ફરવા લઇ જાઉં, ઘરમાં બધી વ્યવસ્થા કરે, પછી લોકને વાત કરવાનું કારણ પણ જડયું. જુઓને પેલા મામલતદાર ઘર ભંગ થયા પછી વિધવા ભાભીને બોલાવી રાખી છે તે લોકોને કહેવાનું થયું છે ને.

ઠીક પછી.

મ્હેં તો તારાને કહ્યું કે વાત તદન જૂઠી છે. મારા મનમાં એવો વિચારજ આવ્યો નથી ને લોકો બોલે તો ભલે બોલે.

પણ તારા એકની બે ન થઈ. 'મારી નાની બેન માટે લોકો બોલે એ કાંઇ એમ ને એમ હોય! તમે કાંઇ ને કાંઈ વાત કરી હશે. કદાચ તમે ના પાડો પછી એની આબરૂ શી રહે ને કોણ પરણે. મારે તો નાતજાતમાં ઉંચું ન જોવાય. આવડી મોટી ને તમારે ત્યાં છોકરાં સાચવવા મોકલી ને બેઆબરૂ થઇ જાય તો બીજું ઘર મળે ખરૂં કે! તમારો વિચાર ન હોતો તો પછી એને સાથે બેસાડી બ્હાર શામાટે લઇ જતા હતા! એને ઘરનો ભાર શામાટે સોંપ્યો! તમારી સાથે બેસાડી એની સાથે શામાટે વાત કરતા હતા! હીંચકા ઉપર તમારી જોડે; ગાડીમાં તમારી જોડે; તમારી સાથે ખાવામાં–' આ સ્થિતિ જોઇ એક નિર્દોષ ભલી બાઇ મારે માટે બેઆબરૂ થાય, દુઃખી થાય અને પરણવાની જરૂરજ હોય તો એને પરણવું સારૂં એમ કરી પરણવાનો વિચાર જણાવ્યો અને ભલે ત્યારે પરણીશ એમ તારાને જણાવ્યું.

ને તારાએ ચોકઠું બેસાડયું.

તેમણે ઘણી આનાકાનીએ હા પાડી. એમણે તો બીજે કરવાનો વિચાર રાખ્યો હતો.

વસન્ત! વસન્ત! ભોળીયા વસન્ત! સુધા જેવી પવિત્ર સ્ત્રી મળ્યા પછી સ્ત્રી ચરિત્રોનો અનુભવ કયાંથી હોય?

તારા અને મોહિનીનીજ આ ખટપટ છે. આ તરકટ છે. તેઓએ બાજી બરાબર રચી છે ને તમને આ બાબદ ફસાવ્યા છે. મ્હને તો એમ લાગે છે કે બધુ તરકટ છે.

વસન્ત વિચારમાં હતો. હોલ્ડર હાથમાં રાખી એનો છેડો બે દાંત વચ્ચે ખખડાવતો ઉભો હતો.

વસન્ત! ભાઈ વસન્ત! મારૂ માને તો વાત પડતી મૂકો. ભલે ફરિયાદ માંડે.

પણ ભાભી! હું પરણવા ધારૂં છું અને તેપણ એનેજ. ત્હમને નહિ લાગતું હોય પણ મનેતો મોહિનીનો સ્વભાવ ગમે છે અને એક નમુનેદાર પત્ની થશે.

ભાઈ! ત્હને લાગતું હોય તો ભલે સુખી થાવ. પરમેશ્વર કરે ને હું જુઠી પડું. હું ખોટી પડેલી અને તમને સુખી જોઇ જેટલો આનંદ થશે એટલો બીજો આનંદ નહિ થાય. લગ્ન કયારે છે?

ભાભી! આ લગ્નમાં કાંઈ જગન માંડવાના નથી. આવતા અઠવાડીયામાં થશે.

* * *

લગ્ન થયે આઠ દિવસ થયા. મોહિની ઘરની માલિક, ખરી શેઠાણી, માતા, પત્ની, દેરાણી થઈ. અંતઃકરણની સર્વ આશા ફલિભૂત થઈ. તારાની મનની અભિલાષા પરિપૂર્ણ થઈ. નોકર ચાકરો નવી શેઠાણીની, નવા લગ્નનીજ વાતોમાં પડયાં હતાં.

છોકરાંના ઓરડામાં બાબુ ગાદી ઉપર પડયો હતો. પાસે પડેલા રમકડામાંથી એક લેતો ને એક મુકતો હતો. પારવતી લુગડાંને કોર મુક્તી હતી ને બબડતી હતી. રાઘુ આજ કાંઇ ચ્હીડાયેલો હતો. ઓરડામાં આમ તેમ ફરતો. ઘડીમાં બાબુ તરફ તો ઘડીમાં બારીએથી નીચે જોતો હતો.

રાઘુ ફરતો ફરતો પારવતી પાસે આવ્યો અને પારવતી બોલી. "રાઘુ! આ કોર આને સારી લાગશે કે?"

"હા. લાવ જોઉં," કરી રાઘુએ લુગડું ને કોર હાથમાં લીધાં અને તરતજ ડુચોવાળી એક ખૂણામાં ફેંકી દીધાં. પારવતીનો મિજાજ ગયો.

રાઘુ! આ શું? આટલા માટે ત્હને આપ્યું હતું?

તો પછી મ્હને શું કામ બતાવવા આવી હતી. જે સુધાનાં બૂટ સાફ કરવા લાયક નથી, જેને શેઠાણી કહેતાં

જીભ ઉપડે નહિ તેવીની નજરમાં સારી લાગવાનો ધંધો લઇ બેઠી છે ને. એવાની નજરમાં સારાં લાગ્યાં તોએ ઠીક ને ન લાગ્યાં તોએ ઠીક. એને તો ખબરજ પાડવી કે અમે ત્હેને હિસાબમાં ગણતાં નથી.

રાધુ, રાધુ, તું તો એવોને એવોજ રહ્યો. હવે એ શેઠાણી થયાં, શેઠ ગુસ્સે થાય એવું શામાટે કરવું. થયું, ન થયું થવાનું છે? ત્હને તો અક્કલજ નથી.

મ્હને અક્કલ નથી ને ત્હારામાંજ બધી ભરાઇ છે. મ્હને તો આ ઘરમાં હવે ઘડી ગમતું નથી. ત્હને કોણ જાણે કેમ ફાવે છે.

ત્યારે કેમ પડી રહ્યો છે?

કારણ બાબુને માટે. આવી ઓરમાન માના હાથમાં બાલકને આપું તો પરમેશ્વરનો ને સુધાનો ગુન્હેગાર થાઉં. એ ન થાય. શેઠ, ભાઈ એક ને બદલે પચીસ બાઇડીઓ લાવે અને આને આમ અને આને આમ કહે પણ એરાને ખબર ન પડે તોપણ બાબુ મોટો થાય ત્યાં સુધી મ્હારાથી ખસાય નહિ આપણે તો શેઠને કહ્યું.

શેઠને કયારે કહ્યું?

તે તારે શી પંચાત! તું તારે કામ કર.

પ્રકરણ ૫ મું.

કંકાસ.

શત્રુ સગાં સંસારમાં હો બહુચરી, વધ્યું વ્હાલામાં વેર,
અવલોકો આ વારમાં હો બહુચરી, કળીકરાવે કેર.

વલ્લભ.

મનુષ્યમાત્રને સ્વમાન જાળવવાની વૃત્તિ હોય છે. કુતરાં બીલાડાં જેવાં પ્રાણી પણ સ્નેહ દર્શાવનાર પ્રત્યે ભાવ રાખે છે અને તિરસ્કાર કરનાર તરફ જોતાં પણ નથી

તો માણસજાત કેમ ન રાખે! નોકરો એટલે ગુલામ. નોકર એટલે ચોવીસ કલાક જરાપણ આરામ લીધાવિના ખડે પગે તહેનાતમાં હાજર રહે, નોકર એટલે કહો તે અને જ્યારે કહો ત્યારે હલકુ પણ કામ કરે, નોકર એટલે ખાનગી વખતમાં પોતાનું કામ કરી શકેજ નહિ, અરે! એમને તો ખાનગી વખત હોયજ નહિ, નોકર એટલે માબાપ, સગાં વ્હાલાંને ત્યાં જઇ શકેજ નહિ, નોકર એટલે એમને રજા, વાર તહેવાર હોયજ નહિ, નોકર એટલે સારાં લુગડાં પહેરી શકેજ નહિ, નોકર એટલે એમને આપણું ખાધે વધેલુંજ ખાનારા, નોકર એટલે મેણાં, માર ખાવા સર જાયેલાં પ્રાણી, નોકર એટલે પગાર વધારવાની, બે પૈસા મેળવવાની આશા રાખીજ શકે નહિ, નોકર એટલે ચહેલા પગાર પણ માગી શકેજ નહિ, એવા વિચાર સામાન્ય રીતે પૈસાદાર લોકોને હોય છે. ગુલામગીરી બંધ છે; ગુલામગીરી ગેરકાયદે છતાં મીલહેન્ડ, પેઢીઓમાંના મુનીમો અને ખાનગી નોકરોની સ્થિતિ એવી છે કે માત્ર અનુભવથીજ સમજી શકાય. આ બધું છતાં જ્યાંસૂધી જો શેઠશેઠાણી વફાદાર નોકરની કદર કરતા હોય, તેમને ભાવથી બોલાવતા હોય, તેમની યોગ્ય જરૂરીયાતો પુરી પાડતા હોય, તો નોકરને બડબડવાનું કારણ રહે નહિ, પરન્તુ સામાન્ય રીતે એમ બનતું નથી અને તેમાં પણ સારાં શેઠશેઠાણીના હાથ નીચે રહ્યા પછી ખરાબ કર્કશા શેઠાણી નીચે રહેવાથી સરખામણી થાય છે.

શાન્તિકુંજમાં આ સ્થિતિ હતી. સુધા અને મોહિનીમાં આસમાન જમીનનો તફાવત હતો. સુધાની હાજરી, સુધાના શબ્દો અમૃત રેડતા હતા, આનંદ પ્રચારતા હતા. ત્યારે મોહિનીના કર્કશ શબ્દો, અમીને બદલે ઝેર રેડતા હતા, આનંદને બદલે ક્રોધ, અસંતોષ પ્રસારતા હતા, નાના મોટા તમામ નોકરો મોહિનીનું કહ્યું કામ કરતા

હતા પણ ગાળો દેતા હતા. પાપમાંથી કયારે છૂટીએ એમ ઇચ્છતા હતા અને કેટલાકે તો નોટીસ પણ આપી હતી.

નોકરોનીજ આ સ્થિતિ હતી એમ નહિ. છોકરાં બીચારાં પણ ઓરમાન માના ત્રાસથી સોસાતાં હતાં. આ બધું છતાં વસન્તને તો મોહિની સુધાજ લાગતી, મોહિનીના મોહમાં એના દુર્ગુણો વસતા નહિ, એના સામી આવતી ફરિયાદ દ્વેષથી આવે છે એમ માનતો કારણ કે મોહિની વસન્તની હાજરીમાં દિવ્યાંગનાજ હોય તેમ વર્તતી. મિલનસાર, મુકત્યાગરી, શાન્ત ભદ્રાને દિવસ અને રાત્રી જંપ ન હોતો. 'જા કાંસકી લાવ, પગજ ઉપડતા નથી, ખાતી નથી કે શું, ખાવા તો મણ જોઇએ છીએ, ઉતાવળી ચાલી કે? ખાધું પચતું નહિ હોય, જોરજમાતું નથી, ભાનજ નથી, ઘરમાં નુકશાન કરવાજ સરજાઇ છે, મોટો ઓળઇઓ થયો તોએ હજી કાંઈ આવડતું નથી. ભાઇને રાખતાં ભાર પડતો હશે, બાપે ચડાવી મૂકી છે, મા મરી ગઇ તો જાણે સત્યાનાશ ગયું, અમારીએ મા મરી ગઇ હતી પણ અમે તો કાંઈ તમારા જેવાં ન હોતાં થયાં,' આમ સવારથી તે સાંજસૂધી ભદ્રા ઉપર કટકટારો થયા કરતો હતો પણ ભદ્રા એક અક્ષર ઉંચે સ્વરે બોલતી નહિ.

મોહિનીના સામુ પણ ખરૂ કહેવાની કોઇની હિમત હોય તો તે રાઘુની હતી. પાંત્રીશ, ચાલીસ વરસનો જૂનો નોકર, વસન્તરાવને પોતાને પણ ત્હેણે ઉછેરેલા; સુધા પણ રાઘુને પૂછી કામ કરતી. રાઘુ, વફાદાર રાઘુ, વસન્તરાવ અને સુધાને સગાં ભાઇ બ્હેન કરતાં પણ વધારે ચહાતો તે રાઘુથી મોહિનીના ટુંકારા, મોહિનીનો કડક સ્વભાવ કેમ સહન થઈ શકે! રાઘુની ફરીયાદ વસન્તરાવ પાસે જતી. રાઘુ પણ ભાભીના સ્વભાવની ફરીયાદ કરતો પણ વસન્તરાવ બન્નેને સમજાવી નભાવતો. મોહિનીની તબીયત નરમ રહે છે અને નાદુરસ્ત તબીયતને અંગે ચીડીયો સ્વભાવ

થયો છે એમ વસન્તરાવનું માનવું હતું. ભદ્રાને મુંબાઈ મોકલવા, ભદ્રાને કાકીને ત્યાં રાખવા મોહિની અનેકવાર વસન્તરાવને કહી ચૂકી હતી પરન્તુ તેમ કરવાની વસન્તની હિમત નહોતી કે ઇચ્છા નહોતી. ઝનાના મીશન બોર્ડીંગમાં ભદ્રાને મોકલું? પણ આપણા હિંદુઓમાંથી હજી છોકરીઓને રેસીડેન્સીમાં કોણે મોકલી છે? હિંદુ સંસ્થાઓ એવી સારી છે નહિ અને ઝનાના મીશનમાં કદાચ ધર્મનું પરાવર્તન થાય તો. પેલી ગુલબાનું વકીલ ખ્રીસ્તી ત્યાંજ રહીને થઇ ગઇ ને! કાકીને ત્યાં? સુશીલાએ કહ્યું ત્યારે ન મોકલી ને હવે મોકલું તો શું ધારે? ચાલીસ પચાસ રૂપીઆના પગારે એક પારસી સ્રી શિક્ષક ભદ્રાને માટે રાખવી એ મોહિનીને નકામું ખરચ લાગતું પણ વસન્તને રાજી રાખવાની જરૂર હતી અને છોકરાંની દરકાર રાખે છે એમ જણાવવા ટેવ હતી એટલે મુગી રહી.

બાલકોની કેળવણી પાછળ યથા શકિત જેટલો પૈસો ખરચાય તેટલો ખરચવો તે નિરર્થક નથી, તે દુરૂપયોગ નથી એમ વસન્તરાવ માનતો એટલુજ નહિ પણ હલકી નીતિના ને ઓછા પગારના શિક્ષકોને બદલે ભારે પગારના અને ઉચ્ચા વિચારના શિક્ષકો રાખતો. જયન્તને મુંબાઇ મોકલ્યો હતો. ત્યાં એક કેળવણી ખાતામાં હેડ માસ્તરની પદવી ઘણા વર્ષો ભોગવ્યા પછી ખાનગી નિશાળ કાઢી હતી અને પોતાને ત્યાં દસ પંદર છોકરાં રાખતો તેને ત્યાં જયન્તની વ્યવસ્થા કરી હતી.

દિવસ પછી દિવસ જતા હતા અને મોહિનીને પુત્રરત્ન પ્રાપ્ત થયો. પુત્ર થતાંજ 'આ મ્હારો' એ 'સુધાનો' એ વિચાર ઉદ્ભવ્યો. 'મ્હારો પુત્ર મ્હોટો નહી' બધા જયન્ત, બાબુને બોલાવે છે, મ્હારા પુત્રને કોઇ રમાડતું નથી. રાઘુ બાબુને રાખે ને વામનને કેમ ન રાખે એ

વિચાર મોહિનીની મનઃશાન્તિ નષ્ટ કરતો હતો. વસન્તને સમજાવી પટાવી, મનની મુરાદ બર આણી. બાબુની સંભાળ રાખવાનું કામ પારવતીને સોંપવાનું નક્કી થયું અને રાઘુએ વામનને રાખવો એમ હુકમ નિકળ્યો. પરન્તુ આટલું થતાં મોહિની અને રાઘુ વચ્ચે જબરૂ વાક્‌યુદ્ધ થયું. વસન્તરાવ માટે, એના છોકરાં માટે રાઘુ માથું આપવા તૈયાર થયો પરન્તુ મોહિનીનાં છોકરાં માટે જબરો વાંધો ઉઠાવ્યો. અને તેપણ બાબુ, ન માયો બાબુ, જે બાબુને અફીણ આપી ન માયો કરવામાં પોતે કારણભૂત થયો હતો તે બાબુને મૂકી વામનને રાખે એ બનેજ કેમ! આ યુદ્ધ ઘણા દિવસ ચાલ્યું પરન્તુ રાઘુ આખરે નોકર. વસન્ત જેટલું મોહિનીનું માને તેટલું રાઘુનું તો નજ માને એ સ્વાભાવિક હોવાથી રાઘુનું માન ગયું. રખેને કાંઇ વામનને ખવરાવે એ બ્હીક મોહિનીના મનમાં પેઠી અને વામન બીજા નોકરને સોંપાયો. અને વામનને રાખનાર નોકર માનીતો થઈ પડયો.

ચાલીશ વર્ષના જુના વફાદાર નોકરને આ સ્થિતિ ન ગમી. જે ઘરમાં હુકમ કરેલા, જે ઘરમાં શેઠથી માંડી હલકામાં હલકા માણસો રાઘુને પુછતાં, મહેમાન પરોણા રાઘુને પુછતા આવતા; કોઇ વસ્તુ જોઇએ તો 'રાઘુ' ને પૂછો એમ કહેતા તેજ રાઘુને કોઈ ગણકારે નહિ, તેજ રાઘુની મશ્કરી થાય, રાઘુનું સાંભળ્યું ન સાભળ્યું કરે પછી રાઘુને મનમાં કેમ ન લાગે? રાઘુ બેદરકાર થયો. કામથી પરવારી રાતના બ્હાર ફરવા લાગ્યો; જીવન નોકરી ઉપર કંટાળો આવ્યો અને એ કંટાળો, નિરાશા દુર કરવા દારૂની દુકાનનો આસરો લેવાયો. કુટુમ્બમાં કલેશ હોય, કંકાસીયણ ભાર્યા હોય, છોકરાં ઉદ્ધત હોય, ત્યારે દુઃખ ભૂલી જવા દારૂનું સેવન થાય છે. દારૂમાં એજ લાભ છે. જ્યાંસૂધી આપણે એના કાબુમાં હોઇએ

ત્યાંસુધી પાછલાં દુ:ખ, સંતાપો વિસરી જઇએ છીએ. આખું જગત અને જગતના દુ:ખો દારૂ પીનારને મન તુચ્છ હોય છે; જગતનું સામ્રાજ્ય ભોગવતો હોય એમ લાગે છે. રાઘુ પણ એજ સ્થિતિ અનુભવવા લાગ્યો.

વસન્ત કામ પ્રસંગે મુંબાઈ ગયો હતો. મોહિનીનું માથું દુ:ખતું હતું એટલે ઓરડામાં પડી રહી હતી. સંધ્યાકાળ થઇ ગયો હતો. ખાઇ પરવારી નોકરો ગપ્પાં મારતા હતા. છોકરાં વાંચવામાં પડયાં હતાં. વસન્તરાવ રાતની ગાડીમાં આવનાર હતો. મોહિનીના મનમાં અનેક તર્ક વિતર્કો થતા હતા. ઘરમાં પોતાની સત્તા જામી હતી છતાં સુધાના છોકરાં માફક વામનને કોઇ બોલાવતું નહિ; સુધાની પાસે લોકો આવતા પણ પોતાની પાસે કોઈ ફરકતું નહી; વસન્ત વારંવાર સુધાને સંભારતો; રાઘુ ઘરમાં અસંતોષ ફેલાવતો હતો. ભદ્રા, જયન્ત, બાબુ પછી મારો વામન--ને. એ વિચાર ત્હેને અસ્વસ્થ બનાવવા બસ હતા. એટલામાં વામનનો રોવાનો અવાજ સાંભળ્યો. થોડીવાર મોહિની મુગી રહી પણ વામને કળેકળ ખાઈ રોવા માંડયું. 'કોઈ નથી કે શું?' કહી મોહિની ઉઠી. બ્હાર ગઇ અને વામનને ઘોડીયામાંથી લીધો, છાતી સરસો ચાંપ્યો. ઘોડીયા પાસે કોઇને ન જોવાથી બૂમ પાડી તો સામે અંધારામાં ભીંતને અઢેલી રાઘુ સુતેલો. રાઘુને જોતાંજ, પોતાના વ્હાલા વામનને રોતો રાખી ઘોરતા રાઘુને જોતાંજ મોહિનીનો મિજાજ ગયો અને રાઘુને લાત મારી ઉઠાડયો.

રાઘુ! છોકરો રોઇરોઇને મરી ગયો ને આમ પાડાની પેઠે ઉંઘે છે કે?

રાઘુએ આંખો ઉઘાડી પણ એનાંથી ઉઠાયું નહિ. પાછો ઘેનમાં પડયો. મોહિની રાઘુના સામુ જોઈ રહી. જે રાઘુ સામે થતો તેજ રાઘુ લાત ખાતાં છતાં ઉઠયો નહિ.

ઉઠી શકયો નહિ એ નવાઈ લાગી. મોહિની પાસે ગઇ ને નીચું વળી જુવે છે ત્યાં માથું ફાડી નાખે એવી ગંધ નિકળી. મોહિંનીએ પારવતીના નામની બૂમ પાડી ને પારવતી દોડતી આવી.

પારવતી! આ જોયું કે! આ ત્હારો રાઘુ. ભાઇ આજ ખંડેરાવ મહારાજ બન્યા છે.

પારવતી બોલી શકીજ નહિ. રાઘુને દારૂની ટેવ છે એ જાણુતી હુતી. બાબુનો કેસ બન્યા પછી દારૂની આડે ન જવા નિશ્ચય કર્યો હતો અને તે દિવસ થોડા દિવસ પાળ્યો પણ ખરો. પરન્તુ જે દિવસથી રાઘુની સત્તા ઘરમાં ઓછી થઇ, રાઘુનો તિરસ્કાર થવા માંડયો તે દિવસથી રાઘુની દારૂની લત પાછી શરૂ થઈ. પારવતી આ વાત જાણુતી હુતી પણ શેઠશેઠાણીને કહેવાની, ગરીબના પેટ ઉપર પાટુ મારવાની જરાએ ઇચ્છા ન હોતી, હીમત ન હોતી. અને તેમાં રાઘુ દિવસના ભાગમાં છાંટો લેતો નહી. રાતરે લેતો તેપણ સૂવા વખતેજ. કામની વખત કોઇએ એને એવી સ્થિતિમાં જોયો ન હોતો. આજજ કોણ જાણે કેમ?—

રાઘુ દારૂ પીતાં કયાંથી શીખ્યો?

તે મ્હને ખબર નથી

ત્હને ખબર હુતી અને તેં જાણી જોઇને ખબર ન કરી એમ જણાય તો ત્હને ઘરમાં ઘડી ઉભી રાખું ખરી કે? તમે બધા જુના માણસો ખાઇબધાં છો?

બાઈ! હું ઉપર આવતી નથી અને રાઘુને રાતના જોતી નથી.

મોહિનીનો મિજાજ ફાટી ગયો. રાઘુને જાતનું ભાન નથી માટે આજ ઘણા દિવસનું વેર વળાય તો ઠીક કરી રાઘુને ઢંઢાળી ઉભો કર્યો.

રાઘુ! બેશરમ, ગધાડા! દારૂ પીતાં શરમ નથી આવતી! માણસ મટી ઢોર થાય છે?

તમે શું કરોછો? ભદ્રાની વરસગાંઠને દિવસે ત્હમે ઓછું ઢીચ્યું ન હોતું. તમે થોડું લેતાં હશો અને અમે વધારે લીધું. ત્હમે જંપવા ન દો ત્યારે શું કરીયે?

સુધાના વખતમાં દારૂનું નામ ન હોતું. મોહિનીના આવ્યા પછી, મોહિની–દારૂ–નાં દર્શન થવા માંડયાં. માતાજીને નૈવેદમાં પ્યાલી આવવા લાગી. એ પ્યાલી વહેંચાવા લાગી. એ પ્યાલી પીતાં મોહિનીને ઓર આનંદ આવતો. એક બે પ્યાલી વધી પણ જતી. રાઘુ આ સઘળું જોતો. મોહિનીથી આ શબ્દો સંભળાયા નહિ. 'હલકો નોકર મ્હને આમ કરે, નોકરને છકાવીયે, નોકરો જાણી ટીકા કરે એવાં આપણાં કૃત્યો હોય, પછી નોકરો માથે ચડે એમાં શું આશ્ચર્ય. નોકરો સાથે બેહદ છૂટથી વર્તાય, નિરક્ષર હલકા માણસો સાથે ચોપાટ રમાય, મશ્કરીઓ થાય, એમની મારફત પતિથી છાનાં ખાવાના મંગાવાય, અયોગ્ય વર્તન થાય પછી નોકરો સીરજોરી કરે એમાં શી નવાઇ. મોહિની ઉશ્કેરાઈ હતી રાઘુને ભાન નહોતું. એકે મદિરા પીધી હતી, બીજીએ ક્રોધ મદિરા પીધી હતી. બન્ને સરખાં હતાં. ક્રોધમાં ને ક્રોધમાં રાઘુને મોહિનીએ થાપટ મારી, એકદમ ઘરબ્હાર જવા, ઘરમાંથી નીકળવા હુકમ કર્યો. 'તું કાઢનાર કોણ. આજકાલની આવી છે તે જાણી' કરી રાઘુ સામે થયો. મોહિની થાકી વામનને પારવતીને સોંપી ગઇ.

સવારે રાઘુ જાગૃત થયો ત્યારે રાતની વાત સ્વપ્નવત નજર આગળ તરી આવી. શેઠાણી સામે બોલ્યો હતો, ન કહેવાનું કહયું હતું. શેઠના કાન જરૂર ભંભેરશે અને શેઠ ઠપકો દેશે. વાંક પોતાનો હતો, બેભાન સ્થિતિમાં પકડાયો

હતા. આજ સ્થિતિને લીધે, આવીજ ભૂલથી બાબુને દવાને બદલે અફીણ આપ્યું હતું. એજ ભૂલને લીધે સુધાનું મૃત્યુ થયું. દારૂ ન પીધો હત તો બાબુને અફીણ આપત નહિ ને સુધાને અકસ્માત થાત નહિ. સુધાના મૃત્યુનું કારણ પોતે. પોતે ખૂની એ વિચારથી રાઘુ મુઝાતો હતો ત્યાં મોહિની આવી. રાઘુને ઘર છોડી જવાનો હુકમ થયો. રાઘુ સામાન બાંધી તૈયાર થયો. મોહિનીનો ક્રોધ હજી ઉતર્યો નહોતો. રાઘુને આમ ચાલીશે વર્ષે આ ઘર છોડવું પડયું અને તેપણ આમ, તેથી બહુ લાગી આવ્યું. શેઠ રાતના આવવાના હતા પણ આવ્યા નહોતા એટલે વધારે વસમું લાગ્યું. 'અરેરે વસન્તભાઇ! તમારાવિના કેમ ગમશે! બાબુ! તારૂ મ્હોં કયારે જોઇશ. આ ઘરમાંથી જવા કરતા દેશાપાર કાળે પાણી જવું વધારે સારૂં. પાછો જાઉં! મોહિનીની માફી માગું! ના. ના. મરી જાઉ પણ એની માફી માગું નહિ. એની–સુધાની જગાએ આવેલી, ઘરનું સત્યાનાશ વાળનારી. એ બનેજ કેમ? રાઘુ ગયો ને મોહિનીએ પારવતીને પુછયું.

પારવતી! આજથી તારા પગારમાં બે રૂપીઆનો વધારો કરી આપું છું, હવે વામનને તુંજ રાખજે. બાબુ માટે નવો માણસ રાખીશું.

બાઈ! માફ કરો. હું પણ જવાની છું.

શું? વખાણી ખીચડી દાંતે વળગી કે! તમો નોકરોએ તરકટ કર્યું લાગે છે. પણ યાદ રાખજો ખો ભૂલાવીશ. ત્હને શું છે તે જવું છે! દુઃખ હશે કેમ? બીજે લાડવો લોછો તે જોઇશું.

બાઈ એમ નહિ પણ મ્હારા ઘરમાંથી અહી આવા છે ને કારખાનામાં નોકર રહ્યા છે. હવે અમે અમારૂ ઘર માંડીશું. નોકરી કરવી ને ઘર ચલાવવું બે કેમ બને!

મોહિનીને તો એમજ થયું કે જુના માણસોએ તરકટ ઉભું કર્યું છે અને બધાં એની સામે છે. 'આવે પછી વાત' કરી મોહિની ઉપર ગઇ.

વસન્તરાવ આવ્યા અને 'કેમ છે' ના ઉત્તરમાં મોહિનીએ ઠુઠવો મૂકયો. સામાન્ય રીતે હિંદુ સંસારમાં પ્રથમ લગ્ન નાનપણમાં થતાં હોવાથી, મા, મિત્રો વગેરે પત્ની પ્રત્યે અભાવ ઉત્પન્ન કરાવે છે. વહુનું કહયું માનીએ નહિ. દશે પંદરે જરા હાથ ચમકારો બતાવતા રહીયે, સ્રીઓને રોવાની, ઢોંગ કરવાની ટેવ હોય એવા ઉદ્દગારો વારેવારે નિકળતા હોય, એ સંસ્કાર પડે છે અને તેથી ગમે તેવી ભલી સ્રી હોય, પણ એનું કહયું મનાતું નથી. તેજ પુરૂષ જ્યારે ઉમર લાયક થતાં, સંસારમાં ઘડાયા પછી, કઇ જાણ્યા પછી બીજીવાર પરણે છે ત્યારે તદ્દન વિરૂધ્ધ વર્તન કરે છે. બીજી પત્નીના મોહમાં એટલો તો ફસાય છે કે એનીજ આંખે દેખે છે. એને ખુશ કરવા સર્વસ્વ આપવા તૈયાર થાય છે અને પડતો બોલ ઉપાડે છે. એના આંસુ જોઇ શકતો નથી. આમ છતાં પોતે વિચાર કરીનેજ કરે છે, સમજે છે, પક્ષપાત કરતો નથી, વહુના હાથમાં નાચતો નથી એમ માને છે.

વસન્તરાવની પણ એજ સ્થિતિ હતી. મોહિનીનાં આંસુ જોતાં, મોહિનીનું વ્હીલું મ્હો જોતાં ઢીલોઢબ થઇ ગયો. પ્રેમથી પાસે જઇ સમજાવવા લાગ્યો. 'શું છે, કોણે કહયું' પૂછવા લાગ્યો. અને ચતુર મોહિનીએ મરી મીઠું ભભરાવી રાઘુનો ઇતિહાસ કહયો. રાઘુ જેવા જુના નોકરને, જે રાઘુએ વસન્તરાવને ઉછેર્યો હતો, જે રાઘુને હવે પેનશન આપી આરામ આપવા નિશ્ચય કર્યો હતો તે રાઘુને વસન્તરાવની ગેરહાજરીમાંજ આમ કાઢી મૂકયો તેથી વસન્તરાવ જરૂર ક્રોધે ભરાશે એમ માનીનેજ આ યુક્તિ રચી હતી.

વ્હાલા ! રાઘુ જુનો જાણીતો નોકર એ હું ન સમજું ? પણ શાક કાપવાની છરી પેટમાં મરાય ? વામનને ન રાખવા તે દિવસ ઓછું ધાંધળ કર્યું હતું ? મ્હારા મનથી કે કોણ બોલે ! હું એક અક્ષર બોલી ન હોતી. પારવતી હતી. રાઘુ દારૂ પી પડયો હતો. અને દારૂના ઘેનમાં મ્હારા ઉપર હાથ ઉગામ્યો. વ્હાલા મારૂં શું ચાલે ? આજ એ ને કાલે બીજો નોકર એમ કરે. મુંવું માર્યું તે તો કયાં બેસી રહેવાનું હતું. મ્હારા વ્હાલાને ઉછેરનારનો માર પણ મ્હને સારો લાગે પણ દારૂની ટેવ. એજ દારૂની ટેવમાં બાબુને અફીણ પાયેલું. કાલે કોણ જાણે શું એ કરે ! એવા નોકરો આપણે ત્યાં કેમ પોસાય ! મ્હે કહયું 'ત્હને ઘેર બેઠા રૂપીઆ આપીશું—વ્હાલા ! મ્હને માફ નહિ કરો !—'

મોહિની બોલતી હતી પણ આંખમાંથી આંસુ વચે જતાં હતાં. વસન્તના ખભે ઘડીમાં માંથું નાખતી તો બીજી પળે એના ખોળામાં સૂઈ જતી. પ્રેમલુબ્ધ, મોહિની લુબ્ધ વસન્તે પત્નીના શબ્દે શબ્દો માન્યા અને પત્નીને સંતોષી કારખાનામાં ગયો.

વસન્ત વિચારમાં હતો, સુધાના ગયા પછી શાન્તિજ ભોગવી નહિ. ઘરમાં કયો નોકર રાખ્યો ? ઘરમાં કોણ શું બોલે છે ? શું જોઇએ છીએ ? ફલાણો નોકર સુધાના સામું બોલ્યો એ કદિ એણે સાભળ્યું ન હોતું. મોહિનીના સમયમાં ફરિયાદના રાત્રી સંભાષણ ચાલતાં હતાં. 'જયન્ત એની બ્હેનના કાગળમાં મ્હારૂં કે વામનનું નામ લેતો નથી. ભદ્રાને વામનને રમાડવો પડેછે તે જોર આવે છે. મ્હારૂં કહયું તો માનતીજ નથી. તમારે મનથી ઉતરી ગઈ પછી બીજાને શું. ત્હમનેજ વામન કયાં વ્હાલો છે ! બાબુને માટે બજારમાં જવાનો વખત મળે ને વામનને માટે વખત મળતો નથી. રાઘુ તો જાણે મ્હારી સાસુ કે

નણંદ. રાંડ પારવતી તો જે છે તે છે. નીચેની ઉતરણ અગડાવે એમ છે. મ્હારૂ શરીર ઘસાઇ ને કોડીનું થઈ ગયું. રાઘુ હશે ત્યાં સૂધી હું ને મ્હારે પીયર–બળ્યું મ્હારે અભાગીપણુને પીયર પણ નહિ કે એક દિવસ સુખના રોટલા ખવાય. લોક જાણે કે મોહિની ટાચકા કરેછે પણ કેવી સુખી છું તે મન જાણે છે.' આ શબ્દો વસન્તને હવે મુખપાઠ જેવા થઇ ગયા હતા.

શું રાઘુ? દારૂ પીયેછે! એ કયાંથી? રાઘુએ મોહિની ઉપર હાથ ઉગામ્યો. ના. ના. રાઘુ કરેજ નહિ. મોહિની ખોટું બોલે! મોહિની કેવી ભલી! વ્હાલસોઇ પત્ની છે. ઓરમાયા સંબંધમાં ઓરમાન માનો વાંક કાઢવાની લોકોને ટેવ પડી. છોકરાંજ એવાં છે; બાકી એ તો છોકરાંને મૂકી ખાતી નથી. પહેલાં છોકરાં, પછી પોતે. રાઘુને આખરે પેનશન તો આપવુંજ હતું તો બે દિવસ વ્હેલું અપાયું ઘેરમાંથી કંકાસ ગયો.

આમ વિચાર કરતો કારખાના તરફ જતો હતો ત્યાં બાબુને લઇ પારવતીને આવતી વસન્તે જોઇ. વસન્તને જોઇ બાબુ દોડયો. વસન્તે સામા આવી નીચા વળી બાબુને ઉચકી લીધો અને ચુંબન કરી રમાડતાં રમાડતાં પારવતીને કહ્યું

પારવતી! રાઘુની વાત ખરી? એને વળી એ લત કયાંથી?

ભાઈ! ખરેખર બહુ માઠો બનાવ બન્યો છે

એમના ઉપર હાથ ઉગામ્યો એ વાત ખરી?

ના રે, તદ્દન ખોટી. ઉલટાં શેઠાણી—

પારવતી અટકી. પતિનો પત્ની આગળ, અને પત્નીનો પતિ આગળ વાંક કાઢવો અને તે પણ નોકર થઇને એ કેટલું કઠીન છે! પૂછે તોપણ એમાં ભય

સમાયેલો છે. એ બે એક થાય ને નોકર નાહક કડવો થાય. પારવતીના મનની સ્થિતિ સમજી ને વસન્ત બોલ્યો—

પારવતી! બ્હીશ નહી. ખરેખરી હકીકત કહીશ તો ત્હને જરાયે અડચણ નહિ આવે, બોલ જલદી.

સાહેબ! મોહિની બ્હેને બે લાત રાઘુને મારી હતી.

પણ રાઘુએ હાથ ઉગામેલો કે નહિ?

ના જી! બીલકુલ નહિ. એટલો ઉદ્ધત ન હોતો થયો. બેભાન અવસ્થામાં જરા અઘટિત બોલ્યો હતો.

રાઘુ! હમેશા દારૂ પીએ છે?

તે કહી શકાય નહી પણ વખતો વખત દારૂ પીવાની ટેવ હતી. પણ આટલો બેભાન કોઇ દિવસ થયો નથી.

રાઘુ કયાં ગયો તે જાણે છે? ત્હને કહયું હશે!

ના જી. એ તો બારોબાર સ્ટેશન ઉપર ગયો હતો.

વસન્તરાવે બાબુને હેઠળ ઉતાર્યો ને જવા માંડયું ત્યાં કાંક સાંભર્યું ને પાછો ફરી બોલ્યો.

પારવતી! તું જાય છે, વાત ખરી?

હાજી.

તારાથી અમને જરાયે અસંતોષ મળ્યો નથી પણ કારણ તારૂં વ્યાજબી છે એટલે ના પડાતી નથી પણ ગામમાં ને ગામમાં છે તો કોઈ દિવસ આવતી રહેજે. દેવો મહેનતુ છે અને આગળ જતાં એનો પગાર હું વધારી આપીશ પણ કારખાનામાં કામ કરનારને કેટલીક ટેવો પડે છે તે ન પડે એ તજવીજ ત્હારે રાખવાની છે.

પારવતી અને બાબુ એક તરફ ગયાં ને વસન્તરાવ કારખાના તરફ ગયો.

પ્રકરણ ૬ ઠું.

રાઘુ.

Rescue the Perishing.

રાઘુને માટે કોઇને અંતરની લાગણી થઈ હોય તો વસન્તરાવનેજ. પિતાના વખતમાં ભદ્રા અને જયન્ત જેવડો હતો. અનાથ વસન્તની માની પેઠે સંભાળ લેનાર રાઘુ હતો. રાઘુનું નામ ‘રાઘુમા’ પડ્યું હતું. ઘરમાં છોકરાં છૈયાંને લુગડાં ઘરેણાં પહેરાવવાનું કામ રાઘુનું. વસન્તરાવની સાથે આવવા જવામાં “રાઘુ”. કરકરીયાવરમાં, સગાસંબંધીને જમવા બોલાવવા ન બોલાવવા એ રાઘુનું કામ. વસન્તનો જીવ તે રાઘુનો જીવ. સુધા, નવ વધૂ સુધા આવી ત્યારે ઘરની સર્વ વ્યવસ્થામાં સવડતા કરી આપનાર, હિંદુ સંસારમાં ગણાતી સાસુ નહિ પણ માતારૂપ સાસુ રાઘુ હતો. ઘડીમાં લ્હડીને તો ઘડીમાં લ્હડાવીને ભર્યા ભાદર્યા ઘરમાં સુધાની પ્રતિષ્ઠા વધારનાર, સુધા અને વસન્તરાવનું અંતર સુખ વધારનાર રાઘુ હતો અને સુધા ગુજરી ગઈ છતાં વસન્તરાવ જયન્ત, ભદ્રા કે બાબુને માટે કાંઇક નિશ્ચિન્ત હતો તે રાઘુને લીધેજ. રાઘુને પણ વસન્તરાવ વિસર્યો ન હોતો. રાઘુનું માથું દુખતાં વસન્ત અને સુધા સગાં-ભાઈ બ્હેન કરતાં વિશેષ માવજત કરતાં. પોતે દિવસમાં પચીસવાર ખબર કહાડતા. એને આર્થિક મદદ કરવામાં જરાયે પાછાં પડતાં નહિ. રાઘુના કુટુમ્બના સારા માઠા પ્રસંગે પાંચને બદલે પચીસ આપતો. આમ છતાં અયોગ્ય છૂટનું નામ ન હોતું. પદવીમાં ફેર હતો તે બન્ને પક્ષ સમજતાં. રાઘુની શોધ કરવામાં વસન્તે કચાશ રાખી ન હોતી. આખા લાનોલીમાં તપાસ કરાવી.

રાઘુના ગામ તાર કર્યો પરન્તુ રાઘુનો પત્તો ન લાગતાં, રાઘુના નિકળી જવાના કારણોનો વિચાર થતાં, સુધા સાંભરી અને વસન્તરાવને ફરીને એકવાર સંસાર ઉપર અણગમો આવ્યો. પોતાના વડિલ ભાઈ, પિતા, માતાનું મૃત્યુ ફરી થયું હોય એમ ત્હેને આજે લાગ્યું. 'શું રાઘુ નાશી તો નહિ ગયો હોય! રખેને આપઘાત કરે! મ્હારે ત્યાં રહી આવો અન્ત! જેણે મ્હને માની પેઠે સંભાળ્યો, મ્હારે માટે ઉંઘ વેચી ત્હેને મ્હારે ત્યાંથી આમ જવું પડે! મોહિની! મોહિની! તું રાઘુને પારખી ન શકી? સુધા તું સુધાજ હતી. રખેને ભાભીનું કહેવું ખરૂં પડે! મોહિનીના આવ્યા પછી ઘરનો આનંદ તો ગયો. રાઘુ એકવાર આવે તો સુધારૂં. શું રાઘુ દારૂ પીતો થયો. એ કેમ બને! સુધાની પેઠે એની સંભાળ કોણ લે?'

આમ વિચાર કરેછે ત્યાં રાઘુનો પત્ર આવ્યો. પત્રમાં માત્ર ચઢેલો પગાર મોકલી આપવા લખ્યું હતું. પોતે મુંબાઈમાં ભાઇને ઘેર હતો. વસન્તરાવે તરતજ રૂપીઆ મોકલ્યા. પચીસ રૂપીઆ વધારે મોકલ્યા પણ તે સાથે આવવાનો દુરાગ્રહ કર્યો. પોતાનું ન માને માની સુશીલા પાસે પણ કાગળ લખાવ્યો. પરન્તુ મનીઆર્ડરની રસીદ શિવાય રાઘુ તરફના કાંઈ ખબર આવ્યા નહિ.

રાઘુ મુંબાઈ ગયો. ભાયખલા ઉતર્યો. લાનોલીથી રીસમાં ને રીસમાં આવ્યો તો ખરો પણ સ્ટેશન ઉપર ઉતરતાં ક્યાં જવું એ વિચાર થયો. લગભગ ચાલીશ વર્ષથી વસન્તરાવની સાથે રહેલો. વર્ષે બે વર્ષે દેશમાં જઈ આવતો એ માફ. દેશમાં તો છૂટી જગા, નાનું પણ ચોખ્ખુ ઝુપડું, સ્વતંત્ર અને સુખી જીવન. શેઠને ત્યાં સાહેબી, રહેવાને બંગલા; ખાવા પીવાને પણ મોજ, આનંદ, શાન્તિ, સ્નેહ જોયાં હતાં તે રાઘુને આજ ભાયખલાના સ્ટેશનથી કામાટીપુરા જતાં કાંઇ કાંઇ તર્ક વિતર્ક થયા. કામાટીપુરામાં

માધુ રહેતો હતો. પોસ્ટ ઓફીસના પટાવાળા માટે મુંબાઈ નંબર ૫ કે મુંબાઇ નંબર ૩ બસ હશે પરંતુ જાતે ખોળનારને મુંબાઈ જેવા શહેરમાં આટલું શરનામું બસ નથી એ અનુભવથીજ સમજાય એમ છે.

વાલકેશ્વર, ગીરગામ, પ્રીન્સેસ સ્ટ્રીટ કે એપોલો સ્ટ્રીટના પેલેસોમાં રહેનારને કામાટીપુરા, મહાલક્ષ્મી, ભાયખલા, પરેલની ગરીબોની ચાલીઓનો કયાંથી અનુભવ હોય? ફાટેલાં, ગંધાતાં ટાંટાં લટકતાં હતાં. ગ્યાસલેટના ચીમની વગરના દિવામાંથી ધૂણી નિકળતી હતી. નાની એક બારીની ઓરડીમાં આવવા જવાનું બારણું બંધ થતાં અજવાળા કે હવાનું નામ નહોતું. બ્હાર નાગાં, કાળાં શાહી જેવાં છોકરાં રમતાં હતાં. મ્હોટી ઉમર લાયકની છોકરીઓ પણ આમ તેમ ભટકતી હતી. આળસુ, કામથી પરવારેલા મજુરો સાંજના પાછા આવી પત્તે જુગાર રમતા હતા અને ત્યાં રમતી છોકરીઓની મશ્કરી કરતા હતા. ડુંગળી, ભાજી, મચ્છીના છોડાં આમતેમ પડયાં હતાં. રાઘુ, સ્વચ્છતામાં ઉછરેલો રાઘુ, અહીનું વાતાવરણ, મકાનો જોઇ આભો બન્યો. શું આ મુંબાઇ નગરી? અલબેલી મુંબાઈ તે આ. લોકો કહે છે કે ભપકાદાર મકાનો, ચાટલા જેવી સડકો, સગવડવાળાં ઘરો કહેછે તે તો મ્હેં દેખ્યાં નહિ. આ તો મરઘડાં, કબુતરો રાખવાના કબુતરખાના છે. અજવાળાનું નામ નથી. સૂર્યના કિરણ કોઇ દિવસ પડતાં હશે કે કેમ? આવડી ઓરડીમાં આખુ કુટુમ્બ શી રીતે રહેતું હશે! ધણી, ધણીયાણી, છોકરાં, છોકરાની વહુઓ, મ્હોટાં છોકરાં આમ મર્યાદા નીતિ શી રીતે જાળવી શકે? શું આ લોકો એમના પગાર, એમની કમાઈના પ્રમાણમાં ભાડું ઓછું આપે છે? તો પછી અહીં મ્યુનિસીપાલીટીના માણસો તો જણાતાં નથી. કવીન્સ રોડ ઉપર રસ્તો બગડે માટે ખટારાવાળાને જવા દેતા

નથી. હેંડબીલનો કચરો કરવા માટે ન્યુસપેપર બોયને રૂપીઓ દંડ થાય છે ત્યારે અહીઆં કોઈ દિવસ ભંગી સાફ કરવા આવતો હશે કે કેમ તે શક છે. શું આ લોકોને આરોગ્યની જરૂર નથી? એમને તાજી હવા ચોખ્ખાઇની જરૂર નહી હોય! એ માણસો નથી? શેઠીયાના, મ્યુનિસીપલ કાઉન્સીલરોના ઘોડાના તબેલા પણ સારી જગાએ બાંધવા તજવીજ થાય છે ત્યારે આ બિચારાની શી સ્થિતિ?

શું માધુ આવી ચાલીમાં રહેતો હશે? પણ એને ખોળવો કયાં? કામાટીપુરાની દસ ગલી. ભાયખલાથી ત્યાં પહોચતાંજ બે કલાક થયા. ગલીએ ગલી ફરતાં કંટાળી ગયો. લફંગા આમતેમ ફરતા હતા. અજાણ્યાને ફસાવવા તજવીજમાં હતા. અધમ જીવન ગાળનારા સ્ત્રીપુરૂષો ગરીબાઇને નામે પવિત્રતા, નીતિને વેચનારા અનેક જીવો અહી રહેતા હતા. રીપવાન વીંકલને લાંબી ઉંઘમાંથી જાગ્યા પછી દુનિયા જોઈ જે સ્થિતિ થઈ હતી તેવીજ કાંક સ્થિતિ રાઘુની થઇ. સુધા, વસન્ત જેવા પવિત્ર આત્માના સહવાસમાં રાઘુ આવ્યો હતો. ઉદારતા, પવિત્રતા, વિશુધ્ધિના નમુનારૂપ—આદર્શરૂપ આત્મા ક્યાં અને આ પવિત્રમાં પવિત્રનો પણ અધઃપાત કરાવનાર જીવન કયાં? મૃત્યુલોકમાં સ્વર્ગસ્થાન મુંબાઈ હશે પણ નર્કસ્થાન પણ મુંબાઈજ છે એમ આવા સ્થળે આવનારને ક્ષણવાર લાગ્યાવિના નહિ રહે અને આ નર્કસ્થાન તેમજ આ સ્થિતિ લાવનાર મુંબાઈનાજ ધનાઢય, ભણેલા અને ઉચ્ચ વર્ગના લોકો છે. નિરાશ થયેલો રાઘુ ગલીયે ગલીયે ભટકતો હતો ત્યાં 'કાંદે બટાટે' ની બૂમ પાડતો એક ઠેલણ ગાડીવાળો એક ગલીમાંથી નિકળ્યો. એ આમાંની એકાદ ગલીમાં રહેતો હોય એમ લાગતાં માધુના ઘર માટે પૂછ્યું. કાંદાવાળાએ માધુનું ઘર આંગળીથી બતાવ્યું.

આજ શનિવાર હતો—શનિવારની રાત હતી. આવતી કાલે મીલો, વર્કશોપ બંધ રહેવાની હતી એટલે મજુર વર્ગને આજની રાત્રી દિવાળી સમ હતી લાનોલીની શાન્તિ ક્યાં અને મુંબાઈની ધાંધળ ક્યાં! ગ્યાસના દિવા, અસંખ્ય લોકોની અવરજવર ગાડી, ઘોડા, મોટોર, ખટારાનો ખખડાટ, ટ્રામના રસ્તાપર, ચાલીઓની નીચે ચાર ડગલાં ચાલ્યાને "ઉપહારગૃહ," વળી આગળ ચાલ્યાકે દેશી વિલાયતી દારૂની દુકાનમાં ઉંચી બેઠક ઉપર પંખાખાતા પારસી ભાઈ કે કપાલમાં ચાંલ્લો અને સામે દત્તાત્રયની છબી પાસે ઘીનો દીવો બળતો હોય એવા રાવસાહેબ બેઠાજ હોય. આખા મુંબાઈમાં, ગુજ-રાતમાં કોઇપણ દારૂની દુકાન ગુજરાતી ચલાવતો હોય એવો દાખલો નથી. કાં તો પારસી કે કાં તો દક્ષણી. રસ્તા ઉપરથી દેખાય એમ ત્રણ ચાર કાચની બરણીઓ, પીપો પડયાં હતાં. સામે પીતળ—ચળકતા પીતળના ટાટમાં દસ વીસ ગ્લાસો પડયા હતા. પીપના ઉપર ફુલ હારો ગોઠવ્યા હતા. બારણા ઉપરની જાળીમાં લાલ પીળા રંગના સીસામાંથી વીજળીનું અજવાળું ઝબકી રહ્યું હતું. પીપોની પાસે કાચનાં કીડીયાંનો ચક નાંખ્યો હતો. ત્યાંથી અંદર જવાતું હતું. તેમાં બ્હારના લોકોથી ન દેખાય ને નિરાતે શરાબની મોજ મણાય એટલા માટે આરસપાણના ગોળ ચોખંડાં ટેબલ ગોઠવ્યાં હતાં. રાત્રી હતી—કાલ રજા હતી એટલે આજે આ દુકાનોપર દરોરો પડયો હતો, રેસ્ટોરાં, હોટેલો ને પીઠામાં જતા અને નિકળતા ઉધરતા યુવાનો, મૃત્યુને દેખતા વૃદ્ધો, મોજ શોખમાંજ જીવનનો હેતુ સમજનારા સહેલાણીઓ, હાહાઠીઠી કરતા, પેસતા ને નિકળતા. જેટલો આનંદ દેવ મંદિરમાં જતાં, જેટલો આનંદ ઘરમાં આવતાં નહિ થતો હોય તેટલો આનંદ અહીં દેખાતો હતો. ફીક્કા

સુકાઇ ગયેલા જુવાનીયા, અનેક ભયંકર રોગોથી પીડાતા પુરૂષો, ફાટયા તુટયા વસ્ત્રોવાળા, કાલ સવારે શું ખાઇશુંની ચિંતાવાળા પણ ગ્લાસ માટે ચાર આના ખર્ચી નાખનારા આમાં હતા. રાઘુ તો આ સઘળું જોઈ હેબકીજ ગયો. આજ દારૂ જોઇને મને ત્રાસ થાય છે ત્યારે હું પીતો હોઈશ ત્યારે બીજાને આમજ થતું હશે ને! દારૂને લીધેજ સુધા બ્હેન ગયાં, દારૂને લીધેજ મ્હારે મુંબાઈ આવવું પડયું. અરે રામ! હું પાછો જાઉં. ના. ના. એકવાર માધુને મળું તો ખરો. અરે આટલા બધા રોજ દારૂ પીતા હશે? જો તો ખરો! પેલી બિચારી ચાલી જાય છે ત્હેને આ બધા તોફાનીઓ સતાવે છે. આમની સાથે ઘડી ઉભા રહેવામાં પણ પાપ છે. આટલી બધી દારૂની દુકાન શામાટે ઉઘાડવા દેતા હશે? અરે આ સામેથી લાઈટ શાનું આવ્યું? આ તો દારૂની દુકાન! પણે પણ એજ. એક રસ્તા ઉપર કેટલી દુકાનો? આ બધામાં ઘરાકી હશે? તે વગર ભાડુ ક્યાંથી ભરે! દારૂની કાંઈ લેજત તો છે—હું જાઉં, જરાક લઉં. એમાં શું? દારૂ પીવાને નહિ તો શા માટે બનાવ્યો હશે. મોટા મોટા દાકતરો પણ દવામાં આપે છે. બીજા દોષો હશે પણ ઘડીભર મનની ચિન્તા દૂર કરી આનંદિત બનાવે છે એ વાત તો ખરી. વધારે પીએ તોજ નુકશાન ને! વધારે શામાટે પીયે. એટલું આપણું મન આપણા કબજામાં ન રહે. સાહેબ લોક પીએ છેજસ્તો. ના. ના. જો પેલો રસ્તામાં પડયો. ભૈયાજી ખીલ્યા છે. સારૂં છે કે એની ભાષા સમજાતી નથી નહી તો કાનના કીડા ખરે એવું ગાયન ગાય છે. મુંબાઇની આ મજાહ કે? આટલી કેળવણી છતાં? આટલી કેળવણી છતાં, આટલો ધર્મ છતાં, આટલાં કેદખાનાં ભરચક. આટલો બંદોબસ્ત છતાં દરરોજ ચોરી, ખૂન, વ્યભિચારના ઢગલા બંધ કેસ. આનું કારણ આજ કે નહિ. મોહમયી મુંબાઈમાં જરા

ચાલો ને હોટલો આકર્ષે, ફોનોગ્રાફના સુંદર ગાયનો, રૂપજીવીનીનો આકર્ષક આડંબર, નાટક, સિનેમેટોગ્રાફ. ખૂન કરનારને ફાંસી આપવા કરતાં, ચોરી, વ્યભિચાર કરનારને સખ્ત શિક્ષા કરી કેદખાનામાં મફત ખાવાનું આપવા કરતાં, ગુન્હા કરાવી શિક્ષા કરવા કરતાં, ગુન્હા કરતાંજ અટકાવવા એ કેટલું શ્રેયસ્કર છે? અને જે સ્થળે દારૂની દુકાનો વિશેષ, જ્યાં સ્વચ્છંદ વર્તન અને અવકાશ વિશેષ ત્યાં ગુન્હા વિશેષ. હિંદુ ધર્મશાસ્ત્રોમાં અને તેમાં પણ બ્રાહ્મણોના સંબંધમાં તો ખાવાપિવાના એવા નિયમો છે કે મિતાહારી રહયા શિવાય છૂટકો નથી.

પરન્તુ મુંબાઈ જેવા શહેરોમાં પશ્ચિમના પવનના સપાટે—એમાં શું? વિચાર દાખલ થતાં પાયમાલી. જરા જીંજર, આઇસક્રીમ, સોડા, આઇસક્રીમથી શરૂ કરી આલ્કોહોલના પદાર્થો વિના શંકાએ લેવાય છે. પ્રવૃત્તિમય જીવન, ચારે બાજુ આકર્ષક સ્થાનો હોય પછી જીવ ઉપર કાબુ કેમ રહે? દારૂનું હિંદુસ્તાનમાં નામ ન હોતું પરન્તુ વામમાર્ગી અને પશ્ચિમના સહવાસે એટલો પ્રવેશ કરાવ્યો છે કે ઉચ્ચ કોમ એટલે દારૂ પીવાયજ એવી માન્યતા થઈ છે. મુત્સદ્દી, બુધ્ધિવાન, સાહિત્ય, રાજ્ય ક્ષેત્રમાં પ્રવીણ કહેવાતા વિલક્ષણ પુરૂષો દારૂથી પાયમાલ થતા જાય છે ને ગયા છે. જુના વિચારના દેવીને નામે, નવા વિચારના સોસાયટીમાં ખપાવાના નામે શરૂ કરે છે અને વખત જતાં દારૂની તીવ્ર તૃષા એટલી વધે છે કે એમાંથી છૂટાતું નથી. ગૃહની શાન્તિ, કુટુમ્બ કથા, પિતા, માતા, બાલકોના નિર્દોષ આનંદ ઉપર દારૂએ છરી મૂકી છે.

રાઘુ દારૂડીયો થયો ન હોતો. દારૂ પીતો હતો છતાં તેનું અંતઃકરણ તેને કરડતું હતું. સુધા, વસન્તની પવિત્ર

અસર ઘસાઈ ન હોતી અને એને લીધેજ દારૂનાં પીઠાં જોઈ ક્ષણવાર ત્રાસ છૂટયો. માધુનું ઘર આખરે જડયું–રાઘુ જેવો દાખલ થયો કે તરતજ આડોશી પાડોશી ટોળાં વળી જોવા આવ્યાં. માધુ એક ઢાળીયાની ચાલીમાં રહેતો હતો. જુના કોથળા જાળીયા ઉપર નાંખ્યા હતા અને તેમાંથી ધૂણી નિકળતી હતી. સંધ્યાકાળે માધુને ઘેર કોણ આવ્યું ત્હેની ચિંતા પાડોશીઓને થઈ. રાઘુનો વેશ સ્વચ્છ હતો. રાઘુની આસપાસ ટોળ્યું વળ્યું હતું તેમાં લગભગ નાગા મજુરો, બીડીઓ પીતા ભીંતને અઢેલી ઉભા હતા. ફાટેલાં લુગડાંવાળી સ્ત્રીઓ હાજર થઇ હતી. આખી ચાલીમાં બાળકોનાં મળમૂત્ર–કચરો પડયો હતો. ધાંટા, ધમકીઓ, લડાલડી, ગાળાગાળી, રૂદનના અવાજ આવતા હતા. આ બધા ટોળામાંથી એક સભ્ય લાગતા પુરૂષને રાઘુએ પુછયું.

માધુ કયા ઘરમાં રહે છે તે બતાવશો?

માધુ! હા. પેલી ઓરડીમાં.

એ ઓરડી જોઇને રાઘુને એમ થયું કે એને બનાવેછે.

લાનોલીમાં માધુના કાગળ આવતા. મુંબાઈમાં એનું ટટુ ચાલતુ નથી એ રાઘુ જાણતો હતો કારણ માધુ વારંવાર પૈસાની મદદ માગતો; પરન્તુ આવી સ્થિતિ હશે અને કુકડા મરઘાં પણ ન રહે એવા મકાનમાં રહેતો હશે, આવો પાડોશ હશે એ જાણતો નહિ. રાઘુની સાથે પેલો ઘેર બતાવનાર આવ્યો અને એણે બારણું ઉઘાડી કહ્યું. ‘ભાગી! કોઈ ત્હારે ત્યાં આવ્યું છે.’

કોણ છે. એ હજી ઘરમાં નથી. મોકલ ઉપર.

રાઘુ, શાન્તિકુંજમાં રહેતો રાઘુ, કામાટીપુરાની, જેમાં રહેતાં લોકોની મહેનતથી વાલકેશ્વર કે કોટના શેઠીયાઓ મોટોરમાં ફરે છે તેમની ગંધાતી અંધારી

ઓરડીમાં પેસતાં રાઘુને કંટાળો, તિરસ્કાર આવ્યો. એક ખૂણામાં વાણનો ભરેલો પણ તુટ્ટુ થઇ ગયેલો ખાટલો પડયો હતો તે ઉપર તેલ વગેરેના ડાઘાવાળુ ચીથરીઆ ગોદડું પડયું હતું. રાત અને દિવસ ત્યાં પડી રહેતું અને ઓરડામાં નજર નાંખતાં બીજુ ગોદડું હતું નહી. બે થાળીઓ, એક તપેલી શિવાય વાસણ ન હોતાં. એક દેવદારનું ખોખુ તિજોરી તરીકે અથવા પેટી તરીકે જેમાં ગણો તેમાં હતી. રાઘુ અંદર આવતાં ગભરાયો. આ એનું પોતાનું ઘર! આ ભાભી! નક્કી એજ. ભાભીને નાનપણમાં જોઇ હોયતેજ. ભાગી ખાળ ઉપર લુગડાં ધોતી હતી. લુગડુ એટલું મેલું હતું કે સનલાઈટ સોપથી પણ સારૂ થાય કે કેમ તે શક હતો. ભાગીરથીના વાળના જટીયામાં તેલ કોઈ દિવસ નંખાયુ હશે કે કેમ તે રામ જાણે? ત્હેના ચહેરા ઉપરથી સુંદરતા નષ્ટ થઈ ગઈ હતી. ઉજાગરા, જીવન ચિંતા, અનેક સુવાવડોનાં ચિન્હો એના શરીર ઉપર સ્પષ્ટ જણાતાં હતાં.

તમારૂજ નામ ભાગીરથી ને!

ભાગીરથીનો મિજાજ ગયો ને ધોતાં અટકી રાઘુ સામુ તાકીને જોતી બોલી. કેમ! હા.

કાંઈ બેસવાનું આપો તો બેસું—ઘર ખોળતાં થાકી ગયો છું.

ભાગીરથી ઉઠી. ખૂણામાં અંધારામાં એક નેતર વિનાની ખખડ દખલ થયેલી ખુરશી હતી તે ખશેડી લાવી તે ઉપર પાટીયુ મૂકયું અને રાઘુ બેસતાં બેસતાં બોલ્યો—

કેવું ઘર! ત્હમને ગભરામણ નથી થતી.

શરૂઆતમાં રહેવા આવ્યાં ત્યારે અમને તમારા જેવું થતું હતું પણ પછી તો ટેવાઈ ગયાં.

ભાભી! માધુને કેમ છે! છોકરાં ખૂશીમાં તો છે ના!

ઠીક ઠીક. એ તો હજી આવ્યા નથી. આજ શાન-વાર છે એટલે આવતાં વાર થશે ને છોકરાં બ્હાર રમતાં હશે.

બાર ગયો છે એટલે!

અમારા મૂળના ધંધામાં ખોટ આવી ત્યારથી હાથ ગાડી લઈ કાંદા બટાટા વેચે છે.

પણ નુકસાન શાથી થયું?

વળી નુકસાન શાથી થયું તે કોઈ સવાલ છે? નશીબમાં હોય તે થાય. ખરચ વધારે ને કમાઈ નહી.

માધુ ઉડાઉતો નથી ને.

ના. ના. બીજા કરતાં ઘણા સારા. એ ટેવ તો આપણામાં કોને નથી! એ ન હુત તો દુકાન બંધ કરવાનો વખતજ ન આવત. અને અહીં રહેત પણ નહી.

વારૂ, પણ તમે કાંઈ કરો છો?

હું ન કરતી હુત તો તમારા ભાઈ રોટલા ખાત! આ છોકરાંની ધાડને કેમ નભાવું છું તે હું જાણું છું પણ અડધાં ભૂખ્યાં રહીયે છીએ. લોને ત્હમે આવ્યા છો પણ ત્હમને કરી આપવા ચપટી લોટ ઘરમાં નથી. પાસે પાઇ પણ નથી. તમારા ભાઈ આવે ને કમાઈ લાવ્યા હોય તો!

વસન્તરાવને ત્યાં ઘરમાં લોટ નથી, શું ખાઈશું, એવી સ્થિતિ સ્વપ્ને પણ ન હોતી આવી અને ત્યાંની ખાવાની વિવિધ વાનીયો સંભારતાં, ખાવાના ઓરડાની સ્વચ્છતાનો વિચાર થતાં રાધુ ન્હાસી આવવા માટે પસ્તાયો, આંખમાં આંસુ આવ્યાં ને બોલી ઉઠયો.

ભાભી! એ ખટપટ કરશો નહિ. હું ખાઈ આવ્યો છું. મ્હને જરાએ ભૂખ નથી. માત્ર રખડી રખડીને થાકી ગયો છું.

ત્યારે તમે તો તમારા શેઠશેઠાણી સાથે આવ્યા હશો.

ના. મ્હેં નોકરી છોડી દીધી છે. મારાં જુનાં શેઠાણી ગુજરી ગયાં, શેઠ નવી લાવ્યા અને ત્હેની સાથે મારે બનતું નથી.

એટલામાં ત્રણ છોકરાં આવ્યાં. મ્હોટી ચૌદ વર્ષની છોકરીના માથાનાં જટીયાં વિખરાઈ ગયાં હતાં. એક ઓઢણી ઓઢેલી હતી. સ્વચ્છંદાઈ નિરંકુશતા, સ્વતંત્રતાના ચિન્હો ત્હેના શરીર ઉપર અને ચહેરા ઉપર સ્પષ્ટ જણાતાં હતાં. છોકરો બાર વર્ષનો હતો તેણે એક નાની ધોતલી પહેરેલી હતી અને બીજો છોકરો કેવળ નાગો હતો. ત્રણ છોકરાં ઉંઘ આવે છે કરી આવ્યાં અને માએ ખાટલા ઉપર આડાં સુવાડયાં. છોકરીએ ઓઢણી કાઢી નાંખી અને એજ ઓઢણી ઓઢવામાં લીધી. બીજા છોકરાની ધોતી બે ભાઇઓએ ઓઢી, રાઘુ જોઇજ રહયો ને બોલ્યો.

ભાગીરથી! છોકરાંઓ એમને એમ સૂઈ ગયાં! પરમેશ્વરનું નામ તો લેવડાવવું હતું! અગર કોઇ દેવની છબી રાખી પગે લાગવાની ટેવ તો પડાવવી હતી. વારૂ તમે માધુ કયાં સુવો છો.

એવું પગે લગાડવાનું અમે સમજ્યાં નથી. પરમેશ્વરને શા માટે સંભારવો! આવા ઘરમાં આવી સ્થિતિમાં રાખવા માટે! અને અમે કયાં સૂઇએ છીએ? વળી આ ખાટલામાં–બધાં છોકરાંની સાથે.

ભાભી! શું બોલ્યાં? બધાં સાથે! આ ચૌદ વર્ષની છોકરી, મોટાં છોકરાંની સાથે એકજ પથારીમાં! કેમ ફાવે! છોકરાં ઉપર કેવી છાપ પડે!

હિયરજી છાપને આપ એ તો ગદગદીમાં હોય ત્યારે સુઝે. એવું હોય તો તમારા શેઠીયા અમારી ખબર કેમ નથી લેતા! નોકરોને નાની ઓરડી ચાલશે એમ કેમ કહે છે! અમને એ ન ફાવે પણ શું કરીયે, ટેવાઈ જઇએ છીએ એટલે એની મેળે ફાવે.

પણ મોટો કયાં છે? માધુ સાથે ફેરીમાં ગયો હશે, ને તાઈ!

મોટો તો કયારનો જૂદો થયો છે. એ તો ચાર ચાર પૈસાની ચીજોવાળી ગાડી ફેરવે છે એણે તો ઘર માંડયું છે ને નભાવે છે.

રાઘુ કાંઈ ન સમજયો અને કયાથી સમજે! મુંબાઈના ઝળકતા વિભાગમાં, આપણા સંસારના ઉપલા વિભાગમાં ફરનારને મીલ મજુરો, ગરીબ વર્ગના અજ્ઞાન ગરીબાઇ અને કર્તવ્ય બુદ્ધિને અભાવે શા ગોટાળા થાય છે તેનું કયાંથી ભાન હોય! રાઘુ તો એમજ સમજયો કે માધુનો મોટો છોકરો પરણ્યો છે ને જૂદુ ઘર માંડી રહયો છે. ઓગણીશ વીશ વર્ષનો છોકરો એની મેળે પરણી ઘર માંડે એ બનેજ નહી માની રાઘુ બોલ્યો.

ભાભી! એટલામાં પરણ્યો ને ઘરે માંડયું—તમે શું કામ જવા દીધો.

અરે હવેના અરાઢ વીશ વર્ષના છોકરા તો જે ન કરે તે ઓછું. એ પરણ્યો નથી—અને તાઈ—એ પણ રખડતી ફરે છે. એ એનું ફૂટી કાઢે છે. ભોગ ત્યારે, હું તો કેટલું કરૂં. અમારે ત્યાં તો એમજ ચાલે. માબાપ આંખ આડા કાન ન કરે તો પછી ખવડાવે કયાંથી!

ધંધો કરે! મજુરીએ મોકલે.

ધંધોજ કરે છે, ભાઈ! અમારા ધંધામાં, અમારી મજુરીમાં શી શી મુશ્કેલીઓ નડે છે ત્હેની ત્હમને ક્યાંથી ખબર હોય. મીલમાં જાય ત્યાં મુકાદમને સંતોષવા જોઇએ. એ મુકાદમ કાંઈ ભણેલા હોતા નથી એટલે એમની વૃત્તિઓ હલકીજ હોય છે. કાં તો પૈસા આપીએ, દર પગારે કમીશન આપીએ તોજ મજુરી મળે, નામ નોંધાય, ને તેમાં તો ઉમર લાયક છોકરીઓની મુશ્કેલીની વાત કરવા જેવીજ નથી. મજુરીમાં પણ એજ. સવાર સાંજ, જતાં આવતાં, બેકબે કે બેન્ડસ્ટેન્ડ ઉપર ન ફરતાં આવા ભાગોમાં ફરો ત્યારે ખબર પડે કે કેવી વાતો થાય છે ને કેવાં ચરિત્ર થાય છે. મીલના શેઠીયાને કહીએ છીએ કે મીલમાં ચાલી બંધાવી, નિશાળ ઉઘાડો ને થોડો વખત મજુરોને ભણાવો તો અમને ને તમને બેને લાભ છે; ત્યારે વખત છેને સામા થાય, હક કરતા આવે એ વિચારે ભણાવતા નથી. ભાઈ, કોઈ અનાથાશ્રમ કે એવી જગાએ જઈ કહીયે છીએ કે આ છોકરાંને રાખો તો કહે છે કે તમે માબાપ છો પછી શાના રાખીયે. આ તો માબાપ વિનાને રાખવાની જગા છે. ભાઈ, માબાપ છીએ પણ અમારાથી પુરૂં થતું નથી. આવી મોટી છોકરીઓને મજુરીએ મોકલવામાં ભય હોય છતાં એવી જગામાં એવા આશ્રમમાં ન રાખે પછી શું પરિણામ આવે? બીચારા ખ્રીસ્તી લોકો રાખવાને, ભણાવવાને, ધંધો શિખવવા તૈયાર છે ને ઘણીવાર ત્યાં છોકરાં મોકલી દેવાનું મન પણ થાય છે પણ ધરમને લીધેજ ખંચકાઉ છું. જો કે આખરે કંટાળીને ઘણા મોકલે છે. સાળું પેટ તો માગે ને! આમ મળે નહિ ત્યારે પછી મરજીમાં આવે તેમ વર્તે એમાં શું? અમારા ગરીબ વર્ગની નીતિ ન બગડે અને જીવન સુધરે ત્હેને માટે તમારા લોકે શા પ્રયત્નો કર્યા તે કહેશો? ભાઈ મ્હને સારી માઠીનો અનુભવ છે માટે હું કહું છું હું નીતિમાં માનતી નથી.

દિયર ભોજાઇની વચ્ચે વાત ચાલતી હતી એટલામાં એક નાનો નાગો છોકરો આવ્યો, ભાગીરથી પાસે ગયો ને બોલ્યો. કાકી! વાડકી લોટ આપશો! મ્હારા બાપા આવશે એટલે પાછો આપીશું.

ભાઈ! સમ ખાવાને ઘરમાં લોટ નથી, નહિ તો આપત. તારી માને કેમ છે?

છોકરાને ઉતર મળ્યો પણ ખસ્યો નહિ. એની નજર પથારીમાં સૂતેલાં ત્રણ છોકરાં તરફ હતી.

ભાભી! એક પથારીમાં ત્રણ જણાં કેમ સૂતાં હશે તેનો વિચાર કરતો હોય એમ લાગે છે.

ભાગીરથીથી હસ્યાવિના રહેવાયું નહિ. ભાગીરથી છેલાં થોડાં વર્ષો થયા હસી ન હોતી અને હમણાજ પહેલ વ્હેલી હસી હોય એમ લાગ્યું. છેલ્લાં કેટલાક વર્ષ થયાં આનંદ, હસવું અનુભવ્યું ન હોતું અને અનુભવે પણ ક્યાંથી! સવારે રોટલાને માટે ખાખાવીખી હોય તો પછી આનંદ ક્યાંથી સૂજે.

છોકરા! ત્હારે ત્યાં તમે ક્યાં સૂવોછો તે આ ભાઇને કહે તો!

આ પથારી જેવડી અમારે ત્યાં પથારી છે એમાં અમે સૂઇએ છીએ.

પણ કોણ કોણ સૂવો છો તે કહે!

મ્હારા બાપા, મ્હારી મા અને મ્હારી મ્હોટી બ્હેન ઓશીકા તરફ સૂવે છે અને હું મ્હારા બીજા બે ભાઇઓ પાંગથ આગળ સૂઇએ છીએ! આટલું બોલી છોકરો ચાલ્યો ગયો.

કેમ દિયરજી! સાંભળ્યું ને! એના કરતાં અમારી સંખ્યા ઓછી છે ને!

એટલામાં માધુ આવ્યો. માધુ શરીરે કદાવર હતો અને લુગડાં પણ ખોટાં ન હોતાં. ઘરમાં આવતાં, રાઘુને જોતાં અચંબો પામ્યો. રાઘુને આવા ઘરમાં ફાવશે નહિ એ જાણતો હતો પણ એમાં એનો ઉપાય ન હોતો. રાઘુના મનથી હલકો અભિપ્રાય આવશે એમ માની એણે પોતાને દુકાન કેમ છોડી દેવી પડી તેની સવિસ્તર હકીકત કહી. એમાં વ્યસન કે ચેનબાજીની વાત આવી ન હોતી. હાથગાડીનો તમામ માલ ખપી ગયો હતો અને રસ્તામાં દોસ્તદાર ન મળવાથી પૈસા સહી સલામત ઘેર આવ્યા હતા. ભાઇની મેમાનગીરી કરવા છોકરીને ઉઠાડી બજારમાંથી પુરી, ભજીયાં, શાક, ચહા મંગાવ્યો. આટલી નાની ઓરડીમાં અને આવી જગામાં સુવું નહિ ફાવે કરી કાલે મળીશ કહી રાઘુ ભાઈની રજા લઈ બ્હાર નીકળ્યો. ભોયરાંમાંથી, ગુફામાંથી બ્હાર આવે ને ખુશી થાય એમ ખુશ થયો. મુંબાઇના રસ્તાઉપર આવ્યો. માધુના ઘરનું અંધારૂં ક્યાં અને રસ્તાના ગ્યાસ લાઇટના દીવા ક્યાં! ભપકાદાર મકાનો અને મુંબાઇનું ધાંધળ નજરે પડયું. સીનેમેટોગ્રાફની ફીલમ પહેલ વ્હેલાં જોતાં, ફોનોગ્રાફમાં પહેલ વ્હેલું ગાયન સાંભળતાં અજ્ઞાન માણસની જે સ્થિતિ થાય તેજ સ્થિતિ રાઘુની થઈ.

મુંબાઈ, અલબેલી મુંબાઈનું નામ સાંભળ્યું હતું પણ જોઇ ન હોતી. જોવાનો સમય આવ્યો ત્યારે આવો વિભાગ નજરે પડયો. રાઘુને મુંબાઈમાં કોઇ ઓળખતું નહિ. ભાઇ સાંભર્યો ને ભાઈ ભાભીને મળ્યો ત્યાં નવોજ સીન દેખાયો. મ્હારા પોતાના ભાઇને આવી દુઃખદ સ્થિતિમાંથી ન બચાવું? એના છોકરાં કેવું જીવન ગાળે છે? અરે રામ! આમ કેટલાં છોકરાં અનીતિમય જીવન ગાળતાં હશે. આવા મુંબાઈમાં કોણ જાણે કેટલાએ ભાગ હશે. મહાલક્ષ્મી, પરેલમાં શું થતું હશે? નળબજાર,

બે ટાંકી, ફોકલાંડ રોડ જેવા ભાગમાં દરરોજ ખૂન ચોરી ચાલે છે. પોલીસ પેરા ઉપરના પોલીસને પણ જીંદગીનો ભય હોય છે. બીજી ચાલીઓના પ્રમાણમાં માધુની ચાલી શાન્ત હતી. એમાં દગા ફટકા ઓછા હતા. આ બધી ચાલીઓમાં મજુરો રહેતા હતા. મુંબાઇમાં ધીકતી મીલો છે એમાં મજુરી પણ સારી મળતી છતાં આટલી બધી ગરીબાઇ શા માટે! કારણ—અજ્ઞાન. મીલની બ્હાર નીકળતાંજ સામે દારૂની દુકાન. દારૂ પીધાથી થાક ઉતરી જાય છે એ વિચાર ઠસી ગયો હોય છે. મીલ મજુરોજ આ વિચારના છે એમ નહી. શાક વેચનારા, ફેરીયા, ઘોડાવાળા, માળી, મહેનતુ વર્ગને સાંજના દારૂ જોઇએ. ભણેલા, ધનાઢયો અને ઇંગ્રેજી શિખેલા ઉચ્ચ મનાતાને પણ આ પાનવિના નથી ચાલતું. એમને શનિવારે અમુક ઘરોમાં જવુંજ જોઇએ. એમ હોય તો પછી અજ્ઞાન ગરીબ વર્ગને એ ટેવ હોય એમાં શી નવાઇ! મજુરી લઈ સાંજના ઘેર જતાં દેશી વિલાયતી દારૂની દુકાનમાં જવુંજ જોઇએ. ગયાવિના ઉંઘ ન આવે. લગ્નની પવિત્ર ગાંઠની જરૂર ન મનાતી હોય એવાના સંસર્ગમાં રહે, વર્ષનાં વર્ષો સાથે રહે, રમે, ઘર કે બ્હારની કેળવણી ન હોય, નાતજાત નામની હોય, મોટી વયનાં છોકરાં થાય એટલે એપણ આગળ પાછળના વાતાવરણનો લાભ લઈ ગમે તેમ લાકડે માકડુ વલગાડી દે. માધુના મોટા છોકરા અને છોકરી જેવા ધંધા અનેકના થાય છે. માબાપો એ તરફ ધ્યાનજ આપતા નહી. ‘પીડા પતી. રોટલા ખવડાવવા મટયા’ એમ સમજતા. જ્યાં સ્ત્રી અને પુરૂષને બન્નેને કમાવવાની જરૂર છે એમ મનાવા લાગે, ધર્મ નીતિના શિક્ષણનો અભાવ. પ્રવૃત્તિમય જીવન, ન્યાતજાત તરફ બેદરકારી, ત્યાં એજ સ્થિતિ થવાની. નવી સ્થિતિમાં જીવન નભાવવાની હાડમારી એટલી બધી છે કે એ હાડમારીને

લીધે નબળાં, બીનકેળવાયેલાં મનુષ્યો અનીતિમય જીંદગી ગાળેજ. જ્યાં ત્યાંથી કમાવું અને એને અંગે સ્ત્રી કે પુરૂષને ગમે તેવા પ્રસંગોમાં આવવું પડવાનું. મીલ મજુરી ના મળે તો નાની હાથગાડીમાં થોડી ચીજો લઇ ફરવું અગર કોઇ વેપારીને ત્યાંથી થોડા પૈસા આપી માલ લઈ ફેરી ફરવી એ ધંધો આ ચાલીમાં રહેનારાઓનો હતો. આ ધંધામાંથી તેમને જીવનજોગ મળતું. છોકરાં ભૂખ્યા છે કે કેમ, બાયડીને કપડું છે કે નાહ, ઘરવાળો ભાડુ માગવા આવશે ત્યારે શું કરીશ એ વિચાર ન હોતા આવતા, પણ દર સાંજના બારરૂમમાં, તાડીની દુકાનમાં, હોટેલમાં કે પીઠામાં ખરચવા પૈસા જોઇએજ. એ ન હોય તો મારવાડીને ત્યાંથી ઉછીના લેવાતા. મોરલીનો નાચ અને તાડી દારૂ વગર જીવનની મજાહ લાગતી ન હોતી. નાના તંબુ, નાનાં ડેલાં અને કામ ચલાઉ નાટકશાળામાં નાટકો થતાં, નાટકશાળાની બ્હાર હલકી, અનેક રોગથી ભરપુર વેશ્યાઓ, દારૂનાં પીઠાં જથાબંધ હતાં. શનિવાર જેવી રાત્રીએ "તાત્યા ભીમાચી કુસ્ત્યા" ત્યાં થતી. નાટકો પણ હલકાં. રાઘુ ભાઈ ભાભી સાથે જોવા ગયો. ટીકીટનો આનો હતો. ખેલ જોતાં રાઘુનાં રૂંવા ઉભાં થયાં. બિભત્સ વર્તન, બિભત્સ ભાષા અને બિભત્સ ગાયન એજ મોજ શોખ, એજ આનંદ. આવી કંપની અનેક વાર કોર્ટમાં દંડાઈ હતી છતાં છાનગપતીયાં આવા ભાગમાં ચાલતાં હતાં અને ગરીબ લોકોની અનીતિને પોષણ આપતી. નાટકોમાંથી છૂટ્યા કે દારૂની દુકાન, અથવા વેશ્યાના ઘરમાં કીડા ખદબદતા હતા. આવાં ~~નર્કસ્થાન~~ મુંબાઈમાં ઘણાં છે અને એ નર્કમાંથી ઉધ્ધારનાર કોણ?

શું આ લોકોને સારી સ્થિતિ આવવું ન હોતું ગમતું? કોને ન ગમે! સવારના પથારીમાંથી ઉઠયા પછી ખાવાને

લોટ નથી, છોકરાંને ધોતી નથી, બત્તીમાં તેલ નથી, એમ જાણતાં દ્રઢ નિશ્ચય થતો કે સાંજના મજુરી લઈ ઘરેજ આવવું અને દારૂ નાટકની આડે ન જવું, પરન્તુ આખા દિવસના શ્રમ પછી, મીલમાં કે ધંધા રોજગારમાં જતાં બિભત્સ વાતો, ગાયનો સાંભળ્યા પછી, ઘેર આવતાં વીજળીના દીવા, કાચના પડદા, આરસપહાણના ટેબલ, આકર્ષક છબીયો ને પ્યાલાના ખખડાટ એમના કુમાર્ગી મનને હંફાવવા બસ હતાં. કદાચ એકાદ દુકાન તો મન મારી પસાર કરતા પણ બીજી ત્રીજી દુકાન આવતાં, પોતાના સાથીઓમાંના કેટલાકને અંદર જતાં કે અંદરથી નિકળતાં જોઈ મન રહેતું નાહ અને ત્હેમાં કોઈ કહે કે 'ચાલને હવે' એ સાળુ પીધાવિના કેમ ચાલે, માથુ ભારે છે તે ઉતરી જશે. દારૂના સામાવાળા છો બોલે, એ ચાહ નથી પીતા–પાનસોપારી નથી ખાતા, સોડા લેમોનેડ નથી પીતા! અમને એ નથી મળતું તો આ પીએ છીએ. આપણે ગરીબ માણસ આટલુએ ન પીએ ને આનંદ ન કરીયે તો મરી જઈએ, આટલા શબ્દો પોચા મનને ઢીલા પાડવા બસ છે અને બીચારા પીઠામાં પેસતાં, આમાં કેટલું સત્ય છે તે સાંજના આવા વિભાગમાં અવલોકન કરનારને સહજ જણાશે.

બિચારા શું કરે! નાનપણથીજ પોતાનાં માબાપને એમાં મશગુલ થયેલાં જુવે, બજારમાં જાય ત્યાંપણ એમજ; નાટક ચેટકમાં પણ એમજ. પછી કેમ ટેવ ન પડે. એ ટેવ ન પડે માટે આપણા ઉચ્ચ વર્ગો, આપણા વિદ્વાનો, આપણા ધનાઢયો, આપણી લોકસંસ્થાઓ, આપણા ધર્મ ગુરૂઓ શા ઉપાય કરે છે?

આ જગામાં હલકાજ માણસો રહેતા એમ નહિ. એક વખત ઉચ્ચ સ્થિતિ ભોગવેલી પણ દશાના ફેરમાં ગરીબાઈમાં આવેલા ખાનદાની નબીરાપણ હતા, ત્હેમની

નસોમાં ઉચ્ચુ લોહી વહેતું હતું. તેમણે સંસારના ઉપવનો જોયાં હતાં તેઓ આજ દારૂ, અનીતિની બદીને લીધે દુનિયાની આંખે આવ્યા હતા. જે અનીતિને ધિક્કારતાં શીખ્યાં હતાં તેજ અનીતિનાં તેઓ ભોગ થઈ પડયાં હતાં. હવે પસ્તાતાં હતાં. ફરીને એકવાર સારી સ્થિતિ આવે તો આ સ્થિતિ ન આવે તેમ વર્તે પણ એ ઠરાવો સંધ્યાકાળના વાદળના રંગની માફક બદલાતા હતા. પતિએ દારૂ વ્યસનમાં પૈસો ટકો ગુમાવી નાખી આબરૂ બેઆબરૂ કરી આ સ્થિતિ આણી હતી છતાં હિંદુ પત્ની પતિની સાથેજ હતી. પતિના અધઃપાતમાં સ્ત્રી અધઃપાત સમજતી હતી. હિંદુ સ્ત્રીઓ વિના બોલે, ઇતિહાસના પાને પતિવ્રતા ગણાવવાના જરાપણ આડંબર વિના પતિની પડતીમાં પતિ સાથેજ રહેછે અને જાર બાજરીનો રોટલો ખાઈ સંતોષ માને છે. આવી અનેક સ્ત્રીઓ આ ચાલીમાં હતી. અથડાતા કુટાતા અરધી કે પાછલી રાત્રે પતિ દારૂની ઘેનમાં એકલો અગર બેચાર દુષ્ટ મિત્રોની સાથે આવતો ત્યારે જરાપણ આંખ મટમટાવ્યા વિના વાટય જોતી પત્ની, અભણ નિરક્ષર પત્ની, પતિને લાવતી, પ્રેમથી ખવડાવતી. અનેકવાર માર, ગાળો સહન કરતી. ગરીબ હિંદુ સંસારમાં આવી અનેક સાધ્વીઓ છે. ખાવાનો રોટલો મળતો નથી, પતિમાં કમાવાની શક્તિ નથી માટે છેડા છૂટકો કરવાનો, સમાન હક ગણી સામા થવાનો જરાપણ વિચાર આવતો નથી. એ પતિને શી રીતે સુધારવો, એ સ્થિતિમાં પણ સુખી શી રીતે થવું ને કરવાં એજ વિચાર હોય છે અને આને લીધેજ હિંદુ સંસારમાં અનેક ઝંઝાવાતો છતાં દંપતીનું વહાણ નિર્વિઘ્ને ચાલ્યું જાય છે.

રાઘુ મુંબાઇ આવવા નિકળ્યો ત્યારે સ્વપ્નેપણ ખ્યાલ ન હોતો કે અલબેલી મુંબાઇ નગરીમાં આવી સ્થિતિ

હશે. રોટલો કેમ પેદા કરવો? હવા શું? સગવડ શું? એની ચિન્તા હશે? લાનોલી જેવા નાના ગામમાં દારૂની એકાદ દુકાનથી આટલો બધો કેર વર્ત્યો છે ત્યારે મુંબાઇમાં આવી અનેક લાલચો વચ્ચે, એક બીજા માટે જ્યાં આટલી બધી બેદરકારી ત્યાં કેટલો ત્રાસ વર્તે! પોતે દારૂની લતે ચ્હડયો હતો છતાં હૃદય ઉપરનો કાબુ હજી ગયો ન હોતો અને અત્યારે તો સ્મશાન વૈરાગ્યની માફક દારૂનું નામ ન લેવા સોગન લીધા. રાઘુ, વસન્ત અને સુધાના પવિત્ર વાતાવરણમાં ઉછરેલો રાઘુ, પોતાના દેશી બન્ધુની, ભાઇની કંગાળ સ્થિતિ જોઇ ક્ષણવાર ગભરાયો. બનતું કરી એમને સત્પથે લઇ જવા નિશ્ચય કર્યો. પોતાના ભાઇને, માધુને, ત્હેના ઉછરતાં નિર્ધન છોકરાંને આવા વાતાવરણમાંથી દૂર કરી ભવિષ્ય સૂધારવા નક્કી કર્યું. માધુએ દારૂની લતમાં, વ્યાપારમાં ખોટ ખાધી. મ્હોટાં છોકરાંનાં જીવન બગડયાં અને બીજાં છોકરાં અનીતિના આકર્ષક માર્ગમાં જતાં હતાં. માધુમાં, ભાગીરથીમાંથી હજી સારા સંસ્કારોનો લોપ થયો હતો નહી, તેઓમાં અંતઃકરણમાં હજી એટલી બધી મલીનતા ન હોતી. પૈસાને અભાવે અનીતિમય જીવન ગાળતાં; પૈસા મળતાં ક્ષણવાર એ રસ્તે ન જવા વિચાર થતો પરન્તુ વાતાવરણ અને વ્યસનને લીધે મનની નબળાઇ વધી હતી. કામાટીપુરામાંથી બીજે રહેવા જવું. ત્યાં જઇ પોતાના પૈસામાંથી ભાઇને પાન સોપારીની દુકાન કઢાવવી, પોતે જાતે દેખરેખ રાખવી, છોકરાંને ભણાવવાં, એવો નિશ્ચય કરી ભાઇએ ભાભીને વાત કરી. આજ ઉદ્દેશથી રાઘુએ પત્ર લખી લાનોલીથી રૂ. ૨૦૦ મંગાવ્યા. સુશીલાનો પત્ર આવ્યો. લાનોલી આવવા દુરાગ્રહ કર્યો હતો. રાઘુનું મન ડડળ્યું અને તેમાં પણ ૨૫ રૂપીઆ વધારે આપ્યા હતા એટલે વસન્તરાવ માટે લાગણી થઇ આવી પરન્તુ ભાભી, ભાભીની સ્થિતિ જોતાં એમને દુઃખમાંથી

મુક્ત કરવાની–છોકરાંનું ભવિષ્ય સુધારવાની ફરજ સમજાઇ. વળી રાઘુ જશે તો માધુ પાછો બગડશે, ખરાબ સોબતમાં પડશે, ભત્રિજી ભત્રિજાઓનાં જીવન ધૂળધાણી થશે એ ભાભીનું કહેવું રાઘુને વ્યાજબી લાગ્યું અને પોતાના સ્વાર્થ ખાતર, માના જાયા ભાઈ કુમળા બાળકોનું બગાડવું એ શુદ્ધ હૃદયના રાઘુને અયોગ્ય લાગ્યું. અને તેથી વસન્તરાવ અને સુશીલાના પત્રનો ઉત્તરજ ન આપ્યો. મરીનલાઈન્સના સ્ટેશનપાસેની ગલીમાં એક દુકાન રાખી. આટલે દૂર આવવાનો ઉદ્દેશજ એ હતો કે જુના વાતાવરણથી દૂરજ રહેવાય તે સારૂ. દુકાનની ઉપરજ બે ઓરડીઓ રહેવા ને રાખી અને રાઘુએ આમ પોતાના પૈસાનો સદુપયોગ કરી એક દુઃખી કુટુંબમાં શાન્તિ, સુખ ફેલાવી હૃદયની શાન્તિ મેળવી.

પ્રકરણ ૭ મું.

એક પોપટનાં બે બચ્ચાં.

દયા, શ્રધ્ધા, ક્ષમા, સેવા, હમારા મંત્ર એ ચારે
ગજાવીશું ખુણે ખુણે, અહા લોક હમારા છે.

નર્મદાશંકર બા.

પહાડી મુલકમાં સંધ્યાકાળનો સમય કાંઇક વિશેષ આનંદકારી લાગે છે. પૂર્વ તરફના ટેકરા જ્યારે અંધકારમાં છવાતા હતા ત્યારે પશ્ચિમના ટેકરાનાં શિખરો સૂવર્ણ કળશવાલા મંદિરોનાં શિખરો જેવાં લાગતાં હતાં. વિશાળ મેદાનમાં, લીલાં ખેતરોમાં, રૂનાં ધાબાં જેવાં ઘેટાંનાં ટોળાં ચરતાં હતાં; છૂટા છવાયા ગામડીયાઓ સંધ્યાકાળ થઈ જવાથી પાછા ફરતા હતા. આ સમયે લાનોલીમાં પશ્ચિમ તરફની ઝાડી બ્હાર ન્હાની ગાડીઓમાં

યુરોપીઅન અને પારસી બાળકો આયા સાથે ફરતાં હતાં. પારસી અને યુરોપીઅન દંપતીઓ ધીરે ધીરે વાત કરતાં ફરતાં હતાં; યુરોપીયન ડ્રેસમાં પુરૂષ અને દક્ષણી ડ્રેસમાં પત્ની એમ દક્ષણી દંપતીઓ બાલકોને લઈ ફરવા આવ્યાં હતાં અને કોઇ સ્થળે ગુજરાતીઓ પતિ પત્ની છતાં પુરૂષો અને સ્રીઓ છૂટાં ચાલતાં હતાં.

જયન્ત આર્ટસ કોલેજમાં હતો અને રજા પડવાથી ઘેર આવ્યો હતો. જયન્ત આખરે પિતાના–ઘરના ધંધામાંજ જોડાવાનો હતો છતાં વસન્તરાવનો વિચાર એવો હતો કે બાલકોને જેમ બને તેમ ઉચી કેલવણી આપવી અને એટલા માટેજ જયન્તને સારામાં સારી કોલેજમાં ઉચ્ચ શિક્ષણ મળે એમ વ્યવસ્થા કરી હતી. વસન્ત અને સુધાના પ્રેમની પ્રથમ ગાંઠરૂપ જયન્તમાં માતા પિતાના સર્વ સદ્‌ગુણો આવ્યા હતા. પિતા જેવો દેખાવડો, સ્વચ્છ, નિરભિમાની, ઉન્નત વિચારનો, કદાવર, હસમૂખો જયન્ત ઘરમાં તેમજ બ્હાર માનીતો હતો અને જ્યારથી જયન્ત આવ્યો હતો ત્યારથી વામન કે દત્તુને કોઇ બોલાવતું નહિ. બાબુ, ભદ્રાને આખા લાનોલીમાં, કારખાનામાં ભાઇ બ્હેન થતાં જોઇ મોહિની, સુધાના મૃત્યુ પછી છોકરાં સંભાળવા આવેલી મોહિનીનું હૃદય બળી જતું હતું. વસન્તની હાજરીમાં એ છોકરાંને બોલાવતી. વ્હાલ છે એમ બતાવતી પણ એનો આનંદ ઉડી ગયો હતો. આજ માથું દુખે છે, રાતરે ધીકડી આવી હતી એમ કરી જયન્ત અને ભદ્રાની સાથે પ્રસંગ ઓછો પાડતી. જયન્ત ઘણે દિવસે અને થોડા દિવસ માટે આવ્યો હતો. ભદ્રા કાકી પાસે જવાની હતી. બાબુને પણ મુંબાઇ મોકલવો જોઇએ ને મોકલવાનો હતો માટે કાંઈ સારૂં સારૂં ખાવાનું થાય તો ઠીક એમ વસન્તરાવની ઈચ્છા હતી. પણ ‘કોઇ દિવસ વામન કે દત્તુ માટે આવો

આટલો ભાવ બતાવ્યો છે? શું કરીશું એમ પુછયું છે? વામન માટે બજારમાંથી કાંઈ આણ્યું છે! આતો મોંઘા જયન્ત ભાઇ આવ્યા છે તેથી પૂનેથી મેવો મંગાવ્યો છે. જયન્તને લઇ કાર્લાની ગુફા જોઇ આવ્યા. કોઇ દહાડો મ્હને કહયું છે પુરણપોળી કરો. હા, શામાટે નહી.' આમ મોહિની, અપરમા મોહિનીને થતું અને મંદવાડના, હુવાના, વામનને આજ ઠીક નથી, દત્તુને ઝાડા થયા છે, રસોઈઆને ફાવસે નહી કરી બાના કરી ઉડાવતી. ફરવા જવામાં પણ જે દિવસે જયન્ત ભદ્રા સાથે હોય તે દિવસે મોહિનીનું માથું દુખવાનુંજ. આજ પણ તેજ સ્થિતિ હતી.

રવીવાર હતો. બપોરના સઘળા મોડા જમ્યા હતા. શિખંડ પુરીની વ્યવસ્થા કરવી પડી હતી. મોહિનીએ આજ માતાજીની પુજાનો ઠાઠ વધાર્યો હતો. બબ્બે રૂપાની દીવીઓમાં ઘીના દીવા ઝગઝગાટ બળતા હતા. પુનાની ઉંત્તમ અગરબત્તી સુગંધ પસારી રહી હતી. સૂવર્ણની માતાજીની મૂર્તિ ઉપર પુષ્પોનો ઢગ અને તે ઉપર અબીલ ગુલાબ શોભી રહ્યા હતા. પાસે રૂપાની ચકચકિત કટોરીમાં માતાજીની પ્રસાદી ડોલતી હતી. માતાજીની આરતી થઇ અને નાનાથી મોટાં છોકરાંને પ્રસાદી લેવા બોલાવ્યાં. જયન્ત અને ભદ્રા આવે એમ ન હોતાં અને એમને બોલાવ્યાં પણ ન હોતાં. બાબુ, પાછલા વખતના રાઘુના હાથનો ઉછરેલો બાબુ, વામન અને દત્તુને માતાજીની પ્રસાદીની ટેવ પડી હતી—પાડી હતી. આ બાલકોના કુમળા હૃદયમાં મોહિનીએ મોહિની લેવામાં વાંધો નથી, માતાજીની પ્રસાદીની ના પડાયજ નહિ એવી છાપ પાડી હતી. વસન્ત સુધા જેવી ગૃહિણીનો પતિ વસન્ત ઘરમાં શું થાય છે તે જોતોજ નહિ અને આમાં એનો બહુ દોષ ન હોતો. સુધા, ઘર રખ્ખુ સુધા સંસ્કારી પત્ની હતી અને એણે પોતાના

વર્તનથી પતિની ઘરની ચિંતા દૂર કરી હતી. બ્હાર કારખાનાનો ઓછો શ્રમ ન હોતો તો પછી ઘરની ચિંતા શા માટે વધારવી? એમ માની સર્વ ઉપાધિ સુધાએ વ્હોરી લીધી હતી અને આથીજ વસન્તને ઘર તરફ દુર્લક્ષ રાખવાની ટેવ પડી હતી. સુધા ગઇ ને મોહિની આવી. મોહિનીના મોહમાં, મધુર શબ્દમાં મોહ પામી વસન્ત એનો એ રહયો અને આપણા સંસારમાં ઘણીવાર બને છે એમ પરનું સારૂં કરતાં ઘરનું બગાડયું. લોકોપયોગી સંસ્થાદ્વારા અન્યના બાલકોમાં ઉચ્ચ નીતિશિક્ષણ આપવા રાત દિવસ પ્રયાસો કરનારાના પોતાનાં બાલકો અનેક વાર અનીતિનાં ગર્તમાં પડેલાં જોઇએ છીએ.

સુધા અને મોહિનીમાં આસમાન જમીનનો ફેર હતો. સુધા પોતાનાં બાલકો શું કરે છે, ક્યાં રમે છે તે તરફ લક્ષ આપતી. નોકરો પાસે જેમ બને તેમ ઓછાં જવા દેતી. બજારમાંથી ખાવાનું ખાઈ માંદાં ન પડે અને છતાં બજારનું લઈ લાલચુ ન બને માટે નવી નવી ચીજો ઘેર બનાવતી ને છોકરાંને ખવડાવતી. બીડી, તમાકુ પાનસોપારીની પણ ટેવ ન પડે ત્હેની ખાસ ચીવટ રાખતી; અશ્લિલ વાતો છોકરાંનાં દેખતાં, એમના દેખતાં વરવહુની વાતો ન થાય તેની ખાસ ચીવટ રાખતી; શરીર અને લુગડાં ચોખ્ખાં રાખવા સંભાળ લેતી અને કોઇ દિવસ માર મારતી નહી. રામાયણ, મહાભારતની નાની કથાઓ રાતનાં છોકરાંને પાસે બેસાડી, વાંસે હાથ ફેરવી, પ્રેમથી કહી, ત્હેમનામાં ઈશ્વર ભક્તિ, ઉદારવૃત્તિ, સ્નેહના ઉત્તમ ગુણો પ્રવેશતી. આથી ઉલટું મોહિનીનું જીવન જુદુજ હતું. આવી ત્યારે બાલકોને સંભાળવા, બાળકોની મા થવા આવી હતી તેજ મોહિની હવે છોકરાં ક્યાં છે તે જોતી નહિ. છોકરાં આખો દિવસ આયા, નોકરો પાસેજ રહેતાં; ધવડાવવાનો પણ ભાર પડતો; શીશીથી

ચલાવી લેવા, શરીર સારૂં નથી, દુધ આવતું નથી કહી ધવરાવવાનું માંડી વાળતી. હલકા નોકરો સાથે છોકરાંને બ્હાર મોકલતી. નોકરો ઘરની, બ્હારની, નિંદા અશ્લિલ વાતો કરતાં અને તે સંસ્કારો બાલકોમાં પડતા. છોકરાં ઉપર બ્હીડીયાં કરવાથી, ધાંટા પાડવાથી, છોકરાં નઠોર થયાં હતાં અને વધારામાં માતાજીની પ્રસાદી લેતાં થયાં હતાં, નિયમિતા, વિવેક વિસરાતાં હતાં.

જયન્તે એક દિવસ બાબુને પોતાના ઓરડામાં બોલાવી સુધાના છેલ્લા શબ્દો કહી સંભળાવી નવી મા મોહિનીની માતાજીની પ્રસાદી ન લેવા સૂચવ્યું. બાબુ મોહિની પાસે ઉછર્યો હતો. સાદા પાણીમાં જંતુ આવે છે. પાણીને લીધે મેલેરીયા, કોલેરા ઉત્પન્ન થાય છે એવું મનમાં ઠસાવવાથી બાબુ સાદુ પાણી કદી પીતો નહિ. ખાતી વેળા પણ સોડા. બપોરના નિશાળમાં પણ સોડા કે લેમન. સાદુ પાણી એણે કદી ચાખ્યું ન હોતું કહીયે તો ચાલે. જમતાં પહેલાં એકજ પ્યાલી—માતાજીની પ્રસાદીની નાની પ્યાલી-લેતો આથી જયન્તની સલાહ ગળે ન ઉતરે એ સ્વાભાવિક હતું; પરન્તુ જયન્ત ઉપર સદ્ભાવ, મોટો ભાઇ અને માતાના છેલ્લા શબ્દો એટલે ભવિષ્યમાં ન લેવા નિશ્ચય કરી બીજે દિવસે મોહિનીની પ્રસાદી લેવા ના પાડી. નિર્દોષ બાબુ, સત્ય બોલા બાબુએ જયન્તની સાથે થયેલી વાત મોહિનીને કહી અને મોહિની મોહિનીથી મત્ત થયેલી મોહિની ચણ્ડિકા માફક વીફરી. “તમારો જયન્ત, ડાહયો જયન્ત, બાબુને મારી સામે થવા ચડાવેછે. છોકરાં આગળ મારૂં એટલું એ માન નહિ! શાનું હોય! બાપ કાંઈ બોલે નહિ પછી છોકરાં માથે ભાગેજસ્તો” કરી મોહિનીએ કલ્પાન્ત કરી મૂક્યું. સુધાના સમયમાં એક દિવસપણ કલેશ ન જોયેલો વસન્ત આભો બની ગયો, અને બાનુ કાઢી બ્હાર

ગયો. જયન્તને ચ્હીડવવા, જયન્તનું અપમાન કરાવવા તે દિવસે એના દેખતાંજ છોકરાંને બબ્બે પ્યાલીઓ આપી અને બાબુને સમજાવી પટાવી જયન્તનો દોષ દર્શાવી પ્યાલી પાઈ ત્યારેજ શાન્તી વળી.

જયન્ત અને વસન્ત જમતાં જમતાં મુંબાઈની, મુંબાઇના કોલેજના જીવનની વાતો કરતા હતા. આપણા કુટુમ્બોમાં છોકરાં શું ભણે છે, કયા વર્ગમાં છે એ સંબંધી દ્રવ્યવાન અને અતિ પ્રવૃત્તિવાલા માબાપો કાંઇ તજવીજ કરતાં નથી. ખાનગી શિક્ષક રાખી આપ્યો એટલે કર્તવ્ય પુરૂ થયું એમ સમજે છે. સવારે એક ઠેકાણે બેશી ચાહ પીવાની ટેવ નહિ. ખાતી વખતે છોકરાં નિશાળે જવાનાં હોવાથી ઝ્હેલાં જમી જાય, રાતરે પોતે મોડા આવે એટલે છોકરાં ઉંઘી ગયાં હોય. આમ જીવન હોવાથી માબાપો, રસ્તામાં કેટલીક વાર પસાર થતી ગાડીઓ, ઘોડાં, કુતરાં જોવાય છે તેમ છોકરાંને જુવે એટલુંજ, બાકી અડધો કલાક પણ ભાગ્યેજ સાથે બેસી ગાળે છે. આમ પરમેશ્વરની મૂર્તિરૂપ, સ્વર્ગમાં વસતા પીત્રીઓને તારનાર કુળદીપક પુત્રો અને પુત્રીઓ કેળવાય છે. વસન્તરાવ નિરંતર બાળકોને સાથે બેસાડતો અને એમની સાથે એમને રૂચે એવી નિશાળની, માસ્તરોની, ક્રીકેટ કે બીજી રમતની, અભ્યાસની વાતો કરતો અને એ દ્વારા એમના જીવનમાં પ્રવેશ કરી એમનામાં ઉચ્ચ સંસ્કાર પાડવા પ્રયત્નો કરતો. વાતોમાં ને વાતોમાં કોલેજના મિત્રોની વાતો નિકળી અને ત્હેમાં વાસુદેવ નામના એક ધનાઢ્ય જ્ઞાતિલાની વાત નિકળી.

જયન્ત ! ત્હને એમ લાગે કે એ ત્હારો મિત્ર છે, પણ કોલેજમાં સાથે છો ત્યાંલગી બાકી નિશાળની કોલેજની મિત્રતા લાંબી ટકેજ નહિ. તમે છૂટા પડશો એટલે એ કહેશે કે એ હવે મ્હારો મિત્ર નથી.

પિતાજી ! વાસુદેવ ને મારી મિત્રતા બહુ ટકવાની નથી એ હું પણ જાણું છું. કારણ એ જાગીરદાર છે, ને હું એક વ્યાપારીનો દિકરો છું પણ કોલેજમાં તો અમને બેને એક બીજા વિના ચાલતું નથી. વાસુદેવનો સ્વભાવ બહુ સારો છે. હું ન હત તો એનું શું થાત તે રામ જાણે !

વસન્તથી હસાઈ જવાયું ને બોલ્યો.

એટલે ! તું તે એવો કયો મોટો કે તારાવિના એનું શું થાત એમ કહે છે ?

ભાઈ ખરૂં કહું છું !—

આમ બાલકોને આનંદ સાથે પ્રેમ વર્ષાવતો વસન્ત સુધાના ગયા પછી જેટલું મળે તેટલું સુખ મેળવતો. એક દિવસ કુટુમ્બના, કારખાનાના, અને એવાજ વિચાર કરતો વસન્ત સાંજના કારખાનાના પાછલા રસ્તા ઉપર કાર્લાની સડક તરફ ફરતો હતો ત્યાં સામેથી એક વૃદ્ધ ભિખારી આવતો દેખાયો. એ ભિખારીના હાથમાં ડાંગ હતી. ખોડંગતો ચાલતો હતો. શરીર જીર્ણ થઈ ગયું હતું. માથાંના વાળ ધોળા થઈ ગયા હતા. છ મહિનાથી હજામત ન થઈ હોય એમ લાગતું. લુગડાં ચીથરાં થઇ ગયાં હતાં. હાથમાં એક લોટો ને ઝોળી હતી. આ ભિખારી તરફ વસન્તનું જરાયે ધ્યાન ન હોતું ત્યાં ભિખારી દોડતો આવ્યો અને પગે પડી 'ભાઈ' એટલુંજ બોલી શકયો.

"ભાઈ!" શબ્દ વાપરનાર વસન્તના સંસારમાં છોકરાં શિવાય કોઈ ન હતું. પિતાના સમયમાં આ શબ્દ વપરાતા. સુધાના સમયમાં રાઘુ ભાઈ કહી બોલાવતો. પણ એમાંથી કોઈ રહ્યું ન હોતું. ભિખારીને લાત મારી દૂર કરવા વિચાર કર્યો ત્યાં ઇશ્વર સાંભર્યો. લાત! શા માટે લાત મારવી ! ઇશ્વરપાસે આપણે ભિખારી નથી ? આપણે

ઇશ્વરની યાચના કરીયે અને ત આપણને લાત મારે તો ! આપવાની શક્તિ ન હોય તો ન આપવું પણ માગનાર ઉપર ચ્હીડાવું શા માટે? વસન્તે ક્રોધ દાબ્યો અને જરાક આઘો ખસ્યો. ત્યાં ભિખારી ઉભો થયો ને ફરીને સામુ જોઈ બોલ્યો—

"ભાઈ!" આટલું બોલતાં ભિખારીની આંખમાંથી આંસું વહેવા લાગ્યાં, શરીર ધ્રુજવા લાગ્યું ને બેશી ગયો. વસન્તે ચહેરો જોયો ને જેમ જેમ જોતો ગયો તેમ તેમ ચહેરો પરિચિત લાગ્યો.

રાઘુ! રાઘુ! રાઘુની આ સ્થિતિ! જે રાઘુના હાથમાંજ, જે રાઘુના ખોળામાં, જે રાઘુની સોડમાં પોતે લોખંડના ધીકતા કારખાનાનો માલિક વર્ષાનો વર્ષો સૂતો હતો, જે રાઘુએ સગી મા ન કરે તેમ મળમૂત્ર ધોયાં હતાં, ચમચી ચમચી દુધ પાયું હતું, રાતના ઉજાગરા વેઠયા હતા, જે રાઘુને હાથે જયન્ત, ભદ્રાને ઉછેરાતાં જોયાં હતાં તેજ રાઘુ આવી દુ:ખદ સ્થિતિમાં, ભિખારીના વેશમાં–હું છતે એની આ દશા? મ્હારા ઉપર જેણે આટલા ઉપકારો કર્યા છે, એક નિષ્ઠાથી ચાલીસ વર્ષ નોકરી ઉઠાવી છે તે ખાવાને માટે ફાંફાં મારે ને મારી પાસે પૈસા? આગ ઉઠી એ પૈસામાં. વસન્ત, પ્રભુને ઓળખનાર વસન્ત, સુધાના યોગ્ય પતિ વસન્તે એકદમ રાઘુને જઈ ઉઠાડયો અને પાસે આવેલા ઘરનાળાના પત્થર ઉપર બેસાડી પૂછયું—

રાઘુ! આમ કેમ! મ્હેં, ભાભીએ કાગળ લખ્યો છતાં જવાબ નહિ. ત્હારી બહુ ખોળ કરી પણ પત્તો નહિ. મનીઓર્ડરની પહોચ શિવાય કાંઇ ખર કે ખબર નહિ. એકદમ જતા રહેવાનું કારણ! મ્હને તો મળવું હતું! ત્હને શું દુ:ખ હતું? રાઘુ! આ ઘર ત્હારૂં છે. આવી

સ્થિતિ થઇ છતાં લખ્યું નહી એ સારૂં કહેવાય? બોલ બોલ! તું ભિખારીના વેશમાં છે છતાં તું મારો મ્હોટો ભાઇ છે. પિતા-સુધા સ્વર્ગમાં બેઠાં બેઠાં મ્હને શ્રાપ આપે જો ત્હને આ સ્થિતિમાં રહેવા દઉં તો. મ્હારી આ સ્થિતિ-આ ઘરબાર, છોકરાં ત્હારે લીધેજ છે. ત્હેં મ્હને નાનપણમાં ન સંભાળ્યો હત તો?

રાઘુ ધ્રુસકે ધ્રુસકે રોવા લાગ્યો. વસન્તને પગે પડી ડુસકાં ખાવા લાગ્યો.

ભાઈ! આ રાઘુ ભિખારી છે. આ જગતમાં તમારા શિવાય મારૂં કોઇ નથી. એકવાર ત્હમારૂં મ્હો જોવાની હોશ હતી-એ પુરી પડી-હવે હું નિરાંતે મરીશ. જયન્ત, ભદ્રા, બાબુ ખુશીમાં છેને-એને બોલાવજો. જીવું તો કાલે સવારે આ બાજુ મોકલજો. ભાઇ! માફ કરજો.

રાઘુ! તું મંદવાડમાંથી ઉઠયો હોય એમ લાગે છે.

હાજી! વાયે અટકી ગયો છું. જલંધર થયું છે.

અહીંથી ગયા પછી કયાં ગયો હતો અને આટલાં વર્ષ કયાં હતો?

ભાઇ! મ્હેં શું કર્યું એનો વિચાર કરતાં ત્રાસું છું. જે દિવસે મોહિની બ્હેને મ્હને હાંકી કાઢયો-ભાઈ જે ઘરમાં નાનપણથી રહયો, ત્હમને ઉછેર્યા, સુધા બ્હેનને પરણાવી લાવ્યો તેજ ઘરમાંથી નવાં શેઠાણી ચાર લાત મારી કાઢી મૂકે! ભાઇ! ત્હમને ખોટું લાગશે પણ શું કરૂં! હું ત્હમને મોટા માની શકતો નથી. છોકરીને ઢોરની પેઠે મારતાં મ્હેં જોઇ છે. ઘરમાં કેમ વર્તે છે એની ખબર ત્હમને કયાંથી હોય! ત્હમારે તો બે વખત ખાવું ને સુવું. ભાઇ! મોહિની એ સુધા ન હોય. માટે ઘરમાં જરા વધારે ધ્યાન આપજો. ખેર! ભાઇ! હું મુંબાઇ ગયો. મારા ભાઇને મળ્યો ઘણાં વર્ષ થઇ ગયાં હતાં-ભાઇ ભાભીને મળ્યો-

ભાઇ! ત્હમે આવા બંગલામાં રહેનારાઓ ગરીબ લોકોની શી સ્થિતિ છે, ત્હેમના રહેવાનાં ઘર, ત્હેમની રહેણી કરણી કેવી છે તે જાણતા નથી. અરે નર્કનો અનુભવ લેવા મરણની જરૂર નથી. એ જગામાં જાઓ ને નર્ક જાગતુ જીવતું સામું ઉભું રહેશે.

ત્હેં પૈસા મંગાવ્યા હતા ને!

હાજી. મ્હારા ભાઇ, ભાભી ને છોકરાંને મદદ કરવા ખરાબ લતામાંથી દૂર કરી, સારે રસ્તે ચ્હડાવવા, મ્હેં સો રૂપીઆ ત્હેમને આપ્યા. પાનસુપારીની દુકાન કઢાવી ને હું પણ એમની સાથેજ રહયો. એ તો આઠ દશ વર્ષની વાત. એ દુકાન કેટલાં વર્ષ ચાલી? કહું કે! ચાર વર્ષ. દુકાન ફનાફાતીયા થઇ ગઇ અને આખું કુટુમ્બ ભૂખે મરેલું અને નર્કમાં ખદબદતું થઇ ગયું.

પણ તું શું કરતો હતો?

હું! ભાઇ! એ પૂછશો નહિ. મ્હારા ભાઇની સાથે મ્હારી દારૂ પીવાની ટેવ વધતી ગઇ. મ્હારા ભાઇને દારૂની બદીમાંથી છોડાવવા જતાં હું ફસ્યો અને બે ભાઇઓ ભેગા મળતા ત્યારે ઘરમાં ધમાચકડી ચાલતી. પ્યાલા ઉપર પ્યાલા. ભાભી બીચારી થરથરતી. મ્હારા ભત્રિજા કદિ પીવામાં આનાકાની કરતા તો અમે બે ભાઇઓ મારતા. આમ દિવસની કમાઇ રાતરે દારૂની દુકાનમાં પુરી કરતા. દુકાનનું ભાડું ચ્હડી ગયું. સામાન, લુગડાં ઘરણે મૂકયાં ને ગરીબ બિચારી ભાભી મરી ગઇ. મોટી ભત્રીજી મુસલમાન સાથે નાશી ગઈ. એક ભત્રીજો હલકી સ્ત્રી સાથે જીવન ગાળે છે અને બીજાં છોકરાં ખોટા પાટા બાંધી ભીખ માગે છે. આપણા ધર્મી હિંદુ અને પારસીઓ પાઇ પાઇ આપી આમ અનીતિને ઉત્તેજન આપે છે. અને હું મુંબાઈમાં કાંઇ ન ચાલ્યું એટલે રખડતો રખડતો આમ મરવા, મરતાં મરતાં ત્હમારૂ મ્હો જોવા આમ આવ્યો.

આટલું છતાં એ ત્હારી ટેવ છે કે ગઇ?

જી. ના.

ના?

ભાઈ મોહિની બ્હેનની માતાજીની પ્રસાદી મ્હારા અન્ત સુધી મ્હારી સાથે રહેશે. નાનપણમાં છોકરાંને ગળ્યાવિના ન ચાલે એવી ટેવ પડવાથી ઘડપણમાં એકનો એક છોકરો મરવા પડયો હોય, મરી ગયો હોય છતાં જમતી વખત પૈસાની ખરફી મંગાવી ખાનારાના દૃષ્ટાન્તો નથી જાણતાં? તો પછી આ તો દારૂ! ભાઈ. મુંબાઈમાં ભીખ માગનારાઓ પાઇ પાઇ ભેગી કરનારા પણ પાન ખાતા, ચાહ પીતા, દારૂ પીતા નથી જોયા? તો પછી દારૂની લેહજત ઓર છે. આ લોટો ઘરેણે મૂકીને પણ આજ દારૂ પીશ, ભાઈ!

રાઘુ! રાઘુ! આ શું કહે છે!

ભાઇ! સુધા બ્હેનના વખતમાં કાંઈ ન હોતું. પાછલા વખતમાં કાંક ટેવ પડી તે ન રહત પણ મોહિની બાના આવવાથી માતાજીની પ્રસાદીને નામે જામી અને ત્હેમાં તે દિવસના રાતના બનાવે વધારે છાકટો બનાવ્યો. ભાઇ, વ્યસન અગર બીજી ગમે તે અનીતિમાં ફસાયેલા તરફ તિરસ્કાર કરવાથી, તેને દુર કરવાથી તેમાં સુધારો થવાને બદલે બગાડો થાય છે. મારૂં પણ એમજ થયું. મારામાં કાંક ટેવ હતી ત્યાં મુંબાઈનું સ્વતંત્ર જીવન મળ્યું. ભાઈ, મુંબાઇમાં જ્ઞાન વિસ્તારવાનાં, કેળવણીનાં સાધન છે પણ યુવાન અદૃઢ મનવાળાને મોહમયી મુંબાઈ સેતાનની ગરજ સારે છે. ત્યાં હું એવા વાતાવરણમાં રહયો. ચાર ડગલાં ચાલ્યા કે ચાહની દુકાન, દારૂની દુકાન. એક ઠેકાણે સંગીત શાળા તો એક ઠેકાણે નાટક. એક ઠેકાણે નાચ તો એક ઠેકાણે વસ્ત્રરૂપીણીનાં ઘર, કેટલાક લત્તામાં

તો સદગૃહસ્થોના ઘરની પાસેજ એવાં ઘર. નાનાં છોકરાં બજારમાં જાય, વસ્ત્રરૂપીણીને જોઈ આ કોણ એમ પૂછે તો શો જવાબ આપવો? ત્હેમાં અમે રહેતા એ લત્તામાં તો ત્રાસજ. બાળકો રમે પણ વેશ્યા અને દારૂવાળાનાં ઘર આગળજ, પછી એમનામાં કેવા સંસ્કાર પડે! આટલાં વર્ષો છતાં મ્હારી આ સ્થિતિ થઇ તો પછી નવા જુવાનીયાનું તો પૂછવુંજ શું? ગરીબાઈ, ચીથરે હાલ લોકો, દારૂ, વ્યસન, અજ્ઞાનમાં રચ્યાપચ્યા લોકોનું શું થાય છે ત્હેનું ત્હમને કયાંથી ભાન હોય! ભાઈ, મુંબાઇમાં કમાણીને માટે આવતા અનેક આત્માઓનો આમ વિનાશ થાય છે. શું કરે છે આપણા વિદ્યાગુરૂઓ, મહાત્માઓ, મહારાજાઓ, સાધુઓ? કયાં છે શેઠીયાઓ અને મંદિરને પૈસે તર થતાં પુજારીઓ. પારધીની જાળની માફક મુંબાઇ અનેક યુવાનોને કમોતે મારી નાંખે છે.

રાઘુ! પણ તું એ લતમાં પહેલ વહેલો કયાંથી ચડયો?

ભાઇ! અમારા લોકો તાડી પીએછે તે તો તમે જાણો છો. આપનામાં પણ દારૂ પીવાય છે એ તો સુધા બ્હેન હોય નહિ અને આપણે ત્યાં એના દર્શન બંધ થાય નહિ. આમ તાડીમાંથી એકાદ વાર સરખે સરખા બેઠા હતા ત્યાં દારૂ ચાખ્યો. તે દિવસ સુધા બ્હેનની પાસે ગયો ન હોતો. સુધા બ્હેનથી જેટલો બ્હીતો તેટલો હું કોઇથી બ્હીતો નહિ. પછી મોહિની બ્હેનના વખતમાં તો દારૂ ઘરમાંજ આવવા લાગ્યો એટલે—

રાઘુ, ખરૂં કહે જે! ત્યારે બાબુને ભૂલથી અફીણ આપ્યું હતું તે દારૂના ઘેનમાંજ ને! અને એને લીધેજ સુધા—મ્હારી સુધા ગઈ ને—

ભાઇ! માફ કરો! સુધા બ્હેનનું ખૂન કરનાર પાપી હુંજ ને મ્હને યોગ્યજ શિક્ષા થઇ છે. ભાઇ હું એમની પણ–ભાઇ તમે જાવ–મ્હારે પાઇ જોઇતી નથી. બે ઘડી પછી મરી જઈશ. જીવતો રહું તો કાલે ભદ્રા–જયન્તને મોકલજો. મરી જાઉ તો આ રાઘુના–તમારા કોમળ શરીરને છાતી સરસે લઈ સૂનાર રાઘુનાં મુડદાંને ઠેકાણે પડાવજો—

આટલું બોલી રાઘુ ચાલ્યો ગયો. વસન્ત વિચારમાં પડયો. રાઘુને ઘેર લઇ જાય પણ મોહિની આ ભિખારી ને ઘરમાં ઘડી રહેવા દે ખરી? તો રાઘુનું શું? પોતાને ઉછેરી મોટો કરનાર રાઘુને આમ ભૂખે ઘરબાર વિનાનો તરફડતો દુઃખી જુવે ને કાંઇ ન કરે! સુધાનો આત્મા શું કહેશે!

એટલામાં વાર થઇ જવાથી ખબર કાઢવા બળવન્ત આવ્યો ને વસન્ત બળવન્તને બધી હકીકત કહી.

બળવન્ત! રાઘુને રાખે એવું કોઇ નિકળશે? એને માટે જેટલા પૈસા થશે તે આપીશ.

સાહેબ, એક નહિ પણ એકવીશ. આપની માતાને સંભારનારા હજી ઘણા છે અને રાઘુ આખા લાનોલીમાં માનીતો હતો.

ત્યારે બળવન્ત! તજવીજ કર. રાઘુ ખાતે માટે પચીસ રૂપીઆ આપીશ. એને જરાયે અડચણ આવવા દઇશ નહિ. ડાકતર નાયકને દવા કરવા અને એને દિવસમાં બે વખત જોવા જવા કહેજે. હું દરરોજ સાંજના ખબર કાઢી આવીશ, જયન્ત–ભદ્રા સવારે જશે.

બહુ સારૂ. એ વાતે નિશ્ચિંત રહેજો.

પ્રકરણ ૮ મું.

મજુરો.

10,000 of these are devoted to play, 30,000 are living by theft and fraud, 23,000 are in the course of the year picked up drunk in the streets.—

Rev. Baptist Noel.

ન્હાનું પણ સુઘડ, સ્વચ્છ હવા અને કુદરતની બલીહારીથી ભરપુર લાનોલીમાં ધીરે ધીરે વસ્તી વધ્યે જતી હતી જી. આઇ. પી. રેલ્વેનું કારખાનું અત્રેજ હતું. વસન્તનું લોખંડનું કારખાનામાં એક નાનું ગામ વસે એટલા માણસો કામ કરતા હતા. સાથે સાથે તળાવનું ખોદકામ શરૂ થયું હતું અને એકાદ બે પુલ બંધાતા હતા. નવી ટનલો થતી હતી અને આને લીધે આસપાસના ગામડાનાં લોકો લાનોલીમાં આવી વસ્યા હતા. અને મજુર વર્ગને દર શનિવારે પગાર મળતો હોવાથી તે દિવસે નાનો સરખો મેળો ભરાયો હોય એમ લાગતું. સાધારણ રીતે લાનોલીમાં માણસા પેથાપુરના ગુજરાતીઓ અને મારવાડીઓ દાણાની દુકાન ચલાવતા હતા. મજુર વર્ગ તેલ, મરચું, મીઠું, લોટ કે દાણા છૂટક લઇ જતા અગર આઠ દિવસનું સામટું ઉધાર લઇ જતા. કપડાવાળા પણ આમ મજુ-રોને ઉધાર આપતા પરન્તુ વ્યાજ ચ્હડાવી ડબલ કીમત લેતા. અભણ નિરક્ષર મજુરોને છેતરવા, તેમની હલકી મહેનતનો પૈસો પડાવવો, એમાં સવારે મંદિરે જનારા, સમાયક કરનારા, જૈનો હિંદુઓ અનીતિ નહોતા માનતા. મજુરની વસ્તી સાથે એમને લલચાવનારી દારૂની દુકાનો પણ વધી હતી. ત્હેમાં શનિવારની રાત્રે આ દુકાનોમાં સારો તડાકો પડતો હતો. જેઓને મજુર વર્ગનો અનુભવ નથી, એમનાં જીવન જોયાં નથી ત્હેમને કદાચ આ વાત

અસંભવિત લાગશે પરન્તુ આમાં જરાપણ અસત્ય નથી. સાંજના છ વાગતાં કારખાનામાં ઘંટ વાગતો. શનિવારે એક કલાક પહેલો વાગતો કારણ તે દિવસે પગાર વહેંચાતો. પગાર મળ્યો કે ત્યાં પગાર માસ્તરની હકશાઈ કાઢવી પડેજ. આખા દિવસની સખ્ત મેહનત પછી—સાત સાત દિવસ પૈસાની આશાએ બેઠા પછી ગુજવામાં પૈસા કોને ખોટા લાગે? મોટા પગારદાર પણ મહિનાની છેલી તારીખ કયારે આવશે એમ વાટય જુવે છે અને આફીસમાં આવી પગાર પત્રક તૈયાર કર્યું કે નહિ એમ કારકુનને પૂછે છે તો પછી રોજના ચાર આઠ આના મળતા મજુરો આઠે દહાડે અધિરા થાય એમાં શી નવાઈ! પરન્તુ એ પગારની શી વ્યવસ્થા થાય છે એ જોવું હોય, આપણા દેશના મજુર વર્ગોનો જીવન એમનામાં શિક્ષણના અભાવે અને મીલ માલેકોની બેકાળજીને લીધે કેવાં જાય છે તે જોવું હોય તો મીલમાંથી છૂટી ઘરે જાય તે વખતે સાથે સાથે જાઓ. મીલ, કારખાનાની બ્હારજ થોડે દૂર ચાહ દારૂની દુકાનો તૈયારજ. કોઈ ઇચ્છાથી તો કોઈ દોસ્તદારના આગ્રહથી તો કોઇ ઘરથી કંટાળી મોહિની માતાને સેવે છે અને મારવાડી, દાણાવાળા—દારૂના પૈસા કાઢતાં, વાટય જોતાં છોકરાં, ઘરની વ્યવસ્થા કરવા બજેટ કરી રાખનાર અજ્ઞાન સ્ત્રી પાસે માંડ બીજા કે ત્રીજા ભાગના પૈસા આવે છે. સોશીયલ સર્વીસ લીગ અને સર્વન્ટ ઓફ્ ઇન્ડીયા સોસાયટીના એક કાર્યકર્તાની તપાસને અન્તે જણાયેલા અનુભવથી જણાય છે કે ભંગીઓને પણ—કનિષ્ઠમાં કનિષ્ઠ ગણાતા ધંધો ચલાવવા દાખલ થવાને પચાસથી સો રૂપીઆ આપવા પડે છે. આમ આ ગરીબોની સ્થિતિ છે.

પારવતી મજુરોની ચાલીમાં રહેતી હતી. મુંબાઈના પ્રમાણમાં આ ચાલોની બાંધણીની વ્યવસ્થા ઘણી સારી હતી પરન્તુ વધતાં જતાં કારખાનાને લીધે અને મજુરોને

ભણાવવાની કોઈ સંભાળ લેતા ન હોવાથી તેમજ હિંદુ ધર્મગુરૂઓ કેવળ ધર્મને નામે વ્યાપારી, વ્યાજખાઉ પેઢીઓ કરી બેઠા હોવાથી બિચારા મજુરો દારૂ, મારવાડીના વ્યાજમાં મરી જાય છે. પારવતીએ સુધાના હાથની તાલીમ લીધી હતી. એટલે ડાહી ઘર રખુ થઇ હતી. એનો ધણી દેવો વસન્તની મ્હેરબાનીથી કારખાનામાં મુકાદમ હતો અને પંદર વીસ રૂપીઆ કમાતો. ચાલીમાં રહેતો. બીજા મજુરોના પ્રમાણમાં પારવતીનું ઘર સુવ્યવસ્થિત હતું-ચોખ્ખું રહેતું. ચારે છોકરાં પણ ચોખ્ખાં રહેતાં અને વસન્તની મદદથી નિશાળે જતાં.

આજ શનિવાર છે. એ ઘેર વ્હેલા આવશે, રૂપીઆ આવશે, છોકરીને માટે ઘાઘરીનું લુગડું લાવવું છે. દાણો થઈ રહયો છે. હજી કેમ ન આવ્યા? લાવ ખીચડી તો મૂકી છાંડું? થાકયા પાકયા આવશે, ઉન્હુ પાણી નાવાનું તૈયાર કરૂં? સુધા બ્હેન ત્હમારૂ ભલુ થજો, ત્હમારે લીધે મ્હારામાં ઘર સંભાળવાની ટેવ રહી. પડોશમાં કેટલો કચરો રહે છે. એમનો વર એમના કરતાં તો વધારે કમાય છે. છોકરાંએ નર્યાં વાઘરી જેવાં ફરે છે. પણ કેમ ન આવ્યા? રખેને-ના. ના. એ પીતા તો નથી. પંદર દહાડા ઉપર સહેજ પીધો હતો પણ મ્હેં જરાક કહયું ને બળવન્ત ભાઇની બ્હીક દેખાડી એટલે મૂકી દીધું. હમણા તો જરાયે એ રસ્તે ગયા નથી. સાત વાગ્યા! ખીચડી ચડી ગઈ. પાણી નાંખ્યું-દેવતા ઓલવાઇ ગયા; આઠ વાગ્યા, નવ વાગ્યા પણ દેવો હજી આવ્યો નહિ ને પારવતી અધીરી થઇ ગઈ. જરૂર આજે રમણે વ્હડયા. મ્હે કહયું હતું કે જો જો કોઇની સાથે કાંઈ જશો નહિ પણ મ્હારૂ કોણ માને! આજ ઘેર પાઇ આવવાની નથી. કાલે વાણીયાને શું આપીશું, અરે રામ! સુધા બ્હેનને નામે નોકરી મળી. વસન્તભાઇએ ખાસ કહયું હતું કે દારૂની લતે ન ચ્હડે એ. જો જો. તે આગળ આવ્યું.

પારવતીની પડોશમાં એક ભગો કરી ગુજરાતી મજુર રહેતો હતો. દુકાળમાં બૈરી સાથે આ બાજુ નિકળી આવેલો અને લોખંડના કારખાનામાં મજુરી કરતો હતો. મૂળ ગરાશીઓ, કસુંબાની ટેવ હતી ત્હેમાં અહીં નાતજાતથી દૂર સોબતને અંગે દારૂની ટેવ પડી. જો કારખાનામાંથી બારોબાર ઘેર આવ્યો તો તો ઠીક, બાકી તો રાતના બાર એક વ્હેલા વાગજો. ગરીબ બિચારી રાજબાના ભોગ. અગીઆર કે બાર વાગે ખબર આવે કે ભગો ફલાણે ઠેકાણે પડયો છે એટલે અંધારે અથડાતી કુટાતી જતી. માંડ માંડ ખેંચી લાવતી, અઠવાડીયામાં ચારપાંચ દિવસ આમ જતા. જીવનથી કંટાળી હતી પણ શું કરે? હિંદુ સ્ત્રીઓમાં સહન કરવાની શક્તિ ન હત તો અનેક કુટુમ્બો કલેશમાં ડુબી જાત. છેડા છૂટકા નાતરાથી પણ આરામ ન મળત. દસ વાગ્યા સૂધી તો રાજબા બેશી રહી પણ પછી ધીરજ ન રહી. આજ પગારને દહાડે વખતસર ઘેર નહિ આવે તો બધા પૈસા ભોર થશે જાણી લુગડું બદલી તાળુ વાશી બ્હાર નીકળી. વખત છે હું જાઉં ને એ આવે તો—લાવને કુંચી પારવતીને આપતી જાઉં એમ કરી પારવતીનું બારણું ઠોક્યું. પારવતી દેવો આવ્યો જાણી સાફાળી ઉઠી અને બારણું ઉઘાડી જુવે છે તો દેવાને બદલે રાજબા.

પારવતી, એ તો કુંચી મૂકવા આવી છું. બ્હેન ભોગ મ્હારા કરમના કે આવો ધણી મળ્યો. ધણીને બૈરીની ફિકર હોય કે બૈરીને ધણીની. આજ તો બાદશાહ બન્યા હશે. છે ફિકર ઘરની કે છોકરાંની. નથી ઘરમાં ચપટી દાળ કે નથી બાળવાને લાકડાં. હવે તો હાથ પગ બાળું તો છે.

રાજબા! પુરૂષો બધાજ સરખા. આપણાથી રસોઈ મોડી થઇ હોય, અગર ફેરીઆજ પાસે કામનીજ ચીજ લીધી હોય તો 'પૈસા હરામના આવતા નથી. આખો

દહાડો પાડાની પેઠે બેસી રહેવું ને કામ થાય નહિ' કહી આપણી ધૂળ કાઢી નાંખે ને વાંસો ભારે હલકો કરે એ જૂદી વાત. આ કાંઇ આપણાથી કહેવાય! કાલે બળવન્ત ભાઇને ઘેર જવું છે. મારા મનથી કે છોકરીની ઘાઘરી શીવડાવું પણ બ્હેન આપણું ધાર્યું કાંઈ થાય છે?

પારવતી તું એમ બોલીશ માં! દેવાભાઈ એવા નથી. એ કાંઇ એમની માફક પૈસા રોજ ઉરાડી આવતા નથી.

પારવતીને પતિનો વાંક કાઢવા, એમનું વાંકુ બોલવા મન થઈ આવ્યું પણ સુધા પાસે ઉછરેલી પારવતી મુગી થઇ ગઈ.

બેન બેસોને! આવતા હશે. બધા સાથે હશે.

નારે બેન. એ કોણ જાણે કયાંએ પડયા હશે અને પૈસા કોઇ ઉઠાવી ગયું હશે. જવા દેને જો કાંઇ બચે તો. જવું તો ગમતું નથી પણ શું કરૂં. મ્હને તો બ્હીક છે કોઈ વખત એમાં જીવનું જોખમ થશે.

રાજબા ઘર બાર નીકળી રસ્તામાં જોતી જોતી ગઇ. એકાદ બે પીઠાં પાસે આવી પણ અંદર બાઇ માણસથી કેમ જવાય! દારૂના પીઠામાં તે કેવા લોક હોય! ન બોલવાનું બોલે તો—આમ વિચાર કરતી, વખત છે ઘેર ગયા હશે ધારી બિચારી રાજબા થાકી પાકી ઘેર આવી. પારવતી વાટયજોતી બેઠી હતી તેને એકદમ પૂછ્યું.

આવ્યા છે! કુંચી લઈ ગયા છે!

નારે કોઇ આવ્યું નથી. આ રહી કુંચી. એ રસ્તામાં મળ્યા?

નારે બાઇ! કોઈ મળ્યું નથી. દારૂના પીઠામાં હાહાઠીઠીને બૂમાબૂમ ચાલે છે. મારાથી તો અંદર જવાયું નહિ. ભોગ મારા કે આવાને પાને પડી. મને મોત નથી આવતું!

રાજબા ફરીને બાર નીકળી. પૈસા ઉરાડી દેશે એ ચિન્તા એને જબરી હતી અને એટલાજ માટે આજ ભગાની પાછળ પડી હતી. રસ્તામાં ખબર મળ્યા કે ભગો ને બીજા પંદરેક જણા પુલ પાસેના પીઠામાં છે.

ભગો આમ વિવેકી ને ડાહ્યો હતો પણ દારૂની સત્તામાં આવતાં સઘળું ડહાપણ વેરાઈ જતું. રાજબા આવીને દારૂના પીઠામાં ઉભી રહી. એનું પ્રચણ્ડ શરીર, વિક્રાળ આંખો જોઇ ભગો ચપ ઉઠયો—ભગાના દોસ્તદારે મશ્કરી પણ કરી.

કેમ, અહીં કેમ આવી?

કેમ આવી! માથુ ફોડવા. નવલશા હીરજી. કમાઇ આવ્યા છો તે લાવોને! સવારે થાળી ધરતા આવશો તે શું મૂકીશ, પત્થરો.

પીઠામાં ફજેતી થતી અટકાવવા ભગાએ મુગા મુગા ગુંજવામાંથી આઠ આના કાઢી આપ્યા. રાજબાએ આઠ આના ફેંકી દીધા ને બોલી. આ કમાઇ આવ્યા કે! અને હજી ધરાયા નહી હો! ઘેર નથી આવવું ને?

ચાલ, ચાલ હવે—જા, આવું છું કહી રાજબાને કાઢી. રાજબા બ્હીકની મારી રોતી કકળતી ગઇ.

પારવતીએ આંખ મીચી ન હોતી. બાર વાગી ગયા અને દેવો હજી આવ્યો ન હોતો અને સુધા બ્હેને શીખવેલી "દીનનો દયાળ છોડી કોને શરણ જાઉં" ગાતી હતી, ત્યાં રાજબા આવી.

કેમ રાજબા! ભગા ભાઈ મળ્યા કે.

હા. એ તો ગોઠીયાઓ સાથે પીઠામાં લેહેરમાં છે. ભોગ બીચારી બાયડીઓના, ઘેર ઝોકા ખાયા કરે. જુઓ આઠ દહાડાની કમાઇ કરી રાજબાએ આઠ આના બતાવ્યા.

આમાં બધુ કરવાનું. પોતાના નોકરો, મીલ મજુરો, ઘોડા-વાળાના ઘરમાં કેમ છે તે કેટલા માલિકોએ તપાસ કરી?

પારવતી! ભલી તમારી ધીરજ છે બા. આપણાંથી તો એમ પરમેશ્વર ન સંભારાય! સંભારીને કરીયે શું, આમ દુઃખી કરેછે ને.

બ્હેન! બહુ સંકટ પડે ત્યારે બહુ સંભારીએ. મ્હારાં શેઠાણી હતાં તે રોજ કહેતાં. મ્હેંતો એમનેએ પુજા કરતાં, રાત્રે બે માળા ફેરવી સુવાની ટેવ પડાવી છે. લગન વખતે આવી ટેવ ન હોતી આ તો કોણ જાણે કયાંથી હમણાં પડી છે. ગઇ કાલેજ મોટા શેઠે બધા મીલ મજુરોને કારખાનાનાં માણસોને ભેગા બોલાવ્યા હતા.

શા માટે.

ભેગા બોલાવી કહયું કે—

"ભાઇઓ મ્હને ખબર મળી છે કે હાલમાં તમારા-માંના ઘણાખરાને દારૂ પીવાની ટેવ પડી છે ને એ ટેવ વધતી જાય છે. દારૂથી શક્તિ ઘટે છે, બુધ્ધિ બગડે છે અને ગરીબાઇ આવે છે, અને કુટુમ્બમાં કલેશ ઉત્પન્ન થાય છે માટે તમારા કુટુમ્બ ખાતર, તમારી ખાતર, મારી ખાતર, પરમેશ્વર ખાતર, એથી દૂર રહો. કારખાના પાસેની દારૂની દુકાન બંધ કરાવવા હું સરકારમાં લખાણ કરૂં છું ને હું ધારૂં છું કે તે બંધ થશે. જે માણસો દારૂ ન પીવાના સોગન લેશે અને નહી પીએ એવી ખાત્રી કરી આપશે તો પગારમાં એનો એક રૂપીઓ વધારી આપીશ."

પારવતી! જો આ વાત મ્હને એમણે કહેલી નહિ. એક રૂપીઓ વધારે મળશે તો વધારે પીશે. શેઠનો બાપ આવીને કહે તો એ ટેવ જવાની નથી. ઠીક સૂઇ જા ને. આવવું હોય ત્યારે આવશે. રાજબા ઉઠીને ઘરનું બારણું બંધ કર્યું હશે ત્યાં દેવો આવ્યો. દેવાની સ્થિતિ વિચિત્ર

હતી. ત્હેણે દારૂ પીધો હતો પણ મન ઉપરનો કાબુ છેક ખોયો ન હોતો પરન્તુ પારવતી શું કહેશે એ બ્હીકથી એની છાતી ધબકતી હતી. પારવતીનું હૃદય બળી જતું. સુધા જીવતાં હોય અને આ સાંભળે તો કેટલો વલોપાત કરે. પારવતી દેવો આવ્યો કે તરતજ જરાપણ ક્રોધ કર્યા વિના સામી ગઈ. ખાટલા ઉપર બેસાડયો. લુગડાં કાઢયાં. પાણી મુકયું અને ખાવાને માટે થાળી લઈ આવી. થાળી ઝાલી સામી ઉભી રહી. છોકરાં—માબાપનાં દોષો જોતાં છોકરાં પથારીમાં અડધાં ઉંઘતાં, અડધાં જાગતાં, છોકરાં પડયાં હતાં. દેવો સમજ્યો. પાડોશમાં રાજબા અને ભગાની લ્હડાઇઓનો અનુભવી દેવો પારવતી જેવી બાયડી મળી હતી તે માટે પરમેશ્વરનો ઉપકાર માનતો હતો. આજ અર્ધભાન હતું છતાં પારવતી કાંઈજ બોલી નહિ. પૈસાની વાત કાઢી નહી. અડધો કલાક ખાવાની થાળી લઈ સામી ઉભી રહી અને કોળીયો ખાધું ત્યારેજ શાન્ત થઈ તે સઘળું જોઈ દેવાને વધારે લાગ્યું. દેવો ખાધુ ન ખાધુ કરી સૂઇ ગયો. સવારે ઉઠતાં વારજ છોકરાંને બજારમાં લઈ જવા નિકળ્યો. ખીસામાંની રકમ રાતમાંને રાતમાંજ ઓછી થઇ હતી એટલે ચાર વસ્તુને બદલે એકજ આવી પણ પારવતી જરાપણ બોલી નહી. દેવાએ પારવતીને એકાન્તમાં બોલાવી કહ્યું. “બળવન્તભાઇને કાલ રાતની વાત કહીશ નહિ. હવે હું કદી નહિ જાઉં. કાલ તો કોણ જાણે કેમ મ્હારાથી ના કહેવાઇ નહી પણ હવે—

દેવાના આ ઠરાવ—આવા ઠરાવ અનેકવાર થયા હતા. મનુષ્યમાત્ર આવા ઠરાવો કરે છે. દેવો તો દારૂની સત્તામાં હતો ને ઠરાવ પાળી શકતો ન હોતો પણ આપણે તો એમને એમ પણ જીવન અદ્રઢપણે ચલાવીયે છીએ.

રાજબા, નિખાલસ પણ ક્રોધયુક્ત રાજબા ઘરમાં ગઇ પણ ઉંઘ આવી નહિ અને જ્યારે પોતાનો પાત

આમ ભયભરેલી સ્થિતિમાં બ્હાર હોય, ઘરમાં કાલ સવારે પેટને ભાડુ આપવા તાવડીમાં કાંઈ ન હોય, ચુલો સળગાવવા છાણું ન હોય ત્યાં ઉંઘ કેમ આવે? ગરીબોના ઘર જોયાં હોય, ત્યારેજ ખબર પડે કે દીવાશળી પણ ન હોય એવી સ્થિતિ આવે છે. રાજબાને નિરાશા ને ક્રોધ બે હતાં. દુઃખસ્થિતિથી ભવિષ્યમાં અંધકાર લાગતો હતો એટલે નિરાશ હતી. દારૂનાં પીઠાં તેમાં પોતાના ધણી પ્રત્યે ક્રોધ હતો. જ્યારે હું પરણી ન હોતી, જ્યારે મારા માબાપને ઘેર રમતી કુદતી હતી, જ્યારે પરણવાના સ્વપ્નાં આવતાં, જ્યારે વરને નામે હસવું આવતું. વર આવ્યો કરી બેનપણીઓ ચીડવતી તે દિવસોનું સુખ અને આ દુઃખ સરખાવતાં કેટલો ફેર? અરે રામ! પરણી ન હત તો! મારા જેવી કેટલી સ્ત્રીઓ પરણી પસ્તાતી હશે!

બાર વાગ્યા. આડે દિવસે પીઠાં વગેરે વ્હેલાં બંધ થતાં પણ શનિવાર કે તહેવારની રાત્રે મોડાં બંધ થતાં જેથી ત્હેનો લાભ લેનારા લઇ બીજે દિવસે દસ વાગ્યા સૂધી ઉંઘે. પીઠું બંધ થયું એટલે ભગા ભાઇ નિકળ્યા. શહેનશાહના શહેનશાહ હોય એમ ડોલતા હતા. પાઘડી દસ વાર જમીન ઉપર રગદોળાઈ હતી. સામી આવતી ગાયને સ્રી જાણી અનેકવાર તે તરફ દોડયો હતો. પાંચ છ વાર ભીંતે અથડાયો ને સામા આવતા લોકોને 'જોઇ ને ચાલતાજ નથી' કરી બૂમ પાડતો હતો. એક કડી ગાયનની તો બીજી કડીમાં રાજબાને ગાળો દેતો ભગો ઘેર પહોચ્યો. ઘરમાં પેસતાંજ મંજીરા નજરે પડયા ને મંજીરા લઈ ઉમરા ઉપરજ રામરામની ધૂન મચાવવા મંડી પડયો. આખો પાડોશ મધરાતે ગજવી મૂકયો. બીડી કાઢી-એક બીડી સલગાવતાં પંદર દીવાશળી બગાડી. અડધી પીધેલી બીડી ગોદડાં ઉપર નાંખી. રાજબા લેવા ગઇ ત્યાં રાં–બીડી પીએછે! લાવ ખાવાનું લાવ! કરી કુદયો. ગરીબ

બીચારી રાજબા કયાંથી લાવે! ભગાભાઇએ લાકડી વાંસામાં ચ્હોડી. રાજબા રોઇ પણ શું કરે! સૂઇ જવા ઉઠાડવા બહુ બહુ પ્રયત્ન કર્યા પણ નિષ્ફળ. ભગાભાઈ ઉઠયા. લુગડાં અથડાતાં કુટાતાં કાઢયાં. ધોતીયાનું પણ ભાન ન હોતું. ગોળી આખી ઉપાડી માથા ઉપર ઠેલવી. અને ચોકડીમાંજ ચતો પાટ સૂતો. રાજબા શી રીતે સૂએ. સૂએ તો ધાંટાધાંટ પાડી ઉંઘવા ન દે. આમ આખી રાત રાજબાના ઘરમાં મોહિની દેવીએ ત્રાસ વર્તાવ્યો હતો. રાજબા છેક ચાર વાગે જરા ઉંઘી. ભગાભાઈ તો સુતા હતા. રાજબા ઉઠી. રાતના ઉજાગરા અને ચિન્તાથી જરાયે આરામ મળ્યો ન હોતો. છોકરાં ઉઠયાં. 'એમને શરીરે ઠીક નથી, સૂતા છે' એમ છોકરાં સમજાવ્યાં. ખીસા તપાસતાં માંડ એકાદ બે રૂપીઆ નીકળ્યા. હાથમાં રૂપીઓ લઈ ક્ષણવાર ઉભીજ રહી.

છોકરાં શું સમજે એમ આપણે માનીયે છીએ પણ ચાલાક છોકરાં–પ્રભુની નિર્મળ મૂર્તિ વધારે સમજે છે. માને રોતી જોઇ છોકરાં અંદર અંદર વાતો કરવા લાગ્યાં.

બાપાએ ગઇ કાલ કાંઈ પીધું હતું. દારૂ પીધો હતો તેમાં આમ તેમ બોલતા હશે. પૈસા ખોઈ આવ્યા તેમાં બા રૂવે છે. બાપા માને શું કામ રોવડાવતા હશે.

બાળકના કાલા શબ્દો રાજબાને બાળવા બસ હતા. બીચારાં બાળકને માની દયા આવી તેટલી એમને નથી. રૂપીઓ લઇ રાજબા બજારમાં ગઈ. ખાવા જેટલું રોકડે પૈસે લાવી. બપોરે ખાતાં ખાતાં રાજબાથી ન રહેવાયું તે બોલી. ગઇકાલ મળેલા પૈસામાંથી માત્ર બેજ રૂપીઆ હતા! બીજા શેમાં વાપર્યા?—

ભગો સ્વભવનો નરમ અને ઉદાર હતો. દારૂનાથી દૂર રહેતો ત્યારે કુટુમ્બમાં આનંદ આનંદ રહેતો અને

દારૂ પીવા માટે પસ્તાતો પણ ખરો. પૈસા ક્યાં ને કેવી રીતે ગયા તેની તેને ખબર ન હોતી. સાંજ સૂધી શાન્તિ રહી. સાંજના આવુંછું કહી ભગો પાછો ગયો. એકાદ બે દોસ્તો ભેગા થતા પાછા પીઠામાં ગયા. દારૂ ઉધાર પીવાયો. આપ્રમાણે જ્યારે ટુંક કમાઇવાળાઓને પોતાનું પોતાનાં કુટુમ્બનું ભરણપોષણ કરવાનું હોય છે ત્યારે મોહિની દેવી પ્રત્યેક પળે હિંદના મહેનતુ વર્ગને પોતાના પંજામાં લઈ વધારે ને વધારે ગરીબ બનાવેછે.

પ્રકરણ ૯ મું.

વામન અને દત્તુ.

દીકરા સારા હોય તો. રહે નહિ સંતાપ.

પહેલી ચોપડી

જયન્ત કોલેજનો અભ્યાસ પૂરો કરી પિતાની સાથે કારખાનામાં જોડાયો. જયન્તના ઉપર એની કેળવણી ખાતર વસન્તરાવે બે પૈસા ખરચ્યા હતા તે ઉગી નિકળ્યા હતા. માતાપિતાના સર્વ સદ્‌ગુણો એનામાં આવ્યા હતા. વાસુદેવ અને જયન્તની મિત્રતાનો કોલેજના અન્ત સાથે અન્ત આવ્યો. કોલેજ છોડયા પછી તરતના ક્ષણિક ઉત્સાહને અંગે બે ચાર કાગળો આવ્યા ગયા પછી પણ વાત વિસારે પડી.

બાબુ એન્જીનીઅરીંગ શિખતો હતો અને એટલા માટે મુંબાઈમાં એકાદ પ્રખ્યાત એન્જીનીઅર પાસે રાખ્યો હતો. બાબુને કારખાનાનાં એન્જીનીઅરીંગ ડીપાર્ટમેન્ટ સોંપવાનો વિચાર હતો અને એટલા માટેજ એની પાસે એ લાઈન લેવડાવી હતી. વામન અને દત્તુએ મેટ્રીક

આ સાલ પસાર કરી હતી અને કઈ કોલેજમાં મૂકવા એનો નિશ્ચય કર્યો ન હોતો. રજામાં લાનોલી આવ્યા હતા.

મોહિની બપોરની ઉંઘ લઇ હમણાંજ ઉઠી હતી. ચાહની વાટચ જોતી હતી પણ માણસો એવા બગડી ગયા હતા કે એના શબ્દો, હુકમ ગણકારતાજ નહી. રામાની પચીસ બૂમો પાડતી પણ રામો સાંભળે તોયે આવેજ શાનો? રામો ઉભો રહી હસતો, ગમે તેવા જવાબ આપતો. ઘરમાં મૂકેલું ફોનોગ્રાફ ઘરનો માલિક હોય તેમ મરજીમાં આવે તેટલીવાર ને ત્યારે વગાડતો. પથારી કરતાં કોઇવાર શેઠની પથારીમાં સૂઇ પણ જતો. મોહિની કોઇવાર ધમકાવતી પણ બીજી વાર રામાની સાથે, રામાની વહુની વાત કાઢી મશ્કરી કરતી. આમ હોય ત્યાં નોકર શેઠાણીનું શાનું માને! વામન અને દત્તુ ગામમાં ફરવા ગયા હતા. મુંબાઈમાં બે વાગ્યાની રજામાં ગોખલેની હોટલના ગરમ ખમણ ઢોકળાં, આઇસ્ક્રીમ, સોડા અને કોઈવાર બીજું પણ લેવાની ટેવ હતી એટલે લાનોલીમાં ઇરાનીની દુકાને રેસ્ટોરાંમાં ગયાવિના સંતોષ વળતો નહિ.

મોહિનીની ઉંઘ ઉડી ન હોતી–ચાહ આવ્યો ન હોતો–છોકરાં હજી આવ્યાં ન હોતાં ત્યાં ભદ્રા આવી. ભદ્રા હવે નાની ન હોતી. કળી મટી પુષ્પ થયું હતું. યૌવનમાં આવી હતી પરન્તુ જ્ઞાતિના નિયમાનુસાર ઠેકાણું પડયું ન હોતું

ભદ્રા ! કયાં ગઇ તી !

ચાહનો વખત થઇ ગયો ? હજી ભાઈઓ કયાં છે ? હું તો કાકીને ત્યાં ગઇ હતી.

સુશીલાનું નામ મોહિનીનો મિજાજ ખોવડાવવા બસ હતું. એનું ચાલતું હત તો કાકીને ત્યાં કોઇએ ન જવું. એવો હુકમ કાઢત.

કાકીના ભાઇના ગુજરી જવાના સમાચાર આજે આવ્યા. પ્લેગ થયો ને બે દિવસમાં બહોળું કુટુમ્બ મૂકી ગુજરી ગયા. કાકીના પિયરમાં હવે—

અલી હવે છોકરાંનું શું થશે! પાછળ પાઈ તો મૂકી નથી, ભિખારી જેવો હતો.

તે વિચારવા જેવી વાત છે. કાકી બે છોકરીઓને બોલાવવા ધારેછે.

શું! અહીં બોલાવશે?

હા. કાકી શિવાય એમને ત્યાં બીજું છે પણ કોણ? મા તો કયારની ગઈ છે.

એટલે એના પિયરની ધાડ બધી અહીં. દિયર ભોળા બ્રહ્મા જેવા. ભાભી કહે એટલા પૈસા આપે પછી શું કામ ન બોલાવે! એકલા જીવને વર્ષે આઠસો રૂપીઆ ઓછા છે!

ભદ્રા મોહીનીના આ શબ્દે બેબાકળી બની. કાકીનું વાંકુ એનાથી સહન થયું નહિ.

બા! તમે શું બોલો છો! કાકી એ વસન્તભાઈના મ્હોટાં ભાભી—કાકાએ સાચવ્યું ન હત તો તમે અમે જે મોજ ભોગવીયે છીએ તે ન ભોગવતા હત. કાકા જીવતા હત તો અડધો અડધ ભાગ એમનો થાત. કાકીએ નાનપણમાં વસન્તભાઈને પોતાના છોકરા કરતાં વધારે ગણ્યા છે. હજી એ એમને મૂકી કાકીએ કાંઇ કર્યું નથી. વળી આઠસો રૂપીયા મોજ શોખમાં ઉરાડતાં નથી.

બેશ બેશ ડાહ્યલી! એનો ધણી જીવતો હત તો ને— રાં—ને આઠસો રૂપીઆ શા! મારાં કાકીને વરસે દહાડે માંડ સો રૂપીઆ આપે છે. હમણાજ પેલા હાઇ કોર્ટના જજે ઠરાવ્યું છે કે હિંદુ વિધવાને દશ રૂપીઆથી વધારેની

જરૂર નથી. આઠસો રૂપીઆ એકલીને–હાય બાપ! આપણને વધારે ન જોઇએ! એ એકલી ને આપણે સાત.

બા. બા. તમારાથી એમ ન બોલાય.

ચુપ રહે. ફાટી ગઇ છે કાકીને ત્યાં રહીને. આમ બોલાય કે ન બોલાય કહેનાર તું કોણ?

એ રાં–છે ત્યાં સૂધી ઘરમાં સુખ આવવાનું નથી.

કોણ છે ત્યાં સૂધી સુખ આવવાનું નથી! એમ ભદ્રા કહેવા જતી હતી પણ એમાં કલેશ વધી પડશે ધારી મુગી થઈ ગઇ અને પિતાની રાહ જોતી બારીએ ઉભી.

વસન્તરાવ નિયમત હતો પણ આજ ચાહ પીવા આવતો હતો ત્યાં વામન અને દત્તુની સામે ફરિયાદ આવી. તપાસ કરીશ કહી એક માણસને મોકલ્યો ત્યાં ખબર આવ્યા કે "રાઘુને ભોંય લીધો છે." રાઘુની દવા દાકતર નાયક કરતો હતો. દિવસમાં બેચાર વાર રાઘુની ખબર કહાડતો. દવા દુધ વગેરેની ગોઠવણ બારોબાર કરી હતી. પોતે દરરોજ સાંજના ખબર કાઢી આવતો. જયન્તને સવારે મોકલ્યો હતો પણ ભય ભરેલા સમાચાર ન હોતા. રાઘુના ખબર આવતાંજ ચાહની જરાયે દરકાર કર્યાવિના વસન્ત રાઘુને ઘેર ગયો, રાઘુ કૃશ થઇ ગયો હતો. આંખો ચકળ વકળ થતી હતી. તેની નજર બારણા ભણી હતી. એનાથી તો બોલાતું ન હોતું. બે માણસો પાસે બેઠાં હતાં. પગ તો મરી ગયા હતા. વસન્ત દાખલ થતાંજ રાઘુને જોઇ ગભરાયો. પોતાની માતા, પોતાનો ભાઇ કે પિતા મરી જાય ને લાગે એમ વસન્તરાવને લાગતું હતું. "રાઘુની આ સ્થિતિ હતી. મારી આ સ્થિતિ થઈ હોય, હું બગડયો ન હોઉં; મ્હને સંભાળ્યો હોય તો રાઘુએ. એને મ્હેં ઉંઘવા દીધો નહી હોય; એનો ખોળો અનેકવાર બગાડયો હશે,

એનું ભાંગફોડ કર્યું હશે તે આમ આવી સ્થિતિમાં મરે. સુધા! સુધા! ક્ષમા કરજે; તું હત તો રાઘુ આમ બીજે હોય ખરો? મોહિની તે સુધા નહિજ. ભાભીના શબ્દો ખરા પડ્યા. પણ લાચાર.” આમ વિચાર કરતો વસન્ત રાઘુપાસે ગયો. રાઘુએ હાથ લંબાવ્યો. વસન્તે હાથમાં હાથ લઇ પંપાળ્યો. પોતાની આંખને અડકાડયો ને સાથે આંસુનાં બે ટીપાં રાઘુના હાથ ઉપર પડયાં. રાઘુ કાંઇ બોલવા માંગતો હતો. વસન્ત નીચો પડયો. રાઘુ ગણગણ્યો.

ભાઇ માફ કરજો. પરમેશ્વર ત્હમારૂં ભલું કરો.

સુધા—

આટલુંજ બોલાયું. બોલવાની મ્હેનતથી અગર મૃત્યુની પળ આવી હોય તેથી રાઘુએ બે ડચકીયાં ખાધાં ને એનો આત્મા ક્ષણિક સંસારનો ત્યાગ કરી ચાલ્યો ગયો. રાઘુની ઉત્તર ક્રિયાની–એની પાછળ દાનની વ્યવસ્થા કરવા બળવન્તને સોંપી વસન્ત ઘેર આવ્યો. વસન્તને જોતાંજ મોહિની બોલી.

મારા મનથી કે આજ ત્હમે નહિ આવો. જયન્ત કયાં?

ભાભી પાસે ગયો છે; અને હું રોકાયો હતો. રાઘુ મરી ગયો.

હેં! ભાઈ! રાઘુ મરી ગયો! હું–એકદમ. હું ખબર કાઢવા જવાની હતી. આટલું કહેતાં ભદ્રા રોઇ પડી.

બ્હેન છાની રહે. શું કરીયે! આપણાથી થયું એટલું કર્યું. આમ એકાએક જશે એમ મ્હેં પણ ધાર્યું ન હોતું. આજ પછી એવા કામમાં આળસ ન રાખીયે. હજાર કામ મૂકી જોવા જઇએ. ગરીબ બીચારો આમ ચાલ્યો ગયો.

રાઘુના વખાણ મોહિનીથી ખમાયાં નહિ તેથી બોલી ઉઠી.

ઠીક થયું! એ છૂટયો ને બીજાએ એની પીડામાંથી છૂટયાં. દારૂડીયાના તો એજ હાલ.

બા. લાનોલી આવ્યા પછી દારૂને એ અડકયોજ નથી.

તે હશે. પણ મહીને વીસ વીસને પચીસ પચીસ રૂપીઆની રોકડ રકમ અને આડું અવળું જતું હતું. એવા લડધાજ ઘર ફોલી ખાય છે તો.

મોહિની! મોહીની! બહુ થયું! મરી ગયા પછી તો જંપવા દે.

શું? ઘરમાં એ શું કરતો હતો તે જાણો છો?

તે ગમે તેમ હશે. એનો સારો અર્થ લેવો.

રાઘુનું જીવન જોઈ બીજાને ધડો મળશે. એક નાની કુટેવને લીધે મન ઉપર અંકુશ ન રહેવાથી નોકરી ખોઇ, પૈસો ખોયો, રોટલો ખોયો અને આમ કમોતે મુઓ.

ભદ્રા આજ ખબર લાવી છે કે સુશીલા ભાભીનો ભાઇ મરી ગયો, છોકરાંનું શું થશે?

બે છોકરીઓની પંચાત છે બાકી છોકરાઓ તો હવે ધંધો કરે એવા થવા આવ્યા છે. ભાભીને આજ હું મળવા ગયો હતો. બે ભત્રીજીઓને પોતાની પાસે રાખવા ધારે છે. સારૂં. ભાભી એકલાં છે એમને ગમશે ને બે વાત.

અને તમારી કોથળી ઉપર વળી કાપ મૂકાશે. પેલે જન્મ સાધુ પૂજ્યા લાગે છે કે આ ઘરમા પરણ્યાં.

વસન્તરાવથી આ ન સંભળાયું. માતા જેવી ભાભીનું અપમાન થતાંજ સુધા સાંભરી. પરન્તુ ક્રોધને વશ ન થતાં શાન્ત થઇ બોલ્યો.

સુશીલા ભાભીએ બધો વિચાર કરીનેજ કર્યું છે. એ એમને મળતા પૈસામાંથીજ બધી સવડ કરવાનાં છે અને કદાચ ભાભીને જોઇશે તો મ્હારે આપવું જોઇએ. એ તો મ્હારી માને ઠેકાણે છે.

મોહિની ચ્હીડાઇ તો ખરી પણ વસન્તને ચ્હીડવવો ઠીક નહિ માની વાત ફેરવી.

વામન અને દત્તુ કયાં છે? એમને જોયા?

ના. મ્હેં નથી જોયા. મોહિની! કહેવું ખોટું પણ એમના ઉપર દાબ રાખવાની બહુ જરૂર છે. પડોશના બંગલાનો માળી ફરિયાદ કરતો હતો. વાડ ભાંગી એ બંગલામાંથી કેરીઓ પાડવા ગયા હતા. માળી કહેવા ગયો ત્યારે ઉડતી ગાળો દીધી.

હોય નહિ. એ બદામનો માળી ખરો ને મારા છોકરાં ખોટાં. મારાં છોકરાંની સામે ફરિયાદ કરનાર કોણ! એ તો ત્હમે એવા. હું હોઉ તો લાત મારી કાઢી મુકું.

અરે માળી તો કહેતો હતો કે વામનને તો ભાને ન હોતું.

તદ્દન ખોટું. પોતેજ તાડી પી આવ્યો હશે.

હજી સૂધી કેમ આવ્યા નથી! તેની તપાસ કરી. આમ અત્યારથીજ રખડવાની ટેવ પડે તે ઠીક નહિ. કારખાનામાં તો દેખાતાજ નથી અને તું કાંઇ કહેતીજ નથી.

તે મને તમારૂં કારખાનું ગમતું નથી. મારાં છોકરાં મજુર નહી થાય. એને તો મારે વિલાયત મોકલવા છે. નહિ તો નાસીકની પોલીસ સ્કુલમાં. મ્હારો છોકરો ઇન્સ્પેક્ટર થાય એવો છે.

વસન્ત મોહિની તરફ જોઈ રહયો ને બોલ્યો—

આ ભૂત ત્હને કોણે ભરાવ્યું છે. પોલીસ કે આબકારી ખાતામાં વામન! હાલજ સખણા નથી રહેતા તો એ ખાતામાં ગયા પછી રહેશે! એ ખાતા માટે વામન બીલકુલ લાયક નથી.

પણ જ્યારે એને પોતાને એજ લાઇન ગમે છે તો પછી ત્હમે ના શું કામ કહો છો?

મારા છોકરા પોલીસ કે આબકારી ખાતામાં નહિ. જે ખાતામાં અનેક લાલચો સામી હોય ત્યાં ઉભા ન રહેવું. જેમાં પોતાની બુધ્ધિ ખીલવી શકાય અને પોતાનું જીવન ઉપયોગી થઈ શકે તે લાઈન લેવી જોઇએ. મૃત્યુ વખતે 'મ્હે ઉપયોગી જીવન ગાળ્યું છે, પરમેશ્વરે જે બુધ્ધિ આપી હતી અને જે અનુકૂળતા હતી ત્હેનો સદુપયોગ કર્યો છે' એમ કહી શકાય તોજ જીવન.

અને એ ખાતામાં કોઈ સારા રહેતાજ નહિ હોય ખરૂ ને!

પરમેશ્વર કૃપાથી ઇંગ્રેજ સરકારના રાજ્યમાં સલાહ શાન્તિ છે. રોજ રોજ મારફોડ થતી નથી એટલે લશ્કરી અમલદારો, અને પોલીસ અમલદારો આળસુ બહુ હોય છે; આમ હોવાથી દિવસો મોજ મજાહમાં વધારે ગાળે.

મોહિની અને વસન્ત વચ્ચે વાત ચાલતી હતી ત્યાં વામન અને દત્તુ હાહાઠીઠી કરતા આવી ચઢયા. વસન્તરાવને જોઈ મુગા થઇ ગયા અને પોતપોતાની ખુરસી ઉપર બેઠા. જેવા બેઠા કે વસન્તરાવે પૂછયું—

વામન! દત્તુ! પડોશના બંગલાવાળો માળી ત્હમારી ફરિયાદ કરતો હતો અને ત્હેમાં વામન! ત્હારાં તોફાન અને બેશરમ ચાલની હદ ન હોતી.

જુઠઠો છે સાળો—એ ઠચરો.

ચુપ—અપશબ્દ ન વાપરવા એમ કેટલીવાર કહ્યું? મ્હારી આગળ ધીરેથી ને વિવેકથી બોલ. સમજ્યો! શું થયું તે બધું સાચેસાચું કહી દે! હું તપાસ કરૂં છું ને જરાપણ ખોટું નિકળ્યું તો તારી વાત તું જાણ્યો. અત્યાર સુધી કયાં હતો?

હોય કયાં?

વળી ઉદ્ધતાઈ ભરેલો જવાબ! જયન્ત-ભદ્રા કોઈ દિવસ ત્હારી પેઠે ઉદ્ધતાઇથી વર્ત્યા છે! માળી કહેતો હતો કે ત્હને ભાન ન હોતું!

એ માળી હવે મળે તો એનો ટોટોજ પીસી નાંખું. હરામખોર. સાળા એણેજ તાડી પીધી હતી ને નામ મ્હારૂં દે છે.

પોતાનાં છોકરાંને આમ લડે, એમનાં દેખતાંજ જયન્ત-ભદ્રાનાં વખાણ થાય એ મોહિનીને રૂચતું ન હોતું. એનું ચાલતું હત તો વસન્તરાવને અડાવત પણ વસન્ત-રાવના સામુ કોઇથી બોલી શકાતુ નહી છતાં હિમત રાખી બોલી.

જો હું ન હોતી કહેતી કે મ્હારા છોકરાનું ખોટું નામ દે છે.

વામન! ત્હને વારંવાર સોડા જીંજર જોઇએ છીએ એ હું જાણું છું. તું બ્હાર ગયો હતો અને દારૂ પીધો હતો એમ મ્હને ખબર મળી છે. બોલ કયાંથી અને કયારે પીધો. દત્તુને પણ તાલીમ આપવા માંડી છે ને!

વસન્તરાય ચ્હીડાય ત્યારે વાત ઉરાડવાનું બની શક-તુંજ નહિ એ વામન સારી પેઠે જાણતો હતો એટલે બોલ્યો.

તાપમાં બાર ગયા હતા; બહુ ખાધું હતું એમાં એક બાટલી સોડાની અને એક—સહેજ—દા—

આખો દિવસ સોડા વગેરે પીવું—બે વખત માની સાથે પ્રસાદી લેવી અને અધુરૂં હોય તેમ બ્હાર પીઠામાં પુરૂં કરવું પછી માળી ફરિયાદ કરે એમાં નવાઈ શી? ઠીક છે—એ માટે મ્હારે ત્હને એકાન્તમાં કહેવું છે પછી વાત. બોલો બંગલાના બાગમાં જઈ શું કર્યું!

અમે વાડ કુદી અંદર ગયા. ત્યાં એનું લુગડું સુકવ્યું હશે તે ફાટી ગયું. એ કહે પૈસા આપો. મ્હે કહ્યું નહી આપું.

પણ બાગમાં જવાનું કારણ? એમ વાડ કુદીને!

એ બંગલો આપણો છે ને! એમાં આંબો ઉગ્યો છે. પછી કેરીઓ આપણી ને.

ના—જી. એ બંગલો જમીન ભાડે આપી છે. દર વર્ષે આપણને કેરીઓના, બંગલાના વગેરેના રૂપીઆ આપે છે. એ જમીન જ્યાંસૂધી ભાડુ મળે છે ત્યાંસૂધી આપણી ન કહેવાય. સમજ્યા? માળી ચ્હીડાય એમાં ખોટું નથી. વાંકજ ત્હમારો છે. નિશાળ મુકી છે એટલા હોડા ખેલ્યા કરો છો. કાલે કોલેજમાં જશો ત્યાં આવુંજ કરજો એટલે બાપની આબરૂ ધૂળમાં જાય. તમારી માને ક્યારનો કહું છું. તમને આગળ ભણાવવાથી, મુંબાઈ જેવામાં એકલા રાખવાથી કાંઈ લાભ નથી, કાલથી કારખાનામાં આવજો.

વામનને કારખાના નામનો તિરસ્કાર હતો. મીલ-મજુરીઆ અને કારખાનાવાળા એના મનથી સરખાજ હતા. કારખાનામાં કદી નહિ જાઉં એવું અનેકવાર માને

કહયું હતું અને મોહિનીએ એ વાતને ઉત્તેજન આપ્યું હતું.

મારો વિચાર પોલીસ લાઈન લેવાનો છે.

અને મ્હારે દાકતર થવું છે. દત્તુ બોલ્યો.

વામન! પોલીસ લાઈન ત્હારે માટે નથી, બીજી લાઈન લેવી હોય તો લે.

આ તકરાર શાન્તિકુંજમાં ઘણા દિવસ ચાલી. મા અને દિકરો એક તરફ હતાં. વસન્ત સામા પક્ષમાં હતો. વામન કારખાનામાં જતો પણ ત્યાં જરાયે ધ્યાન દેતો નહિ. ઉપયોગી જીવનની વાત આવતી ત્યારે મા–દિકરો વસન્તરાવને હસી કાઢતા. મોહિનીની કેલવણીની અસર શરૂ થઇ ગઇ હતી. સ્વતંત્ર વિચાર, પિતાની ઈચ્છાને તાબે ન થવું એમાંજ સ્વતંત્ર મતના હકની વાત આવી રહી હતી. સોળે વર્ષે પુત્રને મિત્ર ગણવો જોઇએ એ સિદ્ધાન્ત અમલમાં મુકવા મા–દિકરો ધારતાં હતાં. વામનને પોલીસ જીવન ગમતું હતું ત્હેનું કારણ એમ નહિ કે ઉંચાં કુટુમ્બના અને ઉંચી કેલવણીનાં માણસો એમાં દાખલ થાય તો લોકો ઉપર જુલમ ઓછો થાય અને લાઇન સુધરે પણ પોલીસ અમલદારોના ડ્રેસથી, ત્હેમના રોફથી, સઘળા સલામ કરે તેથી મોહ પામ્યો હતો. વામનને જેમ પોતાની ધારેલી લાઇન લેવામાં વિઘ્ન આવતાં ગયાં તેમ તેમ તે લાઈનનો મોહ વધતો ગયો. આખરે એક દિવસ જયન્ત પાસે ગયો ને પટાવી કહેવા લાગ્યો.

ભાઇ! ફાધરને સમજાવી મને પોલીસ લાઈનમાં મોકલો ને. બાએ તો બહુ કહ્યું પણ માનતા નથી. દત્તુને એને ગમતી દાકતરી લાઇનમાં મોકલે છે. માત્ર મારે માટેજ સામા છે.

વામન ! મારાથી નહિ થાય. મ્હને પણ ત્હારે માટે એ લાઇન નથી એમ લાગે છે. વકીલ થવું હોય તો કહું.

ના. મ્હારે એવી દુકાન માંડવી નથી. મ્હને તો ઓફીસર થવાનું મન છે અને તે પણ પોલીસ ઓફીસર. અને હું મ્હારો વિચાર ફેરવવાનો નથી. ત્હમે પણ મ્હારી દયા લાવતા નથી ને.

જયન્ત હસ્યો અને વામનને લાગ્યું કે ગમે તેમ પણ દુનિયામાં આવા ભાઈઓ ઓછા હોય છે. એક દિવસ એવો ન હોતો આવ્યો કે જ્યારે વામનને એમ લાગ્યું હોય કે પોતે જયન્તનો ઓરમાન ભાઈ છે.

મ્હોટા ભાઈ! ફાધરને કહોને !

ગાંડા ! એ કામ મ્હારાથી નહિ થાય.

વામન નિરાશ થયો. પરન્તુ મોહિનીની મદદથી પોલીસ ખાતામાં બારોબાર અરજી કરી. પોતાના પિતાનો ધંધો, નામ. અને કુટુમ્બનો ટૂંક ઇતિહાસ લખ્યો. દત્તુને મેડીકલ કોલેજમાં મોકલવાનું નકી થયું પણ થોડાક સમય દાકતર નાયકને ત્યાં વ્યવહારી જ્ઞાન લેવા અને દાકતરી લાઇન માટે યોગ્ય છે કે કેમ તે જોવા રાખવા નક્કી થયું. આખો દિવસ દાકતર નાયકને ત્યાં રહેવું પણ રાતના ઘેર આવવું એવો હુકમ નિકળ્યો. વસન્ત અને નાયક અંગત મિત્ર હતા એટલે દત્તુને રાખવા દાકતર નાયકે તરતજ હા પાડી. નાયકનો પોતાનો છોકરો મુંબાઈ રહેતો અને એનાથી પિતાને જરાપણ સંતોષ ન હોતો.

પ્રકરણ ૧૦ મું.

વાસુદેવ.

અજબ આકર્ષણે ખેંચાય, સાંકળ એજ જુદી.
લલિત.

ગીરગામ-ઠાકોરદ્વાર પાસેના એક વિશાળ ઘરમાં લગ્નની તૈયારી થતી હતી. અંદર કમ્પાઉન્ડમાં ચંદરવા બંધાતા હતા. માંડવો તૈયાર થતો હતો. અને મહેમાન-પરોણાની વ્યવસ્થા થતી હતી. આ ઘર વિનાયક સોલીસીટરનું હતું અને એની પુત્રીનું લગ્ન લક્ષ્મણરાવ સાથે થવાનું હતું. આ લગ્ન નિમિત્ત ભદ્રા અને બાબુ આવ્યાં હતાં.

જમવાની તૈયારી થતી હતી. બીજાં ઉપર લુગડાં બદલવા ગયાં હતાં અને તારા આમતેમ ફરતી પાટલા, પાણીના લોટાની વ્યવસ્થા કરતી હતી ત્યાં વિનાયક આવ્યો અને કહ્યું—

તારા! એક પાટલો વધારે માંડજે

એટલે! કોનો?

આપણો એક અસીલ છે. નાવલીના દેસાઈ.

તારા દેસાઈનું નામ સાંભળી જરાક ગભરાઇ. નાવલીના દેસાઇ એમનીજ ન્યાતના હતા પણ એવા મોટા લોકની મેમાનગીરી બધી બરાબર થાય કે નહિ તે વિચારે મુઝાઇ.

તારા! ત્હારે જરાએ મુઝાવાનું નથી. એ પૈસાની તંગીમાં છે અને મુશ્કેલીમાં આવી પડયો છે. એમાંથી છૂટવા આવ્યો છે.

તે હશે, પણ ધંધાને અંગે ઘેર શું છે?

તું સમજે નહિ. બે પૈસા મોડા વ્હેલા મળે એમ છે અને આપણે ત્યાં આજકાલ એકાદ માણસ વધે ઘટે તો જણાવાનું નથી. વળી એના સામે વોરંટ છે. બ્હાર જઈ શકે એમ નથી; બેલીફો ફરે છે. મ્હારે લીધે બેલીફો અહીં આવી શકશે નહી. બે દિવસ અહીં રહી ચાલ્યો જશે તે દરમિયાન વોરંટનું ઠેકાણે પાડીશ. મ્હે એને આશા આપી છે. આજ સાથે જમશે. કાલ આખો દિવસ ઉપર મેડી ઉપર રહેશે. મારવાડી જેવું કોઇ આવે તો બોલતી નહિ. આ વાત મનમાંજ રાખજે.

તે ઠીક, પણ એવા દેસાઇને જમાડતાં મ્હને શરમ આવે. એમને આવું ખાવું ફાવે નહિ.

બધું ફાવશે. તું છાની માની કામ કર. હેઠળ ઉભો છે. બોલાવું ને.

કેવડા છે! નાના કે મ્હોટા!

જુવાન છે પણ ત્હેનું આપણે શું કામ છે!

કામ કેમ નહિ! જુવાન હોય તો છોકરાં શરમાય.

આ વાકય પુરૂ કરે તે પહેલાં વિનાયક હેઠળ ગયો, મોટોર ગાડીમાંથી દેસાઇને અંદર લાવ્યો ને તારા સાથે ઓળખાણ કરાવતાં કહ્યું—તારા! આ નાવલીના દેસાઇ! એમણે આજ આપણી મેમાનગીરી સ્વીકારવાનું કૃપા કરી છે.

બ્હેન! વિનાયકરાવની મહેરબાનીથી આવ્યો છું—આજ ત્હમને આવા લગ્નના દિવસોમાં હરકત કરવા આવ્યો છું.

આપ જેવા અમારે ત્યાં કયાંથી! સુકીપાકી રોટલી અને ઝુંપડી માની લેજો. આપનુંજ ઘર સમજજો.

આટલું કહી એક ઓરડો ઉઘાડી આપ્યો. તારા કામે ગઈ અને દેસાઇ એકલા પડયા. દેસાઈ શરીરે તંદુરસ્ત અને દેખાવડા હતા. કોટ, પાટલુન, નેકટાઈ, ચસમાં પહેર્યાં હતાં અને માથે ગુલાબી ફેંટો બાંધ્યો હતો. એકલા પડતાં દેસાઈ આરામ ખુરશી ઉપર બેઠા ત્યાં ઓરડાનું બારણું ઉઘડયું અને ખુબસુરત યુવાન કન્યા દાખલ થઇ. આ યૌવનાએ માથામાં ગુચ્છા વાળી, ચંપા ને મોગરાનાં ફુલનો ગજરો નાંખ્યો હતો. લોહી ભર્યાં, લાલ સુરખીવાળા ગાલ અને બરફશા કપાલ ઉપર ચાંલ્લો શોભી રહયો હતો. રેશમી સાડી ઉપર જરીયન કાશીનો સાળુ શાલની માફક ઓડયો હતો. હાથમાં મોતીની બંગડીઓ અને ગળામાં હીરાનો હાર હતો. આ કન્યાએ પાન સોપારીની રૂપાની તાસક લાવી મેજ ઉપર મૂકી. આ કન્યાને દાખલ થતાંજ દેસાઇએ ઉભા થઇ હાથમાંથી તાસક લઈ લીધી ને બોલ્યો—

આવો! વિનાયકરાવ ત્હમારા પિતા થાય કે?

નાજી! મ્હારૂ નામ તો ભદ્રા.

આટલું બોલી ભદ્રા ચાલી ગઇ. દેસાઇએ લુગડાં બદલ્યાં. બ્હાર ભદ્રા વિનાયકની છોકરીને મળી અને અંદર અંદર વાત ચાલી.

એ કોણ છે માશી!

એમણે ત્હને ન કહ્યું? એ તો નાવલીના દેસાઇ!

મ્હે કોઇ દિવસ જોયા નથી. લાગે છે તો સારા માણસ.

મ્હારા પિતાના મોટા અસીલ છે.

એમનું નામ શું?

તે મ્હને ખબર નથી. અમે તો દેસાઇની નામે ઓળખીએ છીએ. વતનદાર છે. રાજકુંવર જેવા લાગે છે.

જમવાની વખત થઇ ને સઘળા જમવા બેઠા. જમી રહ્યા પછી ભદ્રા પાન કરતી હતી ત્યાં દેસાઈ આવી ચ્હડયા ને ખુરસી ઉપર બેઠા. ભદ્રાની પાસે બાબુ હતો. બાબુ રૂપમાં, શરીરમાં જયન્તને મળતો હતો પણ જયન્તના જેવા સ્થિર મનનો ન હોતો. વાતો ચાલી.

ભદ્રા? ત્યારે વિનાયકરાવનાં ત્હમે પુત્રી નહિ?

નાજી! હું લાનોલી રહું છું ને મ્હારા પિતાનું નામ વસન્તરાવ.

લાનોલી! વસન્તરાવ! ત્યારે તો ત્હમે જયન્તને ઓળખતાં હશો.

જયન્ત તો મ્હારો ભાઇ થાય.

શું કહોછો? જયન્ત ત્હમારો ભાઇ! ત્યારે તો આપણે અજાણ્યા નથી.—ભદ્રા જયન્તની બ્હેન એટલું જાણતાંજ દેસાઇની છાતી ધબકવા લાગી, આંખમાં આનંદ છવાયો અને ક્ષણુવાર જયન્તની મૂર્તિ ખડી થઇ.

ભદ્રાબાઇ! ત્હમારે મ્હારે માટે ગમે તે ધારવું હોય તે ધારો પણ જયન્તનું નામ સાંભળી મ્હને કાંઈ કાંઈ થાય છે. અમે કોલેજમાં સાથે હતા. કોઇ વખત મ્હારે વિશે ઘર આગળ વાત પણ થઇ હશે.

ના. કોઈ દિવસ વાત થઈ લાગતી નથી.

હા. પણ તે વખતે હું દેસાઇ ન હોતો. કોલેજમાં મ્હારૂં નામ વાસુદેવ હતું.

ત્હમેજ વાસુદેવ દેસાઇ.

એજ હું, જો જયન્તે મ્હારે માટે કાંઇ કહયું હોય તો હું ખરેખર ત્હમારી સાથે વાત કરવા પણ નાલાયક છું. કોલેજમાં જયન્ત ન હોત તો મ્હારૂં શું થાત તે કહી શકતો નથી. હું એને મ્હારા હિતચિંતક તરીકે ઓળખતો.

જયન્ત તો દરેક સાથે એવોજ છે.

આજ ત્હમને મળી જયન્તને મળ્યા જેટલો આનંદ થયો. કોલેજ છોડયા પછી આટલા વર્ષ થયાં અમે મળ્યાજ નથી. જયન્તને મળવા ઘણીવાર મન થતું હતું પણ હું કલકત્તા તરફ હતો. ત્હમારો અને જયન્તનો ચહેરો એકજ છે. ત્હમારા આ ભાઈનો નથી.

જયન્ત ને હું મળતાં આવીયે છીએ. બાબુનો ચહેરો કહે છે કે મ્હારી માને મળે છે.

એટલે ત્હમારાં મા નથી?

ના. બાબુ ન્હાનો હતો ને મ્હારી મા મરી ગઇ હતી.

અહીં છું એટલામાં લાનોલી જરૂર આવી જયન્તને મળીશ—ત્હમને હરકત ન હોય તો—

શાન્તિકુંજમાં ત્હમારો સદા સત્કાર થશે. ત્હમને જયન્તનો સ્વભાવ ગમ્યો લાગે છે તો મ્હારા પિતા તો તેથી પણ વધારે સારા છે.

હું અહી આવ્યો ત્યારે એમ થતું કે મ્હારા દિવસ કેમ જશે! પણ હવે હું ઘરમાંજ બેઠો હોઉ એમ લાગે છે.

ત્હમે અહીં રહેવાના છો!

હા. એકાદ દિવસ.

વાસુદેવ આરામ લેવા ઉઠયો અને ભદ્રા અને વિનાયકની પુત્રી એકલાં પડયાં.

અલી ભદ્રા? તું તો ઓળખતી ન હોતી ને? દશ વર્ષનું ઓળખાણ હોય એમ વાતો તો કરતી હતી. ત્હારો કાંઈ વિચાર થાય છે કે શું? દેસાઈગીરી ઉપર મોહી ગઈ હોઈશ.

જા. જા. જેટલું આવડે એટલું બોલીયે નહિ. અત્યારની ઘડી સૂધી હું એમને ઓળખતી નહી પણ વાત વાતમાં ખબર પડી કે જયન્ત અને એ બે કોલેજમાં સાથે હતા.

ત્યારે નાવલીના દેસાઈ અને વાસુદેવ એક તે જાણતી ન હોતી!

ના. તે તો હમણાજ ખબર પડી.

એના બાપ હમણાજ ગુજરી ગયા છે, જાગીર ઉપર દેવું છે અને ભાઇએ પણ દેવું કર્યું છે. એની ભાંજગડ માટે આવ્યા છે. એના બાપે દારૂમાં બધું ગુમાવ્યું. મૂળ જાગીરદાર એટલે મોજ શોખ તો હોય તેમાં બે ચાર સરખેસરખા મળ્યા એટલે પૂછવુંજ શું!

વાત એટલેથીજ અટકી, પણ ભદ્રાના હૃદયમાં જૂદીજ વૃત્તિ થઈ. વાસુદેવ એના બાપના જેવો ઉડાઉ થશે? દારૂ પીતો હશે! ના ના! 'જયન્ત ન હોત તો મ્હારૂં શું થાત' એ બોલ ઉપરથી એમ લાગે છે કે કોલેજના દિવસોમાં જરા સ્વચ્છંદી હશે પણ હવે તો માથે પડ્યું. જાગીર દેવામાં, એટલે ઠેકાણે આવશે. આમ લાગે છે તો સભ્ય—ત્યારે લગ્ન—એ વાત કેમ થાય! અમારા સંસારમાં આપણે કાંઈ કહી શકીએ ખરાં. ને બે દિવસની ઓળખાણમાં એવી દરખાસ્ત પણ કેમ મૂકાય! એ મ્હારી સાથે વધારે સભ્યતાથી અને લાગણીથી વર્તે છે. લાનોલી આવવાનાજ છે ને! ત્યાં થઇ પડશે. હાલ તો મનમાંજ—

વાસુદેવને મુંબાઈમાં આઠ દિવસ થઈ ગયા. વિનાયક લગ્નમાં રોકાયો હતો. તારા વગેરે ઘરની વ્યવસ્થામાં હતાં એટલે ભદ્રા અને વાસુદેવ ઘણીવાર મળતાં; બન્નેના મનમાં કોમળ વૃત્તિ જાગૃત થઇ હતી પરન્તુ એમાંથી એકકે બોલી શકતાં નહિ. ભદ્રાના સહવાસનો લાભ વાસુદેવને

થયો. વાસુદેવને જ્ઞાતિપધ્ધતિ પ્રમાણે, દેસાઈ તરીકે, અને કોલેજની ટેવ તરીકે સાંજના છાંટો પાણી પીવા જોઇતો હતો પરન્તુ જયન્તની બ્હેન ભદ્રાને નહિ ગમે એ ધ્યાનમાં રાખી જેમ બને તેમ દારૂ ઓછો લેતો. અને લેતો તે પણ બ્હાર, ઘરમાં તો જરાપણ નહિ. સ્ત્રી, વિશુધ્ધ સ્ત્રી, પોતાના આત્મબળથી, સ્નેહથી પુરૂષને સુધારી શકે એ નિર્વિવાદ વાત છે. આમ છે ત્યારે જો સ્રીને કેળવવામાં આવે, એમના મનોબળ જાગૃત કરવામાં આવે તો માતા, બ્હેન, પત્ની તરીકે જે સેવા બજાવે, તે સેવા અનેક સંસ્થાદ્વારા પણ ન થઇ શકે.

ભદ્રા અને જયન્ત એકલાં મળતાંજ નહિ. ભદ્રા, સુધાની પવિત્ર ભદ્રા, બાબુની હાજરીમાંજ દેસાઇને મળતી અને આઠ દિવસમાં ભદ્રા અને વાસુદેવ એટલા ગાઢા પરિચયમાં આવ્યાં કે વાસુદેવને હવે લાનોલી જઇ ભદ્રાના હાથની માગણી કર્યાવિના છૂટકો ન હોતો.

બીજેજ દીવસે વાસુદેવ લાનોલી ગયો. જતાં પહેલાં જયન્તને તાર કર્યો. જયન્ત તાર વાંચતાંજ અચંબો પામ્યો અને વાસુદેવને લેવા પોતે જાતે સ્ટેશન ઉપર ગયો. રસ્તામાં જયન્તને ભદ્રા સંબંધી બધી હકીકત કહી. આઠ દિવસના ઓળખાણમાં પિતા હા પાડશે કે કેમ તે સંબંધી શક બતાવ્યો, વસન્તરાવે વાસુદેવને કોઇ દિવસ જોયો ન હોતો. એની જાગીર માટે અફવા આવતી તે તેમણે સાંભળી હતી. આમ હોવાથી હા કે ના કહી શકયો નહી. જયન્તને એમાટે પૂછ્યું ત્યારે એટલુંજ કહ્યું—કોલેજમાં તો વાસુદેવ જેવો બીજો સારો ન હોતો. એનામાં એકજ દોષ છે. એનું મન સ્થિર નથી.

ભદ્રા સુખી થાય કે દુઃખી ?

કોલેજનો વાસુદેવ હોય તો ભદ્રા આપવી ઠીક નથી, એમાં ફેરફાર થયો હોય તો જૂદી વાત. એનામાં ઉદાર વૃત્તિ–સરળ સ્વભાવ છે પણ હું તો આ વાત કેટલાં વર્ષની કહું છું.

જયન્ત ! એ વાત ખરી ! પણ લગ્ન જેવી વાતમાં ઉતાવળ થાય કે? જાગીરથી કે સરળ સ્વભાવથી મોહવાનું નથી. લગ્ન થતાં પહેલાં, કરવા પહેલાં તો સારાજ દેખાય પણ પછી ઘણીવાર ભારે થઈ પડેછે. પુરેપુરી તપાસ કર્યા વિના હા કહેવાય નહિ. આજ હું વિનાયકને કાગળ લખીશ. વિનાયક એમનો સોલીસીટર છે તેથી અંદરની વાત જાણતો હશે.

હાજી ! વળી વાસુદેવ મ્હને કહેતા હતા કે લગ્નની ઉતાવળ નથી. એમના બાપનું દેવું પતે અને કેસ પતે ત્યાંસૂધી લગ્ન કરવા ધારતા નથી. આ તો આશા આપ-વાની વાતો.

હા. એ ઠીક, વાસુદેવ જેવા પતિ ભદ્રાને મળે તેમાં આપણને માન. પણ મ્હારે પૈસા, પદવી કરતાં ભદ્રાનું સુખ પહેલું જોવું જોઇએ. જોને પેલા આપણા ધનાઢયોને પરણેલી કન્યાઓ કેટલી સુખી છે ! એકે બાવી રાખી છે; બીજીને માર પડે છે. તીજીવાળો એને જંપવા દેતો નથી. એવા પૈસામાં ને કૂળમાં પૂળો મૂકો.

વાસુદેવે કારખાનું જોયું અને લાનોલીમાં શાન્ત જીવન ગાળતાં આ કુટુમ્બની ક્ષણવાર અદેખાઇ આવી. ‘મૂઇ આ જાગીર ! આ જાગીર ઉપર કેટલું દેવું ? અમારા કુટુમ્બના જમાઇએ ગામ ઘરેણે ના લીધું હત તો આ હવેલીયો–બંગલા કયારનાએ વાણીયાને ઘેર હત. પાસે

પાઇ નહિ ને સેકન્ડ કલાસ, ફર્સ્ટ કલાસના ભાડાં ભરીએ છીએ. અમૂક વિના ચાલેજ નહિ—બીજાની કયાં વાત! સોડા લેમન તો જોઇએજ. જયન્ત કોલેજમાં ન હત તો હું છું ત્હેના કરતાં વ્યસનમાં ચકચૂર રહેતો હત. ઉંચામાં ઉંચાં બૂટ, ઉંચાંમાં ઉંચાં કપડાં, શા ઉપર? દેવા ઉપર કે? હવે ન્યાયની દેવડીએ ચ્હડયા પછી અત્રે ફજેતી ઓછી થશે! બનેવી અને જમાઇઓના પૈસે નીલગીરી અને સીમલા કરીએ છીએ. એ તો સારૂં છે કે મ્હેં કોલેજનો અભ્યાસ કર્યો છે ને સ્વતંત્ર જીવન ગાળું છું બાકી શું થાત? ખરે! જયન્ત અને એના પિતા કેવા સુખી છે! ભદ્રા મ્હને મળે તો મ્હને શાન્તિ થાય, એ આઠ દિવસ મ્હારી સાથે રહી એટલામાં હું કેટલો સૂધર્યો તો પછી જીવનભર સાથે રહે તો સૂધરૂં એમાં શી નવાઇ!

એટલામાં જયન્ત આવ્યો ને બોલ્યો—

વાસુદેવ! તું આવ્યો તેથી મ્હને બહુ આનંદ થાય છે પણ ત્હારી ઈચ્છા પુરી પાડવા પહેલાં મ્હારે જાણવું જોઈએ કે તું હજી એવોને એવો છે કે કેમ!

જયન્ત! ત્હને મ્હારો કયાં અનુભવ નથી? ઘણી ખરી ટેવો ગઈ છે. અને હશે તે સારી સ્ત્રી કાઢી નંખાવશે.

'તુ'' કહી બોલાવું છું માટે ક્ષમા આપજે પણ ભદ્રા જેવી છોકરી એમને એમ આપવી એ અમને ઠીક નથી લાગતું. એ બિચારી ત્હારી કુટેવોને લીધે દુઃખી થાય તો અમારે ગાળો ખાવી પડે ને!

જયન્ત! જયન્ત! ત્હારા સમ હું સુધર્યો છું અને સુધરીશ. એને જરાયે દુઃખી નહિ કરૂં—વચન આપું છું. આટલા વર્ષ દરમિયાન મ્હને ઘણી કન્યાઓનાં માગ આવ્યાં હતાં અને મ્હેં જોઈ પણ હતી પણ ભદ્રાને

જોતાંજ—એની સાથે વાતો કરતાંજ—મ્હને લાગણી થઈ આવી. હું એને સુખી કરીશ.

ઠીક છે જોઇશું—જયન્ત એટલુંજ કહી શકયો.

આશાભર વાસુદેવ મુંબાઇ ગયો. જયન્ત પણ એની સાથેજ ગયો. ભદ્રાને કાને ઘરમાં થયેલી વાત આવી હતી અને એના પ્રેમના અંકુર ખીલવા માંડયા હતા, વિનાયકનો પત્ર આવી ગયો હતો. વાસુદેવની વિરૂધ્ધ કાંઇ લખ્યું ન હોતું. ભદ્રા લગ્ન પછી લાનોલી આવી અને આશામય જીવનમાં સુખ માનવા લાગી.

વાસુદેવનું જીવન કેવું હતું તે જરા નિહાળીયે. વાસુદેવ નાવલીનો જાગીરદાર હતો. હિંદુસ્તાનમાં, તાલુકદારો, વતનદારો, જાગીરદારો એમજ સમજે છે કે જાગીર એટલે પૃથ્વીનું રાજ્ય. એમાં દુકાળ પડવાનો નહિ, જ્યારે જોઇએ ત્યારે અને જોઇએ એટલી મિલકત મળી શકે. હિસાબ કીતાબ જાણીને એમને શું કામ ! કર કસર તો વાણીયા કરે. હિસાબ રાખવાની જરૂર શી ! જાગીરદાર એટલે એકાદ અંગવસ્ત્ર તો જોઇએજ. બાપુમાંજ મોટા મનાય. વાસુદેવ ગરાશીયો ન હોતો—એની જ્ઞાતીમાં સ્ત્રી કેળવણી આગળ પડતી હતી એટલેજ પોતે ભણ્યો હતો; છતાં ગર્ભ શ્રીમન્તાઈમાં ઉછર્યો હતો. જો એને જાગીર ન હત ને કોઈ લાઇન માટે કેળવવામાં આવ્યો હત તો તે જૂદોજ થાત. ભણ્યો પણ ખાસ ધંધો ન હોવાથી આળસુ મોજ શોખી થયો હતો. હૃદય ચોખ્ખું હતું, પાપ પુણ્યો સમજતો છતાં હૃદય બળ ન હોવાથી આકર્ષક વસ્તુની સામે ટક્કર ઝીલી શકતો નહિ. મુંબાઈમાંજ ઘણું ખરૂં જીવન ગાળતો અને એક ધનાઢ્ય મીલ માલેકના એકના એક છોકરાને ત્યાં રોજ મીજલસ મળતી. છ સાત ગોઠીયા સાંજના ભેગા થતા. વિશાળ ઉત્તમ ફર્નીચરવાળા રૂમમાં સ્વાદિષ્ટ

ભક્ષ્યાભક્ષ્ય ભોજનો આવતાં-શીસા ઉડતા, સંધ્યાકાળ પડે ગામમાંથી એકાદ બે નાયકા આવતી. ગાયન ટાલ ટપ્પા ચાલતા. એક દહાડો વાલકેશ્વર તો બીજે દિવસે ઘાટકોપર ઉજાણીઓ ચાલતી, શનિવારે રાતના માલાડ, સાંતાક્રૂઝ જતા. ત્યાં દૂરનો એકાદ બંગલો માળીને ચારપાંચ રૂપીઆ આપી ઉઘડાવતા. ત્યાં નાચની વ્યવસ્થા થતી. સાંજના જમ્યા પછી રંગ જામતો. નાચ, દારૂ, ગાયનના પુર બારમાં આવતાં. હોહો ને ઘાંટા ઘાંટ આખા ગામમાં સંભળાતી. રવીવારે સાંજના થાકયા પાકયા ઘેર આવતા. ઉત્તમમાં ઉત્તમ ઇંદ્રીયોને આકર્ષે એવી વસ્તુઓ, છબીયો લેવાતી. મુંબાઈમાં હોય ત્યારે સાંજના ચોપાટી આગળ એક ગાડી કે મોટોરમાં અપ-ટુ-ડેટના લુગડાં પહેરી પાંચ પાંચ છ છ સાથે બેશી ઉભી રખાવતા અને આવતી જતી સ્રીઓની અંદર અંદર મશ્કરી કરતા. ત્યાંથી નાટક, સિનેમેટોગ્રાફમાં જતા. વખતે મન થઈ આવતું તો મધ્યરાત્રીએ મોટોર કરી એપોલો બન્દર, સ્કેન્ડલ પોઇન્ટ, ઝુલતા બાગની બેવડી સફર મારતા અને નીચ વૃત્તિ અને ધંધાવાળા લોકોના મહોલ્લામાં ગાડી ફેરવી આનંદ માનતા. બીલીયર્ડ રૂમમાં પણ પહેલા. આ બધાનું પરિણામ શું? સમયની બરબાદી-શકિત હિનતા, બુદ્ધિ ભ્રષ્ટતા અને પૈસા અને શરીરની ખાનાખરાબી. વાસુદેવની બુધ્ધિ તિવ્ર હતી, હ્રદય વિશુધ્ધ હતું પણ એનો ઉપયોગ શો? ના પાડી શકતો નહિ એટલી હ્રદયની નિર્બળતા હતી. અને એ નિર્બળતા કઢાવવી એ ભદ્રાનું કાર્ય હતું-થવાનું હતું.

પ્રકરણ ૧૧ મું.

મોહમયી મુંબાઈ.

પડયો કંગાલ હું મેળે, નઝરથી પાપને જોતો,
સળગતા નીચ ખાડામાં, બન્યો પાપી બન્યો પાપી.

કાન્ત.

કલાકના કલાક, દિવસોના દિવસો, મહિનાના મહિના વીત્યે જતા હતા. વાસુદેવ વારંવાર લાનોલી જતો હતો. મુંબાઇથી તરેહ તરેહવારની ભેટો ભદ્રા ઉપર જતી. ફ્રુટસના કંડીયા તો હોયજ. રખેને જયન્ત કે વસન્તરાવ જાણે ને વિવાહ તોડે એ બ્હીકે વાસુદેવ પોતાની નિશાચર વૃત્તિ ઉપર કાબુ રાખતો. રોજના નાટકચેટકમાં જનારો, આઠે દશે જતો. જુગારખાના, બારરૂમમાં જતો પણ બ્હીતો બ્હીતો ભદ્રા અને વાસુદેવ પરણશે એમ લોકમાં વાત થતી ન હોતી. વાત છાની હતી અને છાની રહી હતી. જાગીરનો કેસ ચાલતો હતો, મુદ્દત ઉપર મુદ્દત પડતી હતી; વિનાયક પૈસા ધીર્યે જતો હતો અને જાગીર, ઘર, મીલકત લખાવી લેતો હતો. સોલીસીટર, કેળવાયેલા સોલીસીટરનું હિત એમાંજ હતું અને સત્ય, પ્રમાણિકતા માત્ર બોલવામાંજ હતાં. જ્યારે જ્યારે વાસુદેવ જાગીર, કેસની વાત કાઢતો ત્યારે ત્યારે 'આપણે જરૂર કેસ જીતીશું. સામાવાળા પાસે ખર્ચ સુદ્ધાંત લઈશું' એમ આશા આપતો હતો અને ગર્ભશ્રીમન્તાઇમાં ઉછરેલો વાસુદેવ સોલીસીટરના શબ્દો દેવવાણી માની ધમધોકાર ખર્ચ કરતો હતો અને પૈસા ઉપાડયે જતો હતો. પૈસા ખલાસ થતાં, જુગારમાં હારતાં, કલબમાંથી નિકળતાં પસ્તાતો. કાલ સવારથી જુદુંજ જીવન ગાળીશ એમ ઠરાવ કરતો પણ રાત પડતાં, પ્યાલાના ખખડાટ, મોજી મિત્રોનો આગ્રહ, આકર્ષક મોહિનીના મોહમાં ફસાતાં સવારના ઘડી ઉપરના ઠરાવો વીસરતો.

વામન અને દત્તુ મુંબાઇજ હતા. પિતાની ઇચ્છા વિરૂધ્ધ થઇ, પિતાને નામે માની શિખામણથી વામન પોલીસ ખાતામાં દાખલ થયો હતો અને મનમાન્યો સતાભર્યો ઈન્સ્પેકટરનો હોધો મુંબાઈમાંજ ભોગવતો હતો. દત્તુ દાક્તર નાયકપાસે તાલીમ લઈ મેડીકલ કોલેજમાં દાખલ થયો હતો અને રેસીડેન્સીમાં રૂમ ન મળવાથી, કોલેજના નિયમ પાલન કરવા પડશે ને વખતસર આવવું જવું પડશે એ બ્હીકે કોલેજ બહાર બેલાસીસ રોડ ઉપર આવેલી એક ચાલમાં રહેતો. બાબુએ એનજીનીઅરીંગનો અભ્યાસ પૂરો કર્યો હતો પણ વ્યવહારિક જ્ઞાન લેવા માટે પિતાને સમજાવી મુંબાઇ રહયો હતો. મુંબાઈ એવું સ્થળ છે કે જ્યાંથી કોઇને ખસવું ગમતું નથી. પોતાની બુધ્ધિ, શક્તિના બળે ઉચ્ચ પદ મેળવવાનું, આગળ આવવાનું મુંબાઇ જેવું અન્યસ્થળ નથી. વિદ્યાર્થીને પણ બહાર ગામની સ્કુલ કે કોલેજમાં જેટલી મેહનત કરે તેટલીજ મેહનત મુંબાઈમાં કરે તો ઈનામ—સ્કોલરશીપ મળેજ. વ્યાપારીને, મહેનત કરનારને, પછી તે શરીરની હો યા મનની હો—પોતપોતાની શક્તિ પ્રમાણે જે સાધન મુંબાઈમાં મળે છે તે બીજે મળતાં નથી પણ આ સાથે જેમના મન કેળવાયેલાં નથી, જેમનામાં સારા સંસ્કારો પડયાં નથી, જેમનામાં હૃદય બળ નથી, જેમનામાં દુર્ગુણોનાં બીજ છે તેમને બગડવાનો, ત્હેમના જીવન ધૂળધાણી થવાનો, તેમના શરીર અને આત્માનો વિનાશ થવાનો સંભવ જેટલો મુંબાઇમાં છે તેટલો બીજે નથી.

આ ત્રણે ભાઇઓ ઉપર મોહમયી મુંબાઇએ અનહદ અસર કરી હતી. મેડીકલ કોલેજ કે આર્ટસ કોલેજમાં અભ્યાસ કરનાર રેસીડેન્સીમાં ન રહેતો હોય તો સો વસા પડયોજ જાણવો. જ્ઞાતિના નિવાસસ્થાનોમાં, ચાલોમાં રહેતા વિદ્યાર્થીઓ ઉપર કોઇ દેખરેખ રાખતું નથી.

રાતના ગમે ત્યાં ગમે તે વખતે બ્હાર જાય છે. દર મહિને પત્ર લખી ઘેરથી પૈસા મંગાવવા એજ ચિન્તા. પૈસા ન આવે તાર કરી મંગાવવા 'મુંબાઈ સૂધી ભણવા મોકલે ને પૈસાને માટે ઢીલ શી?' કોલેજમાં બધાને કોલર નેકટાઇ ને હું શું ભીખારી જેવો જાઉં? સોશીયલ ગેધરીંગ, પ્રોફેસરોને માન આપવાનું, પીકનીક, બે ચાર દોસ્તો સાથે નાટકમાં જવાનું ને બપોરે ચાહ બીસ્કીટ જોઇએ. હિંદુ હોટલમાં ચાહ સારો થાય નહી, 'પારસી કપ'જ મંગાવવો. આવા વિચારો, આવું વાતાવરણ, પછી ખર્ચ કેમ ન થાય! તેમાં વધારામાં મુંબાઇની મોહિની. મેડીકલ કોલેજનો લત્તો અનેક ચિત્ર વિચિત્ર પુરૂષથી ભરેલો પછી પૂછવું શું? આવી વૃત્તિના વિદ્યાર્થીઓને મુંબાઇમાં ત્હેમના વડિલ હોય તો ત્હેમની સાથે ત્હેમને ત્યાં રહેવામાં પરતંત્રતા લાગે છે. વામન, દત્તુ અને બાબુ ત્રણે મુંબાઇમાંજ હતા પણ તેઓ ભાગ્યેજ મળતા. મહિનાની છેલ્લી તારીખે બીલનો આંકડો તપાસતાં વસન્તરાવ ગભરાતો, કારણ દર મહિને મોકલવામાં આવતી રકમમાં વધારો કરવાની માગણી થતી. હિસાબ મંગાવતાં 'શું અમે અમારો સ્વાર્થ નથી સમજતા? જાણતા નથી કે મુંબાઇમાં મોઘવારી કેવી છે? હમારા અને ત્હમારા વખતમાં કેટલો ફેર છે? તમારા નામ પ્રમાણે, તમારી ઓળખાણ પ્રમાણે અમારે રહેવું કે નહિ! કે ગુજરાતી વાણીયાભાઇ પેઠે ફરીએ?'

વામન ઈન્સ્પેકટર હતો અને એના ઓફીસરોને વારંવાર મીજબાનીઓ આપતો. કેસને અંગે રાત દિવસના ઉજાગરા થતા. જ્યાં પૈસા અને શરીરની બરબાદી એવા લત્તામાં ફરવાનું. બિભત્સ ભાષણ, સીગાર દારૂ વીના પોલીસ લાઇનમાં રહેવાયજ નહિ એમ લોકો માનતા અને પોતે પણ માનતો. પ્રજાના જાનમાલ સંભાળનાર, પ્રજામાં અનીતિ ન પ્રસરે એ સાચવનાર ખાતું ખરાબજ હોવું જોઇએ! અન્યસ્થળે કરેલાં પાપો તીર્થમાં વજ્રલેપ બને

છે તેમ બીજાં ખાતાંનો મળ પોલીસ લાઇનમાં ગાઢો થાય છે એ મનાવવા યત્ન થાય એ કેટલું શોચનીય.

વામન પગાર ઉપરાંત દર મહિને પિતા પાસેથી મંગાવતો. મોહિની વામન અને દત્તુને ખાનગી મોકલતી છતાં મહિનો પુરો થતાં પહેલાં દેવું કરવું પડતું. બાબુની પણ એજ સ્થિતિ. એનજીનીઅર તરીકે ફર્મમાંથી દર માસ સારી રકમ મળતાં છતાં ભૂખ્યો ને ભૂખ્યો. દત્તુએ તો મેડીકલ કોજલમાં દાખલ થઇ કુટુમ્બ ઉપર ઉપકાર કર્યો હતો. લોફર પારસીઓ, મીયાંભાઈ સાથે રાત્રીના વૉર્ડમાંથી નાશી જઈ લહેર મારી આવતો અને બેશુધ્ધ થઇ ખાલી ખીસે રૂમમાં સૂતો, પટાવાળા, નર્સ વગેરેને હોળી દિવાળીમાં ચેરીમેરી મળતી હોવાથી હાઉસ સર્જ્યન આગળ વાત જતી નહી.

વસન્તરાવ મહિનો પૂરો થતાં, નવા મહિનાનું બજેટ કરતાં ગભરાતો. સુધાના સમયની શાન્તિ આનંદ સરખાવતાં પરમેશ્વર પાસે મોત માગતો. એના જીવનના કાળા વાદળામાં રૂપેરી દોરો હોય તો તે જયન્ત હતો. જયન્તની વારે વારે સલાહ લેતો. પિતા પુત્ર દીલગીર થતા. વસન્તરાવ જ્યારે જ્યારે આ વિશે મોહિનીને વાત કરતો ત્યારે મોહિની એટલુંજ બોલતી, 'ત્હમને તો છોકરાં કરતાં પૈસા વ્હાલા છે. જુવાનીમાં તો બધાયે એવાજ હોય. મુંબાઈ જેવા ખર્ચાળ ગામમાં પૈસા ન જોઇએ! વીશીના રોટલા ખાઈ માંદા ન પડે! જરા આરામ તો જોઇએજ ને! એ તો બે પૈસા છે તો ખરચે છે બાકી ક્યાંથી ખરચે! એ તો વખત આવશે એટલે સઉ ઠેકાણે આવશે.'

વામન અને દત્તુનાં જીવન બગડતાં હતાં. વામન રાતનાં જુગારખાનામાં, પીઠામાં ગુન્હેગારની તપાસ કરવાને બ્હાને જતો અને એમાંજ મશગુલ રહેતો.

દત્તુનું આગળ કહી ગયા તેમજ ચાલતું. એક્ષીઓ નંબર ૯, પોર્ટવાઇન હોસ્પીટલમાં વપરાતો અને દરદીને બ્હાને દત્તુના ગળામાં જતો. વામન અને દત્તુ દિવસમાં, મહિનામાં, વરષમાં ઘડીપણ વિચાર કરતા હત તો જણાત કે એક વર્ષમાં ત્હેમના પેટમાં કેટલા ગ્યાલન દારૂ ગયો. દિવસે દિવસે દારૂની ટેવ વધતી ગઈ–વધતી જાય છે અને કોઇ કહેવા આવે તો તેમને તેઓ હસી કાઢે છે. પીનારા એમજ કહે છે 'સહેજમાં શું? એમ શાને ટેવ પડે છે?' કહે છે એમ પણ ધીરે ધીરે એ ટેવના ગુલામ થતા જાય છે. ગજવામાં શીશો લઇ ફરનારા અનેક ઉમદા કુટુમ્બના નબીરા તલીયાઝાટક થઇ ગયાના દ્રષ્ટાન્તો મોજુદ છે. મ્હોટી મ્હોટી કીર્તિ, સત્તા અને ઉચા પગારની નોકરી આજ ટેવને લીધે ખોઇ ઘેર બેઠેલા જોઇએ છીએ તો પછી ગરીબ બિચારા વામન અને દત્તુની શી સ્થિતિ! એમને મુંબાઇમાં ન હોતું કોઈ પૂછનાર કે ન હોતું કોઇ અટકાવનાર.

'વિનાયક લક્ષ્મણ સોલીસીટર્સ' નામનું પાટીયું પીતળના અક્ષરનું પાટીયું પ્રીન્સેસ સ્ટ્રીટમાં ભરૂચા બીલ્ડીંગ્સ આગળ આવતા જતાની આંખને આંજી નાખતું હતું. આજ રોજ આ પાટીયા પાસે એક ફર્સ્ટ કલાસ ડોગકાર્ટ આવી ઉભી. લગામ ઘોડા ઉપર નાંખી રોફમાં ને રોફમાં એક ગૃહસ્થ ઉતરી, ચાર પગથીયાં ચ્હડી લીફ્ટમાં દાખલ થયો. પાંચમો માળ આવતાં સામી ઓફીસમાં દાખલ થયો. એની મેળે ઉઘડતા વસાતા બારણા પાસે પટાવાળો બેઠો હતો ત્યાં થઇ અંદર દાખલ થયો અને 'વિનાયકરાવ છે' એના જવાબમાં 'ના–પધારો' ને 'લક્ષ્મણ શેઠ છે' એવો ઉતર મળ્યો. દેસાઈ અંદરના રૂમ તરફ ગયા. બ્હાર ટાઇપ કરતા, નકલ કરતા કારકુનો દેસાઇને વાંકા વળી જોતા હતા. ત્હેના ડ્રેસ, ત્હેના બૂટ

અને ત્હેની ચાલવાની ઢબથી અંજાઈ ગયા હતા. અમે સવારથી સાંજ સૂધી ટપટપ કરીયે છીએ ત્યારે આ મુંબાઇ શહેરમાં માંડ ૩૦ રૂપીઆ આમ મળે છે; વળી ખાનગી ટયુશન કે બીજું કામ કરી રાતના નવ વાગે ઘર ભેગા થઇએ છીએ અને આ જોને કેવો સુખી છે. આમ કારકુનો વિચારતા પરંતુ ત્હેમને ખબર ન હોતી કે એ સુંદર ઇસ્કીટાઈટ કપડાંઓ અને શરીર નીચે છૂપાયેલું હૃદય ઉઘાડી અંદર જોવાની શકિત હત તો જણાત કે એમાં કેટલો મળ! કેટલી ચિન્તા! કેટલાં પાપ ભર્યાં છે અને એ જાણતાં અદેખાઇ કરવાનું મન થાય એમ ન હોતું. 'વાસુદેવ શેઠ આલા રે' એ પટાવાળાના શબ્દ કાને પડતાંજ લક્ષ્મણશેઠે ખૂરશી ખસેડી. સામે મેજ ઉપર કાયદાની ચોપડીઓ, કોર્ટના કાગળો-ખતો, જુબાનીઓનો ઢગ પડયો હતો.

વિનાયકરાવ નથી?

નાજી! વસન્તરાવ સાથે બ્હાર ગયા છે.

વસન્તરાવ! વસન્તરાવ મુંબાઇમાં છે?

અચાનક ગઇકાલ રાતના આવ્યા છે. મ્હારા જેવું કામ હોય તો કહેશો. હરકત ન હોય તો હું વિનાયકશેઠને કહીશ.

મારે મન તો તમે ને વિનાયકરાવ એકજ છો પછી ત્હમને કહેવાની શી હરકત !"

આટલુ કહી વાસુદેવ સામે પડેલી આરામ ખુરશી ઉપર પડયો.

લક્ષ્મણરાવ! કોઈ છે તો નહિ ને!

નાજી, બેલાશક બોલો.

મારે રૂપીઆ જોઇએ છીએ.

રૂપીઆ! વળી રૂપીઆ!

ગમે તેમ થાય પણ આજ ને આજ રૂપીઆ જોઇએ.

સાહેબ, તે નહિ બને. જાગીર આખી ઘરણે!

માફ કરો. મ્હને એ માથાકુટ નથી ગમતી. હિસાબ કિતાબ વ્યાજ વગેરે તમે ને વિનાયકરાવ જાણો. મ્હને એ ન જોઇએ. મારે પૈસા જોઇએ અને તમારે આપવા પડશે. પચીસમી પહેલાં રૂપીઆ ત્રણ હજાર જોઇએ.

ત્રણ હજાર! એવડી મોટી રકમ લાવવી કયાંથી

વાસુદેવની જાગીર ઉપર રૂપીઆ લેવાયા હતા. ખાધા ખર્ચ ઉપરાંત દેવું થતું હતું. ગમે તેટલી મ્હોટી જાગીર હોય પણ જ્યાં દરબારમાં કેસ જાય ત્યાં રૂપીઆ કોણ ધીરે? કોર્ટમાં હક સાબીત ન થયો તો રૂપીઆ કોણ આપે? આ વિચારથી લક્ષ્મણ મુગો રહયો અને વકીલની કુનેહથી બોલ્યો.

વાસુદેવ!

કેમ!

માફ કરજો પણ મ્હારા મનમાં છે તે કહું છું. વિનાયક શેઠ હોશીયાર છે એમને ઠંડુ પાણી રેડતાં આવડે છે અને એમનું ચાલશે ત્યાંસૂધી ત્હમને મુશ્કેલીમાં આવવા નહિ દે. એ એની ટેવ છે પણ હું તો સાચે સાચું કહીશ.

મારે નથી સાંભળવું. જાગીર જપ્તીમાં જશે, લેણદારો દાવો માંડશે અને મારે નાદાર ઠરવું પડશે. ફજેતી થશે એજ કહેવું છે કે બીજું?

કાંઇક ખરૂં!

ત્યારે બીજુ શું!

મારે તો એટલુંજ પુછવાનું કે ભદ્રાબાઇ સાથે આપને આમ ક્યાં સૂધી નભાવવું છે?

ભદ્રાનું નામ સાંભળતાંજ પોતાની વાસ્તવિક સ્થિતિ આ સોલીસીટરના ધ્યાનમાં હતી એટલે વાસુદેવ ચ્હીડાયો, હોઠ પીસ્યા પણ શું કરે. પોતાની ચોટલી એના હાથમાં હતી.

સાહેબ, ત્હમારી સ્થિતિ, ત્હમારી ટેવો હું જાણું છું. ભદ્રા, ગરીબ બિચારી ભદ્રા, ઉજળું એટલું દુધ દેખેછે. સુખાનો મ્હને અનુભવ છે. ભદ્રા માટે મને થાય છે. એને ફસાવશો નહિ. બિચારી દુઃખી થશે. માટે ભદ્રાની વાત મૂકી દો.

મૂકી દો! ભદ્રાને મૂકી દઉં! ગાંડા બાંડા થયા છો!

મ્હારૂં જીવન ભદ્રા છે.

તે હશે. પણ ભદ્રા કરતાં આબરૂ વ્હાલી નથી?

લક્ષ્મણરાવ! તમારા શિવાય મ્હારી સાથે આમ છૂટથી બોલવાની બીજા કોઇએ હિંમત કરી નથી. પણ તમને ભદ્રાનું લાગતું હશે.

લાગેજ. શામાટે ન લાગે. વસન્તરાય કાંઇ ભોળા નથી. એમને એમ તપાસ કર્યા વિના ભદ્રા આપે એમ નથી. પૂરેપૂરી તપાસ કરશે. તપાસ કરવાજ આવ્યા છે. પણ તે પહેલાં—

હા. તે પહેલાંજ ભદ્રાને મ્હારી કરીશ. એની માના આપેલા રૂપીઆ હજમ કરીશ. હું કેવો છું, મ્હારી શી સ્થિતિ છે તે ભદ્રા જાણતી નથી. તેનો લાભ હમણા લઇશ.

વાસુદેવ! એક તરકટમાંથી બીજા તરકટમાં શા માટે ઉતરો છો! તમે જાણો છો કે દર વર્ષે કરજ વધતું જાય છે, વધારતા જાઓછો. જેટલા પૈસા લો છો તેટલી

મુશ્કેલી ઉભી કરોછો. છાનામાના વસન્તરાવને સઘળી હકીકત કહો, એની મદદ માંગો અને ભદ્રાને પરણો, અગર ભદ્રાને વિસરી જાવ.

જીવ જાય તોપણ ભદ્રાને ભૂલીશ નહી. એવું હીણું પગલું ભરવા સલાહ આપતાં શરમ નથી આવતી ?

ખરી રીતે પોતાની સ્થિતિ વસન્તરાવ જેવાને કહેવી એ હીણપત છે કે એક અબળાને ભરમાવી પાછળથી દુઃખી કરવી એ હીણપત છે.

લક્ષ્મણ અને વિનાયકમાં ફેર હતો. લક્ષ્મણરાવ સત્યવક્તા, સ્પષ્ટવક્તા અને જે આવ્યું તે નિડરપણે કહી દેતો. વિનાયક સામાને ખુશ રાખવાનીજ તજવીજમાં રહેતો. આથી વિનાયક વધારે લોકપ્રિય હતો અને લક્ષ્મણને કોઇ બોલાવતું નહિ. લક્ષ્મણ સુધાને ઓળખતો–સુધાના પરિચયમાં આવ્યો હતો, ભદ્રાને રમાડી હતી. આ ભદ્રા દુઃખી થાય એ વિચાર ત્હેને મુઝવતો અને એટલાજ માટે આજ લાગ મળવાથી વાસુદેવને ચોખ્ખી સંભળાવી હતી.

વાસુદેવ ! સમજો ! પરમેશ્વર ખાતર, બીચારી ભોળી ભદ્રા ખાતર સમજો. જેમ જેમ દિવસ જતા જાય છે, તમારૂં દેવું વધતું જાય છે, તમારી ટેવો વધતી જાય છે તેમતેમ ભદ્રાનું સુખ આઘું જતું જાય છે માટે લગ્ન માંડી વાળો.

લક્ષ્મણશેઠના શબ્દો કડવા હતા. વાસુદેવને જરાયે ગમતા ન હોતા પણ એમાં જરાયે અસત્ય ન હોતું. લક્ષ્મણ વાસુદેવના જીવનથી પરિચિત હતો એટલે વાસુદેવ ધીરેથી બોલ્યો.

લક્ષ્મણરાવ ! ત્હમે મ્હારા હિતેચ્છુ છો ને તમે કહોછો તે વ્યાજબી છે. હમણાં હમણાં મ્હારૂં ખર્ચ વધી ગયું

છે. મ્હારી ટેવો ખરાબ છે પણ હવે સમજ્યો છું. આવતી કાલથી સુધરીશ. હવે પાઇએ પાઇનો હિસાબ રાખીશ. નકામી પાઇ નહી ખરચું. જુગારખાનામાં કે પીઠામાં નહી જાઉં. કાલથી જોશો કે આ વાસુદેવજ બીજો—

વાસુદેવ! આ કાંઇ ત્હમે નવું કહેતા નથી. આવું હજાર વાર બોલ્યા છો છતાં પાછા એના એ. જેણે પોતાના હૃદય ઉપરથી કાબુ ખોયો છે, જે વ્યકિત સ્વતંત્રતાના ખોટા ખ્યાલમાં ભમે છે તે ત્હમારી પેઠેજ ઠરાવો કરે છે ને ભાગે છે. વાતો કરશો એટલુંજ. તમારાથી કાંઇજ બનવાનું નથી.

વાસુદેવ ચ્હીડાયો. લક્ષ્મણરાવના શબ્દ અક્ષરશઃ ખરા હતા. એણે અનેકવાર આવા ઠરાવ કર્યા હતા પણ તે પાળી શકયો ન હોતો એટલે જાત ઉપર અને લક્ષ્મણશેઠ ઉપર ગુસ્સે થયો પણ શું કરે! શું કરૂ? રૂપીઆની મોરો થતી નથી–એકવાર થાય તો પછી જોઇ લો.

પણ જરા હાથ તંગમાં રાખો. ગુંજવામાં જેના પૈસા આવ્યા તે વાપર્યા અને તે પણ કયાં! નાટક, હોટેલ ને જુગારમાં. સો કમાવા નહિ ને બસો ખર્ચવા. કમાવું હાથમાં નહિ પણ ખર્ચ ઓછો કરવો એટલું ન બને! વામન ગઈ કાલેજ આવ્યો હતો તે પણ ત્હમારા ખર્ચાળ સ્વભાવની વાત જાણે છે.

એ તે શું જોઇને વાત કરતો હશે. એને કેટલું દેવું છે ને એ કયાં પૈસા ખર્ચે છે તે તો જરા પૂછો.

વસન્તરાવ એજ છોકરાની ભાંજગડ માટે આવ્યા છે. એક સ્ત્રી સાથે સંડોવાયો છે તે પૈસા આપી બાંધી મુઠી રખાવવાજ આવ્યા છે. વામન પરણ્યો નથી ખરૂ ને!

પરણ્યો છે કે નહિ તે માટે આટલા ઇંતેજાર કેમ છો તે મ્હને સમજણ નથી પડતી. કાંઈ છોકરી તો આપવી

નથી. હું તો ધારૂં છું કે એવા માણસોએ પરણવુંજ જોઇએ. એકલો હોય પછી આમ છૂટ લે ને પૈસો વેડફી દે એમાં શી નવાઇ! પરણે તો ઘેર આવવા–ઘરમાં રહેવા આકર્ષણ પણ રહે અને હું કાંઇ બહુ ખરચતો નથી.

તે હશે. પણ તમારી પાસે એવી કેટલી મૂડી બળી છે કે ઉડાઉ નથી એમ કહો છો. મૂડીના પ્રમાણમાંજ માણસ ઉડાઉ કે કંજુસ કહેવાય. ત્હમારી જગાએ હું હોઉ તો વસન્તરાવને વાત કરૂં, એમની પાસેથી પૈસા લઇ દેવામાંથી છૂટો થાઉ ને પરણું.

પરણું! હું વસન્તરાવને કહું કે પૈસા આપો! સસરાના પૈસે દેવામાંથી છૂટું? પછી બૈરી માથેજ ચ્હડી બેસે ને! ન કરે પણ કોઈ દહાડો વાત થાય તો કહેને કે મ્હારા બાપના પૈસે તાગડધીના કરોછો. એમ શા માટે. પરણવીએ ખરી ને હાથ ઉંચો રાખવો. હું મ્હારી હકીકત કહું એમાં વસન્તરાવની નજરમાં હલકો પડું અને પછી મ્હને ભદ્રા આપે કે?

યત્ન કરવામાં શું થાય છે! વાસુદેવ! કાંતો ભદ્રાને પરણો, કાં તો વાતજ મૂકી દો. બીચારી ભદ્રાની સ્થિતિની દયા નથી આવતી? નજરે જોઇ એટલું કહેવાય નહી! કાલજ ભદ્રા–મોહિની વગેરે મળ્યાં હતાં.

અરે ઘાતકી માણસ! ભદ્રા ગામમાં છે ને મ્હને કહેતા નથી! કયાં છે! કયાં ઉતર્યાં છે! બોલો જલ્દી બોલો.

વાસુદેવ ઉશ્કેરાઇ ગયો હતો એક બાજુ આર્થિક સ્થિતિ. બીજી બાજુ ભદ્રા એના ચિત્તને હલમલાવી દેતાં હતાં.

વાસુદેવ! ત્હમને દેવ કહેવા કે દાનવ! દેવામાંથી છૂટવા ભદ્રા જોઇએ છીએ કે ત્હમે ત્હેને ખરા દીલથી ચાહો છો તે સમજાતું નથી. પણ ભદ્રા તો તમારી પાછળ ગાંડી

થઇ છે. તે તમને કદાચ ખરા રૂપમાં જાણતી નથી. તમારી ખર્ચાળ ટેવો અને કુટેવો છોડી દો. ભદ્રાને સુખી કરો અને તેમ ન કરી શકતા હો તો ભદ્રાનું નામ જવા દો. વાસુદેવ સમજો! લાગણીથી ઉશ્કેરાઈ હઠીલાઇ ન કરો.

એટલે! તમે વસન્તરાવ અગર ભદ્રાને વાત કરી મળવા ધારૂં છું તે નહી મળવા દો એમ ને!

માફ કરો. એવો અવિવેકી નહી થાઉં. શું સારૂં કે ખોટું તે પૂછશે તો કહેવા ચુકીશ નહી; બાકી મારી મેળે હું કાંઇ કહેવાનો નથી.

એક વખત ભદ્રાને પરણી જાઉં પછી જો જો. પણ જ્યાંસુધી ભદ્રા મ્હારી થઇ નથી ત્યાંસૂધી હવાઇ કિલ્લા શા બાંધવા!

ત્યારે શામાટે બાંધો છો?

ના. છેક એમ નથી. કાંઈ સગવડ—એટલા માટે તો હું મુંબાઇમાં મ્હારૂં ઘર બતાવતો નથી. બ્હાર રોફ મારૂ છું પણ કયાં ને કેમ રહું છું તે તો હુંજ જાણું છું કે કદાચ ત્હમે જાણતા હશો.

હા. તે વાત ખરી પણ જરા કરકસરથી રહો તો ત્હમને જે પૈસા જાગીરમાંથી મળે છે તે ઓછા નથી. વરસે દહાડે ચાર પાંચ હજાર ઓછા છે?

લક્ષ્મણ શેઠ! હું ત્હમારા જેવો સોલીસીટર નથી હો. દેસાઇગીરીની પાંચ હજાર રૂપૈડી! એટલા તો ભદ્રાને લુગડાંના જોઇશે! મ્હારી સાથે સોસાયટીમાં ફેરવવી. ગાડી બંગલો રાખવો જોઇએ. વાર તહેવારે પાર્ટી કરવી. આ બધું એમાંજ ને! શું નાટક સીનેમામાં ન જવું? ને જવું તો તમારી પેઠે આઠ બાર આનાની ટીકીટો લેવડાવવી હશે ડર્ટી ડ્રેસમાં ફરૂં એમ કે? પેથાપુરીઆ દરજીને ત્યાં લુગડાં

શિવડાવવાં ને ભૂલેશ્વરમાં ચાર કપડાં લઈ બેસે છે તેની પાસેથી ભદ્રાનાં કપડાં લેવાં એમ તમારી સલાહ હશે ખરૂ? હવે તો નવીન ફેશનનાં ઘરેણાં, નવી નવી જાતની સાડીઓ-બૂટ-જોઇએ. મ્હારે પોતાને પણ સોસાયટીમાં રહેવાનું છે ભાજીખાઉ વાણીયાની પેઠે હીંગ તોલવાની નથી સમજ્યાને? મુંબાઈ છે! આઠ દસ હજાર તો ઓછામાં ઓછા જોઇએ ને તમે પાંચ હજારની વાત કરોછો.

અસીલો પાસેથી પાઈ પાઇનો હિસાબ ગણવા ટેવાયેલો લક્ષ્મણશેઠ વાસુદેવની મોગલાઈ ઠાઠની વાત સાંભળી મનમાં હસતો હતો પણ જ્યારે લાગ્યું કે એ તલમાંથી તેલ નિકળવાનું નથી એટલે ગુસ્સે થઇ ઘડીયાળ તરફ નજર કરી બોલ્યો.

વાસુદેવ! મીયાં મહાદેવનો જોગ ખાવાનો નથી ને તમને મારૂં બોલવું પસંદ પડવાનું નથી, વસન્તરાવને કહી, દેવામાંથી છૂટી ભદ્રાને પરણી લેવા કહેતો હતો ત્યારે હું એમ ધારતો હતો કે ત્હમે પછી સાદી શાન્ત સુખી જીંદગી ગાળશો પણ તમારી વાતો તો ખંડેરાવ જેવી છે. તમે ભદ્રાને પરણવાના નથી. તમે પરણી શકવાના નથી, તમને તે પરણાવનાર નથી.

લક્ષ્મણશેઠ! હું ભદ્રાને પરણીશ અને તમે જોઈ રહેશો. વખત છે ને આ વાત વસન્તરાવને કાને જાય ને બાજી બગડે એમ માની વાસુદેવે વાત ફેરવી.

લક્ષ્મણરાવ? એ તો દમ મારવાની વાતો; પણ ધારો કે હું વસન્તરાવને વાત કરૂં તો કેટલી ને કેવી જાતની મદદ માગું?

વાસુદેવ! એવું તે તમારામાં શું છે જે ભદ્રા જેવી છોકરી એ આપે ને પૈસાએ આપે! એમને એમ આપે

તોએ મ્હેરબાની. લગ્નમાં ભેટ સોગાદ આવે ને સુધાની મીલ્કતમાંથી જે આવે તે.

એમને એમ પણ લાવી આપતા હો તોએ મ્હેરબાની.

વાસુદેવ! આટલુ બધુ શામાટે? એ ભોળીને શામાટે ફસાવો છો! ખરૂં પુછાવો તો ભદ્રા તમારે માટે લાયક નથી.

વાસુદેવને અત્યાર સૂધી આમ મોહે ચોઢે એવું કોઇએ મળ્યું ન હોતું.

વાસુદેવ ઘડીઆળનો અછોડો આમ તેમ હલાવતો હતો.

તે હશે! મ્હારે તો ભદ્રા જોઇશે. ભદ્રા સાથે નાના ઝુપડાંમાં પણ સ્વર્ગ સુખ માનીશ.

એમ છે તો પછી એને આમ જોઇએ ને આમ જોઇએ એમ ખરચનો આંકડો શાનો બતાવો છો! ભદ્રા એની મા પાસે ઉછરી છે. એ સાદી ને કરકસરવાળી છે.

તે ખરૂં પણ મ્હને પરણ્યા પછી દેસાઇણ થશે ને! એટલામાં પટાવાળો આવ્યો ને લક્ષ્મણશેઠ સામું જોઈ કહ્યું.

સાહેબ! લતીફ મીયાં આલે! વિનાયકશેઠને મળવા માગતા હતા, પણ નથી એટલે તમને મળવા માગે છે.

બ્હાર ખુરસી નાંખી બેસાર. એક મીનીટમાં આવું છું.

લક્ષ્મણશેઠ! સોલીસીટરની સલાહ ખાતે આજ મ્હારે ખાતે બેવડી રકમ ચડાવશો ને! આજ કાલ વસન્તરાવને મળીશ પણ પેલા ત્રણ હજારનું ભૂલશો નહી. જરૂર હો. વિનાયકરાવને કહેજો કે ૨૫ મી પહેલાં જોઇએ.

ત્રણ હજાર નાની રકમ નથી. એટલી રકમ સંભાળી ચલાવો તો તમે ઘણી ઘણીઆણી એક વર્ષ નભાવી શકો.

બરાબર. હવે હું કરકસરથી ચલાવીશ. પણ આટલી વાર છૂટું તો બસ.

વાસુદેવ ! ત્રણ હજાર શામાટે જોઇએ છીએ ? જુગારમાં હારી આવ્યા તો નથીને !

વાસુદેવે ડોકું હલાવ્યું.

હું ધારતો હતો કે જુગારનો છંદ મૂકી દીધો હશે.

ફિકર ન રાખો. હવે હું રમવાનો નથી ને ખોવાનોયે નથી. રમું તો ખોઉંને. વળી એ ત્રણ હજાર તો કયારે ને કેમ ખોયા તેનું તો મ્હને ભાન પણ નથી. ભાન હત તો ખુવત નહી.

એટલે.

એટલે કે બેચાર દોસ્તોના આગ્રહથી પ્રસાદી વધારે લેવાઈ હતી.

પણ કયાં ?

ગ્રાન્ટરોડ કલબમાં એક રાતના જઇ ચડયો—એકાદ બે રમત રમ્યો ને હાર્યો. થાક લાગવાથી બધાએ દારૂ મંગાવ્યો. સરખે સરખા ભેગા થયા એટલે પીવાયો વધારે. ઘેનમાં કોચમાં પડયો હતો ત્યાં સૂતો. પછી કયારે ઉઠયો ને કયારે રમ્યો તે સાંભરતું નથી. પણ બીજે દીવસે કાવસ મારી પાસે આવ્યો ને મ્હારે ત્રણ હજાર રૂપીઆ આપવાના છે એમ કહ્યું. મ્હેં પહેલાં તો માન્યુ નહી પણ પછી માનવું પડયું.

તમને ખબર છે કે કાવસ જુઠું બોલતો નથી. તમે રમ્યા હશો.

ખાત્રી છે. મ્હારા પોતાના અક્ષર—મ્હારી પોતાની સહીથી લખત કરાવી લીધું છે પછી શું ? પેસુ પસ્તાકીયા પાસે કાગળ હતો.

પેસુ પસ્તાકીયો—પેલો જુગારખાનાનો કીડો. વાસુદેવ ! એવાથી દૂર રહેજો નહી તો—

મને પણ પેસુ ગમતો નથી—લુચ્ચો છે. વકીલ છે ખરૂ.

હતો. પણ એની સનદ લઈ લીધી છે. અત્યારે તો જુગારખાનામાં વકીલાત કરે છે.

હું, તેમાં ત્યારે ગ્રાન્ટરોડ કલબમાં વારંવાર દેખાય છે.

શું પેસુ તમારા પૈસા જીત્યો.

હું ધારૂ છું કે એજ હોવો જોઇએ; કારણ શું થયું ત્હેનું મને જરાયે ભાન નથી.

પણ સહી કરી છે તે કાંક તો સાંભરતું હશે.

નારે કાંઇજ નહી. કલબમાં ગયો તે સાંભરે છે. ત્યાં સખારામ દેસાઇ ને હીરો હતા. મ્હે પહેલાં પીકમી અપ લીધું, પછી જરાક દારૂ પીધો એ સાંભરે છે. કોચમાં સૂતો એપણ સાંભરે છે. બીજે દિવસે સવારે ઉઠયો એ જાણું છું. પાછળથી વામન ને બીજા બે ત્રણ જણ આવ્યા હતા એમ કહે છે.

ઠીક છે.

સાહેબજી.

પણ ભૂલશો નહી—

પ્રકરણ ૧૨ મું.

માંગણી.

હૃદયની મળે કાંઇ જો દયા
શરણ જે પડ્યું તે દુખી ન તો
કલાપી

વાસુદેવ સોલીસીટરની ઓફીસમાંથી નિકળ્યો ને વસન્તરાવ, વિનાયકરાવ આવ્યા. લતીફ વાક્ય જોઇ બેઠો હતો. તે ને વિનાયકરાવ વાત કરતા હતા ત્યાં વસન્તરાવ અને લક્ષ્મણરાવ એકલા પડયા. મોહિનીના વસન્ત અને સુધાના વસન્તમાં ઘણો ફેર હતો. સુધાનો વસન્ત વનમાં કલ્લોલ કરતાં પક્ષી જેવો આનંદી, હસમુખો, લાલબૂમ હતો. મોહિનીનો વસન્ત ચિંતાથી ખવાયેલો, અશક્ત, નિરાશ અને નિઃસત્વ લાગતો હતો. વામન–દત્તુ–બાબુના મુંબાઇના ભવાડા, લેણદારોનાં બીલ દરરોજ વસન્તરાવ ઉપર આવતાં અને એની ચિન્તામાં વધારો કરતાં. ભદ્રા, ડાહી ભદ્રા, વાસુદેવના મીઠા શબ્દોથી, એની જાગીરથી મોહી હતી. મોહિની ભદ્રાને ઘરમાંથી પતાવવા વાસુદેવ સાથે જેમ બને તેમ વ્હેલાં લગ્ન કરી નાંખવા ઇચ્છતી. ભદ્રા વાસુદેવને પરણી સુખી નહી થાય એમ માનતી છતાં ઉમર લાયક કન્યા, સ્વતંત્ર વિચાર કરવા લાયક થયેલી ભદ્રાને મરજીમાં આવે ત્યાં પરણવા દેવા ના કેમ કહેવાય! આખા સંસાર અરણ્યમાં આશ્વાસનનું કોઇ સ્થાન હોય તો તે જયન્ત હતો.

વસન્તરાવ! વાસુદેવ આવ્યા હતા. તમને મળવા ઇચ્છે છે.

શામાટે.

ભદ્રા માટે.

પણ હજી એનું ઠેકાણું તો પડે.

કહે છે કે લગ્નથી તેના ઉપર અંકુશ આવશે.

તદ્દન ખોટું. બીજી કોઈ હોય તો કદાચ માનું પણ ભદ્રાથી કાંઇજ ન બને. વાસુદેવ દેવાદાર છે, એને વ્યસન છે એ ભદ્રા માનતી નથી. વાસુદેવ ઉપરથી મન ઉઠાવવા કહીયે છીએ ત્યારે એમ ધારે છે કે આપણે રાજી નથી શું કરવું. બોલો.

હું ધારૂં છું કે વાસુદેવનું કહેવું છેક ખોટું નથી. હાલમાં ઘેર રહેવાને, વ્હેલા ઘેર આવવા કાંઇ આકર્ષણ નથી. પરણ્યા પછી ઘરની તજવીજ કરવાની હોવાથી કદાચ ઠેકાણે આવે.

કદાચ આવે એ ઉપરથી મ્હારી છોકરીને કુવામાં નાખું નહી. બે વરસ વાટય જોવા તૈયાર છું. સુધર્યા એમ ખાત્રી થશે કે તરત પરણાવીશ. એનું દેવું વાળવા હરકત નથી પણ દારૂ નહી પીએ, જુગાર નહી રમે એની ખાત્રી શી.

તમે જો ભદ્રાને કાંઇ આપો તો કાબુમાં રહે.

આપવાને વાંધો નથી. સુધાના દસ હજાર ભદ્રાનાજ છે. પણ પરણ્યા પછી વાસુદેવ એ રૂપીઆ ઉરાડી દે તો! માટે હમણાં લગ્નની વાત નહી. વળી હાલમાં છોકરાઓ પણ જેમ ફાવે તેમ રૂપીઆ ઉરાડવા બેઠા છે.

ખરેખર. ઘડપણમાં પણ ત્હમને છોકરાં તરફથી આશાયેશ નજ મળી.

હું એમ ધારૂં છું કે આજકાલના જુવાનીયાને મોજ શોખ એ જરૂરની વાત લાગે છે. અમારા વખતમાં અમે કેવી મુશીબતો વેઠતા એનું એમને ભાનજ નથી.

સાહેબ! તમારી અને એ છોકરાઓની સ્થિતિ ક્યાં સરખાવો છો. તમે તમારા પિતાના હાથ નીચે ઉછર્યા હતા. આ છોકરાઓ એકલા ને મુંબાઈ જેવા શહેરમાં ઉછર્યા છે. કોલેજ રેસીડેન્સીમાં રહેવાનું કહ્યું તે મન માન્યું નહિ. ત્યાં તો હાઉસમાસ્તરના કક્ષામાં રહેવું પડે. ખાનગી હોસ્ટેલો અગર ચાલોમાં તો જેમ કરવું હોય તેમ ફાવે. મનમાં આવે ત્યાં ને ત્યારે અવાય જવાય. નાટક ચેટક હોટલમાં જવાની સ્વતંત્રતા મળે પછી પૂછવુંજ શું. છોકરાંને મુંબાઇ અભ્યાસ માટે મોકલવાનો ઘણાને મોહ હોય છે પણ ખરૂં પૂછાવો તો જ્યાં સૂધી અંગત દેખરેખ રાખનાર હોય ત્યાં સૂધી અપરિપક્વ મનના યુવાનોને મુંબાઇ રાખવા એ ભય ભરેલું છે. ગામમાં ને ગામમાં પણ એજ. જ્યાં સૂધી છોકરાંને એમ ન થાય કે ચાલો ઘેર જોઇએ. ઘર આગળ ભાઈ, બાપ, મા વાટય જોતાં હશે, સાંજ સવાર સાથે બેસીશું ત્યાં સૂધી એમજ થવાનું. પૈસા કમાવામાં, બીજાનાં છોકરાં સારા કરવામાં ઘરનાં છોકરાં તરફ દુર્લક્ષ રહે; એક ઘડી કુટુમ્બસાથે બેસી આનંદ અને શાન્તિથી વાતો ન કરે પછી છોકરાં બગડે એમાં નવાઈ શી!

એજ વાંકે વાસુદેવ બગડયો ને ઘણા બાલકો બગડે છે.

લક્ષ્મણશેઠ! ત્હમે કહોછો તેમાં ઘણું સત્ય છે. ઘણું શું પણ રજે રજ ખરૂં છે. જ્યાં સૂધી માણસ ઠરેલ ન હોય, સારા સારનો વિચાર કરી શકતો ન હોય ત્યાં સૂધી મુંબાઇ જેવા આકર્ષણોથી ભરપૂર શહેરમાં એકલો નજ મોકલવો.

એ બધાનો આધાર માતા ઉપર છે. જો માતા ઘર આકર્ષક કરી શકે, સાંજસવાર છોકરાં ઘર આવે કે

ખાવાનું આનંદ, હાસ્યવિનોદ પ્રેમ જુવે તો છોકરાંને બ્હાર જવાનુ મનજ થાય નહી. આતો મા કે બાપ એકકે ઘેર મળે નહી. ઘેર હોય તો છોકરાં સામું ન જુવે, છોકરાંને કદાપિ કાંઈ ખાવાનું મન થાય તો સાફ ના પાડે કે ધમકાવે. એના નિશાળના દોસ્તો આવે તો ધુત્કારી કાઢી મૂકે. આમ થાય પછી છોકરાંને ઘરમાં શેનો આનંદ પડે!

લક્ષ્મણશેઠના આ શબ્દો વસન્તરાવના હૃદયમાં બરાબર લાગ્યા. સુધા સાંભરી. સુધાના સમયમાં સાંજના છ વાગતાં સુધા ગમે ત્યાં હોય છતાં ઘેર આવતી. પચીસવાર બ્હારીએ અને નીચે વસન્તરાવની વાટય જોતી ઉભી રહેતી. આવતાં વારજ–દેખતાં વારજ એનું હૈયું ઉછળતું. નેત્રમાં આનંદ વરસતો. ન આવે તો કાંઇ કાંઇ થઈ જતું. એક દિવસ ચાહ પુરી તો બીજે દિવસે શંકરપારા, ત્રીજે દિવસે તળેલા મમરા. આમ પતિને થાકયા પાકયા આવતાં બધી રીતે સંતોષ આપવા પ્રયત્ન કરતી. જયન્ત., ભદ્રા પણ ઘેર આવવા તલપી રહેતાં. મા–બાપ ને છોકરાં ભેગાં બેશી નિશાળ ચોપડી, કોઇ સારા નાટકની, કોઈ જોવા લાયક સ્થળની કે કોઇ જાણવા જેવા બનાવની વાતો કરતાં. ખાવાનું મન થતાં વખતો વખત સુધા કરી આપતી જેથી બજારનું ગમે તેવું ખવડાવી છોકરાં માંદા ન પડે એજ ઉદ્દેશ હતો. એ દિવસો કયાં ને મોહિનીના દિવસો કયાં? મોહિનીનો સ્વભાવ એવો હતો. એનું વર્તન, એનો સ્નેહજ એવો હતો કે છોકરાંને જેમ બને તેમ બ્હાર રહેવાનું, બ્હાર જવાનુંજ મન થતું. છોકરાં આવતાંજ નહી. આવતાં વારજ કંકાસ ફરિયાદ

લક્ષ્મણશેઠ! સુધા તે સુધાજ હતી. પરમેશ્વર હવે તો મારા ઉપર દયા કરે ને છોકરાંને ઠેકાણે લાવે તો સારૂ.

અત્યારે કાંઈ જવું છે?

હા. બાબુ કયાં મળ્યો છે! હું આવ્યો છું એ જાણે છે છતાં મળવા આવવાની એને ફુરસદ કયાં મળી છે!

હવે તો એ ઘેર આવશે ને!

હા. એને કારખાનામાં દાખલ કરવો છે.

આજ તમે ને છોકરાં આપણે ઘેરજ જમવાનું રાખજો કારણ ઘરમાંથી મ્હને ખાસ કહ્યું છે.

એની શી જરૂર હતી. બાબુને કહીશ પણ વામન, દત્તુનો પત્તો કયાં? તેમાં દત્તુના તો દેદારપણ જોયા નથી.

વસન્તરાવ બ્હાર ગયો ને વિનાયકરાવ લતીફનું કામ પરવારી લક્ષ્મણરાવપાસે આવ્યો.

લક્ષ્મણ! વામનનું દિવસે દિવસે કામ બગડતું જાય છે.

વળી કાંઇ નવી જુની છે.

અરે, બાપે મુંબાઈ નોકરી કરવા મોકલ્યા. ખોટી સહીઓ કરતા શિખ્યા છે. કોઇ દિવસ જંજીરાં પહેરશે ને બાપની આબરૂ ધૂળ મેળવશે.

એ ભાઈ પણ દારૂની લતમાં ચડયા છે કે?

એની સહીજ કહી આપે છે. એના અક્ષર કેવા સારા હતા. આ સહી જાણે ધ્રુજતે હાથે કરી હોય એમ લાગેછે. આજ સવારેજ એની સાથે વાત કરતાં મ્હારૂ માથું ફાટી ગયું. મુંબાઈમાં છોકરાંઓ બગડી જાય છે. મ્હારો પરશુરામ પણ એ ચાળે ચ્હડયો છે. એમાંને એમાંજ ગયે મહિને મ્હારે સો રૂપીઆ આપવા પડયા. સોલીસીટરના દિકરાને કોણ ઉધાર ન આપે! આ દારૂ બીડીનાં બીલ ન આપીયે તો નાહક ફજેતી.

શું તમારો પરશુરામ પણ—

હા. ભાઇ, હા. એજ, બીજો નહી. એ બધા બરાબર ભણ્યા. વકીલ–દાકતરની જોડી થશે. કોઇને કાંઇને બદલે કાંઇ ન આપે તો બસ. આજની નિશાળોજ ખરાબ છે. માસ્તરો પગાર ખાય, પણ છોકરાં ઉપર જરાયે દેખરેખ રાખવી છે! આપણે કામ ધંધામાંથી પરવારીયે ત્યારે તપાસ રાખીયેને! માસ્તરોની ફરજ છે કે છોકરાં ન બગડે એ સંભાળે. નમુનાદાર નિશાળ ન થાય તો નિશાળ શાની. ચાળીશ ચાળીશના પગાર ખાય ને માસ્તરો છોકરાં ઉપર ધ્યાન ન આપે.

ખરે, કોલેજો ને નિશાળનાં ખર્ચ વધી ગયાં છે. કોઇને ભણાવતાંજ આવડતું નથી. આ વસન્તરાવ વર્ષો થયાં ગધ્ધા વૈતરૂં કરી પૈસા કમાયા ત્યારે દિકરા એવા ઉડયા કે તળીયાં ઝાટક કરવા બેઠા. હુંજ. ખાધાના નહી–પીધાના નહી. રાત દિવસ નીચું માથું રાખી કામ કરીયે છીએ ત્યારે માંડ બે પૈસા મળે છે ને દિકરાને મનથી હિસાબ નથી. આપણે સો કમાઇએ ને દિકરા બસો ખર્ચે એ દિવાળાનોજ રસ્તો ને.

વિનાયકરાવ! એ વાંક આપણોજ છે. મારૂં તો એમ માનવું છે, આટલા પૈસા છે એ છોકરાંને જણાવવુંજ ન જોઇએ. જન્મતાં વાર આયા, રખેને ભાઇ પડી જાય એ બ્હીકે દાદર ચડાવતાં ઉતારતાં માણસો, નિશાળે લઇ જવા લાવવા માણસો, ચાહ પાણી, ગાડી ઘોડા એ વિચાર નાનપણથી ઠસે, ઠસાવાય પછી છોકરાંના મનથી બાપા પૈસાદાર છે, દલ્લો છે એમ થાયજ. આત્મબળ શિવાય કાંઈ નથી એવું ઠસાવવાની બહુજ જરૂર છે. મ્હારા પિતા પાસે કાંઇ નથી. ભણીશું તોજ ખાઈશું ને તોજ પરણીશું એ વિચાર ઠસાવેલા હોવાથી આજે મ્હારી આ સ્થિતિ છે.

વસન્તરાવના ત્રણે છોકરાં એમ જાણે છે કે બાપા લખેશ્વરી છે અને હજી કમાય છે પછી શું કામ ન ખરચીયે. જો આમ ન હત તો જૂદા હત.

વિનાયક મુગો મુગો લક્ષ્મણશેઠની વાત સાંભળ્યા કરતો હતો. વસન્તરાવના છોકરાના ભવાડા નજરે જોયા. પોતાના પરશુરામ પણ એજ કોટીમાં હતા એટલે વાત ઉરાડી.

કોઈ આવ્યું હતું લક્ષ્મણરાવ?

હા. વાસુદેવ!

વળી શું છે!

શું હોય, પૈસા. ત્રણ હજાર રૂપીઆ જોઇએ છીએ.

ત્રણ હજાર! શામાટે

હા. ત્રણ હજાર. ગ્રાંટરોડ કલબમાં.

શું જુગાર! પૈસો! જ્યાં જોઉં ત્યાં પૈસાની મારામારી. વામનને રૂપીઆ જોઇએ, દત્તુભાઇની એજ બૂમ. બાબુનું એજ, પરશરામને પૈસા, અને અહીં વાસુદેવશેઠ પણ પૈસાવિના હેરાન થાય છે. પણ એણે ધાર્યું છે શું? રહેવાને ઝુંપડીએ રાખવી છે કે, રામ રામ. ત્રણ હજાર કયાં ગુમાવ્યા?

સાહેબ જુગારખાનામાં પીને પડયા હતા તે ઘેનમાં હાર્યા.

વળી દારૂ—પારસી—પરભુનું દારૂએ સત્યાનાશ વાળ્યું. મીલમજુરો દારૂમાં પાયમાલ થાય છે. સમજશે નહિ તો ગુજરાતી ભાઇઓની પણ એજ સ્થિતિ. વામનને પૂછીયે કે પૈસા કયાં ખોયા તો કહે દારૂમાં. દત્તુ, પરશરામ દારૂમાં મશગુલ.

વિનાયકરાવ દારૂની સામે આમ બડફાં નાખતા હતા તે વખતે એમને સાંભરતું ન હોતું કે પોતે દરરોજ પેગ ઉપર પેગ લેતા હતા.

પણ સહી કરવાનું સૂઝે, ને કેમ ખોયા એનું ભાન નહી એ કેમ મનાય.

મને પણ એજ થાય છે. પેસુ મળ્યો પછી શું.

પેસુ પસ્તાકીયો! એવાની સાથે વાસુદેવ! પેસુ! એની ઘડી સાથે બેસાય કેમ! દારૂમાં ટાઇટનો ટાઇટ. સ્ત્રીઓની હાલતે ચાલતે મશ્કરી. આખું જીવન વ્યભિચારમાં ને એનાજ વિચારમાં ગાળ્યું છે. જુગારમાં પહેલો. આવાની સાથે હરેફરે, મિત્ર તરીકે વર્તે પછી લોકો કેમ વાતો ન કરે! પોતે ગમે તેવા સારા હોય પણ એવાની સંગતજ બૂરી. પેસુ હશે તો તો કાંઇક કાવતરૂંજ હોવું જોઇએ. ગમે તેમ જો પેસુને પૈસા ન મળ્યા તો વાસુદેવને જીવવું ભારે પડશે.

સંધ્યાકાળ પડી અને વસન્તરાવ વગેરે લક્ષ્મણશેઠને ત્યાં જમવા જવાના હતા એટલે લક્ષ્મણ શેઠ ઉઠયા. લક્ષ્મણરાવની પત્નીએ સર્વ તૈયારી કરી રાખી હતી. બાર ચોગાનમાં બંગલાના પાછલા ભાગમાં લોનટેનીસ ગ્રાઉન્ડ ઉપર રંગોળી પૂરી પાટલા ગોઠવ્યા હતા. દરેક પાટલાપાસે અગરબતી સળગતી હતી. રૂપાના લોટા, કેળાંનાં પાંદડાં, અને રૂપાના વાડકા ગોઠવ્યા હતા. ભદ્રા, મોહિની વગેરે આવી ગયાં હતાં અને બાગમાં હીંચકા ઉપર બેસી બીજાની આવવાની વાટય જોતાં હતાં. લક્ષ્મણે આવીને પત્નીને પુછયું.

વસન્તરાવ નથી આવ્યા! એનો ઉત્તર મોહિનીએ આપ્યો.

ના. હજી નથી આવ્યા. વામન મળ્યો!

મને તો નથી મળ્યો પણ વસન્તરાવને મળ્યો હશે.

અમે ગામમાં આવ્યાં છીએ ને છોકરાં મળવા સરખાંએ આવે નહી એ કેવું ? કે પછી જયન્તભાઇના ડહાપણમાં ગાંઠીયા પડયા કે ખબરજ કરી ન હોય.

જયન્તનું બોલાતું ભદ્રાથી સંભળાયું નહી પણ પરદેશમાં પારકા ઘરમાં હોંસાતોશી કરવી ઠીક નહી માની મુગી રહી. એટલામાં લક્ષ્મણનાં બે છોકરાંએ મારામારી કરી અને ગાળોગાળી ઉપર આવ્યાં. પરશરામ ઉભા થઇ બન્નેને માર્યાં ને ઓરડામાં પુર્યાં. છોકરાંએ અંદરથી બારણા હચમચાવી મૂકયાં.

આ બૂમરાણ ચાલતી હતી ત્યાં વસન્તરાવ અને બાબુ આવ્યા. જમવા બેસવાની તૈયારી કરતા હતા ત્યાં દત્તુ આવ્યો.

દત્તુ! આખું મુંબાઈ ખોળતાં મ્હારા તો પગે રહી ગયા. ચાર વખત ત્હારી ઓરડીએ આવી ગયો પણ પત્તોજ નહી. કયાં ગયો તો!

હું તો હોસ્પીટલમાં હતો. માફ કરો મારે ખાવું નથી. હું જમીને આવ્યો છું. મ્હને ચીઠી છેક સાંજના મળી એટલે મને લાગ્યું કે હવે તો પરવારી ગયાં હશો ધારી જમીને આવ્યો. ભદ્રા! તું તો મ્હોટી બાયડી થઈ ગઈ હોં!

આ શબ્દો, દત્તુની બોલવાની ઢબ ભદ્રાને અયોગ્ય, વિવેકહીન લાગી.

દત્તુ! આંઘો જા. મ્હોં ગંધાય છે. બીડી પીધી છે કે શું.

દત્તુ પહેલાં તો કાંઇક ચ્હીડાયો, બધાની વચમાં હલકો પાડે છે એમ લાગ્યું પણ જ્યારે બીડીની વાત આવી ત્યારે ખડખડાટ હસી પડયો ને બોલ્યો–

બા! મ્હારે બદલે તું હોસ્પીટલમાં આવે અને ત્હારે મડદાં ચીરવાનું આવે ત્યારેજ ખબર પડે અને હું ખાત્રીથી કહું છું કે તું પણ બીડી પીધાવિના ન રહે. ખાતી વખત મડદાં ચીરવાની વાત કરવી પડે છે તે મ્હને પણ ઠીક નથી લાગતું. અમારે કેવું કામ કરવાનું હોય છે તે અમેજ જાણીયે. દાકતરના અભ્યાસ કરનાર વિદ્યાર્થીએ સીગાર પીવીજ જોઇએ એવો મ્હારો અભિપ્રાય છે. મેડીકલ કોલેજમાં આમ ચોખ્ખો રહેવા માગે તેણે ખાત્રી રાખવી કે પ્લેગ કે એવા ચેપી રોગમાં જરૂર સપડાવાનો.

દત્તુ! હવે કેટલાં વરસ બાકી રહયાં!

નવેમ્બરમાં છેલ્લી પરીક્ષા આપવાની. M. B. થવાની.

પછી નોકરી કરીશ કે પ્રેકટીસ.

નોકરી કોણ કરે! મુંબાઇમાંજ દુકાન ઉઘાડવાનો. મુંબાઇમાં સુપ્રસિધ્ધ દાકતરને પછાત પાડીશ અને તું જોઇ રહીશ. સર દત્તાત્રય વસન્તરાવ લાનોલીકર, એમ. બી., થવું તો મ્હોટાં થવું નહિ તો જીવવું નહી

દત્તુ! ત્હારી મહેચ્છા પ્રભુ પાર પાડે. તું જરા ડાહયો રહે ને ઠરેલ થાય તો તો બધું કરે એવો છે.

મમા! હવે હું ઠરેલ થવાનો.

અગીઆર વાગી ગયા પણ વામન આવ્યો નહી. હવે આવવાનો નથી અને રાહ જોવી નકામી છે એમ માની નિરાશ થતાં હતાં ત્યાં પગલાં સંભળાયાં ને મોહિની પ્રફુલ્લિત થઈ.

વામનશિવાય કોઇજ નહિ. હું જાણું છું એ આવ્યાવિના રહેજ નહીં.

વાતો બંધ રહી—બધાની નજર બારણા તરફ ગઈ પણ ન મળે વામન કે ન મળે કોઈ. મોહિની નાશીપાસ થઈ આરામ ખુરશી ઉપર પડી ત્યાં વામન દાખલ થયો. વામન પોલીસ ઇન્સ્પેકટરના પોશાકમાં હતો. તલવાર લટકતી હતી. સફેત ડ્રેસ પહેર્યો હતો. મૂળ ગૌર વદનનો, દેખાવડો અને કદાવર અને વિશેષમાં ઓફીસરનો ડ્રેસ પહેર્યો હતો એટલે વામનને જોતાંજ જોનારની આંખ ઠરે એમ હતું. મોહિની આમ પોતાના વ્હાલા દિકરાને ઓફીસરના વેશમાં જોઇ ઘડીભર જોઇ રહી અને જરાક ગર્વિષ્ઠ નજરથી સંતોષાઈ.

વામન! આવ્યો! બહુ વાટય જોવડાવી. પણ-તારી વાતો બહુ થાય છે. તું જરા વધારે ખરચ કરેછે એ વાત ખરી!

આવ્યા મળવા ત્યાં બેસાડયા દળવા. ત્હારે શરીરે કેમ છે એ વાત તો રહી ને તું પૈસા ઉડાવેછે એ વાત પહેલી. તમે મ્હારાં સગાં નથી પણ પૈસાનાં છો. ને બા! બીજાં તો ઠીક પણ તુંએ એમ બોલે. એમ વાતો માનીશ તો આરો કયાં આવશે! અદેખા લોક ગમે તેમ બોલે.

ભાઈ! હું તો કાંઈ માનું એમ નથી પણ તારા બાપ તારા કાગળો આવે ત્યારે બબડે ત્યારે ખબર પડે. જયન્ત પણ કહેતો હતો કે વામન અને દત્તુ મુંબાઇમાં બહુ ખર્ચે છે.

એમને તો ટેવ પડી. ઘરડા થયા એટલે બબડે. જયન્ત શું કામ ન બોલે! રખેને મ્હારા કરતાં વામન-દત્તુને વધારે દલ્લો મળે એ અદેખાઇ. પગાર કરતાં વધારે ખરચ ન થાય! હું કયાં મારે માટે કરૂં છું! હું કોનો છોકરો તે લોકો જાણેછે, મ્હારી નોકરી, મ્હારા કુટુંબની આબરૂ પ્રમાણે મારે ખર્ચ કરવુંજ પડે. હું કોઇ-ને ત્યાં ખાઈ આવું ને મ્હારે ન ખવડાવવું?

કારખાનામાં એકના એકવીસ કમાય છે તો પછી મ્હારે માટે પાંચ રૂપીઆ ખરચતાં શાના બૂમ પાડે છે!

મોહિની પુત્રના વિચારને અક્ષરશઃ મળતી આવી. આટલી આવક છતાં છોકરાં ખરચે તેમાં બૂમ શી પાડવી? દત્તુ અને વામનના ચહેરા સામુજ જોઇ રહી. આ છોકરા ખરાબ! હોયજ નહિ. એમનાં શરીર તો જુવો. જયન્ત કેવો લાલ બૂમ છે અને આ છોકરા કેવા દુબળા છે. લોકો મ્હારા છોકરા ઉપર અદેખાઈજ કરે છે. જાણી જોઇને જ હલકા પાડે છે. ઘરનાજ—એ અને જયન્તજ વાંકુ બોલે પછી બીજાને શું? આમ મોહિનીની વિચાર-માલા ચાલી.

બાર વાગ્યા અને સઘળાં વિખરાયાં વામન, દત્તુ, મોહિની, વસન્ત અને ભદ્રા લક્ષ્મણશેઠની રજા લઇ નિકળ્યાં. વામન, દત્તુને બંગલે જવું ન હોતું. વામને ડયુટીનું અને દત્તુએ વૉર્ડનું બ્હાનું કહાડયું એટલે બીજે દિવસે મળવાનું કહી છૂટા પડયા. વસન્તરાવ જ્યારે જ્યારે મુંબાઇ આવતો ત્યારે ચોપાટી ઉપર વીલ્સન કોલેજની સાઇડમાં આવેલા બંગલામાં ઉતરતો. આ બંગલાનું ભાડું કાયમ આપતો; ઘાટી માળી રાખતો અને વાસણ સીધા સામાનની બધી સવડ રાખતો એટલે કોઇ પણ તરેહની હરકત વેઠવી પડતી નહી.

છોકરાની, મુંબાઇની, લાનોલીની, કારખાનાની વાતો કરતાં બધાં સૂઈ ગયાં. બીજે દિવસે સવારના આઠ વાગ્યાની અંદર મોટોરમાં વાસુદેવ આવ્યો. વસન્ત, જયન્ત અને મોહિની ચાહ પીતાં હતાં. મોહિની દ્રવ્યવાન મ્હોટા માણસથી અંજાઈ જતી અને વાસુદેવના આગમનથી ખુશ થઈ ત્યારે જયન્ત અને વસન્તરાવ સહજ ખિન્ન થયા. સામાન્ય આદરસત્કાર થયા પછી વસન્તરાવ બોલ્યા.

કેમ વાસુદેવ! અત્યારના પોરમાં ક્યાંથી?

જી. આપને એક વાત કહેવી છે. જરૂરની છે.

મોહિની અને જયન્તથી મ્હારે કાંઇ છાનું નથી માટે બેલાશક કહો.

સાહેબ! આપ જાણો છો કે હું દેસાઈ છું ને જયન્ત સાથે કોલેજમાં હતો. જાગીર તકરારમાં છે ખરી પણ આપ જાણુતાજ હશો કે હાઈકોર્ટ મારા લાભમાંજ ચુકાદો આપશે. આમ છે તો પછી આપની પુત્રી—

હાં, સમજ્યો. ત્હમારા જેવા સાથે સંબંધ બાંધતાં મ્હને આનંદ થાય એમ છે પણ હાલમાં કાંઇ બને એમ નથી. ભદ્રા હજી મ્હારી નજરમાં ન્હાની છે. પોતે પસંદ કરે એવી એની શક્તિ નથી. માબાપની સંમતીની જરૂર હું માનું છું. સ્વતંત્રતા–સ્વચ્છંદાઇ કરે એ હું ઇચ્છતો નથી.

પણ આપને વાંધો શું છે?

વાંધો!

એટલામાં મોહિની વચમાં બોલી. વાસુદેવભાઇ! વાંધો હોયજ નહી. અમારો વિચાર ત્હમનેજ દેવાનો છે. આવતી સાલ—

મોહિની! અત્યારે તું ન બોલ, મ્હારે મ્હારી છોકરીને દેસાઇણનું પદ નથી અપાવવું. વાસુદેવ! પહેલાં તમે તમારી ટેવો સુધારો પછી લગ્નની વાત. જેટલી તમારી વાતો સાંભળીએ છીએ ને ખરી હોય તો મ્હારી ભદ્રા ત્હમને પરણી સુખી થાયજ નહી.

પણ ત્હમને કહ્યું કોણે! ખરાબ ટેવો! તમારા પોતાનાજ છોકરાઓ કેટલા સારા છે તે જાણો છો! ને એ ટેવો હશે તોપણ લગ્ન પછી તરત જતી રહેશે.

વસન્ત! વાસુદેવનું કહેવું વ્યાજબી છે. ભદ્રા એ ટેવો છોડાવશે. આજકાલ એ ટેવો કાંઇ પાપ નથી મનાતું. સોસાયટીમાં ફરવા હરવા, ગમે ત્હેની સાથે મળવા મુકવા સીગાર, માફકસર દારૂ અને રમત ગમત જરૂરના છે.

તે હશે. પણ મ્હારે ન જોઇએ. ભદ્રા–એકની એક ભદ્રાને દુઃખી નહી કરૂં. સુધાના આત્માને સંતોષીશ.

પણ વસન્તરાવ! ભદ્રા મ્હને ઓળખે છે, મ્હારે માટે લાગણી છે અને ના કહેશો તો દીલગીર થશે.

એ બિચારી ભોળીને તમે ભરમાવી છે. ત્હમે કોણ છો, કેટલામાં છો તે બીચારી જાણતી નથી. પણ જાણશે ત્યારે સમજશે.

ત્યારે ત્હમે ના કહો છો.

હાજી. હમણાં તો એમાંજ.

વારૂ. ભદ્રાને બે મીનીટ મળવા દેશો.—આ વાત જયન્ત ને પાલવતી ન હોતી. મોહિનીને વાંધો ન હોતો.

હા એમાં શું! ભલે પાંચ મીનીટ મળે.

પિતાજી. ના. પાંચ મીનીટ તો શું પણ મીનીટ નહી. પાછળથી પસ્તાવો થશે.

જયન્ત! એમાં તું શું સમજે. એમાં શાનો પસ્તાવો થાય છે! વાસુદેવ જેવા એક સભ્ય ગૃહસ્થ માટે શંકા આવેજ કેમ! અને ભદ્રા કાંઈ નાનું છોકરૂં નથી કે કોઈ ઉપાડી જશે. વસન્ત, સ્વભાવથીજ નમ્ર વસન્ત કાંઇજ બોલી શકયો નહી અને જયન્તની ઇચ્છા વિરૂધ્ધ વાસુદેવ ભદ્રાને મળ્યો.

પ્રકરણ ૧૩ મું.

નિરાશા.

ન જેને ઠામ છે ઠરવા, ઉની ઝાળોથી ઉગરવા
બીની મીઠી હુંફે ઠરવા, કહી મારૂં છે આ મારૂં

મણીલાલ

વાસુદેવે ભદ્રાની સાથે શી વાત કરી તે કોઇને ખબર પડી નહી. ભદ્રાની આશા હાલમાં તો ન રાખવી એ વસન્ત સાથેની વાતનો મુદ્દો હતો. વાસુદેવ જ્યાં સૂધી દેવામાંથી પતે નહિ, દારૂ જુગારની લત છોડે નહી, ત્યાં સૂધી ભદ્રાની સાથે લગ્નના વિચાર માંડી વાળવા. વાસુદેવને આ ઘા સખ્ત હતો. ત્હેની આશાઓ ચૂર્ણ થઈ ગઇ –એની પ્રેમ ભાવના કચરાઈ ગઇ–એની કોમળ વૃત્તિઓ છુંદાઇ ગઈ. વિનાયક સોલીસીટર તરફથી હજી ત્રણ હજાર રૂપીઆ મળ્યા ન હોતા. ૨૫ મી તારીખ આવી. પેસુ પસ્તાકીચો ફજેતો કરશે તો–વિનાયક ન આપે તો. લગ્ન પછી ભદ્રા પાસેથી સારી રકમ મળવાની આશા હતી. ભદ્રાના પોતાના દસ હજાર હતા. એમાંથી ભદ્રા ત્રણ હજાર જરૂર આપશે. નહી આપે તો ગમે તેમ કરી લઇશ. ભદ્રાની સાથે શાન્ત જીવન ગાળીશ. આવી આવી કલ્પનામાં વાસુદેવ દિવસ ગાળતો હતો. સોલીસીટરને ત્યાં ખબર પડી કે વસન્તરાવનું કુટુમ્બ મુંબાઈ આવ્યું છે ત્યારે ભદ્રાને નજર આગળ, પોતાની પત્ની તરીકે ઉભેલી સ્વપ્નામાં દેખવા લાગ્યો. વસન્તરાવ કયારે મળે ને કયારે ભદ્રાના હાથની માંગણી કરૂં એમ થતું હતું. વાસુદેવને આખી રાત ઉંઘ આવી નહી. વહાણું વાતાંજ વસન્તરાવને બંગલે ગયો. તે દિવસે વાસુદેવે સારામાં સારો પોશાક પહેર્યો હતો. સવારમાં ઉઠી નાહી

ધોઈ ડ્રેસ પહેરતાં બરાબર બે કલાક કર્યા હતા. વાસુ-
દેવ વહેમી ન હોતો છતાં હિંદુ સમાજમાં ઉછર્યો હતો
એટલે શુકનને માનતો. ઉઠતાંવારજ ગુરૂ દત્તાત્રયનાં દર્શન
કર્યાં, પણ તેજ સાથે સામેથી બીલાડી નજરે પડી. બીલાડી
ઉપર રીસતો એવી ચ્હડી કે જો તે વખતે પાસે તલવાર હત
તો ત્હેના બે કકડા કરત. પણ તલવારને બદલે છૂટો
જોડો માર્યો. જેમ તેમ કરી તૈયાર થયો ને બ્હાર નિકળ્યો
ત્યાં દુધવાળો ભૈયો મળ્યો. દુધના શુકન સારા ગણાતા
ન હોવાથી 'અબી કયું લાયા! અબ હમ બાર જાતે હેં.
અબ દુધકું કયાં કરે' એમ ભૈયાને બે ચાર સંભળાવી.
રસ્તામાંથી મોટોર મંગાવી ચોપાટી ગયો. વસન્તરાવ,
જયન્ત, મોહિની સાથેની મુલાકાત અને જયન્તની ઇચ્છા
વિરૂધ્ધ ભદ્રાનો મિલાપ કર્યો એ આપણે જોઈ ગયા છીએ.
કાંઈજ બન્યુ નથી-હશે ત્યારે બે વર્ષ વાટય જોઈશ, હું
સુધરી ભદ્રાને કેવો ચાહું છું એ બતાવી આપીશ એટલું
કહી ભદ્રાને મળવા ગયો.

ભદ્રાનું ચિત્ત અસ્વસ્થ હતું. ઘરમાં થતી વાતચિત
ઉપરથી વાસુદેવની સાથે લગ્ન થશે કે કેમ તે શંકા હતી.
વાસુદેવ માટે 'જયન્તભાઇને આવો અભિપ્રાય શામાટે
હશે!' વસન્તભાઈ પણ પરણાવવા ના કહે છે ત્યારે
શું થશે! વાસુદેવ જુગારી! ના. ના. એમ કેમ બને!
હું ન જાણું! મ્હને કહયાવિના રહે ખરા! દેવાદાર એ તો
વતન ઉપર દેવું છે ને! આજ દેવું કોને નહિ હોય!
કોઇને પાંચનું તો કોઇને પાંચ હજારનું. કયાં એમણે
વ્યસન કે જુગારમાં દેવું કર્યું છે! વ્યસન! એમને
વ્યસન છેજ કયાં! કોલેજમાં કાંક ટેવ હશે એમ
જયન્તભાઈ કહેતા હતા પણ તે તો અમારામાં કોણ નથી
પીતું! સહેજસાજ તો ચાલે. સુધા બ્હેન ચોખ્ખાં
હતાં કે જયન્તભાઇ છે. તો શામાટે ભાઈ ના કહેતા

હશે, કોણ જાણે! નાજ કહેવી હતી તો આટલા દહાડા સૂધી મ્હને ભરમમાં શું કામ રાખી? એમને ન મળી હત તોએ સારૂં હતું! મોહિની બ્હેન તો મ્હારી તરફ છે. કોણ જાણે કેમ બીજી બધી વાતે મ્હારા સામે પણ આમાં મ્હારી તરફ છે. એમના મનથી હશે કે પરણીને સાસરે જાય તો પીડા ટળે. ગમે તેમ પણ મ્હારી તરફ છે. વાસુદેવ! ત્હમે મ્હને કેટલાં વ્હાલા છો તે મ્હારૂં મન જાણે છે. આજ શું થશે. વાત કરી હશે? હા કહી હોય તો કેવી મજા. જેમ સુધા બ્હેન વસન્તભાઇને રાજી રાખતી તેમ હું મ્હારા વાસુદેવને રાખીશ. વ્યસન! જુગાર! છેજ નહી. ને હોય તોએ હું સુધારીશ. એમનો મ્હારા ઉપર આટલો વ્હાલ હોય પછી શું? પણ કદાચ ના કહી તો! ના નો વિચાર આવતાં ભદ્રા બેહોશ થઇ-ગળગળી થઇ ગઇ. કુંવારી છતાં વૈધવ્યની માનસિક વ્યથા ભોગવવા લાગી. બ્હાર પવનથી બારણાં ખખડતાં કે કોઇનો મોટેથી બોલવાનો અવાજ આવતો તો ચમકતી. રખેને બધા લડી પડે, રખેને એમ ને એમ ચાલતા થાય!

એમ આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતી ભદ્રા પિતાના ક્રોધના, માતાના આશ્વાસનના, વાસુદેવના પ્રેમના શબ્દોના ભણકારા સાંભળતી બેસી રહી. એટલામાં વાસુદેવ આવ્યો. વાસુદેવનો પગરવ સાંભળતાંજ, વાસુદેવને જોતાંજ ભદ્રા એકદમ સામી દોડી અને "કેમ! શું થયું?" ના પ્રશ્નથી વાસુદેવને નવરાવ્યો. "ભદ્રા! મ્હને અડકીશ નહી. ત્હારા ઉપરથી મારો હક આજથી મ્હારે ઉઠાવવો પડેછે. ત્હારા પિતાને-ત્હારા ભાઇને હું ગમતો નથી." આટલા શબ્દ ભદ્રાને કાને પડયા નહિ હોય ત્યાં તો ભદ્રાએ ઠુઠવો મૂકયો અને માથુ વાસુદેવના ખભા ઉપર નાંખી દીધું.

ભદ્રા! ભદ્રા! આમ ગાંડાં થવાય કે? ત્હારા ધૈર્ય ઉપર, ત્હારા પ્રેમ ઉપર તો મ્હારા જીવનનો આધાર છે. ત્હારે માટે બે શું પણ બાર વર્ષ વાટ્ય જોતાં ગભરાવાનો નથી. જો મ્હને સહેજ પણ ઉતાવળ હોયતો તે ત્હારે ખાતરજ. તું મોહિનીપાસે સુખથી રહી શકીશ નહી અને મોહિની ત્હને જંપવા નહિ દે. મ્હને જુગારી, વ્યસની ગણે છે તે માટે ત્હારે ખોટું લગાડવાનું નથી તેમ ગભરાવાનું નથી. વામન, દત્તુ, બાબુ કેવા છે? એ બધા મુંબાઇમાં શું કરે છે?

વાસુદેવ! એમ ન બોલો! ત્હમને કેટલુ થાય છે ને થશે તે હું નથી જાણતી! હું તો મ્હારા બાપને ઘેર સુખમાં છું પણ તમે એક બાજુ કેસની ધાંધળ ને બીજી બાજુ તમે એકલા. કોણ જાણે પેલા જનમના કયા વેરીએ ભાઇને ઠસાવ્યું છે કે તમે ખરાબ છો. મ્હારા સમ! તમે જુગાર રમો છો? દારૂ પીઓછો?

ભદ્રા! તું માને છે! દારૂ! હા, કોલેજમાં પીતો. તારી માની પેઠે પાણી પી રહેતો નથી પણ દારૂ વગર ન ચાલે એમ નહી. કોઇ ઠેકાણે ગયા હોઇએ ને કોઈ આપે તો ના નથી કહેતો; બાકી દારૂમાં ચકચૂર નથી. જુગાર! બે દોસ્તો મળે ને એમ થાય કે પાનાં કે બીલી-યર્ડ રમીયે તે કાંઇ જુગાર કહેવાય! અને ભદ્રા! એ બધુંએ હશે તો એ ત્હારા વ્હાલથી-ત્હારા વ્હાલ આગળ, ત્હારી મનોહર મૂર્તિ મ્હારી પાસે આવશે એટલે ભૂલી જઇશ, પણ ભદ્રા! એ દિવસ કયાં?

ત્યારે વસન્ત ભાઇએ નાજ પાડી ને! હું તો પરણ-વાનીજ નથી. તમે નિરાંતે બીજી ખોળી લો.

ભદ્રા! ત્હારાવિના ક્ષણવાર રહી શકું એમ તું ધારે છે? બીજીને! મ્હારા પ્રેમની પરીક્ષા આવીજ કરી? શું હું

પૈસાનો, રૂપનો પ્યાસી છું ? ભદ્રા ! ભદ્રા ! હું તો ત્હારા પ્રેમનો ભૂખ્યો છું.

ત્યારે શું કરવું ? આમને આમ નિરાશામાં તો મ્હારાથી ઘડી નહિ રહેવાય ! વળી હવે તમે તો નહી આવો. વ્હાણુ વાતાં ત્હમારા ભણકારા વાગતા. ત્હમારા દર્શન—ત્હમારા મધુર શબ્દોની ભૂખ લાગતી અને ત્હમે આવતા, ત્હમે મળતા ત્યારેજ તે ભૂખ તરશ છીપતી. તે તો હવે નહિજ ને !

નાસ્તો. ત્હારા ભાઇએ માંડ માંડ પાંચ મીનીટ વાત કરવા આપી છે. વળી એ તો સામો હતો. ભદ્રા, પ્રિય ભદ્રા ! ત્હારી સાથેજ લગ્નથી, ત્હારા સહુવાસથી હું સુધરત. અને સુધારવા વચન આપ્યું હતું તે આશા આજ નષ્ટ થઇ. ભદ્રા, મ્હને વિસરી જા. પરમેશ્વર ત્હને સુખી રાખે.

વાસુદેવ ! ના. એમને એમ નહી જવા દઉં. કહો, ક્યારે ને ક્યાં મળશો. હું તમારીજ છું. તમારૂં નિરાશ મ્હોં મ્હારાથી નથી જોવાતું—

એટલામાં પાંચ મીનીટ થઇ ગઇ—'વાસુદેવ'.

જયન્તનો ઘાંટો સંભળાયો અને ચક્રવાક ચક્રવાકીને છૂટા પાડનાર અસ્ત થતા સૂર્યના છેલાં કિરણો એકવાર પ્રોત્સાહિત કરે તેમ વાસુદેવ અને ભદ્રા એક બીજાને ભેટયાં. જતાં જતાં વાસુદેવે ભદ્રાના કાનમાં કાંઇ કહ્યું ને ભદ્રા એકદમ ઉત્તેજીત થઇ. એનાં નેત્ર હસવા લાગ્યા. પડતાં પડતાં બચી હોય, મૃત્યુના મુખમાંથી છૂટી હોય, એમ આનંદ થયો. "જરૂર હો !" આટલું કહેતાં વાસુદેવ બારણું ઉઘાડી જયન્તને સલામ પણ કર્યાવિના ચાલ્યો ગયો.

વાસુદેવના ગયા પછી જયન્ત ભદ્રા પાસે ગયો. ભદ્રા–નિરાશ–ભદ્રા ખુરશીમાં પડી પડી રોતી હતી. જે જયન્ત માટે ભદ્રા મરી પડતી, જે જયન્તને જોતાંજ ભદ્રા ધસી આવતી તેજ જયન્ત અત્યારે અકારો થઇ પડયો.

ભદ્રા! ભદ્રા! આમ કેમ! વાસુદેવે શું કહ્યું ?

કાંઇ નહી. ત્હમારે શું કામ છે! તમારે મનથી તો બ્હેન મરે તો સારૂં એમ છે.

પણ એમ બોલવાનું કારણ ?

કારણ એજ–વાસુદેવમાં શો કવાણો દિઠો! આટલા દિવસ ખરાબ ન લાગ્યા તે હવે ખરાબ થયા!

ગાંડી! તું વાસુદેવને ઓળખતી હોઇશ પણ એ તો મ્હારી સાથે ભણ્યો હતો. સ્વભાવ કોણ વખોડે છે! ભલો છે, ઉદાર છે, એના જેવો કોઇનો સ્વભાવ નહી હોય. નરમ છે, એનામાં હિમત નથી. એને જુગાર રમવા બેસાડો તે એનાથી ના નહી કહેવાય. દારૂ મોં આગળ મૂકો તે ના નહી પાડી શકે. ત્યારે ભદ્રા! કદાચ આમ રાતે કે દિવસે દારૂ પીને આવે, જુગાર રમે ને દેવું કરે તો પછી ત્હારી શી સ્થિતિ!

મ્હારી! જે સ્થિતિ એમની તે મ્હારી! પણ એવું એમને વ્યસનજ નથી. એ તો દુશ્મનોએ વાત ઉરાડી લાગે છે. આવું સારૂં ઘર આપણને મળે તે લોકોથી અદેખાઇમાં ખમાતું નહી હોય.

ભદ્રા! તું તો ગાંડીજ રહી. સમજતી નથી. વાસુદેવના શબ્દો ઉપર, ઠરાવો ઉપર જરાયે વિશ્વાસ રાખીશ નહી. નહી તો પાછળથી પસ્તાઇશ. એ શું કહી ગયો?

તે તમને કહેવાની નથી—

જયન્તને ભદ્રા તેમ વાસુદેવનો સ્વભાવ સારી રીતે જાણીતો હતો. ભદ્રા વાસુદેવને અંતકરણથી ચહાતી. વાસુદેવ ચહાતો હશે એ માનતો હતો પરન્તુ એટલા માટે ભદ્રા સુખી થશે એમ ખાત્રી ન હોતી. કદાચ ભદ્રાની અસરથી વાસુદેવ સુધરે પણ એવો વિમો ઉતારવાની જરૂર શી! વાસુદેવ રખેને કાંઇ ખટપટ કરે એ માટે સાવચેત રહેવા જયન્તે નિશ્ચય કર્યો. પિતાના મનથી થાય કે જયન્ત વ્હેમી છે ને મોહિનીનાં આંખમાં આવીશ એ બ્હીકેજ જયન્ત મુગો રહયો.

ઘરમાં આજ રહ્યાની-શોક છપાયો હતો. વાસુદેવને ના કહેવાથી મોહિની વસન્તરાવ ઉપર ગુસ્સે હતી. વાસુદેવ જેવો બીજો વર ખોળી લાવજો હવે! ભદ્રા કાંઇ નાની છે! સાપનો ભારો ઘરમાં રાખવો એ ઠીક નહી. વાસુદેવમાં વ્યસન, જુગાર હોય તો તમારા દીકરાને કોણ ચોઢશે! હજી બધાએ કુંવારા છે. દેવું તો કાલ વહાણે પતી જશે. ઘરમાં રહેતો થશે એટલે વ્યસન ને બ્યસન બધુએ જશે. આ શબ્દો વસન્તના કાનમાં હજી વાગતા હતા. જે ભદ્રા પિતાપાસે દિવસમાં દશ વાર આવે તે આજે બિલકુલ દેખાઈ નહી. માથું દુખે છે કરી પડી રહી. જયન્ત ઘડીમાં પિતાની, ઘડીમાં ભદ્રાની તો ઘડીમાં મોહિનીની ચિન્તા કરતો પડયો હતો. બપોરના ત્રણેક વાગ્યાને સુમારે વસન્તરાવ બંગલામાં ઉંઘતા હતા. મોહિની મનોરંજન વાંચતી ખાટલામાં પડી હતી. અને જયન્ત પોતાના ઓરડામાં બ્હારી પાસે આરામ ખુરશી ઉપર પડયો ક્રોનીકલ વાંચતો હતો. એટલામાં બંગલાના ઝાંપાનું બારણું ઉઘાડી એક બૉય દાખલ થયો. બૉય તદ્દન અજાણ્યો હતો. કપાઉન્ડમાં આવી માળીની તજવીજ કરવા ડાફ્રીયાં મારતો હતો. આમ ખરે બપોરે અજાણ્યા માણસને ઉતાવળમાં તપાસ કરતો જોઇ જયન્ત બારીમાંથી કુદી બાગમાં ગયો. છોકરો

દોડતો આવ્યો હોય એમ લાગતું હતું આખે શરીરે પરસેવો થયો હતો. બહુ દૂરથી આવતો હતો. જયન્ત છોકરા પાસે ગયો ને પૂછ્યું—

કેમ? શું કામ છે?

ત્હમારૂં નહી. ભદ્રાબાઇનું—

શું કામ છે? કોણે મોકલ્યો છે?

તે ત્હમને કહેવાનું નથી. ભદ્રાબાઈ છે કે કેમ તે કહો! માળી ક્યાં છે?

જયન્ત, હમેશનો શાન્ત જયન્ત આજ કોણ જાણે કેમ તપી ગયો. 'બોલે છે કે નહિ' એ કહેતાંની સાથેજ જયન્તે છોકરાને એક તમાચો ધરી દીધો ને છોકરાના હાથમાંથી ચીઠી નીચે પડી. ચીઠી ઉપર "મીસ ભદ્રા" એટલું હતું. જયન્તે ચીઠી કાઢી વાંચી. એમાં આટલાજ શબ્દ હતા.

"રાતના બારમાં રૂબરૂ વાત થઈ છે. હિમત રાખજે. સઉ સારાંવાનાં થશે"

જયન્તને જે ભય હતો એ ખરો ઠર્યો. વાસુદેવનુંજ કામ. મ્હેં કાધરને ના કહી હતી કે ભદ્રાને ન મળવા દો. મ્હારૂં માન્યુંજ નહી અને એ બન્નેએ સંકેત કરી ન્હાસવાની તૈયારી કરી લાગે છે. એ તો સારૂ થયું કે હું આજ ઘરમાં હતો. બારી આગળજ બેઠો હતો ને આ ચીઠી મળી. આ ચીઠી ન મળી હત તો શું થાત! વામન–દત્તુ–બાબુની ફીકરમાં વસન્તભાઇનુ શરીર લેવાઇ ગયું છે તે આ સાંભળી શું થાત! વાસુદેવ! જોઉં છું કે અમારા બાર વાગે છે કે ત્હારા. મોહિનીને ભદ્રાની પીડા પતાવવા બહુ હોંશ છે પણ ભદ્રાનું અહીત આમ મારાથી કેમ જોવાય! ભદ્રા! ભોળી ભદ્રા! વાસુદેવની મધ લાળથી આકર્ષાઈ છે.

પેલા છોકરાને ગુજવામાંથી રૂપીઓ કાઢી જયન્તે આપ્યો ને કહયું, જો આ રૂપીઓ આપું છું–માટે તું બોલીશ નહી. ચીઠીનું પૂછે તો બાઇને આપી એમ કહેવું. જો આડુ અવળું બોલ્યો તો પોલીસને સોપીશ.

છોકરો બીચારો મારથી ગાલ પંપાળતો હતો ત્યાં રૂપીઓ દેખી ધીરજ આવી ને 'સારૂં' કહી ચાલ્યો ગયો.

મોહિની અને વસન્તરાવ આજ નાટકમાં જવાનાં હતાં. જયન્તને પણ જવાનું હતું. ભદ્રાએ તો સવારની ના કહી હતી. શરીરે ઠીક નથી, માથું દુખેછે કરી જયન્તે ના પાડી. વસન્તરાવ પણ છોકરાં વિના નહિ જઇએ કરી અટકયા. મોહિનીને નાટકનો અત્યન્ત શોખ હતો. કોઇને ત્યાં મળવા મુકવા જવા–દેવદર્શન જવા મોહિનીને કંટાળો હતો પણ નાટક, સીનેમેટોગ્રાફનું નામ આવે ત્યાં કંટાળો જતો રહેતો. માથું દુખતું મટી જતું, તાવ ઉતરી જતો. એનું ચાલે તો પતિ ને છોકરાંવિના એકલી પણ જાય. આમ નાટકમાં જવાની હોશ ભાગી ગઇ હોય, એથી નિરાશ થઇ હોય અને જયન્ત અને ભદ્રાને ગાળો દેતી હોય તો મોહિનીજ. વામન-દત્તુ–બાબુ તો અહીં રહેતાજ નહી. મોહિની નિરાશાને નિરાશામાં વ્હેલી સૂઇ ગઇ. વસન્તરાવપણ વાંચતો વાંચતો ઉંઘી ગયો. બંગલામાં–આખા બંગલામાં બે જણ જાગતાં હતાં–ભદ્રા આજ દસવાર બ્હાર આવી ગઇ હતી. કોઇ આવ્યું હતું? મારો કાગળ છે? ચીઠી છે! એમ માળીને પચાસ વાર પૂછી ગઈ હતી. પિતાના તેમજ મોહિનીના ટેબલ ઉપર પડેલા ટપાલના કાગળો ભદ્રા પચીસ વાર ઉથલાવી ગઈ હતી. ભદ્રા તેમજ જયન્ત દિવસમાં ઘણીએ વાર મળ્યાં હતાં પણ ચીઠી સંબંધી પૂછવાની હીમત ભદ્રાની હતી નહી. તોપણ આડકતરી રીતે ભદ્રાએ પૂછયું. જયન્ત! આજ મેલ નથી આવી કે શું?

ના. પુના મેલ મોડો છે. કેમ કોઇનો કાગળ આવવાનો હતો કે શું ? કાગળની આજ આટલી બધી અધીરાઇ કેમ !

એ તો તારા માશીનો કાગળ આવવાનો હતો. આવ્યાં હોય તો ચીઠી આવે—

જયન્ત મનમાં હસતો હતો. ચ્હીડાતો હતો. ભદ્રાની તારા માશી અત્યારે કઇ હતી તે સમજતો હતો પણ બોલ્યો નહિ. ભદ્રા સાત આઠ વાગ્યા સૂધી બાગમાં બેશી રહી, પછી જ્યારે નવ વાગ્યા સૂધી કાંઇ ખર કે ખબર ન આવ્યા ત્યારે 'વાત માંડી વાળી હશે કાંઈ હરકત આવી હશે' એમ ઉટંગ બાંધી ઓરડામાં ગઇ. ભદ્રા પથારીમાં પડી છતાં બ્હાર કોઇનો પગરવ કે ઘાંટો સંભળાતો કે તરત ઉઠીને બ્હારીએ જતી આમ દસ વાગ્યા. પથારીમાં પાસાં ઘશી, ચિંતા અને આશામાં હલેશાં ખાતી નિદ્રા દેવીને આધીન થઈ અને સ્વપ્નમાં વાસુદેવને ઠપકો દેવા લાગી.

ચોપાટીનો ભાગ લગભગ મધ્યરાત્રી સૂધી જાગૃત હોય છે. છૂટી છવાઇ મોટારો, ગાડીઓ આવતી જતી હોયજ. નિશાચરો—સહેલાણીઓ અને રાત્રીનાજ શાન્ત જીવન મેળવનારા—દિવસની પ્રવૃત્તિથી કંટાળો ચોપાટી સેવનારા મધ્યરાત્રી સૂધી પત્થરના બાંકડા ઉપર સૂતા હમેશાં નજરે પડે છે. કોઇ કોઇક ગંડેરીવાળાની પેટી ઉપર બળતા કાકડા આઘેથી હાલતા દેખાતા હતા. અંધારી રાત્રીમાં એક બાજુ વાલકેશ્વરની સડકના હારબંધ અર્ધ વર્તુલ આકારમાં દેખાતા દિવા તો બીજી બાજુ બેક બે ને કોલાબા સાઈડના ચિત્રવિચિત્ર દિવા આકાશના તારા સાથે સરસાઇ ભોગવતા હતા. ઘુઘવતો મહાસાગર હૃદયના અનેક ભાવોને છુપાવતો હતો. વિયોગી સ્ત્રી—પુરૂષો.

કંટાળેલા વિદ્યાર્થી, ભુખ્યા ભિખારી, આખા દિવસના વૈતરા પછી કાંઈપણ ન કમાયેલા હોવાથી નિરાશ થયેલા પરદેશીઓ, પૈસાની રેલમ રેલમાં રગદોળાતા શેઠીયાઓ, રાજ્યસત્તા અને આત્મસત્તા ભોગવતા ઓફીસરો, પતિ કે પત્ની, અને પોતાના પ્રિયજનને મળવાની વાટય જોતા સ્નેહીજનને દરિયાસ્થાન જે શાન્તિ આપે છે તેવી શાન્તિ ભાગ્યેજ બીજે મળે છે. ધીરે ધીરે લોકો વેરાયા. આખા જગતમાં પોતાની જાત શિવાય કોઈજ સગું નહી હોય એવા સહેલાણીઓ કે દુઃખીઓને પોલીસ ઉઠાડી ઘેર કલતા હતા. ગરીબ ભીખારીઓ પહેરેલું ઓઢી પત્થરની ફુટપાથ ઉપર ઝાડ તળે કે રેતીમાં ઘર–પથારી માની સુતા હતા. આજુબાજુના બંગલામાંના દિવા ઝાંખા થયા. વસન્તરાવ સુધા ને મોહિનીને સંભારતો સ્વપ્નસૃષ્ટિમાં ભૂતકાળના આનંદ અને વર્તમાન કાળની ઉપાધિ અનુભવતો નિંદ્રામાં પડયો. મોહિની, અસંતોષી મોહિની, સ્વપ્નમાં પતિસાથે, છોકરાંસાથે ન્હીડાતી ભવાં ન્હડાવતી હતી. ભદ્રા ત્રસ્ત થઈ પથારીમાં પરવશ પડી હતી તે વખતે જયન્ત હાથમાં ડાંગ લઇ બારીપાસે ઝીણો દિવો રાખી બેઠો હતો. પાસે નાનુ ઘડિયાળ હતું. ગાડી, મોટોરકાર કે ઘોડાનો અવાજ સંભળાતાં જાગૃત થતો અને એ પસાર થતાં નિશ્ચિંત થતો.

સાડા અગીઆર થઈ ગયા. ચોપાટીના ગ્યાસલેટના દિવા એક પછી એક ઓલાયા. રાત્રીના અંધકારમાં અંધકાર વધ્યો. બંગલાપાસે આવતા માણસનું મો દેખાય એમ ન હોતું તો પછી ઓળખાય તો શી રીતે? બારમાં પાંચ કમ. પેપરનું બંડલ, સુપરવાઇઝર પાસે આવતાં એ બંડલ ફાડતાં એના ચરેરાટ સાથે વિદ્યાર્થીના હૃદયમાં જે ચરેરાટ થાય છે તે જયન્તને થયો. રીઝલ્ટના દિવસે યુનીવ્હર્સીટીના કલાર્ક નામ બોલે–પોતાના આગલા

નમ્બરો આવતાં 'હુવે મ્હારો નમ્બર આવશે કે કેમ' એ વિચાર વેગથી છાતી ધબકે તેમ જયન્તની છાતી ધબકી. સંકેત પ્રમાણે પોતાનું પ્રિયજન આવવાનું હોય–આપણે કલાક અગાઉના ઉભા રહીયે ને વખત થતાં પ્રિયજન આવશે એની વાટચ જોવામાં આપણા ગાત્ર ઢીલાં થઇ જાય છે તેમ જયન્તનાં ગાત્ર ઢીલાં થઇ ગયાં–ઘરમાં ચોર આવ્યા છે એમ ખબર પડતાં; આગ લાગી છે એમ જાણતાં મનની જે સ્થિતિ થાય છે તે સ્થિતિ જયન્તની હતી.

બાર વાગ્યા ને દૂરથી મોટોરનો અવાજ સંભળાયો. મોટોર ગાડીના શોફરે ભોં ભોં અવાજ કર્યો. ગાડી ફરીને બંગલાપાસે ઝાંપા પાસે આવી. વળી ભોં ભોં થયું–જયન્ત એકદમ નીચે ઉતર્યો. ભદ્રાના ઓરડાતરફ ગયો. બારી ઉપર ચ્હડી વેનીશીઅન ઉંચા કરી અંદર જોયું. ભદ્રા ભર ઉંઘમાં હતી. ભદ્રાને ઉંઘતી જોઇ જયન્તને હિમત આવી–જયન્ત બાગના ફુવારાની ઓથે ભરાયો. ભોં ભોંના અવાજથી જાગૃત થયેલો પેરા ઉપરનો પોલીસ મોટારપાસે આવ્યો ને શોફરને 'કોની મોટોર છે,' કેમ ઉભી છે, પુછયું. અંદર દાકતર ગયા છે! એટલા શબ્દ જયન્તને કાને પડયા. એક વાગ્યો. દોઢ થયો પણ ઝાંપો ઉઘડયો નહિ ને કોઇ આવ્યુંએ નહિ મોટોરમાં બે માણસો વાત કરતાં હતાં.

કઇ બાજુએ હશે! એનો ઓરડો આ પેલો.

પણ એમાં દિવો હજી ઝાંખો છે. શીરીતે જવું! હું જાઉ ને કોઇ જાગી ઉઠે તો! ઝાંપો શી રીતે ઉઘાડવો!

આવી ઉંઘણશી! ચીઠી મળી છતાં તૈયાર કેમ ન રહી?

સાહેબ! ઉંઘી ગયાં હશે. કાલે સવારે વાત.

સવારે ! અક્કલ છે કે નહિ. અત્યારે ન બને તો કાલની આશાજ ફોકટ.

જયન્ત શબ્દે શબ્દ સાંભળતો હતો, એને તો એમ થતું હતું કે પોલીસને સઘળી હકીકત કહી મોટોર સોંપી દેવી પણ પોતાને, પિતાને, ભદ્રાને કોર્ટમાં ઘસડાવું પડે એજ બ્હીક હતી. મોટોરવાળો થાકયો. આખરે ત્રણ વાગ્યે કંટાળી મોટોર હાંકી ગયો ત્યારેજ જયન્ત ઘરમાં આવ્યો. પથારીમાં પડયો પણ ઉંઘ ન આવી. પાંચ વાગતામાં ઉઠયો. ભદ્રાના ઓરડાની ખાતરી કરી આવ્યો. રાત્રીના ઉજાગરે અને ગયા દિવસના બનાવે એના મગજને ભમાવી દીધું હતું. દરિયાના શાન્ત પવને આરામ મળે તો ઠીક એમ માની દરિયા ઉપર ગયો—ત્યાં કલાક ગાળ્યો. પણ શાન્તિ ન મળી. છ વાગતાંજ પિતા ઉઠયા છે કે નહિ ત્હેની તજવીજ કરી. એક કલાક જયન્તને એક વર્ષ જેટલો લાગ્યો. ભદ્રા, વસન્ત, જયન્ત અને મોહિની ટેબલની આસપાસ ચાહને માટે ગોઠવાયાં. ચાહ પીવાયો પણ પાન સોપારી આવે તે પહેલાં જયન્તે વસન્તરાવના હાથમાં ભદ્રાવાળી ચીઠી મૂકી અને આપતાંની સાથેજ બોલ્યાવિના ન રહેવાયું.

ભાઇ, મ્હેં ત્હમને કાલે કહયું હતું કે ભદ્રા અને વાસુદેવને એકાન્તમાં ન મળવા દો. ત્હમે માન્યું નહી. આ તો સારૂં થયું કે મ્હારા હાથમાં આ ચીઠી આવી. ન આવી હત તો શું થાત ! આ ભદ્રાબાઈ પેલાના હાથમાં ફસાત. હું આખી રાત જાગ્યો છું. વાસુદેવ દેસાઇ ત્રણ કલાક મોટોર લઇ ટાઢમાં બંગલા પાસે વાટય જોઈ ઉભા રહયા હતા પણ કાંઈજ વળ્યું નહી.

વસન્તરાવ આ હકીકત જાણી પ્રથમ તો આશ્ચર્ય પામ્યો ને પછી ચ્હીડાયો; ફજેતીમાં બચાવ્યો માટે પરમેશ્વરનો ઉપકાર માન્યો અને જયન્તને ધન્યવાદ આપ્યો.

ભદ્રા ! ભદ્રા ! મ્હેં ત્હને આવી ન હોતી ધારી. વાસુદેવને પરણવું હોય તો પરણ પણ આમ અમને છેતરવાથી શો લાભ! ત્હારા ભાઈઓએ મ્હારા જીવનમાં ધૂળ નાંખી છે. સુધાના ગયા પછી જરાયે જંપી બેઠો નથી ત્યાં ત્હારૂં બાકી રહ્યું હોય તો પુરૂં કર.

સુધાનું, ભાઈઓનું–નામ સાંભળતાંજ મોહિની ઉછળી.

સુધા, સુધા કર્યા કરો છો ત્યારે પાછળ જીવ કેમ ન આપ્યો. થવું તું ને સતા કે નામ અમર થાત. બાયડી વિના રહેવાયું તો નહી ને જે બાયડીને માટે વળખાં મારતા હતા તે હવે કડવી લાગે છે કેમ! જખ મારવાને પરણવા તૈયાર થયા હતા? બાયડી છોકરાંને હલકાં પાડતાંજ આવડે છે. બીજાનાં છોકરાં જોયાં હોય ત્યારેજ ખબર પડે. મ્હે તો હજાર વાર કહ્યું કે છોકરીને મોટી ન કરો. વાસુદેવને પરણાવી દો. છોકરી ને મોટી કરવી, ઉચું શિક્ષણ આપવું–સ્વતંત્ર બનાવવી–સ્ત્રીના હક સમજાવવા પરણાવું એ માબાપનું કામ નથી એમ સમજાવવું પછી, છોકરી પરણવા નીકળે એટલે સામા થવું.

મોહિની ! ચુપ રહે ! સ્વતંત્રતા એટલે સ્વચ્છંદપણું નહી. છોકરાંઓને, જુવાન છોકરાંને અંદર શું છે તે જોવાની ગમ હોતી નથી. રૂપ, પૈસો કે સત્તાથીજ તેઓ આકર્ષાય છે. સ્નેહ ન નામે આકર્ષણનું જોર ચાલે છે. માટેજ માબાપની સલાહની જરૂર છે. આટલા માટેજ આપણી વિવાહ–સગાઈ કરવાની પધ્ધતી સારી છે. વિવાહની ઉમર–લગ્નનો સમય લંબાવો–એક બીજાંને માફક આવશે કે કેમ તેના ખૂબ વિચાર કરો પણ છોકરા છોકરીને સ્વતંત્રતા આપ્યાથી તો ઘેરલાભજ છે. ભદ્રાને વાસુદેવ માટે ના નથી–ના ન હોતીજ. એ જરા સુધરે, ઠેકાણે પડે ત્યાંસૂધી વાટચ જોવાની હતી.

વસન્તરાવ ઘરની સ્થિતિ જોઇ ગભરાયો. વૃદ્ધાવસ્થામાં આરામ લેવાનો હતો, છોકરાંને સંસાર રથની લગામ સોંપી શાન્તિ ભોગવવા ધારતો હતો ત્યાં એક પછી એક ઉપાધિ વધતી ગઈ. વાસુદેવ આજ નહીં તો કાલે, કાલ નહિ તો પરમ દિવસ પણ પાછા આવશે માની વસન્તરાવે બધાંને લઇ લાનોલી ઉપડી જવાનો ઠરાવ કર્યો. નોકરોને હુકમ અપાયા. એક વાગ્યાની ટ્રેનમાં જવાનું નકી થયું. મુંબાઇનું કામ વિનાયક-લક્ષ્મણની કંપનીને સોંપાયું. છોકરાંઓને પોસ્ટ કાર્ડ નંખાયા અને આખું કુટુમ્બ લાનોલી જવા ઉપડયું. ભદ્રા પણ તૈયાર થઇ. પિતાની અણમાનીતી થયેલી, ભાઇની કફા મરજીવાળી ભદ્રા અસ્વસ્થ હતી. સ્નેહ કહો કે મનની લાગણી આવેગ કહો. પણ એનો એવો સ્વભાવ છે કે જ્યાં વિઘ્ન આવે ત્યાં વધારે ઉત્તેજીત થાય. એમને એમ–સગાઇ થઇ ગયા પછી–વિવાહ થયા પછી ભદ્રા બેને બદલે ચાર વર્ષ વાટય જુવત પણ ના. પાડયા પછી, આમ સાથે જવાનું નકકી થયા પછી, આમ વિઘ્નો આવવાથી ભદ્રા વધારે ઉત્સુક થઇ. સર્વત્ર વાસુદેવજ જોવા લાગી. જયન્ત, પિતા દુશ્મન જેવા લાગ્યા. લાનોલી જવું એટલે વાસુદેવનાં દર્શન ન થવાના એમ માની ભદ્રા ગભરાઈ. સામાન તૈયાર કરી પિતાની સાથે સ્ટેશન ઉપર જવા તૈયાર થઇ. સ્ટેશન ઉપર ગયાં. જયન્ત ટીકીટો લેવા ગયો. મોહીની સામાનનાં પોટલાં ગણતી હતી ત્યાં ભદ્રાએ એક કાર્ડ કાઢી પાસે ઉભેલા મજુરને આપ્યું. “આટલું જરા ટપાલમાં નાખી આવ” એમ કહી હાથમાં બે આના મુકયા. આ કોઇએ દેખ્યું નહી. સઘળાં પ્લેટફોર્મ ઉપર ગયાં. ગાડીમાં બેઠાં અને લાનોલી તરફ હંકરાયાં. માત્ર ભદ્રાનો આત્મા મુંબાઈમાં રહયો.

પ્રકરણ ૧૪ મું.

મોહિની.

મુવેલાં ઢોરનાં ચર્મો બની ડિંડિમ રીઝાવે છે,
પરન્તુ જાગતાં જીવતા મનુજ હરદમ રીબાવે છે.

સાગર.

મુંબાઈની વાત, રાત્રીના બનાવની વાત વિસારે પડી. ચાર જણા શિવાય કોઇ જાણતું પણ નહી અને ઘરની ફજેતી ન થાય એ બ્હીકે કોઇએ કોઇને મ્હોઢે વાત કરી ન હોતી. વસન્તરાવ કે જયન્ત, ભદ્રા વાસુદેવને પરણે તે બાબે જરાયે સામા ન હોતા. લગ્ન બંધ રખાવવા, મુલત્વી રખાવવાનો તેમનો ઉદ્દેશ માત્ર વાસુદેવને સુધારવા, વાસુદેવને ઠેકાણે લાવવાનોજ હતો. પરન્તુ યુવાન અંતકરણો–લાગણીને વશ આત્માઓ, આ સમજી શકે એમ ન હોતાં, એમના મનથી તો ‘વિલમ્બ’ એટલે ‘ના’ હતી. અને જેમ જેમ સંયોગો વિઘ્નોનો વિચાર થતો ગયો તેમ તેમ અંતકરણમાં વધારે તીવ્ર વૃત્તિ થઇ. ભદ્રાને મન સંસાર નિરસ લાગવા લાગ્યો. અને અસાર ભાસ્યો. વાસુદેવ ભદ્રાને ચહાતો–ભદ્રાથી સુધરીશ એમ માનતો. ભદ્રા મેળવવા લાયક થવા કાલથી જુગાર નહિ રમું, દારૂ નહી પીઉં એમ ઠરાવ કરતો પણ વિજની માફક ક્ષણવારમાં મનોબળ નષ્ટ થતું. ભદ્રાની સાથેના લગ્નમાટે ઉત્સુક હતો ત્હેનું બીજુંપણ કારણ હતું. એને રૂપીઆ જોઇતા હતા. વિનાયકે આપ્યા હતા પણ એતો ઇથરની માફક ઉડી ગયા હતા. દરરોજ રૂપીઆની બૂમ પડતી. ભદ્રાને પરણે ત્હેના રૂપીઆ આવે–એ આવે તોજ દેવું પતે. ને દેવું પતે તોજ ઠરાવો પળાય એમ વાસુદેવને થતું. એજ આંકાક્ષાથી ભદ્રાને રાતના ન્હસાડી લઇ લગ્ન

કરી દેવા વિચાર હતો. અને એજ યુક્તિ અમલમાં લાવવા મોટોર લઈ બાર વાગ્યે આવ્યો હતો પરન્તુ ભદ્રાને ચીઠી નહી પહોંચી હોય, ભદ્રાને બદલે ચીઠી જયન્તના હાથમાં ગઇ છે એની એને કયાંથી ખબર હોય ! ભદ્રાની આશામાં, ભદ્રાનાં દર્શન, ભદ્રા સાથેની લગ્નની આશામાં ટાઢમાં રાતના બારથી ચાર વાગ્યાસૂધી ચોપાટી ઉપર મોટોરમાં ઝોકાં ખાધાં પણ ન મળી ભદ્રા કે ન મળી ઉંઘ. શું થયું હશે ! એનો વિચાર કરતાં વાસુદેવે સૂર્યોદય જોયો. બીજે દિવસે છેક સાંજના બાર વાગ્યે પોસ્ટ કાર્ડ મળ્યો અને ત્યારેજ ખબર પડી કે વાત જણાઈ ગઇ હતી ને બધાં લાનોલી ગયાં છે. વાસુદેવ હિંમત હારે એમ ન હોતો અને તેમાં પણ સ્નેહ અને પૈસાની વાત હોય ત્યાં તો જરાએ ગભરાય એમ ન હોતો. વાત વિસારે પડે એટલે નવી યુક્તિ લગાડવા મુગો રહયો. દિવસો ને દિવસો વહી ગયા ને લાનોલીમાં ભદ્રાની વાત વિસારે પડી.

* * *

ભદ્રાએ રેશમી સાડી–ટુંકી બાંયનો કબજો ને પગમાં બૂટ પહેર્યાં હતાં. સાડી ઉપર ગુલાબી રંગની સાડી ઓઢી હતી. સ્ટેશનની સામી બાજુએ લાનોલી હોટેલ નજદીક એક બેઠા ઘાટનો બંગલો છે. ભદ્રા આ બંગલામાં પેઠી. પેસતાંજ ભદ્રાએ સુશીલાને દાળ વિણતાં જોયાં. ભદ્રાને આજ ઘણે દિવસે આવતી જોઇ સુશીલા ખુશ થઇ ને બોલી. ભદ્રા ! આવ ! જો યમુ પાસે આવી હોય તો તે બાર ગઈ છે.

ના. કાકી હું તો તમારી પાસેજ આવી છું. આટલા દિવસથી ન અવાયું તેમાં આમ બોલો છો ને ! મને શાલ કાઢી તમારી પાસે બેસવા દો જરા. કાકી આજ તો અહીંજ જમીશ. ઘરમાં તો વાત બગડતી જાય છે.

ભલે બ્હેન, અહીંજ જમજે એમાં શું. કેમ નવી માનું હેત જણાય છે ને.

ભદ્રાના ચહેરા ઉપર શોક છવાયો હતો. એનું લગ્ન મુલ્તવી રહ્યું છે એજ કારણ એને મુઝવતું હશે એમ સુશીલાનું ધારવું હતું. લગ્ન શિયાળામાંથી ઉન્હાળામાં ને ઉન્હાળામાંથી શિયાળામાં એમ વાતો થયા કરતી હતી. ઘરમાં લગ્નના સામાન થતા હતા. છોકરાં તરફથી વસન્તરાવને જંપવા વારો આવ્યો ન હોતો છતાં, વસન્તરાવની આર્થિક સ્થિતિ હવે બહુ સારી ન હોતી છતાં, એકની એક છોકરીનું લગ્ન ધામધુમ અને આનંદથી થાય એમ એની ઇચ્છા હતી. મુંબાઇથી તેમજ પોતાનાં સગાં સંબંધીને બોલાવવા અને લાનોલી જેવા નાના ગામમાં રાજવંશી ઠાઠથી લગ્ન કરવા ઉત્સુક હતો. પરન્તુ લગ્ન ક્યારે થશે, વાસુદેવ સાથેજ થાશે કે કેમ! તે સંબંધી તરેહવાર ગપ્પો ચાલતી હતી. કેટલાક તો ભદ્રાને પોતાનેજ આ પ્રશ્ન પૂછતા. પરન્તુ એ પ્રશ્નોથી આનંદ થવાને બદલે ભદ્રાને ગ્લાની થતી. બાબુ આવ્યો હતો અને કારખાનામાં એન્જીનીઅરીંગ ખાતામાં દાખલ થયો હતો. દત્તુ રજા ગાળવા માના આગ્રહથી આવ્યો હતો.

ભદ્રા! તું આમ લેવાઈ કેમ ગઈ છે! તારા મનની મુઝવણ હોય તે મ્હને કહી દે તો ઉપાય થાય. આમ તો તું મરી જઇશ.

કાકી! એ વિશે બહુ ફિકર નથી. પણ મ્હને મારા ભાઇઓનું થાય છે. બાબુ ને દત્તુ હાથથી ગયા છે. પરમ દિવસ ન્યાતમાં જમવાનું હતું ત્યાં તૈયાર થઈ આવ્યા હતા. ન્યાત કે જમવાનું ઘરમાં હોય ત્યારે પહેલી પ્રસાદી ને પછી બીજી વાત. સુધાના વખતમાં મગદુર ન હોતી કોઇની કે પ્રસાદીનું નામ દે. વસન્તભાઈ તો

લેતાજ નથી. કાકી, વળી જમતી વખત જરા લેતા હોય તો ધૂળ નાખી—જો કે લેવાની જરાયે જરૂર નથી. આતો રાતમાં બાર ગયાવિના ને તૈયાર થયાવિના ચાલેજ નહી

જમ્યા પછી બ્હાર જાય છે? છોકરાંઓને કે મોટાંને રાતરે જમ્યા પછી વળી કેવું બાર જવાનું? એનો અર્થ એટલોજ કે ઘરમાં ગમતું નહી હોય, ઘરમાં મજાહ નહી પડતી હોય, ત્યારે મોહિની શું કરે છે? રાતરે બધાંને બોલાવી સાથે બેસી વાંચે, ગાય, રમે કે છેવટે ગપાંજ મારે તોપણ કેવો આનંદ. આમ હોય તો બ્હાર જવાનું મનજ કેમ થાય!

કાકી! તો વાતજ એ છે તો. મુંબાઈ જેવા શહેરમાં જ્યાં કોઇ કહેનાર કરનાર નહી ત્યાં તો ફાવે તેમ વર્તે તે ચાલે પણ અહીં આ ઘર છતાં બ્હાર કેમ જતા હશે!

થોડા દહાડા રહેવાના હોય ત્યારે તો ઘરમાં એવું હોવું જોઇએ કે બ્હાર જવાનુ મન ન થાય. સુધાબ્હેન હતાં ત્યારે અમને તો એમ થતું કે કયારે વ્હેલાં વ્હેલાં ઘેર જઇએ, ખાઈ લઇએ, ચંદનીમાં કે બાર પવનમાં બેસીયે, વાંચીયે, ગાઇએ કે વાતો કરીયે. વસન્તભાઈ પણ વ્હેલા વ્હેલા આવતા. મોહિની બાને કહી કહી ને થાકયા તો એ ધૂળ ઉપર લીંપણ—કોઇ દીવસ પાસે બેસાડી હાથ ફેરવાવો તો આઘો રહ્યો પણ કાંઇ નવી જુની વાતો કરી છે એ પણ નહી. અરે કાલેજ દત્તુના બે દોસ્તો મુંબાઇથી કાર્લીની ગુફા જોવા આવ્યા હશે. હવે દત્તુને એમ થયું કે એમને ઘરજ ઉતારૂં નહીતો જરાક મેમાનગીરી તો કરૂં. પણ કાકી! દત્તુ વાત કરી ને જાય કયાં! "એવા લડધાને ખવડાવવા નવરી નથી. અત્યારથી ભાઇબંધ દોસ્તદારો શા." બિચારો દત્તુ તો મોહિનીના વાક બાણો સાંભળી આભોજ બન્યો. બારોબાર હોટેલમાં ગોઠવણ

કરી ત્યારે. આમજ વાત બગડે છે ને. સુધા બ્હેન તો હું નિશાળે જતી ને મ્હારી બ્હેનપણીઓ બે વાગ્યાની રજામાં આવતી તો બધાને બોલાવતી, જે મને તે ખાવાનું આપતી તેમાંથી ત્હેને પણ આપતી. વળી મ્હારી વર્ષગાંઠને દિવસે મ્હારી બેનપણીઓને ચાહ્પાણી પીવા બોલાવતી. આવું કરે પછી અમને બાર જઇ ખાવાનું કે ખવડાવવાનું કેમ મન થાય !

ભદ્રા ! આ સાંભળી સુધા બહુ સાંભરે છે. એ હોય તો આમ થાય ખરૂં ? ન્હાનાં છોકરાં એટલે એમને દોસ્તો બ્હેનપણીઓ ન હોય ! જે માબાપો રખેને છોકરાં બગડી જાય એ બ્હીકે બહુ સખતાઇ રાખે, સાત વાગ્યા પહેલાં ઘરમાં આવવું, કોઇને ત્યાં જવું નહી એમ દાબ રાખે અને ઘરમાં પ્રેમ ન દેખે તેના છોકરાં જરૂર બગડવાનાં. માબાપની ગેરહાજરીમાં છાન ગપતીયાં ચાલવાનાં, મોહિની સમજતી નથી ?

ના. કાકી. એ સમજે એમ નથી. છોકરાં જોડે શી વાત કરવાની હોય ! જરાક અમથાં હસ્યાં કે "હસવું શું ? ફાતડાની માફક બોલ બોલ શું કરોછો ! ચુપ રહો ! બે ભેગાં થયાં કે આખો દહાડો ધમાચકડી ! મારૂં તો માથું દુઃખે છે. મુઆં છોકરાં" આ શિવાય અમે કાંઇ સાંભળતાં નથી. કાકી, ઓરમાન ભાઇઓ છે માટે કહું છું એમ નહી. મ્હને મ્હારા ભાઇઓનું લાગે છે માટેજ કહું છું.

સહજ સહજમાં ખોટું લાગે, ચ્હીડાયા કરે ત્હેનું માથું દુઃખેજ. મોહિનીનું એમજ છે. પહેલ વહેલી આવી ત્યારની એને ઓળખું છું.

ભદ્રાની વાતમાં જરીકે અતિશયોક્તિ ન હોતી કે ન હોતો અંટસ. આ વાત થયાને થોડા દિવસ અગાઉજ

એક દિવસ મોહિની આનંદમાં ખુરસી ઉપર પડી હતી. ને દત્તુ ધીરે રહી મા પાસે ગયો.

બા! મ્હારે કાંક કહેવું છે.

શું છે? ભસ ભસવું હોય તો.

મ્હારા બેચાર દોસ્તો આજ આવનાર છે, ત્હેમને આજે સાંજે આપણે ત્યાં જમવાનું કહેવું છે.

શું દોસ્તોને જમવાનું! તે દિવસની વાત ભૂલી ગયો લાગે છે? ત્હારામાં તે અક્કલ આવશે કે નહી? હજી મહેમાનોને ગયે બે દિવસ તો થયા નથી ત્યાં ભાઇના દોસ્તદારોને જમાડવા છે-તે નહી બને—

પણ બા! એમાં હરકત શી છે! વસન્તભાઇ કે જયન્તભાઈ કોઇ દિવસ ના કહેજ નહી. ત્હારે તો રાંધવું નથી, ભટ છે, નોકરો જોઇએ એટલા છે પછી શું. મુંબાઇમાં પરીક્ષા આપવા અમે કોઇને ઘેર જતા હોઇશું કે નહી? વસન્તભાઈના વખતમાં ઓરલ (મોઢેની) પરીક્ષા માટે મહિનો મહિનો મુંબાઇ રહેવું પડતું તે કેમ થતું હશે? આપણે ઘર કુકડીની પેઠે નથી કોઈનું મો જોતાં. એનાં કરતાં તો કેદખાનું સારૂં.

દત્તુ! ત્હારા મનથી હું ઘાસ કાપતી હોઇશ. ના મ્હારે નહિ પાલવે. આવશે તો ત્હેને ઘરમાં પેસવા નહીં દઉ ને ત્હેમના દેખતાંજ ત્હારી ધૂળ કાઢીશ એ જૂદી. અત્યારથી મહેમાન દોસ્તો શા? એમણેજ છોકરાંને ચ્હડાવી મુકયાં છે. ખબર નથી કે ઘરમાં એમ ધાંધળ થાય છે કે મારૂ માથું પાકી આવે છે. હું કાંઇ મેમાન-પરોણાને માટે આવી નથી. સમજ્યા ને.

દત્તુનો મિજાજ ગયો. હાથમાં મીડવીફરીની ચોપડી હતી તે જોરથી ટેબલ ઉપર ફેંકી. ટેબલ થરથરી ગયું

ને તે ઉપરનું સુંદર વાઝ જમીન ઉપર પડયું અને મધુર અવાજ સાથે તેના અનેક કકડા થઈ ગયા. દત્તુ બબડતો ફફડતો ગયો. પણ જતાં જતાં બારણું એટલા જોરથી અફાળ્યું કે મોહિનીને કાને હાથ દેવા પડયા. સાળું—અમારી નજીવી વિનંતી સ્વીકારાય નહી ને પછી વસન્તભાઇ ને જયન્તભાઇ કહેશે કે ઘરમાં કેમ રહેતા નથી. ઘરમાં શું રહે? આમ હોલી સલગાવા!

કાકી! તે દિવસ કોણ જાણે કેવો ઉગ્યો હતો. દત્તુ મિજાજ કરી ગયો કે તરતજ બાબુ દાખલ થયો. દત્તુએ શું કહયું ને મા દિકરા વચ્ચે શી વાત થઇ હતી ત્હેની બાબુને જરાયે ખબર ન હોતી. બાબુ મોહિનીને કહે કે—

બા! આવતી કાલે મ્હારી વર્ષગાંઠ છે તો સુશીલા કાકી ને એમની ભત્રીજીઓને જમવા બોલાવીયે તો—

આટલુ કહેતાંજ મોહિની ઉશ્કેરાઇ ગઈ. એના મનથી એમજ થયું કે બાબુ અને દત્તુ બન્નેએ તરકટ કર્યું છે. તેમણે આજ તેને મુઝવવાનોજ ઉપાય શોધ્યો છે. મોહીનીએ બાબુને પણ ઉધડો લીધો અને બાબુ બિચારો નિરાશ થઇ ચાલ્યો ગયો.

આ વાત કરતાં ભદ્રાની આખમાંથી આસું વહયાં જતાં હતાં. તે બોલી. કાકી! કાકી તમે માનશો, એજ રાતરે બાબુ ને દત્તુ બન્ને રોજના કરતાં ખરાબ સ્થિતિમાં બ્હારથી આવ્યા તેપણ રાતના બાર વાગ્યે.

શું કહે છે? બન્ને જણા!

હા. કાકી! અમે તો ઉંઘી ગયાં હતાં પણ નોકરોએ કહ્યું. ગઇ કાલે પણ એમજ. પરમદિવસે પણ એજ. કાકી! મ્હારાથી આ નથી ખમાતું. સુધા બ્હેનના વખતમાં ઘરમાં કેવો આનંદ હતો.

ભદ્રા ! આમાં મને તો મોહિનીનો વાંક લાગે છે. મને મળવા દો પછી વાત. હું તો મોઢે મોઢ કહેવાની. મ્હને ઓછીજ શરમ છે કે એની ઓછીજ પરવા છે !

ગઈ કાલ બન્ને ભાઇઓ આવ્યા ત્યારે બા જાગતી હતી કે કેમ તેની મ્હને ખબર નથી પણ બાર વાગે બા બાબુ ને દત્તુના ઓરડામાં ગઇ હતી. બાબુથી તો ઉભાએ રહેવાતું નહી ને કહે છે દત્તુને તો ગાડીમાં નાંખી લાવ્યા હતા. સવારે બા અને બન્ને ભાઇઓ વાતો કરતાં હતાં. શી વાત થઈ તે જાણતી નથી પણ બાનો મિજાજ આજ હાથમાં નથી. નોકરો સાથે પણ વાત વાતમાં છેડાઈ પડે છે. વસન્તભાઇ સાથે બોલતી નથી. બાબુને તો એવો ધમકાવ્યો કે ન પૂછો વાત--છેવટે મ્હારી સાથેપણ લડી–કાકી કંટાળીને હું અહીં આવી.

મ્હને લાગે છે કે મોહિનીનું ચકર ખસી જશે.

ને એમાં વાંક પોતાનોજ છે. વામન અને દત્તુને નિશાળે જતાં દરરોજ પૈસા આપતી. એટલે સૂધી કે પૈસા વગર જાય નહી. કોઇનું કામ કરવું હોય તોએ દત્તુ ! વામન ! મ્હારો ભાઈ નહી ! લે તો ! આ કાગળ ટપાલમાં નાંખી આવીશ તો પૈસો આપીશ ! આમ પૈસાની ટેવ પાડી. ઘરેથી ખાવાનું લઇ જાય નહી અને બજારનું નિશાળ પાસે મળતું ખાવાનું જોઇએ. મોટાના છોકરા એટલે ગજવા ખર્ચ આપવુંજ જોઇએ અને એ પૈસાનો કેવો ઉપયોગ થાય છે એ પૂછાય નહી પછી શું થાય ? આની સાથે તેમની નિર્દોષ ઈચ્છાઓ ઘેર પૂરી પડાય નહી એટલે બાજી બગડી. આગળ જતાં કોણ જાણે શું એ થશે ?

પણ ત્હારા ભાઇઓ છે કયાં ?

બાબુ વ્હીડાતો કારખાનામાં ગયો ને દત્તુ રીસાઈને કાર્લાની સડકે ગયો. કાકી એ બધું તો ઠીક પણ વસન્ત-ભાઈનું શરીર આમાં ને આમાં ઘસાઈ ગયું—

હશે ! એ વાતજ જવા દે—પણ મોહિની કોઈ દહાડો મ્હને સંભારે છે ખરી ?

કાકી ! તમારૂં નામ આવે એટલે તો દાંતીયાં કરે છે બહુ અદેખાં—

મારી અદેખાઈ શામાટે કરતી હશે ? એનો બંગલો ક્યાં ને મ્હારો બંગલો ક્યાં ? એને પૈસો છે, છોકરાં છે, માણસ, વાડી વજીફો છે—એને શી વાતનું દુઃખ છે. એ તો હાથે કરી દુઃખ વ્હોરી લેવાની ટેવ છે. સ્વભાવજ એવો છે કે જાતે દુઃખી થાય છે ને બીજાને દુઃખી કરે છે. પરમેશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષ માની હું બેસું છું ને બે માણસનું ભલું થાય તો કરૂં છું.

કાકી ! એક કહું-જયન્ત હમણાં હમણાં ત્હમારે ત્યાં બહુ આવેછે. ખરૂં ને !

ભદ્રા ! તું બડી પક્કી છે હો. તું સમજી ગઈ લાગે છે. મ્હને પણ એમજ ભાસે છે કે તું કહે છે તે કદાચ ખરૂં હોય.

ખાત્રીપૂર્વક નહી પણ જ્યારે ત્યારે યમુની વાત કરે છે અને યમુની વાતમાં બહુ રસ લેછે.

મ્હને થોડોક શક હતો, પણ ભદ્રા ! આટલા દિવસ થયા જયન્ત આવે છે પણ કોઈ દિવસ એ વિશે બોલ્યો નથી તેમ કોઈ દિવસ છોકરવાદી કરી નથી. યમુ પણ પહેલે-થીજ જયન્ત જયન્ત કરે છે. એ બે જણના વિચારો પણ મળે છે. બેમાંથી એકકે બોલતાં નથી પણ બન્ને એક બીજા માટે મરી પડે છે.

પણ કાકી! ત્યારે જયન્ત કેમ બોલતો નહી હોય. યમુ ખરેખર સારી સ્રી થશે.

યમુને જોઉં છું તે મ્હને સુધા સાંભરે છે. જયન્ત પણ મ્હને બહુ વ્હાલો છે. તું તો નાની પણ ઘણીવાર જયન્તને લઇ ખોળામાં લઈ લડાવ્યો છે. તારા કાકીના વખતમાં જયન્ત મારી પાસેજ રહેતો અને ઘણીએ વાર છોકરાની પેઠે રાખ્યો છે પણ પરમેશ્વરે મ્હારા સામું જોયુંજ નહી.—

એટલામાં યમુ બ્હારથી આવી. ભદ્રાને જોતાંજ યમુનો આનંદ માયો નહી. આજ તો ભદ્રા બ્હેનને નહી જવા દઉ. બાબુ આવશે પછી બાબુની સાથે જજો એમ વાત થતી હતી ત્યાં બાબુ આવ્યો. યમુ, બાબુ, ભદ્રા ને કાકીના ગપ્પાં ચાલ્યાં. બહાર બાગમાં કોઇ ખુરશી ઉપર કોઇ બાંકડા ઉપર બેઠાં; ગોળ નેતરના ટેબલ ઉપર નાસ્તાની વ્યવસ્થા થઈ. બાબુએ બે ચાર હસવા જેવી વાતો કહી. યમુએ હાર્મોનીયમ સાથે એકાદ ગાયન ગાયું. ભદ્રાએ દીલરૂબા સાથે એક ભજનીયું ગાયું. બાબુએ વાંસળી વગાડી. છોકરાંને આમ આનંદ કરતાં જોઈ કાકી રાજી થયાં. સાડાનવ થઇ ગયા છતાં આઠજ વાગ્યા છે એમ થયું. બાબુ ને ભદ્રા ઘેર જવા તૈયાર થયાં.

બાબુ ? હવે ભદ્રા મહિને બે મહિને પરણશે કે તરત સાસરે જવાની. કહે છે કે તું સાંજના ઘેર રહેતો નથી. ભાઇ ઘેર રહીયે. અહી આવેછે ત્યારે દત્તુને કેમ નથી લાવતો.

કાકી દત્તુનું મ્હારા હાથમાં નથી.

બાબુ ને ભદ્રા વાતો કરતાં કરતાં ચાલ્યાં. ભદ્રાના મનમાં કહું કહું એમ થતું પણ ભાઇની બ્હીકથી બોલી શકતી નહી છતાં આખરે હિમત રાખી બોલી—

ભાઈ! કાકીએ કહ્યું તે સાંભળ્યુંને! મારો જવાનો સમય—

હજી શું છે! વાસુદેવનો ચુકાદો આવે ત્યારપછી ને! તું ભલે ને ઉતાવળ કરે પણ વસન્તભાઈ કયાં માને એમ છે. પણ તું શું કહેતી હતી?

એટલુંજ કે તું અહી શું કરીશ?

વળી કરે શું? સવારથી સાંજસૂધી તો કારખાનામાં.

ભાઇ આજ રાતના ઘરમાંજ રહી રાતે હું મ્હને બાર જવા નહી દઉ.

ભદ્રા! ત્હેની ફિકર ત્હારે ન રાખવી.

બાબુ! બાબુ! તું મારો ભાઈ થઈ સુધા બ્હેનના શબ્દો ધ્યાનમાં નહી લે! તારી વાર્તા સાંભળી મ્હારો જીવ બળી જાય છે.

ભદ્રા! મુંબાઇની વાતજ જૂદી. ત્યાં કંપની ખરાબ ને વાતાવરણ પણ એવુંજ. અહીં એમાનું કાંઇજ નહી એટલે બગડવાનો સંભવજ નથી.

ગઇ કાલે રાતનાં શું થયું હતું?

એ તો—દવા પીધીને તરતજ અસર થાય છે? હવે હું સુધરવાનો.

બાબુ! અત્યારે આપણે એકલાં છીએ. ઉપર આકાશ ને તારા છે. આ સ્થળે મ્હને વચન નહી આપે!

ભદ્રા! મ્હારામાં ગમે તેટલા દોષો હશે પણ વચન તો નહી આપું. વચન આપું ને નપળાય તો મ્હને બહુ લાગે—હું ત્હને દુઃખી નહી કરૂં.

ત્યારે હું બીજી રીતે પુછીશ. જેમ બને તેમ એથી દૂર જઇયે.

બાબુ મુગો રહ્યો—વિચારમાં પડયો ને પછી બોલ્યો "હું જરૂર યત્ન કરીશ."

બન્ને ભાઈ બ્હેન વાતો કરતાં કરતાં ઘર પહોચ્યાં. ઘરમાં પેસતાંજ બાબુએ ઘડીયાળમાં જોયું તો દસ વાગ્યા હતા. ભદ્રાને ઘરમાં મૂકી પાછો બ્હાર જતો હતો એમ લાગતાંજ ભદ્રા પાછી વળી—

બાબુ ? હવે રાતના દસ વાગે કયાં જાય છે ?

હમણા અડધા કલાકમાં આવું છું—

ના. હવે નહી જવા દઉ. ભાઈ મ્હને ઘણા દિવસથી શેતરંજ રમવાનુ મન થયું છે. ચાલ તે આપણે બે રમીયે.

ગમે તો બ્હેનના સ્નેહભર મધુર શબ્દોથી નરમ થયો હોય અથવા થોડા સમય ઉપર આપેલું વચન યાદ આવ્યું હોય, પણ બાબુ ભદ્રાને લઇ અંદર ગયો, ત્યાં સામેથી મોહિની મળી.

બાબુ! અત્યારસૂધી કયાં ગયો હતો? દસ દસ વાગતાં સૂધી બ્હાર શું રહેવું ?

ભદ્રા ઉતાવળમાં હતી. કબાટ ઉઘાડી શેતરંજની પેટી ટેબલ ઉપર મૂકી.

શું ! તમે શેતરંજ રમવા બેસો છો ?

હા. ઉંઘ નથી આવતી એટલે અમે બાજી રમીશું—આજ બાબુ પણ ઘરમાં છે.

ના તે—દસ વાગ્યે રમવાનું હોય નહી. મ્હને ઉંઘ આવે છે. બાબુને પૂછ, કાલ રાતના ઉજાગરો થયો હતો કે નહી ?

બા. વાંક મ્હારો નથી. ભદ્રા મ્હને ખેંચી લાવી, બાકી મારે તો બહાર જવું હતું ને જવા દે તો હજી જવું છે; એક જણને મળવાનું વચન આપ્યું છે.

જા. કાળું મ્હોં કર. ત્હારા નામના રોજ ભવાડા થવાના. મ્હારા મનથી કે સુવાનું જોઈતું હશે. ભોગ તમારા–પડો ઉંડા ખાડામાં.

આટલું સાંભળતાંજ બાબુ બ્હાર જવાને તૈયાર થયો. બાબુને જતો જોઇ ભદ્રા પાછળ દોડી–બાબુ! બાબુ. ઉભો રહે? બાના બોલવા સામું જોઇશ નહી.

ભદ્રા! વચમાં ન આવ! દસ વાગતામાં ઉંઘ ન આવે ને નાના છોકરાંની માફક આખો દિવસ ઉંઘાડવા જાય તે કેમ બને! ભદ્રા મ્હારે જવું હતું પણ તારે લીધે ઘરમાં રહ્યો. મ્હારે મનથી કે ભદ્રાની મરજી છે તો એકાદ બાજી રમું પણ હવે નહી. મને જવા દે.

ભાઈ! મારા સમ, ન જા. બા છો બ્હીડાતી. વસન્તભાઇને કહેશે તો કહેવા દે–ચાલ આપણે પાછલા ઓરડામાં રમીયે. બાને ઉંઘવા દે.

બાબુ ઘડીકમાં આગળ જતો ઘડીકમાં ઉભો રહેતો–બબડતો. ભદ્રાના શબ્દે જાદુઈ અસર કરી. ભાઈ બ્હેન પાછલા ઓરડામાં ગયાં. જતાં જતાં ભદ્રાએ મોહિનીને કહ્યું.

બા! બાબુને શેતરંજ રમવાનું મન છે તો શામાટે ના કહે છો? પાછલા ઓરડામાં હમે બે રમીશું. કોઈને હરકત નહી થાય.

બન્ને છોકરાંએ શેતરંજ માંડી–બાબુ અને ભદ્રા રમતમાં તલ્લીન થયાં. રાજાને શેહ આવતાંજ તે શેહ દૂર કરવા બાબુને હીમત આવી એટલામાં જયન્ત આવ્યો અને ભદ્રાની સામે બાબુને મદદ કરવા લાગ્યો. શેતરંજની બાજીની રમત મુગી છે છતાં ભાઇ બ્હેનની હસાહસ, વાતચિત, મોહિનીને ઉશ્કેરવા બસ હતાં. પોતાનાં છોકરાં પોતાનું કહ્યું ન માને કેમ એ વિચારે બ્હીડાતી બબડતી વસન્તરાવના ઓરડામાં ગઇ. વસન્તરાવ તે દિવસનું પેપર

વાંચતો હતો. મોહિનીએ ઓરડામાં જતાંજ વસન્તના હાથમાંથી પેપર ઝુંટાવી લીધું ને રોતી રોતી બોલી--"ભોગ મ્હારા કે ત્હમને પરણી. આજ તો મ્હારાં છોકરાં મ્હારૂં અપમાન કરે છે તો કાલે ઘરના નોકરો અપમાન કરશે. નાનાથી મોટા મ્હેં કર્યાં છે છતાં મ્હારી સામા થાય ને તમે જોઈ રહો. તમે પોતે કાંઈજ ન કહો એટલે છોકરાં કરેજ તો. ધણીનુંજ માન નહી પછી ઓરમાયાંનું તો એવુંજ ને; આમ બાપ છકાવે ને કાકી રહડાવે. આટલાં બધાંને મોત આવે છે ને મ્હને કેમ નથી આવતું ?

વસન્તરાવ મોહિનીના સ્વભાવ અને વર્તનથી અજાણ્યો ન હોતો પરન્તુ ઘરમાં શાન્તિ જળવાય, છોકરાંના દેખતાં માન અપમાન થાય નહી ને નાહક ઘરની ફજેતી થાય નહી એટલા માટે બોલતો નહી. જીવ જાય તોપણ અસત્ય કે અન્યાય કરે એમ ન હોતો. વાતની તપાસ કરતાં બાબુનો વાંક ન લાગ્યો ને તેથી બોલ્યો.

મોહિની! તું અકળાઇ ન જા. જરા શાન્ત ચિત્તે વિચાર કરીશ તો જણાશે કે ખરી વાત શી છે? દસ વાગ્યા છે એ વાત ખરી પણ ઉંઘ ન આવે ને છોકરાં–મોટાં છોકરાં શેતરંજ જેવી નિર્દોષ રમત રમે એમાં વાંધો શો? ત્હને જગાડતાં હોય તો તે! બાબુ નાનો છે ? ત્યારે પછી! સુમડાની માફક ઘરમાં બેસી રહે! ઘરમાં કોઈ બોલે ચાલે નહી–વાત કરે કે હસે રમે નહી પછી બાર જાય; બાર જઈ તોફાન કરી આવે એ ખોટું પણ કળે કળે હલાવી ફુલાવી ઘરમાં રાખી એ ટેવ ભૂલાવવી જોઇએ.

એટલે છોકરાં કરે તે સારૂંજ કરે એમ ને! મારૂં અપમાન થાય તે તમારે કરવા દેવું છે!

તારા અપમાનની વાત નથી, હું એ કરવા દઉ એમ નથી, એ છોકરાં સારી પેઠે જાણે છે. પણ મોહિની ઘર તો જેટલું તારૂં તેટલું છોકરાનું છે. નાનાં છોકરાં હોય તેમને પણ સામાન્ય રીતે સમજાવીને હા ના પાડી શકાય તો આ તો મોટાં છોકરાં—તેમની નિર્દોષ ઇચ્છા પણ પુરી ન પડાય તો પછી સામા થાયજ ને ?"

મોહિની શાન્ત થવાને બદલે ઉશ્કેરાઈ—

હું કયાં કહું છે કે મ્હારૂં ઘર. એમનું. લોચો ધાન ખાઈ વૈતરૂ કરવા આવી છું. મ્હને ને મ્હારાં છોકરાંને જુદૂં કરી આપો એટલે બસ. મ્હારાં છોકરાંનું મ્હોંજ નથી ગમતું. હુંજ રાં—ખરાબ—

આટલું બોલી બબડતી ફૂફડતી—ધમા ધબ કરતી—બારણા પછાડતી મોહિની પોતાના ઓરડામાં ગઈ. વસન્તરાવે ટાઇમ્સ લીધું ને વાંચવા માંડયું. અગીઆર વાગ્યા એટલે જ્યાં છોકરાં શેતરંજ રમતાં હતાં ત્યાં વસન્તરાવ ગયા ને ધીરે રહી કહ્યું.

અગીઆર વાગ્યા છે. હું સૂઈ જાઉ છું. ઉજાગરો ન કરશો. બાબુ મોહિનીના સ્વભાવથી—મુંબાઇના પવનથી કાંઇક ઉદ્ધત થયો હતો એટલે સહજ તપી ગયેલો હતો તે બોલી. ઉઠયો—

રમવાની મજાહ આવી છે ત્યાં બંધ કરીયે કહોતો !

બાબુ નાનો ન હોતો. એક પ્રસિદ્ધ એનજીનીઅર હતો એટલે વસન્તરાવે જરાપણ મિજાજ ખોયા વિના કહ્યું.

ભાઈ! મ્હારાં છોકરાંની નિર્દોષ ઇચ્છાઓ મ્હેં કદી તોડી પાડી નથી અને ત્હેમના ઉપર અયોગ્ય દબાણ કદી કર્યું નથી. રમત અધુરી રાખવા તેમજ ઉંઘ ન આવતી હોય તો પરાણે સૂઈ જવા કહેતો નથી ને કહું

પણ નહી. હું તો એટલુંજ કહું છું કે આજ તમે બધાંને આમ ઘરમાં રહી રમત રમતાં જોઈ હું બહુ રાજી થયો છું. આમ રોજ રમતા હો તો પછી અગીઆર સાડા અગીઆર જ્યારે ઉંઘ આવે ત્યારે સૂઈ જાઓ તો કેવો આનંદ !

મોહિની અને વસન્તરાવ વચ્ચેનો ભેદ–બન્નેના સ્વભાવની ભિન્નતા બાબુ તરતજ જોઇ શકયો. પોતાના ઉદ્ધત શબ્દથી પિતાનું દિલ દુખાયું હશે. પોતાથી તપી જવાયું તેથી પશ્ચાતાપ કરવા લાગ્યો ને રમત મૂકી ઉભો થયો ને બોલ્યો—"ભાઇસાહેબ ! રમત રમવામાં મજાહ આવી છે. બહુ ચાલશે તો થોડી વારમાં અધુરી રાખી સૂઈ જઇશું. તમે નિરાંતે સૂઈ જાવ."

વસન્તરાવ ગયો ને બાબુને પાછી તલપ લાગી.

ભદ્રા ! મને આજનો દિવસ જરા જઈ આવવા દે.

ભાઇ ના. રમત પૂરી કર અને ત્હેં મને વચન આપ્યું છે.

ગાંડી તું એમ ધારે છે કે આજને આજ હું સાધુ બની જાઉ. મારી કેટલા દિવસની ટેવ છે તે તો તું જાણે છે. હું વધારે નહી લઉ. એક—

જયન્ત ! જયન્ત ! બાબુને સમજાવ.

ભદ્રા ! બાબુનું કહેવું વ્યાજબી છે. એટલી ટેવ એકદમ નહિ જાય. હું લઈ આવું છું. એમ કહી જયન્ત ઉઠયો.

બાબુ ઘરમાંજ રહ્યો. આમ પોતાનો ભાઇ પોતાને માટે અનિઇચ્છા છતાં દારૂની પ્યાલી લેવા જાય એનો વિચાર થતાં, પોતાની જાતમાટે–ટેવમાટે, તિરસ્કાર થયો. ભાઈ બ્હેનના પ્રેમ માટે, લાગણીમાટે માન થયું. જયન્ત બજારમાંથી રાતના પ્યાલી લઇ આવ્યો ને બાબુએ મનના

સંતોષ માટે જરા મ્હોએ અડકાડી એજ. આખરે રમત પૂરી થઇ ને બાબુએ ભદ્રાને કહ્યું.

ભદ્રા! અફલાતુનથી ન થાય તે કામ આજ તેં કર્યું છે. ભદ્રા! આમ હોય તો—આમ ઘરમાં વાત કરવાનું હોય—આનંદ મળતો હોય તો પછી મારા જેવા કેટલાના જીવન બગડતાં અટકે? બ્હેન, પરમેશ્વર ત્હને સુખી કરે.

ભાઇ બ્હેન છૂટાં પડયાં અને આનંદમાં સુતાં.

* * *

લાનોલીમાં આમ દિવસ પસાર થતા હતા. ત્યાં અચાનક એક એવો બનાવ બન્યો કે તેથી આખા કુટુમ્બમાં શોક પ્રસરી રહયો. શનિવારના સાંજના ચારેક વાગ્યાને સુમારે ભદ્રા બ્હાર જવા તૈયાર થઈ. ભદ્રાનું લગ્ન વાસુદેવસાથે કરવાની સર્વેની ઇચ્છા હતી અને ત્હેમાં મુંબાઇના બનાવ પછી ભદ્રાની મરજી વિરૂધ બીજે પરણાવવા કોઇનો વિચાર ન હોતો પરન્તુ વાસુદેવનો કેસ પુરો થયો ન હોતો અને ત્હેની કેટલીક કુટેવો એવીને એવીજ હતી. આ ટેવો ભદ્રાને કાને લાવવામાં આવી હતી છતાં ભદ્રાની મનોવૃત્તિમાં કાંઇપણ ફેરફાર થયો ન હતો અને એથી બીજાં દીલગીર પણ થયાં હતાં પરંતુ લગ્નની મુદત બને તેટલી લંબાવવી એજ ભદ્રાને સુખી કરવાનો ઉપાય છે એમ સર્વેને લાગ્યું. ભદ્રા આથી ઉલટી ખિન્ન થઈ. કોણ જાણે કેમ ભદ્રાને વાસુદેવ સર્વ રીતે ગમ્યો હતો. વાસુદેવને પરણી, એમની કુટેવો સુધારૂં તોજ સુધાની પુત્રી એમ એને હોશ હતી. એક સ્નેહાળ પત્ની ધારે તો પતિને સુધારી સ્નેહાળ અને પવિત્ર બનાવી શકે એમ એના મનમાં ઠસી ગયું હતું અને એજ વિચારે જેમ બને તેમ વહેલા ઠેકાણે પડવા, મોહિનીના ત્રાસથી દુર રહેવા ઉત્સુક

હતી. આ શિયાળામાં લગ્ન છે એમ માની નિરાંતે બેઠી હતી પણ જ્યારે જાણ્યું કે શિયાળો ઉન્હાળો કરતાં મુદત લંબાયે જતી હતી ત્યારે એની ધીરજ જતી રહી. કામ પ્રસંગે વાસુદેવ એકાદ વખત આવ્યો હતો તેને કાકીને ત્યાં મળી હતી અને એના મનથી એમ હતું કે જેટલી વાર થાય છે તેટલી વાસુદેવને સુધારવાની મુશ્કેલી વધતી જાય છે. ભદ્રા આ વિચારે ગમગીન રહેતી–વાતનો વિસામો કાકી હતાં. કાકીને અનેકવાર થતું કે દિયરને કહી લગ્ન નક્કી કરૂં પણ મોહિનીના મ્હેણાં ટુંણાંથી કંટાળીને જતી નહી. વસન્તરાવ ભાભીની ખબર કાઢવા નિયમિત આવતો પણ તે વખત કહું કહું થતું છતાં કહી શકતી નહી. આમ દિવસો ને દિવસો વહી ગયા—

સાંજના નિયમ પ્રમાણે બધાં જમવા બેઠાં! ભદ્રા કેમ જણાતી નથી એ સહજ પ્રશ્ન થયો. કાકીને ઘેર ગઈ છે એટલે ત્યાં જમશે એમ માની સર્વે જમી પરવાર્યાં. આઠ વાગ્યા, નવ વાગ્યા, પણ ભદ્રા આવી નહિ એટલે બાબુને બ્હેનની ફિકર થઇ. કાકીને ત્યાં ખબર કાઢી આવવા બાબુએ મોહિનીની રજા માગી ને મોહિની ફફડી ઉઠી.

મ્હોટી મા જેવી છોકરીને ત્હારા બાપે છકાવી મુકી છે. બૈરાં માણસે આમ એકલાં વેળા કવેળાએ બ્હાર શું જવું? એ કાકી તો જે છે તે છે. એણેજ તમને બધાને મ્હારી સામાં થતાં શીખવ્યું છે. ક્યાં જવાની છે, ચુલામાં! કાકીને ત્યાં રહેશે તો શું થઇ જશે; કાકીને ક્યાં કમાવું પડે છે. દિયરના ઉપર તાગડ ધીના કરવા પછી શું? ક્યાં કાકીના બાપનું છે તે–એમ કરી ત્હારે બાર જવું હશે—"

બાબુનો જીવ ન રહ્યો. થોડીક વાર વાટય જોઈ રજાવિનાજ ફાનસ લઈ કાકીને ત્યાં ગયો. કાકી તો સૂઈ ગયાં હતાં પણ બાબુનો ઘાંટો સાંભળતાંજ ઉઠયાં ને ભદ્રા નથી જાણી એપણ ગભરાયાં. "બાબુ! મ્હારે ત્યાં તો આજ આવીજ નથી" આ શબ્દ કાને પડતાંજ બાબુના હોશ કોશજ ઉડી ગયા. ભદ્રા, પવિત્ર ભદ્રા, બે ઘરથી ત્રીજે ઘેર જાય એમજ ન હોતી. બાબુ, જયન્ત, વામન, દત્તુ ને વાર થાય, કહ્યા વિના જાય પણ ભદ્રા જેવી કહ્યાગરી છોકરી કોઈજ ન હોતી. બાબુ ઘેર આવ્યો ને વસન્તરાવ તથા જયન્તને ખબર કરી.

હું તો કહેતીજ હતી કે મ્હોટી ન કરો. ના, હમણા નહી કરી લગ્ન ન કર્યું ને છોકરીએ જરૂર કુવો હવાડો કર્યો. કે રખેને નાશી—છોકરીની જાતને બહુ છૂટ આપીયે તે એજ થાય.

શાન્તિકુંજમાં ચિંતા–ભયનો ત્રાસ થયો. આ વાત એવી હતી કે બહુ હોહા કરવાથી ચાર લોકમાં વાત થાય અને જગતમાં નીચું જોવાનો વખત આવે. વસન્તરાવને ત્યાં નોકરોને કામ શિવાય પાસે રાખતા ન હોવાથી ભદ્રા સંબંધી હકીકત નોકરો પણ જાણી શકયા નહી. બાબુ, વામન, દત્તુ, ભદ્રા ઘણી વાર લ્હડતાં પણ ભદ્રાને માટે એમને અત્યન્ત સ્નેહ હતો. ભદ્રા કયાં હશે, રખેને કુવો હવાડો કર્યો હોય એ વિચાર થતાંજ ભાઈઓની આંખમાં આસું આવ્યાં. વસન્તરાવને સુધા આજજ મરી ગઈ હોય તેમ લાગ્યું અને સજળ નેત્રે આભો બની આમ તેમ જોવા લાગ્યો. હવે શું કરવું? જયન્તે યુક્તિ કરી. ભાઈ! બાબુ ત્હમે છાના રહો. હું સ્ટેશન ઉપર ખબર કાઢી આવું છું. એવી યુક્તિથી તપાસ કરીશ કે કોઈ જાણશે નહી. કાલ સાંજ સુધી છાની તપાસ કરવી. ભદ્રા બારગામ ગઈ છે એમજ કહેવું પછી એનો

પત્તો કાંઈ નજ મળે તોજ બાર વાત કરવી. શાથી જે નકામી આપણી–આપણા કુટુમ્બની નાલેશી થાય. છોકરીની જાત–મુંબાઇની વાત કોઇ જાણે છે?

વસન્તરાવ મુગો મુગો પોતાના ઓરડામાં ગયો ને સુધાની છબી સામે ઘુંટણીએ પડી રોયો–મોહિની ઉઠી–ભાઇઓ બિચારા જયન્તની વાટય જોતા ઘડીમાં ઓટલા ઉપર તો ઘડીમાં બારીએ એમ ફરતા ચિન્તા કરતા હતા

કલાક થયો ને જયન્ત આવ્યો. જયન્તનાં પગલાં સાંભળતાંજ બધાં ભેગાં થયાં. જયન્ત શી ખબર આપે છે તે સાંભળવા તલપતે હૃદયે સઘળાં જયન્તની આસ-પાસ વીંટળાઈ વળ્યાં.

ભાઈ ફિકર નહી. સ્ટેશન માસ્તરને મળ્યો. એમણે મ્હને કહ્યું કે ભદ્રા મુંબાઈ કેમ ગઇ! એ ખબર કર્યા વિના ગઇ છે એમ ન જાણે માટે મ્હેં કહ્યું કે જરૂરનું કામ હતું માટે ગઈ છે. અહી પુનાથી એક જણ આવ-નાર હતું માટે હું સ્ટેશન ઉપર આવ્યો છું આ ઉપરથી ભદ્રા મુંબાઈ ગઇ લાગે છે. એ વાસુદેવનુંજ કામ. કદાચ એવું હોય તો ભાઇ હવે લગ્ન મુલ્તવી રાખવામાં માલ નથી. ભદ્રા તો મુંબાઇ જઇ સુખી થઇ કે દુખી પણ એના જવાથી શાન્તિકુંજનો આનંદ ઉત્સાહ જે થોડો ઘણો હતો તે ભ્રષ્ટ થયો. વસન્તરાવનો તો પ્રાણજ ઉડી ગયો કહીયે તો ચાલે. ભાઇઓ, પિતાને હિમત રહે માટેજ જયન્ત હિમત રાખતો હતો; બાકી જયન્ત ભદ્રા જતાં પાંખ તુટી પડેલા પક્ષી જેવો થઇ ગયો હતો. રાત્રી પસાર થઈ. ઘરમાં પ્રિયજનનું મૃત્યું થાય, એ પ્રિયજનના મૃત શરીરને સ્મશાન લઈ જાય–તે ભસ્મશાન થયા પછી ઘેર આવે–ડાઘુઓ વેરાઇ જાય, આશ્વાસન આપી અન્ય સ્નેહીજન પણ મોડી રાતે

ચાલ્યાં જાય પછી પથારીમાં સુવાએજ ઘરમાં એકલા પડતાં–ચોગરદમ પ્રિયજનની વસ્તુઓ, કપડાં–લુગડાં–છબીઓ જોતાં એની છબી સર્વત્ર નજરે પડે ત્યારે મનની શી સ્થિતિ થાય છે તે આમ અનુભવથીજ કલ્પી શકાય છે. શાન્તિકુંજના વાસીઓની આવીજ સ્થિતિ હતી. બીજે દિવસે બપોરના વસન્તરાવ ઉપર કાગળ આવ્યો. પત્ર હાથમાં લેતા–શરનામાના અક્ષર ભદ્રાના છે એમ જાણતાંજ કાગળ લઇ કારખાનામાંથી ઘેર આવ્યો. બધાંને ભેગાં કર્યાં ને કાગળ જયન્તને વાંચવા આપ્યો.

મુંબાઈ તા૦—

મુ૦ ભાઈ,

સાંજના જમતી વખત મ્હને ન જોઈ સહજ ફિકર થઇ હશે. ભૂતનું ઠેકાણું આમલી માની કાકીને ત્યાં ખબર કાઢી હશે. બીચારાં કાકીને ગભરાવ્યાં હશે. ભાઇ આ પત્ર લખું છું ત્યારે એ વાંચીને તમને એમ થશે કે ભદ્રા બેશરમ ને બેકાળજીવાલી છે. કાગળ લખવાની પદ્ધતીજ એવી છે કે કાંઇ ફીકરજ નથી એમ ભાસે છે. ભાઇ! તમારા કુળને સુધા બ્હેનની કુખને જરાપણ ડાઘ આવે એવું કર્યું નથી ને કરીશ નહી. તમે મ્હારા હિતેચ્છુ છો ને હો એ સ્વાભાવિક છે અને એટલા માટેજ લગ્ન મુલતવી રાખતા હતા. ભાઇ કેટલાક રોગ પકવવાએ પડે. મ્હારામાં ધૈર્ય ન હોતું. મ્હારી જે વાતની પ્રબળ ઇચ્છા હતી તે ઇચ્છા પૂરી પાડવામાં વિઘ્ન ઉપર વિઘ્ન આવતાં હતાં. વાસુદેવમાં ખોડ હશે–વ્યસન હશે પરન્તુ મ્હારો એવો વિચાર હતો કે એ વ્યસન હું છોડાવું. એ છોડાવવાના પ્રસંગમાં જેટલા વિઘ્ન તેટલાં વિઘ્ન પછીથી પડવાનાં મ્હારાં અને ત્હમારાં સાધન જૂદાં છે–હેતુ એકજ છે. તમારૂં એમ માનવું છે કે

મ્હારે માટે લગ્ન માટે વ્યસન–ટેવુ પતાવશે. મ્હારૂ એમ ધારવું છે કે લગ્ન થશે–સહવાસમાં આવશે તોજ વ્યસન દુર થશે–ટેવું પતશે. બહુ વાટચ જોઇ. શિયાળામાં ટાઢ વાય ને ઉન્હાળામાં તાપ લાગે કહી લગ્નોની તિથિ ફેરવ્યા કરી. તપાસ કરતાં ત્હમે ધારતા હતા એ સુધારો ન થયો. તમારી યુક્તિ નિષ્ફળ ગઇ. હવે હું મારી યુક્તિ અજમાવું છું. સાયન્સના પ્રયોગોમાં અનેક ભોગ આપે છે. મોટા શહેરના કિલ્લા તોડવા અનેકનો નાશ થાય છે તો પછી હું પણ એક જાતનો ભોગ સમજીશ. પતિની પત્ની ધારે તો સુધારી શકે એ સૂત્રનો અમલ કરવા માગું છું. જો સુધારી શકીશ તો સ્ત્રીની શક્તિની વાહવાહ થશે. સ્ત્રી કેલવણી વખણાશે અને કદાચ નિષ્ફળ જઈશ તો એ સૂત્ર ન માનનારાને દ્રષ્ટાન્ત આપવાનું થશે. કદાચ જગત મ્હારે માટે ગમે તેમ બોલશે અને ત્હમને નિંદશે પરન્તુ બેલાશક આ પત્ર જાહેરમાં મુકશો. જેની સાથે મોડા કે વ્હેલા ત્હમે પરણાવવા ઇચ્છતા હતા તેની સાથેજ જોડાઇ છું. વયમાં, જ્ઞાતિમાં ભેદ નથી. લગ્ન બીજી વારનું નથી. પ્રથમ પત્ની હયાત નથી એટલે લોક નિન્દા કે અયોગ્ય વર્તનની ટીકાનો સંભવ નથી. ત્હમે આમ આવા છાનાં લગ્નમાં સહાનુભૂતિ આપી હશે એમ મનાવાનું નથી. જો આ પગલું દોષપાત્ર હોય તો એટલાજ પુરતું છે કે જે વાટચ ત્હમે જોવડાવવા ધારતા હતા તેટલી વાટ્ય જોવાની મ્હારામાં હિમત ન હોવાથી આમ કર્યું. હજી લગ્ન નથી થયું. આ પત્રના ઉત્તર ઉપરજ સર્વ આધાર છે.

એજ ત્હમારી

ક્ષમાપાત્ર

સુધાની પુત્રી–ભદ્રા.

પત્ર વંચાયો. પત્ર વંચાતાં પ્રત્યેકના હૃદયમાં જૂદી જૂદી વૃત્તિ થઇ. વસન્તરાવ ભદ્રા ઉપર જરાએ ચ્હીડાયો ન હોતો. માત્ર એટલુંજ બોલ્યો "મૂર્ખી છોકરી! મ્હને કહ્યું હત તો હું ના પાડત?" મ્હેં નાપાડી હતી. લગ્ન મુલ્તવી રાખ્યું હતું તે એના પોતાનાજ હિત ખાતર. ખરે છોકરાંને મોટાં કરવાં તો એમનાં વિચારને માન આપવું, નહિ તો પરિણામ આજ આવે. મ્હારી કેવી ઇચ્છા હતી! મ્હારે કંઇ બે પાંચ દીકરીઓ નથી–જેમાં ગણ્યે કે તે ભદ્રાજ છે. લગ્ન ધામધુમથી કરવા ઉમંગ હતો. આ છોકરાઓ પરણશે કે કેમ તે પ્રભુ જાણે ને જયન્ત તો હમણા પરણવાનું બોલતોજ નથી. મ્હારા જીવતાં તો મ્હારે ત્યાં પહેલું ને છેલ્લું આજ લગ્ન લાગે છે તેનું આમ થયું! દૈવની ગતિજ વિચિત્ર છે. લાનોલીથીમાં લગ્ન યાદ રહી જાય એમ કરવા હોંશ હતી-લાચાર–

બાબુ ને છોકરાંનો મિજાજ વાસુદેવ ઉપર ગયો. વાસુદેવના હાડકાં ખોખરાં કરવા નિશ્ચય કર્યો. બેનનું મ્હો ન જોવા ઠરાવ કરવા લાગ્યા. મોહિની તો 'હું કહેતીજ હતી તે થયું પણ એમજ' લ્યો. આપો સ્વતંત્રતા. મ્હારી ભદ્રા, મ્હારી ભદ્રા, તે જુવો ભદ્રાએ નામ કાઢયું તે. આ બધાં ત્હમારી વ્હાલી ભાભીનાંજ કારસ્તાન.

જયન્ત અત્યારસુધી મુગો હતો તે ધીરે રહી બોલ્યો;–ભાઇ! મ્હારો વિચાર તદ્દન જૂદો છે. આપણે પણ ભદ્રાને વાસુદેવ સાથેજ પરણાવવાના હતા. બન્ને જરા અધીરાં ને ઉતાવળાં થયાં અને આપણા ઉપર વિશ્વાસ ન રાખ્યો એટલુંજ. થયું તે ન થયું થવાનું નથી. એમનો તિરસ્કાર કરવાથી, એમને ન બોલાવવાથી લાભને બદલે હાની છે. આપણને પસંદ ન હોય એવાની સાથે પરણી નથી. જ્ઞાતિમાં–જન સમાજમાં કેલવણી

વગોવાય—બંધારણ તૂટે અને બીજાં બાલકોના મગજ ઉપર ખોટી છાપ બેસે એવું કૃત્ય હતે તો સામુ પણ ન જોવું એ હુંજ સલાહ આપત. એવા બનાવોમાં જન-સમાજના યોગ્ય બંધારણ ખાતર હૃદયનો નહી પણ બાહ્ય તિરસ્કાર બતાવવોજ જોઇએ જેથી તે કૃત્ય કરનાર સમજે કે મ્હારાથી આ ખોટું થયું છે. આમાં એમાંનું કાંઇ નથી. લોકો તો તમાશો જોશે ને કોઇ આમ બોલશે તો કોઇ વિરૂધ્ધ બોલશે. મ્હારૂ માનો તો જાણે જાણતાજ નથી એમ લોકમાં બતાવી જાહેર લગ્ન કરી દેવાં. આવતા મહિનામાંજ—એમને લખવું. એમણે હજી લગ્ન કર્યું નથી તો પછી એમનુંએ રહેશે ને આપાણુંએ રહેશે. આ વાત પણ આપણામાંજ રહે એટલું કરજો. મુંબાઇની વાત કોઇ જાણતું નથી તેમજ આ વાત પેટમાં રાખવી.

જયન્તની યુક્તિ સર્વને ગમી અને તરતજ એક અર્જન્ટ તાર વાસુદેવ ઉપર ગયો. લગ્નની તારીખ નક્કી કરી હતી તાર પહોચતાંજ વાસુદેવ અને ભદ્રા આવ્યાં. જાણે કોઇ બન્યુંજ નથી એમ કોઇને ઠપકો આપવામાં આવ્યો નહી. લગ્નસંબંધી વાસુદેવસાથે શાન્તિથી, પ્રેમથી, ઉમંગથી વાત થઈ. લગ્ન નક્કી થતાં સર્વ તૈયારીઓ થવા માંડી. મુંબાઇથી તાર કરી દિવા—મંડપ વગેરે મોકળી આપનાર બોલાવ્યા. આમંત્રણ પત્રિકાઓ નીકળી. જ્યાં પૈસાની ખોટ નહી ત્યાં એક રાતમાં શામાટે ઇન્દ્રપૂરી ઉભાં ન થાય. જયન્તભાઈ વિલાયત જવાના છે માટે લગ્ન એકદમ થયાં. વાસુદેવ ને ભદ્રા વિલાયત જવાનાં છે માટે લગ્નની ઉતાવળ કરે છે એમ વાતો થઈ. આખું લાનોલી ગાજી રહ્યું. જયન્ત, વામન, દત્તુ, બાબુના મિત્રો—વસન્તરાવના સંબંધીઓ ઉપરાંત ધંધાને અંગે પ્રસંગમાં આવેલા દેશી યુરોપીય વ્યાપારીઓ, સદ-

ગૃહસ્થો આવ્યાં અને વસન્તરાવની હોંશ મુજબ ધામધૂમથી લગ્ન થયાં. સુશીલાએ વ્હાલી ભત્રિજીને મોતીનો હાર લગ્ન ભેટમાં આપ્યો. ભદ્રાને લગ્ન ક્રિયાના લુગડાં પહેરાવ્યાં ત્યારથી તે ચોરીમાં આવી–પરણી ઘેર વળાવી ત્યાંસૂધી યમુ ભદ્રાની પાસે ને પાસે હતી અને જયન્ત વારંવાર ભદ્રાની ખબર પૂછવા આવતો. યમુની આંખમાં –યમુના હૃદયમાં ઝણઝણાટ ઉત્પન્ન કરતો. હરેક બ્હાને યમુ સાથે વાત કરતો. યમુના હાથનું પાન, યમુના હાથનું પાણી જયન્તને ઔર આનંદ આપતાં. લગ્ન થયા પછી આઠ દિવસે ભદ્રા અને વાસુદેવ મુંબાઈ ગયાં. સ્ટેશન ઉપર વળાવવા આખું કુટુમ્બ ગયું હતું. ગાડી ઉપડતાં ઉપડતાં જયન્તે સહેજ હસીને ભદ્રાને કહ્યું "ભદ્રા! કાકીને ઘેર જવાનું કહી જતી નથી ને! આટલાં બધાં વર્ષો ત્હારી સાથે રહ્યાં તે અમે ખોટા ને આમ વાસુદેવનીજ થઇ ગઈ ને?

પ્રકરણ ૧૫ મું.

બેંક નોટ.

Out of evil cometh good.

ઓકટોબર વેકેશનની શરૂઆત થઇ ગઈ હતી. હાઈકોર્ટ અપીલ સાઈડ બંધ હતી. બારીસ્ટરો, જજ્જો, સોલીસીટરો મહાબલેશ્વર, માથેરાન ગયા હતા. કોટમાં જે સોલીસીટરોની ઓફીસમાં કારકુનોને ચાહપાણી પીવા જવાની ફુરસદ નથી હોતી તે ઓફીસોમાં એકાદ બે કારકુનો જરૂરી કામ માટે આવ્યા હતા. સોલીસીટરો બદલે એમના ભાગદારો બબ્બે ત્રણ ત્રણ વાગે સહેજ આંટો મારી જતા હતા. હાઈકોર્ટને અંગે મુંબાઇમાં

કેટલી બીજી પ્રવૃત્તિઓ ચાલે છે તે જેમને હાઈકોર્ટનો અનુભવ હોય તેજ જાણી શકે છે. વકીલો, આશીલો, વ્યાપારીઓ, પોલીસની દોડાદોડી અને ધાંધલ ચાલ્યાજ કરવાની–આ સઘળું બંધ હતું. વિનાયક અને ત્હેનું કુટુમ્બ નીલગીરી ગયું હતું. લક્ષ્મણ શેઠ ઓફીસમાં હતા ત્યાં કારકુન આવ્યો ને લક્ષ્મણ શેઠે પુછયું

"રંગીલદાસ! કેમ! બધું બરાબર થયું ને?"

ના, જી. તે તો ઘરમાં ન હોતો પણ પૈસા આપી ગયા.

પૈસા આપી ગયા હોય તો જખ મારે છે." પૈસા આવ્યા એ લક્ષ્મણ શેઠને નવાઇ હતી.

સાહેબ! ખરચ સુધ્ધાં લઈ આવ્યો.

લક્ષ્મણશેઠ અંદર ચેમ્બરમાં ગયા ને ખુરશી ઉપર બેઠા. રંગીલદાસ પાછળ પાછળ ગયો. મેજપાસે સામો ઉભો રહી પાટલુનના ગુજવામાંથી ૫૦ રૂપીઆની નોટ કાઢી ટેબલ ઉપર મૂકી. સાહેબ! એનીપાસે પચાસની નોટ હતી એટલે મ્હેં પાંચ રૂપીઆ છૂટા ને આઠ આના મ્હેં આપ્યા છે.

રંગીલ! એનીપાસે પૈસા હતા ત્યારે આપણને શા માટે આટલી તકલીફમાં નાંખ્યા!

સાહેબ! એની પાસે તો પાઇએ નથી. આ તો એની બાયડીએ કાઢી આપ્યા. જ્યારે એની બાયડીને લાગ્યું કે બેલીફ આવ્યો અને જાણ્યું કે સુવાનાં ગોદડાં –છોકરાંના લુગડાં ને વાસણ જપ્ત થશે એટલે અંદર ગઇ અને આ નોટ લઇ બાર આવી. આપતાં આપતાં બબડી પણ ખરી કે આ નોટ એના ધણીપાસેથી દસેક મહીના ઉપર લઇ રાખી મૂકી હતી, છોકરાંના અભ્યાસ માટે.

જબરી બાયડી. એના ધણીને નોટની ખબર ન હોતી?

ના. જરાયે નહિ. મારી પેઠે એપણ નોટ જોઇ અજાયબ થયો. 'રાંડે બીજીએ રાખી હશે' એમ કહ્યું ત્યારે એ ખૂબ રોઇ ને હવે મ્હારી પાસે ઝેર ખાવાને પાઇ નથી એમ બોલી. લાગી તો ગરીબ પણ બાઇએ સારા દિવસો દીઠા હોય એમ લાગ્યું.

રંગીલદાસ ગયો ને લક્ષ્મણ શેઠ બબડયો. ત્યારે પહેલેથીજ ભરી દીધા હત તો આવી માથાકુટ તો ન કરવી પડત. વિનાયક નકામાં આવા આવા કેસોમાં માથુ મારે છે. બિચારાને લુગડાં વેચવાનો વખત આવ્યો. એવા ગરીબ માણસ સામેનો કેસ તો હું હાથમાં ન ઝાલું. એવા ગરીબના હાથના પૈસા ખાવા કરતાં ભુખે મરવું સારૂં—પણ આ શું?

આ નોટ પાછળ ચંદુમલ ગનુમલનું નામ છે. આ નોટ અગર નોટ પાછળના નામમાં કાંઇ વિશેષ ન હોતું. ચંદુમલને લક્ષ્મણ શેઠ ઓળખતો પણ નહી. નોટોની પાછળ બેંકોના શિક્કા, નામો ઘણીવાર આવે છે એટલે લક્ષ્મણ શેઠને કાંઇ નવીનતા લાગી ન હોતી. પણ આજ નોટ એની પાસે પહેલાં આવી ગઈ હતી. મારવાડીનું નામ, મારવાડીનાં અક્ષર જોઈ એ હસ્યો હતો તે સાંભર્યું. તેજ નોટ, તેજ નામ ફરીને કયાંથી? એની એ નોટ હજાર વાર વ્યાપારી પાસે આવે ને જાય પણ આ નોટ નાયક પાસે કયાંથી? એ નોટ કયારે ને કોને આપી હતી? લક્ષ્મણ શેઠ ઓફીસની બ્હારીએ ઉભા ઉભા વિચાર કરવા લાગ્યા ત્યાં એકાએક સાંભર્યું. હં. વાસુદેવને ત્રણ હજાર રૂપીઆ પેસુ પસ્તાકીયાને આપવા આપ્યા હતા ત્હેમાં આ નોટ હતી. વાસુદેવ જેવો માણસ ત્રણ હજારનું ખત લખી આપે અને ત્હેનું ત્હેને ભાન ન હોય એ કેમ બને એ શક ત્હેને તેજ

વખતે આવ્યો હતો અને એ શક હજી દૂર થયો ન હોતો. વાસુદેવ માત્ર અસીલ ન હોતો. સુધાની પુત્રી ભદ્રાનો પતિ હતો એટલે વાસુદેવના સંબંધની સર્વ વાતમાં ત્હેને રસ પડતો ને એટલાજ પુરતો આ વિચાર થયો. ભદ્રા અને વાસુદેવ આબુ ઉપરથી હમણાંજ આવ્યાં હતાં અને એમને પુછી આવવાનો વિચાર પણ થયો. વળી લક્ષ્મણને વિચાર થયો. આ નાયક જુગારી હતો એના પ્રતિપક્ષીએ જપ્તી મુકાવતી વખત વાત કરી હતી. નાયકની બૈરી પાસે આ નોટ દસ–બાર મહિનાથી હતી અને દસ–બાર મહીના ઉપરજ વાસુદેવ ત્રણ હજાર રૂપીઆ લઇ ગયો હતો. આ નોટ એજ અરસામાં નાયકના હાથમાં આવવી જોઇએ. ધારો કે વાસુદેવે ત્રણ હજાર રૂપીઆ પેસુ પસ્તાકીયાને આપ્યા પણ પેસુ નાયકને પચાસ રૂપીઆ શાના આપે? કદાચ એને દાબવાને–એનું મોઢું બંધ કરવાને આપ્યા હોય—

લક્ષ્મણે ઘંટડી વગાડી ને રંગીલ અંદર આવ્યો.

રંગીલ! આ નાયક વિશે તું કાંઇ જાણે છે?

ના જી. મ્હેં તો એને આજ પહેલી વારજ જોયો પણ જપ્તી મુકાવનારે વાત કરી હતી. રૂપીઆ મળ્યા એટલે બોલ્યો કે નાયક જાતે ખરાબ નથી. મૂળ એની સ્થિતિ સારી હતી પણ પાછળથી લથડી અને વ્યસનમાં બગાડયું. હાલમાં ગ્રાન્ટરોડ કલબમાં માર્ક નોધનાર છે.

એમ! બરાબર! જરા નાયકને બોલાવી લાવો તો–મ્હારે કામ છે.

રંગીલદાસ ગયો ને થોડી વારમાં નાયકને લઈ આવ્યો. નાયકે ચંપલ, ધોળું ધોતીયું, કોટનનો હાફ્-કોટ ને કાળા મખમલની ટોપી પહેરી હતી. દેખાવે ગરીબ હતો છતાં મ્હો ઉપરથી સદગૃહસ્થ લાગતો હતો.

ચહેરા ઉપર ચિન્તાના ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં. ગાલમાં ખાડા પડ્યા હતા. લક્ષ્મણે ખુરશી ખસેડી. રંગીલ ગયો એટલે નોટ બતાવી.

નાયક! આજ સવારે તમારા ઘર ઉપર જપ્તી આવી ત્યારે આ નોટ ત્હમે આપી હતી? આ નોટ પહેલાં મ્હેં જોઇ છે.

નાયક થર થર ધ્રુજવા લાગ્યો. એનો ચહેરો ધોળો પુણી જેવો થઈ ગયો ને બોલતાં બોલતાં થથર્યો.

કેમ! સાહેબ! નોટ ખોટી છે! સાહેબ! ખોટી હોય તો—

નાયકનો ભય લક્ષ્મણે જરાયે ઓછો ન કર્યો પણ ઉલટો દમ માર્યો. તમે એ નોટ ક્યાંથી લાવ્યા મારે એ જાણવું જોઇએ.

સાહેબ! એ નોટ ખોટી હોય તો હું કાંઇ જાણતો નથી. સાહેબ અમે એવા—

ગમે તેમ. નોટ ખરી છે કે ખોટી પણ જો ત્હમે સાચે સાચું બોલશો તો ત્હમને કાંઇ નહી થાય એ હું વચન આપું છું. બોલો ક્યાંથી આવી?

સાહેબ તે તો ઘણા વખત ઉપર મ્હને મળી હતી.

કેટલા વખત ઉપર? કયા મહિનામાં?

સાહેબ, ગયા સપટેમ્બર–ઓગસ્ટમાં હશે.—

તમને કેવી રીતે મળી?

સાહેબ મ્હને બે નોટ મળી હતી. એમાંની એક તો મુંબાઇ બેંકમાં વટાવી હતી.

પણ તમને આપી કોણે એ પૂછુછું?

સાહેબ એક જણ પાસે હું સો રૂપીઆ માંગતો હતો અને એણે મને દેવા પેટે નોટો—

નાયક એમ ઉડતો જવાબ આપો તે નહિ ચાલે. મ્હે ત્હમને એકવાર કહ્યું છે કે ખરૂં બોલશો તો ત્હમને જરાએ નુકશાન નહી થાય. હું માગતો હતો ને મળ્યા એ વાત તદ્દન ગલત છે.

સાહેબ! મ્હને એ નોટ પેસુ પસ્તાકીયાએ આપી હતી. એ મને સો રૂપીઆ આપવાનો હતો તે આપ્યા. એકદમ સો રૂપીઆ જેટલી રકમ મળતાંજ હું તો રાજી રાજી થઇ ગયો ને ઘેર જઇ મ્હારી બૈરીને એક કકડો આપ્યો. મ્હારી પાસેના પૈસા બધા વપરાઇ ગયા ત્યારે મ્હારી બૈરી પાસેની નોટ માંગી પણ ત્હેણે તો કહ્યું કે છોકરાનાં લુગડાં, ઘર ખરચમાં વપરાઇ ગયા. પણ આજ ખબર પડી કે રાંડે રાખી મૂકી હતી. બડી પક્કી. એણે રાખી મૂકી તો આજ ફજેતી થતી અટકી. મ્હારો મ્હોટો છોકરો ચિત્ર કામમાં હોશીયાર છે. એને ધંધો શરૂ કરાવવા પચાસ રૂપીઆ મ્હારી બૈરીએ રાખી મૂક્યા હતા. પણ આજ જ્યારે રાચરચીલું વેચાવાનો વખત આવ્યો ત્યારે કાઢી આપ્યા.

પેસુ જુગારમાં હાર્યો હતો?

નાયક લક્ષ્મણના સામુ જોઇ રહયો. લક્ષ્મણ ગંભીર થઇ ગયો.

ના જી. પેસુ મારી સાથે રમેજ નહી. એ એના મનથી મોટો માને છે.

હશે, પણ આ જુગારીની કમાઇ છે. તમે ને પેસુ નહી રમ્યા હો તો પેસુ ને બીજું કોઇ રમ્યું હશે.

નાયક ઢીલાઈજ ગયો.

અને પેસુને ત્રણ હજાર મળ્યા હશે.

નાયક ચમકયો અને લક્ષ્મણ સામું જોઇ બોલ્યો.

સાહેબ! આપને બધી ખબર મળી હોય એમ લાગે છે.

હા. મ્હને બધી ખબર છે. મ્હને તપસીલ જોઇએ છીએ. વાસુદેવ દેસાઇને દારૂ પાઈ ઘેનમાં ને ઘેનમાં ત્રણ હજાર રૂપીઆ પડાવ્યા.

નાયકે કાંઈજ ઉત્તર ન આપ્યો.

આ પૈસા કાવસ, પેસુ અને ત્હારી હાજરીમાંજ પડાવ્યા છે. બીજા પણ હતા કેમ?

સાહેબ! આપને ખરૂં કહેવાની જરાયે હરકત નથી. સાહેબ, જુગારખાનામાં એવાં તો રોજ કારસ્તાન થાય છે. મ્હને જરાયે ગમતું નથી પણ શું કરૂં, સાહેબ. પેટ કરાવે છે. સાહેબ, પણ આ વાત પેસુએ જાણી તો મ્હારે તો ભોંય ભારે થશે.

એ વાતે ગભરાવાની જરૂર નથી. તમારૂં નામ જરાયે આવશે નહિ. અને ત્હેમાં પેસુને કાને તો જવાનીજ નથી.

સાહેબ! હવે કહેશો? નોટ ખોટી છે?

ના. નોટ બરાબર છે. વાસુદેવપાસેથી પૈસા શી રીતે કઢાવ્યા. એટલુંજ જાણવા માગું છું. જુગારખાનામાં વાસુદેવ ગયો ત્યારે દારૂ પીધો હતો અને ત્યાં જઈ દારૂની ઘેનમાં કોચ ઉપર સૂઈ ગયો; ત્યારે જુગાર રમ્યો કયારે ને પૈસા ખોયા કયારે?

હીરો–સખારામ વગેરે હતા?

હા જી, વાસુદેવ આવ્યા ત્યારે બધા હતા પણ રાતના ત્રણ વાગ્યે આ બન્યું. તે વખતે વાસુદેવ ને કાવસ બેજ હતા.

અને પેસુ ?

હા જી, પેસુ હતો પણ પેસુ તો કાંઈ બારનો માણસ નહીં ને હું તો દારૂના કબાટની પાછળ બેઠો હતો. મારા મનથી કે બધા જાય તો બારણાં વાસી સૂઈ જાઉં. કાવસ, પેસુ અંદર અંદર ગુસપુસ કરતા વાસુદેવપાસે આવ્યા અને બન્ને જણાએ પકડીને વાસુદેવને બેઠો કર્યો. રમત શરૂ થઇ. વાસુદેવને ન હોતું ભાન પત્તાનું કે ન હોતું ભાન જાતનું. પત્તા કાવસ ઉપાડતો હતો. આ સ્થિતિ જોઇ પેસુ બોલ્યો 'કાવસ રમવું નકામુ છે. એનાથી લખાવાનું નથી. હાથ પકડી લખાવીયે ત્યારે અથવા આપણે લખીયે ત્યારે'—

કાવસે કહ્યું—ના. આપણા અક્ષર નહી.

એટલામાં પેસુ બોલ્યો—"કાવસ એક સાંભર્યું. મ્હારી પાસે રૂ. ૩૦ માગે છે એવો કાગળ છે એની તળે એની સહી કરાવી લઇએ. ચાલ ઉઠ બ્રાન્ડી લાવ એટલે જાગૃત થશે."

બન્ને જણાએ બ્રાન્ડી પ્યાલામાં કાઢી વાસુદેવને પીવડાવી. સાહેબ, વાસુદેવનાં હીરાનાં બટન એવાં ચમકતાં હતાં—

તું ત્યાં હતો.

હા. સાહેબ. મ્હેં કહ્યું તેમ હું કબાટપાસે છાનો માનો પડી રહયો હતો અને ત્યાંથી બધો તાલ જોતો હતો. મ્હારી જગા એવી હતી કે હું બધું જોઇ શકું પણ મ્હને કોઈ ન જુવે. આજ પણ તમે જાવો તો જણાશે.

માફ કરો ભાઇ! મ્હારે જુગારખાનામાં નથી જવું—પછી—

પછી કાવસે ખડીયો હોલ્ડર તૈયાર કર્યો. પેસુએ પેલો કાગળ કાઢયો ને બોલ્યો—"આમાં તારીખ ૧ છે. બીજો એકડો વધારવાથી આજની તારીખ થશે. આમાં ૩૦ આપવાના લખ્યા છે ત્યાં બે મીડાં વધારવાનાં છે; ચાલ જલ્દી કર."

કાવસ વચમાં બોલ્યો—અલ્યા પણ વાસુદેવ જાગશે તો ભારે થશે કારણ એ કાંઇ રોજ આવતો નથી.

પેસુએ કહ્યું—આમ બાયલો શું થાય છે! વાસુદેવનો બાપ આવે તો એ શું? એની પાસેથી પૈસા કેમ કઢાવવા તે હું જાણું છું. એને કાંઇ સાંભરતું નથી. ગઇ ફેરીના હિસાબમાં મ્હેં પાંચને બદલે પચાસ માગું છું કહ્યું, તે હશે કરી પચાસ આપ્યા. આ ત્રીસના ત્રણ હજાર ચાલશે—જો એની સહી છે, પછી બીજી સહીની જરૂર નથી.

અને ત્યારે આમ ત્રીસ રૂપીઆની ચીઠીની ત્રણ હજારની ચીઠી કરાવી લીધી એમ કે! બન્ને જણા ડુંગરી જેલમાં જવા યોગ્ય છે.

સાહેબ! એમણે શો ફેરફાર કર્યો તે ખબર નથી પણ બે મીડાં વધારવાની વાત કરતા હતા. પણ પાછળથી ખબર પડી કે વાસુદેવ ત્રણ હજાર રૂપીઆ હાર્યા.

ઠીક, પણ ત્હને કયાંથી મળ્યા?

નક્કી થયા પછી પેસુએ જવાની તૈયારી કરી. જતાં જતાં દારૂનું કબાટ ઉઘાડી દારૂ લેવા આવ્યો ત્યાં પેસુએ મ્હને દેખ્યો. મ્હને જોતાંજ એનો મિજાજ ગયો. એ કેવો છે તે તો આપ જાણતાજ હશો. દેખાતો જેન્ટલમેન પણ ખૂન કરી હાથ ધોવા ન જાય એવો છે. પેસુ મારી પાસે આવ્યો ને ધીરેથી બોલ્યો—

"નાયક ! તું હજી છે કે ! તારો છોકરો ભણે છે કે ! તારો છોકરો સારો ચિત્રકાર થાય એ હારી મરજી છે જાણી હું બહુજ ખુશી થયો છું. તારી સ્થિતિ નથી તે હું જાણું છું. તને જરૂર મદદ કરીશ. વાસુદેવ ઉઠે એટલે સંભાળી એને ઘેર પહોંચતો કરજે ને કાંઇ બોલીશ નહી."

સાહેબ, હું જાણતો હતો કે પેસુ પાઈ પરખાવે એમ નથી. થોડી વાર પછી વાસુદેવને ગાડીમાં નાંખી ઘેર મોકલ્યો. આમ વચમાં કેટલાક દિવસ ચાલ્યા ગયા. એક દિવસ પેસુએ મ્હને આઘો બોલાવી 'આ પેલા કહ્યા હતા તે' એમ કહી પચાસ પચાસની બે નોટો આપી. સાહેબ એમાંની આ નોટ.

અને તે દિવસની વાત કોઈને ન કહેવા ખાતર એ પૈસા હ્નને આપવામાં આવ્યા ને તે લીધા. હ્મે ત્રણે ગુન્હેગાર છો.

સાહેબ! સાચેસાચી વાત કહી છે. હવે આપને જે કરવું હોય તે કરો પણ જે સ્થિતિ મ્હારી છે તે સ્થિતિમાં માણુસ આવે ત્યારેજ ખબર પડે કે ખાવાને પાઇ ન હોય, છોકરાં–બૈરીને અને પેટને ભરવાનું હોય, તે વખતે પૈસા આવતા હોય તે પૈસા કયાંથી આવે છે તે કેમ આવે છે તે પૂછવાનું ડહાપણ રહે કે કેમ ! સાહેબ ભૂખે મરૂં છું પણ આજસૂધી એવાં કામ કર્યા નથી. પેસુ જેવાની સામે થવું એટલે મોતજ માગવું કે બીજું? બૈરી–છોકરાંને રખડાવી વિના વાંકે મરવાની મ્હારી હિમત ન હોતી. જુગારખાના અને એવી રાતના કાર-સ્તાનની જગાના નોકરો સારૂં છે કે ત્યાં શું થાય છે તે કહેતા નથી બાકી તે કથાઓ સાંભળી રૂંવાટાં ઉભાં થાય એમ છે. મ્હેં સો રૂપીઆ ન લીધા હત તો કાંઇ તે રકમ વાસુદેવને મળત નહી. મ્હારે માટે આ ઉપરથી

ખરાબ અભિપ્રાય બાંધવાનો નથી. જો કે ગરીબાઈ એવી છે કે સારો અભિપ્રાય બંધાયજ નહિ. દિવસોનાં દિવસો મ્હને કાંઇ સૂઝતું નથી અને દીલગીર રહું છું.

શામાટે !

જી. એક વખત હું પણ ખુરશી ટેબલ વાપરતો હતો—એક વખત હું પણ ઘરની ગાડીમાં બેસતો હતો—એક વખત મ્હને ચાર લોકમાં માન આબરૂ હતાં—એક વખત હું પણ કોલેજનો વિદ્યાર્થિ હતો. પરમેશ્વરની મેહેર હતી. પણ ખરાબ સ્થિતિ થતાં, જુનું સંભારતાં એટલી ગ્લાનિ થાય છે કે દારૂની ટેવ ન હોય તોપણ એ સ્થિતિ ઘડીવાર ભૂલી જવા દારૂ પીવાની જરૂર છે એમ થાય છે. જુગારખાનામાં નોકરીને અંગે સાવધ રહેવું પડે છે બાકી ખીસામાં પૈસા ન હોય તે શિવાય આખો દિવસ ચકચૂર—

પણ ત્હમે પહેલાં શો ધંધો કરતા હતા !

સાહેબ. દાકતર હતો—એલ. એમ. એન્ડ એસ છું-સરકારી સીવીલ હોસ્પીટલોમાં આસીસ્ટંટ સર્જન થઇ આવ્યો છું. બસો બસો ત્રણ ત્રણસોના પગાર ઉપરાંત પ્રાઇવેટ પ્રેકટીસથી પૈસો મળતો હતો પણ તમામ કલાલની દુકાનમાં—વેસ્ટ એન્ડ બારમાં. બેલાસીસ રોડ ઉપર મારા જેવા અનેક મેડીકલ વિદ્યાર્થીઓનું જીવન બરબાદ જાય છે. એ બાજુ એટલા બધાં આકર્ષણ છે અને મુંબાઇના સારા લતાથી એ ભાગ એટલો દૂર છે અને મેડીકલ વિદ્યાર્થીઓને શરીર રચના પુસ્તકમાં અને વોર્ડમાં પ્રત્યક્ષ અને પરોક્ષ જોવાની સમજવાની મળતી હોવાથી પાપ પૂણ્ય—મારૂં તારૂં એવું તો જતું રહે છે કે ત્યાં શું થાય છે, વિદ્યાર્થીઓ ક્યાં ને કયારે શું કરે છે ત્હેની કોઇને ખબર પડતી નથી. બધાએ ખરાબ થાય

છે એમ નહી પણ ખરાબ થવાના સાધન ત્યે બાજુ છે. મ્હારા પિતાનો હું એકનો એક છોકરો. મ્હારા પિતાને હોંશ હતી કે હું એમનો ધંધો સંભાળું–ઘડપણમાં એમને આશાયેશ મળે, પણ મ્હારી આ સ્થિતિ થઇ છે. કોઇ કોઇ વાર બૈરી છોકરાંના વિચાર કરૂં છું ત્યારે ખરેખર આપઘાત કરવાનું મન થઈ જાય છે–છોકરી લાનોલી મુકવાની હા પાડી ને ત્યાં રખાઇ તે પરમેશ્વરનો પાડ—

છોકરી! લાનોલી! તમે લાનોલીવાળા દાક્તર નાયકના સગા થાવ!

સગા! જી એમનોજ નાલાયક અભાગી પુત્ર. હું પોતે. હું ધારતો હતો કે તમે મ્હને ઓળખો છો.

નાયક, ખરેખર તમારી હકીકત સાંભરી મ્હને ખેદ થાય છે. ગભરાવ નહી. તમે લગભગ ચાળીશ વર્ષના હશો. તમે ટેવ ન છોડી હોય તો હજી છોડી દો–તોજ સુખી થશો.

એતો આભને પકડવા જેવું છે. એ ટેવ તો મુવે જવાની. આમને આમ દહાડા પુરા કરવાના–આ દુનિયામાં જીવન ગુમાવ્યું તે ત્યાં પરલોકમાં નર્ક મેળવ્યું.

ત્યારે હાલ તમારો ધંધો રાત્રે જુગારખાનામાં માર્ક નોંધવાના!

જી. ને દારૂ પી ફરવાનો–મ્હે કોઇ દિવસ દગો ફટકો કર્યો નથી. દારૂની ધુનમાં જે થાય તે માફ. દારૂના નિશામાં ઉશ્કેરાઇ જાઉછું; પછી નિરાશ થાઉંછું. બન્ને સહન થઇ શકતાં નથી અને બન્ને પાપનાં મૂળ છે.

તમે ઘણા ગરીબ છો!

સાહેબ એમ ન હત તો ગોદડાં વેચવાનો વખત ન આવત. મ્હારી બૈરી બીચારી ભલી છે તે બે પૈસા

પિયરથી લાવેછે ને બીજું થાડું ઘણું જુગારખાનામાં કમાઉછું--આમ જયાં ત્યાંથી નભાવીએ છીએ. તમારી જપ્તી આવી એટલે અમે ધૂળ ભેગાં થઈ ગયાં. એ પચાસ રૂપીઆની નોટ ન નીકળી હુત તો ભીખ માગવી પડત. ઘરબાર તો મારવાડીને ત્યાંજ છે. પાંચ લઇ પચીસનું ખાતું પડાઈ ગયું છે.

નાયક! નાયક! મ્હને આમાંની કાંઇજ ખબર ન હોતી. આમ છતાં તમારા છોકરાને હુન્નર શાળામાં મોકળવા ચાહો છો!

જી. હા. વિચાર છે પણ શા કામના? ગમે તેમ કરી દાખલ તો થવાય પણ કાયમનું ખર્ચ કયાંથી કાઢવું? એપણ ભાગ્યની વાતને–છોકરામાં બુધ્ધિ છે–ઉમંગ છે ત્યારે મ્હારી અનુકૂલતા નથી. ઘણાને અનુકૂળતા હોય છે ત્યારે નથી હોતી બુધ્ધિ કે નથી હોતી ઇચ્છા. પંદર વર્ષ તો થયાં.

કાંઇ ભણ્યો છે?

મેટ્રીક સૂધી. પણ મેટ્રીકમાં બેસવાના પૈસા કયાંથી લાવવા? અક્ષર તો મોતીના દાણા જેવા છે–ઠરેલ છે–કામથી સંતોષ આપે એમ છે પણ દારૂડીયાનો છોકરો, એ સર્ટીફીકેટ એની વિરૂધ્ધ છે.

મ્હારાથી બનશે તો એનું કર્યાવિના નહી રહું. મ્હારે એક મિત્ર છે એના સ્ટુડીયોમાં કાંઇ આપ્યાવિના બનશે તો દાખલ કરાવીશ. કદાચ છોકરાનું કામ જોઈ લે તો લે. પણ પહેલાં મ્હારે છોકરો જાતે જોવો જોઇએ. ત્હમારા બાપે મ્હને એક વખત મંદવાડમાં મરતાં બચાવ્યો છે તો મ્હારી ફરજ છે કે ત્હમને મદદ કરવી. ત્હમને આવી સ્થિતિમાં જોઇ મ્હને બહુ થાય છે.

નાયક ઉભો થયો. છોકરાનું ભવિષ્ય સુધારવા મદદ કરવાની ઇચ્છા દર્શાવી હતી તે ખાતર લક્ષ્મણરાવનો ઉપકાર માનવા નાયકની વૃત્તિ થઇ પણ ભૂત વર્તમાન સાંભરતાં અને લક્ષ્મણરાવના અનુકંપા ભર્યા શબ્દથી આંખમાં આંસુ આવ્યાં ને નાયકથી કાંઇજ બોલાયું નહિ. જો દારૂની ટેવ ન હોત—એ ટેવ કાઢી નાંખવાની હીમત હોત—તો નાયક ખરેખર લોકપ્રિય દાક્તર થયો હોત અને બે પૈસા ભેગા કરી શકયો હોત, પરન્તુ એમ ન હોવાથી નાયક પોતાની જાતથી શરમાતો હોય એમ નીચું જોઇ કારકુનો કે પટાવાલાને ખબર ન પડે એમ ચાલ્યો ગયો.

સાંજના લક્ષ્મણરાવ વાસુદેવને મળવા ગયો. વાસુદેવનો કેસ હજી ચાલતો હતો. કોર્ટોની રજા દરમિયાન આબુ ગયો હતો. પણ વાસુદેવના ભાગ્યે એની નજદીકની કાકી ગુજરી ગઈ અને કાકી વીલમાં એક ઘર, એક બંગલો અને આશરે દશેક હજારની મિલકત વાસુદેવને આપતી ગઈ. સોલીસીટરનો તાર આવવાથી મિલકતનો કબજો લેવા વાસુદેવ મુંબાઈ વ્હેલો આવ્યો હતો. કેસ ચાલતો હતો—પોતાની મિલકતનું ઠેકાણું ન હોતું તેવામાં આ મિલકત એને બહુ ઉપયોગની થઇ. ભદ્રા, ઉત્સાહી ભદ્રા, સુધાના હાથ નિચે કેળવાયેલી ભદ્રાએ ઘરની સર્વ વ્યવસ્થા ઉપાડી લીધી. કેસનો ચુકાદો આવતાસૂધી આ ઇશ્વરે આપેલી અનુકૂળતાનો લાભ લઇ ઘર ચલાવવા ભદ્રાએ નિશ્ચય કર્યો—મુંબાઇનું ઘર સવાસો રૂપીએ ભાડે આપ્યું. વાલકેશ્વરના બંગલાનો નિચલો ભાગ પોતે રાખી ઉપલો ભાગ ત્રણસો રૂપીએ આપી માસિક ચારસોની આવક કરી. અને દસ હજાર રૂપીઆ મુંબાઈ બેંકમાં મુકયા. નકામો સરસામાન વેચી જરૂર જોગો ને ઉપયોગી સામાન રાખી

કરકસર અને સગવડ સાચવી ઘર ચલાવ્યું. લક્ષ્મણરાવે એકાદ વાર વાસુદેવને કાવસ સાથે જોયો હતો અને હુજી કાવસની દોસ્તી છોડી નથી જાણી દીલગીર થયો હતો. ભદ્રા વાસુદેવની સાથે જરાયે દુઃખી થઇ ન હોતી. જુગાર અને દારૂના પંજામાં જ્યાંસૂધી વાસુદેવ ન હોતો આવતો ત્યાંસૂધી એના જેવો સ્નેહાળ–માયાળુ ઉન્નત્ત બીજો ભાગ્યેજ હુશે એમ લાગતું. ભદ્રાનું વર્તન, ભદ્રાનો સ્વભાવ એવો હતો કે જે વાસુદેવને ઘરમાં ઘડી ગોઠતું નહિ તેજ વાસુદેવને બ્હાર જવું પડતું ત્યારે જીવ ઉપર આવતું. જે વાસુદેવ નાટકમાં ગયા વિના રહેતો નહી, રહેજ નહિ તેજ વાસુદેવે આજ બાર મહિના થયા નાટકના સામું જોયું ન હોતું. જે વાસુદેવ જુગાર-ખાનામાં કે પીઠામાં હાજરી આપ્યાવિના રહેજ નહી તેજ વાસુદેવ જુગારખાનાનું નામ ભૂલી ગયો હતો. વસન્તરાવ, જયન્ત અને સુશીલાને પણ પોતાની ભૂલ કબૂલ કરવી પડી અને ભદ્રાના જીવને નાહક સંતાપમાં નાંખ્યા કરતાં વ્હેલું લગ્ન કર્યું હત તો સારૂ એમ થયું. ભદ્રા વાસુદેવને એટલી સંતોષતી, એના માનસિક જીવ-નમાં પણ એટલી ભાગ લેતી કે વાસુદેવ ભદ્રાને તારિણી માનવા લાગ્યો.

લક્ષ્મણશેઠ આજ વાસુદેવને મળવા આવ્યો હતો અને તે કારણસરજ આવ્યો હતો. કાવસની દોસ્તી છોડી દેવા, ત્હેને ઘરમાં ન આવવા દેવા શિખામણ આપવા આવ્યો હતો. ભદ્રા આરામ ખુરશી ઉપર પડી પડી 'મનોરંજન' વાંચતી હતી. સુધાનું અનુરૂપ ભદ્રા, શાન્ત ચિત્તે, પ્રફુલ્લિત વદને બેઠી હતી. લક્ષ્મણરાવને વાસુદેવસાથે વાત કરવાની હોવાથી બન્ને જણ બ્હારના હોલમાં ગયા.

લક્ષ્મણશેઠ! એવું શું છે કે ભદ્રાનો વાંધો આવ્યો? ભદ્રાથી મ્હારે કાંઇ છાનું નથી.

જી! આપ વાત કરો તે જૂઠી વાત પણ મારાથી એમનાં દેખતાં ન કહેવાય.

પણ એવી શી વાત છે?

પેસુ પસ્તાકીયાને આપવા ત્રણ હજાર રૂપીઆ ત્હમે અમારી પાસેથી લીધા હતા તે?

હા. બરાબર સાંભરે છે. કેસ પત્યાવિના મ્હારાથી અપાય એમ નથી ને એ વાત ભદ્રા જાણે છે. મ્હારા જન્મથી અત્યાર સૂધીનો બધો ઇતિહાસ મ્હેં કહ્યો છે. જો સંસારસુખ ભોગવવું હોય અને પત્ની સમજુ હોય તો પત્નીથી કાંઇ વાત છાની રાખવી નહિ અને થયેલ કે થતા દોષો કહેવા એમ મારૂ માનવું છે. ખરૂં છે કે જીવનમાં એવા બનાવ, એવાં કૃત્યો બને છે કે એ કોઇ ન જાણે. આત્માપણ ન જાણે તો સારૂં એમ થાય છે પણ મ્હેં તો મ્હારાથી બન્યા તેટલા કહ્યા છે અને ભવિષ્યમાં બનતાંસૂધી એ રસ્તે ન જવા વચન પણ આપ્યું છે. ભદ્રા બિચારી મ્હારે માટે સુખે સૂતી નથી. એ ન હત તો-લક્ષ્મણ શેઠ! આજે હું ગટરમાં મૂવો હત.

વાસુદેવ! મ્હને આટલી બધી ખબર નહી, નહી તો બ્હાર આવવા કહત નહી. આ તો સામાન્ય રીતે અમે બૈરીઓને વાત ન કરીયે અને બધે ભદ્રા જેવાં બૈરાં ન હોવાથી એમ વાત કહેવાથી નુકસાન થાય છે માનીનેજ મ્હે તમને વાત કરવા બ્હાર બોલાવ્યા.

વાસુદેવ! એ રૂપીઆ ત્હમે હાર્યા નથી.

હાર્યો નથી ત્યારે? હું હાર્યો ને મ્હેં આપ્યા.

હા. આપ્યા ખરા પણ રમતમાં હારીને નાહ. આ વાત કોણે કહી એ હું કહી શકું એમ નથી પણ એટલુંજ કે તમારી બેભાન અવસ્થાનો લાભ લઇ એ પૈસા તમારી પાસેથી પેસુ પસ્તાકીયા અને કાવસે પડાવી લીધા છે.

એમ બનેજ નહી. મ્હારી જાતના અક્ષર છે. રૂ. ૩૦૦૦) ની ચીઠી છે પછી મ્હને શી રીતે છેતરે?

સાંભળો. આમ બન્યું. ૧૧મી જુલાઇએ વાત બની. ૧ જુલાઇએ તમે રૂ. ૩૦ ની ચીઠી આપી હતી.

શું પહેલી જુલાઇએ! ત્રીસ રૂપીઆની!

હા જી, પહેલી જુલાઇએ ત્રીસ રૂપીઆની. અગીઆરમીએ તમે કલબમાં ગયા. કાવસ અને પેસુ ત્યાં હતા ત્હેમણે ત્હમને કોચ ઉપરથી બેઠા કરી બે ચાર પાના તમારી પાસે ફેંકાવ્યા.

હા, એટલું સાંભરે છે.

પણ એમને ફાવ્યું નહી. તમે બેભાન થતા જતા હતા. તમને બ્રાન્ડી પાઇ જાગૃત કર્યા. પેસુએ પેલી ત્રીસ રૂપીઆની ચીઠી કાઢી. તેમાં ત્હમે આંક બાંધ્યો ન હોતો અક્ષરમાં રકમ લખી ન હોતી એટલે ૩૦ ના ૩૦૦૦ કરાવવામાં મુશ્કેલી નડી નહિ—

લક્ષ્મણ શેઠ! શું કહોછો?

હા. ૧ની ૧૧મી અને ૩૦ના ૩૦૦૦ કરવા એમાં મુશ્કેલી શી!

લક્ષ્મણશેઠ! સાચું કહોછો?

ત્હમે ને હું બન્ને અત્યારે જીવતા છીએ એ વાત સાચી હોય તો એ વાત સાચી. કાવસને માટે પહેલેથીજ અભિપ્રાય ખરાબ હતો ને છે. એને પાઇની કમાઈ

નથી. એ ઈસ્કીલાલા થઇ ફરેછે તે આમને આમજ ને. પેસુની વાત કરવાની જરૂર નથી, કાવસને બે ત્રણ વાર તમારી સાથે જોયો હતો. એવાસાથે સંબંધ ઓછો કરવાનું કહેવા આવ્યો છું.

લક્ષ્મણ શેઠ! તમારો કેટલો ઉપકાર! આજથી કાવસને ત્હમે મ્હારી સાથે નહી જુવો. જ્યાં એ ત્યાં હું નહી. ખૂનીની સાથે ઉભો રહીશ, પણ એનું મ્હોં નહી જોઉં, પછી!

ફરિયાદ માંડવાથી લાભ નથી કારણ પુરાવા—

ના. ના. એ તો બોલશોજ નહિ. ફરિયાદ કરી ફજેત થવું શામાટે. ભદ્રા ખાતર પણ ચુપ રહેવું જરૂરનું છે. એમણે પૈસા તો કયારનાએ ફનાફાતીયા કર્યા હશે. એ તો મને બરાબરજ શિક્ષા થઇ છે. કાવસ વચમાં આવ્યો હતો ને કલબમાં લઇ જવા મને બહુ સમજાવ્યો હતો; એના મનથી કે ફરી હાથ મારૂં હવે—

વાસુદેવ ઉશ્કેરાઇ ગયો હતો. આખા ઓરડામાં પાંજરામાં ફરતા ચ્હીડાયેલા વાઘની માફક આમતેમ આંટા મારતો હતો.

એ વખતે પેસુ કે કાવસ હત તો માર્યાવિના રહેત નહી. "શું કરૂં! મારા હાથ બંધાઇ ગયા છે—ફજેત થયા વિના કોર્ટમાં ઘસડાય એમ નથી, નહિ તો બતાવત."

વાસુદેવ! ગઈ ગુજરી જવા દો. ચુપ રહેવામાંજ લાભ છે. કોર્ટમાં ઘસડવો બને એમ નથી. માત્ર ભવિષ્યમાં એવાથી દૂર રહેજો એટલે બસ.

લક્ષ્મણશેઠ! મ્હને શિખામણ મોંઘી મળી છે એટલે હવે કહેવું નહિ પડે.

લક્ષ્મણશેઠ ઉઠયો ને ભદ્રાને મળી ગયો.

પ્રકરણ ૧૬ મું.

તાર.

હતો હા ! આ દિવસ કેવો ! હૃદયને શાન્તિ દેનારો,
બન્યો તે આજ ઓ સજની ! હૃદયને ખાખ કરનારો.

સાન્તાક્રુઝમાં સ્ટેશનથી આશરે દસેક મીનીટના રસ્તા ઉપર દરિયા તરફ જતાં એકજ ઘાટના ત્રણ બંગલા આવે છે. આ બંગલાની જગા ત્રણ બંગલાને નામે ઓળખાય છે. આ બંગલા સામાન્ય રીતે બંધજ રહેછે. એઠા ઘાટના–સગવડવાળા અને સુશોભિત બાગ-વાળા હોવાથી આ બંગલા ચંદનીમાં આકર્ષક લાગે છે. શાન કે રવિવારે અથવા રજાઓના દિવસે શોખીન–આનંદપ્રિય પ્રભુઓ–દક્ષણીઓ ઘણીવાર આ બંગલાનો લાભ લે છે. હાર્મોનીયમ, સીતાર. સારંગી તો હોયજ પણ તે ઉપરાંત એકાદ 'મુરલી' કે નાયકા હોય ત્યારેજ ઓર આનંદ જામેછે. શનિવારની સાંજના આવું ટોળું આવે છે અને તે રાતના મિજબાની ઉડે છે. મિજબાનીમાં મીઠાઇ–અભક્ષ્ય ભોજન, દારૂ–વ્હીસ્કીના સીસા, જમ્યા પછી ગાયન–નાચરંગ અને બૂમાબૂમ. આ બૂમાબૂમે સાન્તાક્રુઝના સતત રહેવાસીઓની શાન્ત નિદ્રા અનેક-વાર ભંગ કરી છે ને કરેછે. રવિવારે દસ વાગતાં સૂધી આખી મંડળી અસ્વસ્થ સ્થિતિમાં નિદ્રામાં પશુવત્ પડી રહેતી અને રવીવારે બપોરે 'વન્સ મોર' ગમત ઉડાવી સાંજના ૬–૩૫ ની ફાસ્ટમાં મુંબાઈ જતી.

આજ ઉપર કહ્યાપ્રમાણે એજ બંગલામાં પાર્ટી હતી. પાર્ટીનો સમય આઠનો હતો અને વાસુદેવને ઈજન હતું. હીરાભાઈ શેઠનું નિમંત્રણ હોવાથી વાસુદેવથી ના કહેવાઇ નહી. સાન્તાક્રુઝ શનિવાર રાતના રહીશ

નહિ–ગમે તો છેલ્લી ૧૧ ની ગાડીમાં અગર વાંદરેથી બારની ગાડીમાંએ આવીશ એમ ભદ્રાને કહી વાસુદેવ ચર્ચગેટથી ૭–૪૫ ફાસ્ટમાં સાન્તાક્રુઝ ગયો. વાસુદેવને આવેલો જોઈ આખી મંડળી ઝાંપા સૂધી બૂમાબૂમ પાડી ઝાંપાસૂધી લેવા ગઇ. ખોવાઈ ગયેલા બાલકને અચાનક મળી આવતાં જોઇ જે આનંદ થાય તે આનંદ આ મંડળીને થયો. જુના ને નવા વાસુદેવમાં આશમાન જમીનનો ફેર હતો. ભદ્રાની સાથે લગ્ન કર્યા પછી આવી પાર્ટીઓમાં જવું એણે મૂક્યું હતું. 'બાયડીનો દબાયેલો રહે છે' 'બાયડી મુખો થઇ ગયો' એમ ટીકા થતી પણ વાસુદેવ એ ટીકાને જરાયે ગણુગારતો નહિ.

નવ વાગે બધું મંડળ આવી ગયું. જમવાની તૈયારી થઇ. પાછળ ચંદનીમાં ચટાઇઓ પાથરી તે ઉપર ગોઠવાયા. શીખંડ, પુરી, ભજીયાં ઉપરાંત જેને જોઇએ ત્હેને બીજુ ભોજણપણ હતું. ભદ્રાની સાથેના સંબંધ પછી વાસુદેવે વનસ્પતિ આહાર સ્વીકાર્યો હતો. બધાએ, જુના મિત્રોએ બહુ બહુ આગ્રહ કર્યો પણ વાસુદેવ એકનો બે ન થયો. જમ્યાપછી દારૂના સીસા ઉઘડયા. વાસુદેવે ચોખ્ખી ના પાડી. આ જોઇ હીરાભાઈ અચમ્બો પામ્યા. સખારામ ગભરાયો. નાયકાનો નાચ શરૂ થયો. નાયકા શરીરે તંદુરસ્ત, ભરેલી અને રૂપ સંપન્ન હતી–યુવાની હતી, એની ગાનકલા એવી તો મધુર હતી–આકર્ષક હતી કે ઘડી બાર ભાન ભૂલાઇ જવાય. વાસુદેવનું જીવન જુગાર, દારૂ અને નાચમાંજ ગયું હતું. એની મનોવૃત્તિઓ ભદ્રારૂપી અંકુશથી દબાઇ હતી. એ અંકુશ અત્યારે ન હોતો. ઉળતાં એના દોષો જાણુનાર એને પોષનાર એની સાથે હજારો વાર ખાણાપીણામાં રાતો પસાર કરનાર મિત્રો અત્યારે હાજર હતા. આકર્ષક ચંદની, અપ્સરા સમાન નાયકાના હાવભાવ,

અને મધુર સંગીત વાસુદેવના હ્રદયને હુલમલાવી નાંખતાં હતાં. એટલામાં નાયકાએ "પી લ્યો દારૂડો" નું ગીત ઉપાડયું. મૂળરાગ એવો ત્હેમાં રાત્રીની શાન્તિમાં મધુર કંઠમાંથી સૂર નિકળતાં વાસુદેવના હ્રદયમાં દ્વંદ્વ યુધ્ધ જામ્યું. આ લાગ જોઈ હીરાભાઇ-સખારામે પ્યાલી વાસુદેવને ધરી. "લઉં ન લઉં" "ભદ્રા શું કહેશે!" "આટલામાં શું" "કયાં બીજી લેવી છે!" એકજ છેને! ના. ના. ના તેના-આ મજાહ કયાં ફરી ફરીને આવવાની છે એમ કહી પ્યાલી હાથમાં લીધી ને પીધી-પીધી ત્હેની સાથેજ નાયકાએ બીજી પ્યાલી ઉપાડી. "પીલે શરાબ" કરી ગાતી, નાચતી વાસુદેવપાસે આવી ઉભી. વિશ્વામિત્રને છળવા મેનકા આવી હોય એમ લાગ્યું. વાસુદેવ દેવ ન હોતો-આખરે માણસ-પામર મનુષ્ય હતો. જુના સંસ્કારો દબાયા હતા પણ ભૂસાયા ન હોતા. મનોબળની પરીક્ષા કરવાનો સમય આવ્યો ન હોતો. આજ હ્રદયની ધીરતા જતી રહી. એક વખત નહિ પણ અનેકવાર સ્વાદ ચાખેલો એવો શરાબ પ્યાલામાં ચકચકી રહયો હતો અને તે પણ નાયકાના હાથમાં. નાયકાના શ્વેત કોમલ માંસલ કાંડા ઉપર મોતીની બંગડીયો ઝબકી રહી હતી. ઘડીમાં પ્યાલા તરફ તો ઘડીમાં નાયકાના મ્હો તરફ જોતો વાસુદેવ થર થર ધ્રુજતો હતો.

દારૂની લહેજત, નાયકાનું રૂપ અને પશુવૃત્તિ શાન્ત કરવાની લાલસા ત્હેના લોહીને ઉકાળતા હતા. ત્હેના હ્રદયની ધીરતા ડોલવતા હતા, ત્હેના ઠરાવો શિથિલ કરતા હતા. વળી નાચ ચાલ્યો, સારંગી, તબલા અને નાયકાના પગ, હાથ અને સંગીતનો ધ્વનિનો એક તાલ જામ્યો અને જામતાંજ નાયકાએ પ્યાલી ફરીને વાસુદેવના મ્હો આગળ ધરી. શ્રી કૃષ્ણ વાંસળીથી તણાતી

લલિતાની માફક વાસુદેવ ખેંચાયો, પ્યાલો લીધો ને જોત જોતામાં ગટગટાવી ગયો. બીજો પ્યાલો લીધો અને તેપણ સાફ, આખા બંગલામાં-આખી મીજલસમાં સાબાશ! વાહ! વાહ! ની ગર્જના થઈ ગઈ. એ બૂમો દૂરના બંગલાઓમાં સંભળાઇ. અગીઆર વાગ્યાની-છેલી લોકલની વ્હીસલ સાંભળીને વાસુદેવને ભદ્રા સાંભરી. વાસુદેવ એકદમ ઉભો થયો. "ઘેર જવું છે. ભદ્રા એકલી છે—હું આવીશ એમ કહીને આવ્યો છું" કરી બ્હાર નીકળ્યો ત્યાં હિરાભાઈ વચમાં આવ્યા.

વાસુદેવ! એમ તે જવાતું હશે. મ્હેં છેલ્લી લોકલમાં માણસ કયારનુંયે મોકલ્યું છે ને ત્હમારે ઘેર કહે વડાવ્યું છે કે વાસુદેવ અત્યારે નહિ આવે.

શું? કોણે કહેવડાવ્યું છે? શામાટે? કોને પૂછીને કહેવડાવ્યું? હું જાઉં છું—વાંદરેથી જઈશ. મ્હને દારૂ પાયો તોયે ધરાતા નથી. મ્હારી પ્રતિજ્ઞા ભંગ થઇ.

'બેસ બેસ હવે. સાંભળો બીજું ગાયન ચા' આ વાત ચાલે છે ત્યાં પેસુ પસ્તાકીયો અને કાવસ આવી પ્હડયા, એઓ મુંબાઇથી મોડા આવ્યા હતા. કાવસને જોતાંજ વાસુદેવ ફફડી ઉઠયો. "સખારામ! આ સાળો અહીં કયાંથી? કાઢો એને. એણેજ મારા ત્રણ હજાર રૂપીઆ દગાથી પડાવ્યા છે. એમ કહેતાંજ વાસુદેવ કાવસને મારવા દોડયો. કાવસ વાસુદેવથી જરાયે બ્હીએ એમ ન હોતો અને ત્હેમાં પેસુ સાથે હતો એટલે પૂછવું શું. વાસુદેવ જેવો સામો થયો કે તરતજ કાવસે એક તમાચો જોરથી લગાવ્યો. વાસુદેવ દારૂની ધુનમાં હતો. તમાચો વાગતાંજ ગાલ ચંચવાળતો ઉઠયો ને પાસે પડેલી ડાંગ કાવસના વાંસામાં મારી. મારામારી ચાલી. નાચ ગાયન અધૂરાં રહ્યાં. બન્નેને છૂટા કરવા કેટલાક

વચમાં પડયા પણ સઘળા દારૂની ધૂનમાં હતા. વાસુદેવ ઉશ્કેરાયો હતો. પેસુ અને કાવસ લોફર હતા. ખૂન કરતાં જરાયે બ્હીએ એમ ન હોતા. બાથાબાથીમાં કાવસે વાસુદેવનું ગળું પકડી એવા જોરથી ધક્કો માર્યો કે દારૂની ધૂનમાં શરીરનું ભાન ન હોવાથી વાસુદેવ પડયો. પડતાંની સાથેજ પાસે પડેલા પત્થર સાથે માથું અફળાયું ને ખોપરી તુટી. તુટતાંજ લોહી ઉછળ્યું ને સઘળે ત્રાસ ફેલાયો. સખારામ, હીરો, પેસુ, કાવસ આભાજ બન્યા. હસવામાંથી ખસવું થયું. હવે શું થશે? વાસુદેવને કાંઈ થયું તો! સખારામ એકદમ દાક્તરને બોલાવવા દોડયો. દાક્તરે રાતરે ને રાતરે ઘા ધોઇ સીવી પાટો બાંધ્યો. ઘા ભયંકર અને એવી જગાએ હતો કે શું થશે એ કહી શકાય એમ ન હોતું. અત્યારે ને અત્યારેજ એને ઘેર પહોંચતો કરવોજ જોઇએ. સખારામની મોટોર હાજર હતી. વાસુદેવને એમાં સુવાડી સખારામ એક માણસને લઈ મુંબાઈ ગયો.

ભદ્રાની આજની રાત ચિંતામાં અને ઉંઘવિના તરફડીયાં મારવામાંજ ગઇ. લગ્નપછી એક રાત પતિવિના રહી ન હોતી. વાસુદેવ ભદ્રાને કહીનેજ ગયો હતો. છેલ્લી અગીઆરની લોકલમાં આવવાનો હતો. ભદ્રા આઠ વાગ્યે ચોપડી લઇ વાંચવા બેઠી. વાંચતાં વાંચતાં ભૂત ભવિષ્યના તર્ક વિતર્કો કરતી હતી. પાસે લોકલ ટાઇમ ટેબલ લઈ ઘડી ઘડીમાં 'આગગાડી આવી હશે. છેલ્લી લોકલ ગ્રાન્ટરોડ આવી હશે. ગ્રાન્ટરોડથી વાલકેશ્વર આવવા ગાડીમાં બેઠા હશે.' એમ બબડતી. ગ્રાન્ટરોડથી વાલકેશ્વર આવતાં વીસ મીનીટ થાય છે. મીનીટ ગણતી ઘડીમાં બારીએ ડોકીયાં કરતી તો ઘડીમાં બાર ઓટલા ઉપર આવતી. ભદ્રા બેબાકળી થઇ હતી. વાંચવાને ભદ્રા હાથમાં ચોપડી લેતી પણ ભદ્રાનું મન

મોહતું નહિ. પલંગપર પડી પણ જે પલંગ હમેશાં શાન્ત નિદ્રા અને સ્નેહમય સુખ આપતો તેજ પલંગ આજ કાંટાસમાન લાગ્યો. શું થયું હશે? રખે ને કાંઈ થયું હોય! જૂની ટોળી તો નહિ મળી હોય! એટલો વિચાર થતાંજ હેઠળ બેશી ગઇ. ખૂરશી ઉપર માથું નાખી જરાક ઉંઘી ન ઉંઘી ત્યાં નોકરે આવી કહ્યું:- "મોટોર આવી."

મોટોર! મોટોર કયાંથી! "વ્હેલા આવવા મોટોર કરી હશે." એટલો વિચાર થતાં ભદ્રા બેઠી થઇ. ચાટલામાં જોઇ વાળ સમા કર્યા. પતિ આવ્યા! આજ રીસાઉં! આવી ચંદનીમાં મ્હને એકલી મૂકી બ્હાર સ્હેલ કરી આવ્યાને!" આમ છતાં પતિને મળવા, પતિને હૃદય સાથે ચાંપવા, તળપાપડ થતી ભદ્રા દોડી. દોડી ત્યાં સામેથી સખારામ આવ્યો. સખારામનું નામ સાંભળ્યું હતું પણ ભદ્રાએ સખારામને નજરે જોયો ન હોતો.

"હાય! હાય! આ તો મ્હારા પતિ નહિ. શું નોકરે લાંચ ખાઈ આને મોકલ્યો હશે! આમ મધ્ય રાત્રીએ પરાયો પુરૂષ મ્હારા પતિ ઘરમાં નથી જાણીને તો નહિ આવ્યો હોય! હવે શું કરૂં, એ પ્રભુ! મ્હને બળ આપજે. દ્રૌપદીનાં નવસોનવ્વાણું ચીર પૂર્યા હતાં તો મ્હારી લાજ નહી રાખે." આમ પતિની શંકાને બદલે પોતાના પવિત્ર શરીર—આત્માની ચિંતા વધતાં ભદ્રા આકુળ વ્યાકુળ થઇ. સખારામ ભદ્રાને જોતાંજ એના મનની સ્થિતિ સમજી ગયો ને બોલ્યો. "બ્હેન! ગભરાશો નહિ. હું ત્હમને એક ખબર આપવા આવ્યો છું."

ખબર! શા ખબર! કોના ખબર! એમને કાંઇ થયું છે? કયાં છે? મને બતાવો હું ત્યાં જાઉં.

બ્હેન શાન્ત થાવ! આ વખત ગભરાવાનો નથી. અકસ્માત થયો છે ને વાસુદેવને વાગ્યું છે પણ ચિંતા કરવા જેવું નથી.

ભાઇ! હું આખી રાત ઉંઘી નથી–સૂતી નથી. મારા મનમાં કાંઇ કાંઈ થઇ જાય છે માટે બોલી દો. આવી સ્થિતિમાં રહેવા કરતાં જે હોય તે જાણી લેવું એ સારૂં. શું છે! કયાં છે!

કહ્યાવિના છૂટકો ન હોતો એટલે સખારામે કહયું–પાર્ટીમાંથી બહાર આવતાં ઠોકર વાગીને માથું કુટયું. વાસુદેવ મોટોરમાં છે–અત્યારે ભાન નથી. આ વખતે સારવારની જરૂર છે. જો ગભરાશો તો કાંઇજ નહી થાય.

ભાઇ! શાન્ત થઇશ. મ્હારા વા-એમને માટે જે કહેશો તે કરીશ. અત્યારે શું પણ જીવનભર જાગીશ, એમની પથારી પાસેજ પડી રહીશ–હું જાઉં-

ના. હું લાવું છું. પથારી તૈયાર કરાવો.

નોકરોને હુકમ થયો. વિશાળ ને સવડવાળા પલંગ ઉપર પોચી ભરેલા રૂની પથારી તૈયાર થઇ. શબવત્ વાસુદેવને ઉપાડી પથારીમાં સુવાડયો. વાસુદેવને આ સ્થિતિમાં આવતાં જોઇ સખારામની હાજરીની જરાયે દરકાર ન રાખતાં ભદ્રા વાસુદેવને બાઝી. ત્હેની છાતી ઉપર માથું નાંખી ખૂબ રોઇ. વાસુદેવને જરાએ ભાન ન આવ્યું એટલે ભદ્રા વિશેષ ગભરાઈ. 'નકી વૈધવ્ય' વૈધવ્યનો વિચાર થતાંજ ત્રાસ પામી. પતિનો સ્નેહ પતિનો પરિચય સાંભર્યો.

બ્હેન, કહો તો રાત રહું. બીજું કાંઈ કામ છે! દાક્તર સવારે આવશે. કોઇને બોલાવવો છે!

હા! મ્હારો ભાઈ આવી શકે તો સારૂં. મને ને એમને મદદમાં આવશે. તાર કરશો!

ઘણી ખુશીથી. જરા શરનામું આપશો!

સરનામું લઇ સખારામ ગયો ને ભદ્રા મૃત્યુ જોતી પતિની પાસે બેસી રહી.

* * *

શાન્તિકુંજમાં આગલા હોલમાં ગોળ ટેબલની આસપાસ વસન્તરાવનું કૂટુમ્બ ચાહ પીતું બેઠું હતું. મોહિની ઉભી રહીં ચાહની કીટલીમાંથી પ્યાલા ભરતી હતી. પ્યાલા ભરતાં ભરતાં બ્હારી તરફ નજર ગઇ તો કોઈ બંગલા તરફ આવતું જણાયું. જયન્તે ઉભા થઇ જોયું–'આ તો તારવાળો છે.' કોઇનો તાર.

એજ. તારવાળા પણ ગધાડા જેવા લાગે છે. એમને કેટલી વાર કહ્યું કે ઓફીસનું કામ ઘર આગળ નહી તોએ તાર અહી ને અહીં લાવે છે. કારખાનામાં લઈ જવા કહો.

એટલામાં નોકર તાર અને સહી કરવાનું ફારમ લઈ ઉપર આવ્યો. તાર ઉપર શરનામું 'જયન્ત–શાન્તિકુંજ લાનોલી' એટલુંજ હતું. સહી કરી ફોર્મ પાછું આપ્યું. જયન્તના ઉપર આ તાર પહેલવહેલોજ હતો. કોલેજમાં ભણતો ત્યારે પરીક્ષાના પરિણામના તાર ત્હેના ઉપર આવતા બાકી એના નામનો એકકે તાર આવ્યો ન હોતો. "કોનો તાર હશે! શામાટે આવ્યો હશે" એનો વિચાર થતાંજ છાતી ધબકી; હાથ ધ્રુજવા લાગ્યા અને તાર ફોડતાં ફોડતાં આખા શરીરે પરસેવાના રેબેરેબ વળ્યા. જયન્ત તાર લઇ બારીએ ગયો. એની પુંઠ ટેબલ તરફ હતી. તાર નીચે પ્રમાણે હતો.

મુંબાઈ સવારના ચાર.

જયન્ત શાન્તિકુંજ લાનોલી.

વાસુદેવને અકસ્માત, ભદ્રા તમને બોલાવે છે. એકદમ આવો.

સખારામ.

તાર ફુટયો—વંચાયો છતાં જયન્ત કાંઇજ બોલ્યો નહી એટલે બાપુ ફફડી ઉઠયો.

જયન્ત! કેમ બોલતો નથી? એવું તે તારમાં શું છે? કોનો છે? જયન્તે મુગા મુગા મ્હોં ફેરવ્યું. એના ચ્હેરા ઉપરથી હોશ કોશ ઉડી ગયા હતા. વસન્તરાવે જયન્તના સામું જોયું.

ભાઇ! માઠા સમાચાર છે. ગંભીર—

એટલામાં મોહિની વચમાં બોલી ઉઠી.

માઠા સમાચાર! શા છે કહી દેને! વામન માંદો છે?

નક્કી એમજ. અથવા ખાનગામ કે મોડાસે બદલી કરી હશે. મોહિની તરફ જોઇ જયન્ત બોલ્યો—"વામનને કાંઈ થયું નથી" વસન્તરાવ તરફ નજર કરી બોલ્યો—"વાસુદેવને થયું છે. મને બોલાવે છે."

વાસુદેવનો પોતાનો તાર છે?

ના. સખારામનો તાર છે, એટલું કહી જયન્તે તાર પિતાના હાથમાં મૂકયો.

તાર વાંચતાં વાંચતાંજ વસન્ત શોકગ્રસ્ત થયો. પ્રિય પુત્રી ભદ્રા સાંભરી. સુધાનું સ્મરણ થયું—ભદ્રાના ભવિષ્યનું સૂચન થતાં કંપારી છૂટી.

જયન્ત! શું થયું હશે? કાંઇ સમજણ પડતી નથી. ત્હારે જવું તો જોઇએજ.

હા. નવ વાગ્યાની ટ્રેનમાં જાઉં છું.

એક્ષ્પ્રેસમાં જયન્ત મુંબાઇ ગયો. મોટોર મારફત વાલકેશ્વર પહોંચ્યો. મોટોરમાંથી કુદકો મારી બંગલામાં પેઠો ને એક મીનીટમાં વાસુદેવની પથારી પાસે ઉભો.

વાસુદેવને તાવ ચ્હડયો હતો. માથામાં સણકા આવતા હતા અને વેદનાને લીધે હુંકારા કરતો હતો. પણ તેટલો વખત ભદ્રા ઘડીમાં કપાળે હાથ મૂકતી તો ઘડીમાં વાસુદેવનો હાથ લઇ પંપાળતી હતી. જયન્તને જોતાંજ વાસુદેવે હાથ લંબાવ્યો. વાસુદેવ બોલવા જતો હતો ત્યાં ભદ્રા બોલી, ભાઇ! એમને જરાયે બોલવા દઇશ નહી. દાક્તરે તદન આરામ લેવા કહ્યું છે. આરામ મળશે તોજ સારૂં થશે.

પરન્તુ વાસુદેવ જયન્તને જોતાંજ રોઇ ગયો. એને કોલેજના દિવસો સાંભર્યા. કેટલીવાર રીફ્રેશમેન્ટ બારમાં જતાં જયન્તે તેને અટકાવ્યો હતો. એ સાંભરતાંજ જયન્ત ઉપર વ્હાલ આવ્યું. વાસુદેવ જયન્તનો હાથ હાથમાં લઇ બોલ્યો.

"જયન્ત! હું તારા જેવો હત તો કેવું સારૂં? જન્મથીજ પાણી શિવાય કાંઇજ ન પીતો હત તો. હાલ જેમ કેટલાક બાલકને જન્મથીજ ચાહની ટેવ પડે છે તેમ મ્હને માતાજીની પ્રસાદીની ટેવ પડી હતી. મ્હારા પિતા માતાના ભક્ત હતા." ભદ્રા આ સાંભળી ગભરાઇ. એની આંખોમાં જળજળીયાં આવ્યાં અને વાસુદેવની છાતી ઉપર માથુ નાખી બીજો હાથ કપાળ ઉપર રાખી બોલી—"વ્હા—ત્હમે ન બોલો. સણકો વધશે ને તાવ ચ્હડશે"

વાસુદેવ એટલો ઉશ્કેરાઈ ગયો હતો કે ત્હેણે ભદ્રાનું કહેવું સાંભળ્યુંજ નહી ને બોલ્યો "જયન્ત!

દારૂનું સામ્રાજ્ય ન હત તો આ સ્થિતિ ન આવત. જયન્ત! જો હું સાજો થાઉં તો આજથી સોગન લઉં છું કે દારૂનું નામ નહિ લઉં”

વાસુદેવ! સારા થશોજ. પણ ચુપ રહેશો તો!

અને જયન્ત! ભૂતકાળમાં કરેલા ગુન્હાનો પશ્ચાત્તાપ કરીશ.

વાસુદેવ આટલું બોલતાં થાકી ગયો અને પાસુ ફેરવી પડયો. ભદ્રા અને જયન્ત મુગાં બેઠાં ત્યાં દાકતર આવ્યો. દાકતર પોતાની સાથે સલાહ માટે બીજો દાકતર લાવ્યો હતો. બન્ને દાકતરોએ વાસુદેવને તપાસી બ્હાર ગયા અને જયન્ત ત્હેમની પાછળ પાછળ ગયો! “ત્હમને કેમ લાગે છે” એમ દાકતરને પૂછયું. “વાસુદેવ મ્હારા બનેવી થાય!”

“અમને આશા થોડી છે અંદરની નસ કપાઇ છે.”

જેમ જેમ વખત થતો ગયો તેમ તેમ વાસુદેવ નરમ થતો ગયો. ઘરમાં મૃત્યુનાં ભણકારા વાગવા લાગ્યા. અડધા અડધા કલાકે દાકતરો વાસુદેવના ઓરડામાં જતા. ગુસ પુસ કરતા. આખા બંગલામાં ચુપકી ફેલાઇ હતી. ભદ્રા—ભાગ્યહીન ભદ્રાએ ગઇ રાતનું કાંઇ ખાધું ન હોતું—આંખ મીચી ન હોતી—જંપીને બેસવા વારો આવ્યો ન હોતો. ભદ્રાને ભવિષ્યના વિચાર મુઝવતા હતા, વર્તમાન કાળનું કર્તવ્ય ઉત્તેજીત કરતું હતું. સુધાએ ભદ્રાને પ્રાર્થના કરતાં શિખવ્યું હતું અને તે પ્રમાણે ભદ્રાએ ઘીનો દીવો ધૂપ સળગાવી ગજેન્દ્ર મોક્ષનો પાઠ શરૂ કર્યો. સંધ્યાકાળ થઈ અને નિત્યના નિયમ સર નોકરે દિવો મેજ ઉપર મૂકયો. દીવાનું તેજ આંખ ઉપર પડતાંજ વાસુદેવ બબડયો.

ના. ના.

ભદ્રાના મનથી કે વાસુદેવથી દીવાનું તેજ ખમાતું નથી એટલે એ દીવો લઈ અંદર મુકવા ગઈ. ભદ્રા ગઈ એ દરમિયાન વાસુદેવે જયન્તને પાસે બોલાવી એના હાથમાં પોતાનો હાથ આપી ધીરેથી કહ્યું.

જયન્ત! હું જાઉં છું. મ્હને લાગે છે કે હવે હું કલાકનો મહેમાન છું. મ્હેં મ્હારૂં જીવન ગુમાવ્યું છે. આમ જીવનની અભિલાષા અડધી મૂકી જાઉ છું. ભદ્રા અને બાલક. જે થાય ત્હેની સંભાળ લેજો. ભદ્રાની સંગતિમાં હું બચ્ચો. એ ન હોતી તે દરમિયાન પડયો. જયન્ત! જો પુત્ર થાય તો એને એના બાપની હકીકત કહી દેજે-જેથી એ શિખામણ લે.

જયન્ત કાંઈજ બોલ્યો નહિ. માત્ર હૃદયનાં ઉંડા નિશ્વાસ સાથે વાસુદેવનો હાથ દબાવ્યો. એ દબાવવા-માંજ ઉત્તર આવી રહયો હતો.

ભદ્રા આવી અને ભદ્રા વાસુદેવની પાસે બેશી શકે એટલા માટે પોતે જરાક પગ તરફ ખસ્યો. વાસુદેવ ભદ્રાનું માથું પ્રેમથી ઝાલી પોતાની છાતી સરસું ચાંપ્યું.

ભદ્રા! વ્હાલી ભદ્રા! હું જાઉં છું--

ભદ્રાએ ન પાડી ચીચીયારી કે ન થઈ મૂર્છાગત. ત્હેના હૃદયમાં નિરાશાનું વાદળ છવાયું હતું અને ગાત્ર ઢીલાં થતાં આખા શરીરમાં પ્રસ્વેદ છૂટયો. આંખમાંથી આંસુ વહયે જતાં હતાં અને બન્ને હાથ પતિના ગાલ ઉપર ફેરવતી હતી.

વ્હાલા! આપણે જરૂર મળીશું. શુદ્ધપ્રેમ સ્વર્ગીય-પ્રેમનો પૃથ્વી ઉપરજ અંત આવે એ ન બને.

વ્હાલી! ત્હને મૂકીને-પણ મ્હારૂં જીવન બગડયું છે. પ્રભુ મ્હને ક્ષમા આપે. વ્હાલી શાન્ત થા.

વ્હા– પ્રભુ દયાળુ છે તે જરૂર માફ કરશે પણ ત્હમારા વિના મ્હારૂં શું થશે?

ભદ્રા! પ્રિય ભદ્રા! મ્હારે ખાતર, આપણા બાલક ખાતર હિમ્મત રાખ. અને મ્હારી અંતકાળની આટલી ઇચ્છા પૂરી પાડજે. એ બાલકને પાણીશિવાય બીજી વસ્તુ પીવડાવતી નહી.

ભદ્રા પ્રત્યેક પળે નિરાશ થતી હતી. પોતે માતા થવાની તૈયારીમાં છે એ સાંભરતાં ભદ્રા મુઝાઈ. ડુસકાં આવ્યાં પણ અંતકાળે પતિ દીલગીર ન થાય માટે લુગડાના છેડાથી આંસું લોહવા મ્હોં ફેરવ્યું પરન્તુ વાસુદેવે ફરીને ભદ્રાનું માથું છાતી સરસું ચાપ્યું. ત્હેના કોમળ ગાલ ઉપર હાથ ફેરવ્યો અને બાથમાં લઇ જેટલું જોર હતું તેટલા જોરથી દબાવી. વાસુદેવના સણકા નરમ હતા છતાં મૃત્યુ નકી છે એમ એનું હૃદય સૂચવતું હતું. પ્રેમી જનના અંતઃકાળના આલિંગનમાં જેટલો આનંદ છે તેટલો તેથી વિશેષ શોક છે. વાસુદેવ શાન્ત થઇ પડયો. દાકતર આવ્યો. ભદ્રાને વાસુદેવની છાતી ઉપર પડેલી જોઈ એકદમ બોલ્યો. 'આ શું! જુઓ તો ખરા. હવે શું છે. શબ—'

'શબ' શબ્દ સાંભળતાંજ ભદ્રાએ કારમી ચીસ પાડી અને બીજીજ પળે મૂર્છાગત થઇ. દાકતર, જયન્ત, ભદ્રા, નોકર ચાકરના હોશકોશ ઉડી ગયા.

જયન્ત, ભદ્રા બીજા ઓરડામાં ગયાં. માત્ર દાકતરોજ ખાત્રી કરવા વાસુદેવ પાસે રહયા. તાળવા ઉપર ઘી મૂકયું. મ્હોં આગળ ચાટલુ રાખ્યું ત્યારેજ ખબર પડી કે હજી જીવ ગયો નથી. શ્વાસ ધીરો શ્વાસ ચાલે છે. આમને આમ એક કલાક પડી રહયો. કલાકને અંતરે વાસુદેવે ફરીને આંખ ઉઘાડી. બુઝાતો દિવો ક્ષણવાર

વધારે પ્રદીપ્ત થાય છે. અસ્ત થતા સૂર્યના રંગીત કિરણો ચોગરદમ પ્રકાશે છે તેમ હો યા ગમે તે હો પણ વાસુદેવને વળી ભાન આવ્યું–વૈધવ્ય દશા પ્રાપ્ત થઇ ગઇ એમ માનતી ભદ્રાના સૌભાગ્યનો સૂર્ય ક્ષણવાર વિશેષ પ્રકાશતો લાગ્યો. આશા બદ્ધ ભદ્રાને પોતાનું સૌભાગ્ય તપતું લાગ્યું. દાકતરો વિચારમાં પડયા. એકે છાતી તો બીજાએ નાડ તપાસવા માંડી. આમ આશા નિરાશામાં આખું કુટુમ્બ હલેસાં ખાવા લાગ્યું.

પ્રકરણ ૧૭ મું.

પુત્ર કે પત્થર.

Children are certain sorrows and uncertain pleasures if not properly managed.

બે વર્ષ વહી ગયાં અને એ બે વર્ષ દરમિયાન શાન્તિકુંજમાં અવનવા બનાવ બની ગયા. વસન્તરાવની મનઃશાન્તિ મોહિનીના પગલાં સાથે નષ્ટ થઇ હતી. મોહિનીના મોહમાં ફસાઇ, નમાયાં છોકરાંનું હિત કરવા આવેલી મોહિનીમાં ફસાઇ વસન્તરાવે જીવનનું હીર ગુમાવ્યું હતું. વસન્તરાવ કારખાનામાં જતો–ત્યાં કામ ઉપર લક્ષ આપતો, બે પૈસા કમાતો, જન સમાજમાં પ્રિય હતો છતાં મનનો નૈસર્ગિક આનંદ હમેશને માટે લુપ્ત થયો હતો. જયન્ત શિવાય કોઇ છોકરાં તરફથી એને સંતોષ ન હોતો.

બાલ્યાવસ્થા–વિદ્યાર્થી અવસ્થા હોય છે, નવુ જીવન શરૂ કર્યુ હોય છે. માતાપિતાના છાયમાં ઉછરતા હોઇએ, અગર બે પૈસા કમાતા હોઇએ, પત્ની એકલી કે પત્ની છોકરાંની નવી માયા આનંદમય લાગતી હોય–

આર્થિક શારીરિક કે કૌટુમ્બિક ચિંતાનું નામ ન હોય તે વખતે આનંદ ન કરીયે—અયોગ્ય કાલે મ્હોટા થઇ ગંભીર બની જઇએ, નિર્દોષ ગમ્મત ન કરીયે પછી એવો સમય આવે છે કે જ્યારે મનની અભિલાષા હોય—પ્રબળ ઇચ્છા હોય છતાં આનંદ ન કરી શકીયે—આનંદ ન ભોગવી શકીયે—આટલાજ માટે પ્રથમાવસ્થાના આનંદ આપણે ભોગવવા અને બાલકોને ભોગવવા દેવા. વસન્તરાવની પૂર્વાવસ્થાનો આનંદ અત્યારે સ્મરણ લાવતાં ગ્લાનિ—ખેદ અને શોક ઉત્પન્ન કરતો.

બાબુ લાનોલીમાંજ હતો પરન્તુ શેતરંજ રમવાની રાતે જે બનાવ બન્યો હતો, મોહિનીના કટુ વેણ સાંભળ્યા હતા, તેવાજ બનાવો હમેશના હતા—તેવાંજ વેણો હમ્મેશ સાંભળતો. ઘરમાં આવ્યા પછી એક દિવસ એવો નહી ગયો હોય કે જ્યારે મોહિનીએ ત્હેને પ્રેમથી બોલાવ્યો હોય. બાબુએ તે દિવસથી ઘરનો લગભગ ત્યાગ કર્યો હતો અને સુશીલા કાકીને ઘેર જવા માંડયું. ત્યાં જતાં આવતાં સુશીલાની બીજી ભાણેજ તે યમુની બ્હેન સગુણાના પરિચયમાં બાબુ આવ્યો. કાકીની સંમતિ અને વિનંતીથી વસન્તરાવે આ લગ્નની સહાનુભૂતિ આપી અને બાબુ સગુણાને પરણ્યો. વસન્તરાવના મનમાં એટલીજ ઇચ્છા હતી કે જયન્ત પહેલો પરણે તો સારૂં. નાનો ભાઈ પહેલો પરણે તો મ્હોટાને કન્યા નહી મળે એમ જયન્તના સંબંધમાં ન હોતું અને જયન્ત મોડો વ્હેલો યમુને પરણશે—હાલ કોણ જાણે કેમ પરણવા ના પાડે છે એ જાણીનેજ વસન્તરાવે બાબુને પરણાવ્યો.

પરણાવતાં પહેલાં બાબુની સાથે જયન્ત અને વસન્તરાવે એકજ શરત કરી હતી. અને એ શરત એ હતી કે પરણ્યા પછી તરતજ પતિપત્નીએ જૂદાં રહેવું. એમનો સંસાર નિભાવવા અમુક રકમ દર મહિને આપવાનું

ઠરાવ્યું હતું. બાબુ અને સગુણાને આ યોજના ગમી હતી. વારંવાર પિતા અને કાકીની સલાહ લેતાં દરરોજ મળતાં. વખતો વખત જમતાં અને આમ પોતાનું જીવન શાન્તિથી નિભાવતાં.

દત્તુ હજી ઘરમાંજ રહેતો હતો. દત્તુ દાક્તર થયો હતો અને નાયક પાસે એણે અનુભવ પણ લીધો હતો. એની ઇચ્છા મુંબાઈમાં દુકાન ઉઘાડી સ્વતંત્ર જીવન ગાળવાની હતી પરન્તુ ત્હેની રહેણી કરણી એવી હતી કે ત્હેને મુંબાઈ મોકળવામાં જોખમ હતું. ગમે તેમ પણ લાનોલીમાં મુંબાઈ જેવાં આકર્ષણો ન હોતાં. મુંબાઇમાં કોણ શું કરે છે ત્હેની કોઇને પીડા હોતી નથી. લાનોલીમાં દત્તુને નાનામાં નાનું છોકરૂં પણ ઓળખતું એટલે કાંઇ અંકુશ રહેતો. નાયક વૃધ્ધ થયો હતો. પોતાના પુત્ર સંબંધી આશા ન હોતી એટલે સારા ભાગીઆની શોધમાંજ હતો. વસન્તરાવ સાથે કુટુમ્બનો સંબંધ હતો એટલે દત્તુને ભાગીયા તરીકે સ્વીકારવામાં વાંધો ન હોતો. "દત્તુ! તું અહીં સારો રહીશ અને મ્હને લાગશે કે ત્હારી ખરાબ ટેવો જતી રહી છે તો ત્હને મુંબાઇમાં સ્વતંત્ર ધંધો કરવા જવા દઇશ અને સારી રકમ આપીશ" એમ વસન્તે દત્તુને ચોખ્ખું કહી દીધું હતું.

વામન બાબુના લગ્ન ઉપર આવ્યો હતો. "બાબુના લગ્નમાં, દત્તુમાટે પૈસા ખર્ચાય અને મ્હારે મુંબાઈનાં ખર્ચમાં પૈસા મોકલતાં હિસાબ મંગાય–હુંજ અળખામણો છુ" વગેરે કહી વામને ધાંધળ મચાવ્યું હતું. મોહિની વામન તરફ થઈ હતી. વામને કુવો હવાડો કરવા ધમકી આપી હતી. પણ વસન્તરાવ ઉપર એની જરાયે અસર થઈ ન હોતી. વામનને ચારસો રૂપીઆ પગાર મળતો હતો. એટલે વસન્તરાવે પૈસા

મોકલવા બંધ કર્યાં. વામન ન્હીડાઈ મુંબાઈ ચાલ્યો ગયો. લખલૂટ ખર્ચ કરવાની ટેવ એટલે ચારસો રૂપીઆ ઓછા પડવા લાગ્યા. પોલીસ લાઇન હતી એટલે બીજી કેટલીક સગવડો મળતી છતાં વામન સંતોષાતો નહિ. બે ચાર મહિના તાણ વેઠી મારવાડીને ત્યાંથી રૂપીઆ ઉપાડયા. પરન્તુ આવી રીતે જેમ જેમ પૈસા મળતા ગયા -સત્તાને લીધે ઉઘરાણીનો તકાદો નરમ થતો ગયો તેમ તેમ વામનની પૈસાની તૃષા વધતી ગઇ. દારૂ-વિષય વાસના અને સંગતના દોષે તરકટ કાવતરાં શિખ્યો. ડીટેકટીવ નવલકથા, ચૌર શાસ્ત્રનો પુસ્તકો દ્વારા તેમ ધંધાને અંગે પરિચય પડયો અને એજ જ્ઞાન અમલમાં મુકવાના પ્રસંગ આવ્યા. વસન્તરાવના કારખાનાની હુંડીઓ, ચેક મુંબાઇની બેંકોમાં વારંવાર આવતા અને વામન મારફત અનેક હુંડીઓ સ્વીકારાઈતી પણ ખરી. પિતાના નામનો, પોતાની સત્તાનો અને પોતાની અક્કલનો ઉપયોગ કરવા વામને નિશ્ચય કર્યો. કિંગ કિંગ એન્ડ કંપનીમાં ખોટી સહી-પિતાના નામની સહી કરી મોટી રકમ વામને ઉપાડી. કંપનીના નિયમાનુસાર ઉપાડેલી રકમની ખબર વસન્તરાવને આપવામાં આવી. વસન્ત-રાવ વસ્તુસ્થિતિ સમજ્યો ને વિમાસણમાં પડયો. આ પૈસા પોતે મંગાવ્યા નથી અને એ સહી એની નથી એમ કહે છે તો વામન ઉપર ખોટી સહી કરવાનું તહોમત આવે છે અને વામન નોકરી ખૂવે છે તે ઉપરાંત સાત આઠ વર્ષની જેલ જાત્રાએ જાય એ નિઃસંદેહ. જો નથી કહેતો તો એટલી રકમ કીંગ કીંગને ભરી આપવીજ જોઇએ અને ભરી આપે તો વામનને આવાં કામ કરવાનું ઉત્તેજન મળે છે. પિતા-પુત્ર કંપનીનો કાગળ વાંચતાંજ ગંભીર વિચારમાં પડયા.

ભાઇ! શું કરીશું?

જયન્ત! વૃદ્ધાવસ્થામાં જંપીને બેસવાની આશા હવે તો નથીજ પણ એક પછી એક એવા આઘાત થાય છે કે પરમેશ્વર મ્હને વેળાસર ઉપાડી લે તો સારૂં એમ થાય છે. આટલેથીજ બસ થાય તો પ્રભુ કૃપા.

વામનને મળી એને એકદમ ઘેર આણ. તે દિવસનો પત્રજ નથી. મુંબાઇમાં હશે કે કોણ જાણે કયાં એ સહેલ કરતો હશે.

ભાઇ! એને ઘેર લાવું? એથી શો લાભ.

ત્યારે એને રખડતો રાખવો. એ કેમ બને! નોકરીમાં જરૂર કોઈ દિવસ ઝાંઝર પહેરવાનો સમય આવશે. એની બદનામી સાથે જગતમાં મ્હારે ઉંચું મ્હો લઇ ફરાશે નહિ. જયન્ત! એને ઘેરજ લાવવો જોઇએ. મુંબાઈ જેવા શહેરમાં હવે એને એક ઘડી રાખવો એ સલાહ ભરેલું નથી. એ કમોતે મરશે ને આપણને મારશે.

ભાઇ! હું આજે ને આજે મુંબાઈ જાઉં છું ને ત્યાંનો તાલ જોયા પછી બીજી વાત.

જયન્ત! જા. તારી મરજીમાં આવે તેમ કરવાની ત્હને સત્તા છે. નોકરીનું રાજીનામુ અપાવી ઘેર લાવને એટલે ગંગા નાહ્યા.

કદાચ અહીં આવવા ખુશી ન હોય તો!

ન કેમ હોય. શામ દામ અને ભેદથી સમજાવવો. ન આવે તો વારસામાંથી બાતલ થશે એવી ધમકી પણ આપવી. પોલીસખાતા માટે પહેલેથીજ હું સામો હતો. મોહિનીની જક અને વામનની હઠ. એ ખાતામાં આવુંજ પરિણામ આવશે એમ હું ધારતો હતો તે ખરૂં પડયું.

જયન્ત મુંબાઈ ગયો. જતાં વાતજ કીંગ કીંગની કંપનીમાં પુરતી તપાસ કરી વામનને ઘેર ગયો. પાડો-

શીને પૂછતાં જણાયું કે વામન કેટલાક માસ થયા મકાન ખાલી કરી ગયો છે ને હાલ ક્યાં રહે છે ત્હેની ત્હેને ખબર નથી. જયન્ત ધારતો હતો તેવોજ ઉત્તર તેને મળ્યો. પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટની ઓફીસમાં ગયો ને વામન સંબંધી તપાસ કરી.

વામન ક્યાં છે?

વામન! નોકરી છોડી ગયા પછી મુદ્દલ દેખાયોજ નથી.

શું! નોકરી છોડી છે!

સુપ્રીન્ટેન્ડેન્ટ જયન્તના સામુંજ જોઇ રહ્યો. વામને નોકરી છોડી છે. એ ત્હેના મ્હોટા ભાઇને ખબર ન પડે એ કેમ સંભવે!

હું વામનને ખાસ મળવા આવ્યો છું. એ જ્યાં આગળ રહેતો હતો ત્યાં હાલ રહેતો નથી એટલે મ્હને અહીં પત્તો મળશે જાણી અહીં આવ્યો.

શું એણે નોકરી છોડી છે તેની ત્હમને ખબર નથી? ગેઝેટમાં તો ક્યારનું આવી ગયું છે.

ગેઝેટનો એ ભાગ અમે વાંચતા નથી. ક્યારે ને શામાટે નોકરી છોડી ત્હેનું કારણ હરકત ન હોય તો કહેશો?

કારણ--કારણ એનું વર્તન. જુગાર—દારૂમાં ચકચૂર એટલો તો રહેતો કે નોકરીમાં ભાનજ ન હોતું. ઉપરી તરફથી વારંવાર રીપોર્ટો આવતા. એ દેવામાં ડુબી ગયો હતો. અને એના કહેવાપ્રમાણે ઘેરથી મળતી રકમ બંધ થઇ હતી.

હા. દર મહિને એ માગે તેટલી રકમ મોકલીયે તો ઘેર તળીયે બેસે એમ હતું અને ઉડાવવાની ટેવને ઉત્તેજન મળે એમ ધારી રકમ મોકલવી બંધ કરી.

એજ. હું પણ એજ ધારતો હતો. એના ગુંજવામાં પૈસા આવતા કે રહેતા નહી.

મુંબાઇમાં એનો પત્તો ક્યાં લાગે? એ વિચારે જયન્ત નાશીપાસ થયો. પણ પત્તો મેળવવોજ જોઇએ. એ પત્તો ન મળે તો આથી પણ વધારે ભયંકર પરિણામ આવે એ બ્હીકે લક્ષ્મણશેઠ જાણતા હશે ધારી એમને ત્યાં જયન્ત ગયો.

જયન્ત! વામનની વાત સાંભળી હું અજાયબ થાઉં છું. નોકરી છોડી તે મ્હેં ગેઝેટમાં વાંચ્યું હતું. મારા મનથી કે ત્હમને ખબર હશે.

પણ વામનને ખોળવો ક્યાં?

વામન માટે ફાં ફાં મારવાં મૂકી દ્યો. જો એનું હિતજ કરવું હોય તો એને દુનિયામાં કુટાવા દો. કંપનીનેજ ફરિયાદ માંડવા દો. ઝાઝરાં પહેરશે ત્યારેજ ઠેકાણે આવશે.

તમારે સોલીસીટરોને તો એજ વાત. તમે નહી તો તમારો ભાઈ કમાશે, એમાં ત્હમને શું નુકશાન છે! એમ કદી નહિ બને. અમારા કુટુમ્બની કેટલી નાલેશી થાય! મ્હારા ફાધરને કેવો આઘાત થાય ત્હેનો તો વિચાર કરો.

હશે. દારૂની મહોકાણ. આપણા દેશમાં—આપણા ધર્મમાં દારૂને અડકવાનું પાપ છે છતાં કોણ જાણે કેમ દારૂ વધતોજ જાય છે. છેલા દસ વર્ષમાં મુંબાઇ ઇલાકામાં દારૂનો કેટલો ખપ જાગ્યો છે—કેટલા ટકા વધ્યો છે તે સરકારી રીપોર્ટના આંકડા તપાસતાં જણાય છે અને એ ખપત દરરોજ વધતી જાય છે. ત્યારે એટલા દારૂડીયા વધતા જાય છે ને!

લક્ષ્મણ શેઠ! એ વાતજ જવા દો ને. મ્હને વામનનો પત્તો આપશો. તમને વકીલોને એ બધા રસ્તા જાણીતા.

કદાચ નાયકને ખબર હોય, કારણ એ હમેશાં રાતના કલબમાં મળનારા.

નાયક! કયા નાયક!

ત્હમારા દાકતર નાયકનો છોકરો. દારૂનાજ વ્યસનમાં એ બુધ્ધિશાળી જીવનનો નાશ થયો. એનો આત્મા એટલો શુધ્ધ છે કે ન પૂછો વાત. પણ દારૂ—

કહે છે ખરા કે નાયકનો છોકરો મુંબાઈમાં છે. દાક્તરે કોઇ દિવસ એને વિશે વાત કરી નથી. એ ગુજરાન શી રીતે ચલાવે છે?

બીચારો ભૂખે મરે છે જો કે દારૂની તૃષા તો ગમે તેમ કરી છીપાવવા ચુકતો નથી. જુગારખાનામાં નોકર છે. વારૂ! કીંગ કીંગની કંપનીમાં તપાસ કરી હતી કે પૈસા કોણ લઈ ગયું? એ માણુસનું કાંઈ વર્ણન આપી શકે એમ છે? એ માણુસ પાતળો–ઉંચો ધોળા ચહેરાનો ને લાલ નાકવાળો હતો?

નાયકનો ચહેરો એવો નથી.

કેમ જાણ્યું! ત્હમે કયારે જોયો હતો.

બારેક વર્ષ ઉપર.

અને બાર વર્ષમાં દારૂડીયાના શરીર, રૂપમાં શા શા ફેરફારો થાય છે તે ત્હમને કયાંથી ખબર.

તે હશે પણ દાકતરનો છોકરો આવા ગુન્હામાં સામીલ થાયજ નહી.

ભાઇ! આપત્તિ એ જુદી વાત છે. તે વખતે નીતિનિયમો વિસરાઈ જવાય છે અને જ્યાં ગરીબાઇ, દારૂનું વ્યસન લાગું પડયું પછી? હું એને બોલાવું!

પણ સાબીતી વગર કોઇને કેમ કહેવાય!

અરે તમે તમારે જોયા કરોને. એના ઉપર ખૂનનું તહોમત મૂકો તો એટલો નરમ છે કે એક વખત તો કબૂલ કરે. પણ હું ધારૂં છું તેમ એ બીચારો અંજાણ-પણેજ ફસાયો હશે. વામને એની મારફતજ કામ કરેલું હોવું જોઇએ. એના છોકરા માટે એક નોકરી ખોળી છે અને તે હમણાજ આવતો હોવો જોઇએ.

નાયકનો છોકરો એટલામાં હાજર થયો.

કેમ અલ્યા! ત્હારે પછી ચિત્રકારને ત્યાં રહેવું છે કે?

હા જી.

મ્હારા મિત્રે ત્હને રાખવા હા તો પાડી છે પણ તું ત્હારા કામથી સંતોષ આપીશ?

હા જી. આપનો આભારી થઇશ.

ત્યારે એક કામ કરીશ?

જી હા. કહો તે કરવા તૈયાર છું. મ્હારા પિતાની આબરૂ નથી અને આ તો મને મળે તો મ્હારૂ ભવિષ્ય સુધરે.

તો સાંભળ શરતો. નોકરી મળે તે દીવસથી કોઇ પણ તરેહનો માદક પદાર્થ ન ખાવો કે ન પીવો. બીજા દારૂ પીતા હશે તેવાની સોબત મળશે છતાં ત્હારે એનાથી દૂર રહેવું. જો ત્હારાથી પણ ખાધા પીધા વિના ન રહેવાતું હોય તો કહી દે.

લક્ષ્મણશેઠ આ શરત શામાટે કરતા હતા તે નાયક સારી પેઠે સમજ્યો હતો. પિતા દારૂડીયો હોય તો પુત્રને કેટલું સોસવું પડે છે. જનસમાજમાં ઉતાવળે અભિપ્રાય બાંધનાર કેળવાયેલામાં ચારિત્ર્ય બંધાતાં

કેટલી વાર લાગે છે એ અનુભવ વિના સમજાતું નથી. કોઇ ઉભું રાખતું નથી. એના ચારિત્ર્યની નિરંતર શંકા રહે છે. એને વિશે ખરી કે ખોટી ઇર્ષ્યા કે મનુષ્ય સ્વભાવજન્ય નિંદાથી વાત થતી હોય તો તરત મનાય છે–લોકોમાં ફેલાય છે–"દારૂડીયાનો છોકરો પછી હોયજ" "અત્યારસૂધી એમજ થતું હતું કે કેમ ભાઇ જણાયા નહી. એતો એવાજ હોય" આ અભિપ્રાય. એપણ દારૂડીયો હશે એમ મનાય છે અને વિના વાંકે આબરૂ ખૂવે છે.

નાનો નાયક પોતાની સ્થિતિ સમજતાં કરગરી પડયો.

સાહેબ! એ ખાતે નિશ્ચિંત રહેજો. મ્હે મ્હારી માને વચન આપ્યું છે કે હું દારૂને કદી નહી અડકું અને મ્હને પીવાની ટેવ પણ નથી.

તો સારૂં. જા તું ત્હારા બાપને બોલાવી આવ એટલે ચીઠી આપું.

નાયક–એક વખતનો એલ. એમ. એન્ડ એસ. સરકારી આસીસ્ટંટ સર્જન–દાકતર નાયકનો પુત્ર, પણ અત્યારનો જુગારખાનાનો નોંધણી કારકુન આવ્યો. એના શરીર–એના વેશ ઉપરથીજ જણાતું હતું કે એનું જીવન કંગાલીયતમાંજ ગયું હોવું જોઇએ. નાયકે અંદર આવતાંજ જયન્તને જોયો–ઓળખ્યો અને ઓળખતાંજ પોતાની સ્થિતિ જાણશે એ બ્હીકે શરમાયો અને નીચું મ્હો રાખી ખૂણામાં ઉભો.

કીંગ કીંગની કમ્પનીમાંથી પૈસા લઈ આવનાર આ પિતા–પુત્રમાંથી કોઈ ન હોતું એમ જયન્તની ખાત્રી થઇ. મુંબાઇમાં પૈસા ખાતર એવાં તો શું પણ ખૂન કરનાર બદમાશોની સંખ્યા ઓછી નથી એ લક્ષ્મણશેઠ સારી રીતે જાણતો હતો. જયન્તે મ્હોટા નાયકને બોલાવી પૂછ્યું.

નાયક ! વામનનો કાંઇ પત્તો !

ભાઇ ! ઇન્સ્પેકટર સાહેબને મ્હે પણ હમણાં કેટલાક વખતથી જોયા નથી.

એણે ઘર કયારે ને કેમ બદલ્યું ત્હેની ખબર છે ?

હા જી. પ્રીન્સેસ સ્ટ્રીટમાંથી મહાલક્ષ્મી તરફ રહેવા આવ્યા હતા અને ત્યાંથી કયાં ગયા તે ખબર નથી. કમનસીબ બીચારા કે જ્યાં પાસા નાખે ત્યાં અવળાજ પડે.

એટલે.

જુગારમાં જતા. હમેશાં દીલગીર રહેતા. કોઇ કોઇ વાર રાત્રના દેખાય છે. જો કે છેલ્લા બે અઠવાડીયાંથી મ્હને મળ્યા નથી. જુની જગાએ જઇ શકે એમ નથી કારણ કે પૈસા વિના ત્યાં કોઈ ઉભું રાખે એમ નથી અને નવી જગાનો મ્હને અનુભવ નથી. આજ રાતના હું તપાસ કરીશ.

એટલી ખબર આપશો તો મ્હેરબાની.

અને આવતી કાલે સવારે અહીં આવી શું થયું તે કહેજે. લક્ષ્મણશેઠ બોલ્યા.

બીજે દિવસે શનિવાર હતો અને નક્કિ કરેલે વખતે નાયક આવી પહોંચ્યો. એણે વામન માટે ગઇ રાત્રે તપાસ કરી હતી પણ જોઇએ એવી માહિતી મેળવી શકયો ન હોતો. વામન સંતાતો ફરે છે અને ઘણું કરી રાતના ગ્રાન્ટરોડ ઉપર જેન્ટલમેન બારમાં જાય છે એટલીજ ખબર મળી હતી.

એ હાલમાં શું કરે છે તે ખબર છે ?

ના જી. એની સ્થિતિ બગડતી જાય છે. મ્હારી પેઠે ભીખારીના વેશમાં ફરેછે. શરીર ઘસાતું જાય છે.

ત્યારે આજ રાતના જેન્ટલમેન બારમાં ખબર કાઢીશ.

ત્યાં જવાથી કાંઇજ લાભ નથી. મોડી રાતના જતો હશે અને તેપણ બધી તરેહની ચોકસાઈ કરીનેજ. જો ત્હમારે મળવુંજ હોય તો પીઠા પાસે છાનામાના ઉભા રહો.'

આમ ગોઠવણ કરી સઘળા છૂટા પડયા અને જયન્તને એમજ થતું હતું કે રાત કયારે પડે? દિવસના ભાગમાં તો જયન્તને બેંકનું કામ હતું એટલે નવરો પડે એમ હતુંજ નહિ. પણ રાતના જમી પરવારી નિકળ્યો અને જેન્ટલમેન બાર પાસે વખત સર આવી પહોચ્યો.

ગ્રાન્ટરોડ ટ્રામ ટર્મીનસથી માંડી મઝગામ સૂધીના લત્તામાં બે બાજુ જોતાં જેટલી દારૂની દુકાનો છે તેટલી દુકાનો શહેરના બીજા ભાગમાં ભાગ્યેજ હશે. ગ્રાન્ટરોડના આ વિભાગમાં નાટક કંપનીઓ, જુગારખાના–બીલીયર્ડ રૂમો, અને હલકાં ઘરોની એટલી ધમાલ છે કે આટલાં બધાં દારૂનાં પીઠાં છે છતાં રાતનાં તમામ ભરેલાં. પીઠાવાળા અને અનીતિનો ધંધો કરનારી સ્ત્રીઓ એટલું મ્હોટું ભાડું આપે છે કે એ લોકોની કમાઈ સવિશેષ હોવી જોઇએ એમ લાગ્યાવિના રહેજ નહી. જયન્ત જેન્ટલમેન બારપાસે આવ્યો. પોતે જીવનભરમાં દારૂનો છાંટો ન લીધેલો એટલે પીઠાપાસે આવતાં જયન્તની છાતી ધબકી. 'રખેને કોઈ જુએ! રખેને કોઈ મ્હને દારૂડીયો ગણે' એજ બ્હીક હતી. દારૂના પીઠાનું મકાન ભવ્ય હતું. જમીન ઉપર આરસપાણની રંગીત લાદીઓ નાંખી હતી. દારૂના પ્યાલા–સીસા અને પીપો દૂરથી આકર્ષક લાગતાં હતાં. ભીંતે મોહિની અને બીજી દેશી

વિલાયતી સુંદર સ્રીઓની છબીયો ટાંગી હતી. મ્હોટાં ચાટલાંમાંથી પ્રતિબિમ્બ પડતાં શોભામાં વધારો થતો હતો. ત્રણચાર વિજળીના દિવા પ્રકાશી રહ્યા હતા. પીઠામાં પેસતાંજ એક ન્હાનું બારણું હતું આ બારણા ઉપર કાચના કીડીયાંનો પડદો હતો અને લ્હેના ઉપર અંદરના દિવાનો પ્રકાશ પડતાં અસંખ્ય રંગબેરંગી તારાઓ હોય એમ લાગતું. આ બારણામાંથી અંદરના રૂમમાં જવાતું જ્યાં આરસપાણનાં ટેબલો સુવ્યવસ્થિત રીતે ગોઠવેલાં હતાં અને એ ટેબલની આસપાસ ગ્રાહકો ઘરાકોનાં ટોળે ટોળાં બેસતાં–ટમ્બ્લર પ્યાલા ઉરાડતાં અને જતાં. પીઠાના નામના પાટીયામાં વિજળીની એવી વ્યવસ્થા કરી હતી કે 'જેન્ટલમેન બાર' માં જેન્ટલમેન લાલ તો બાર ભૂરૂ અને જેન્ટલમેન ભૂરા તો બાર લાલ એમ રંગ બદલાતા. પીઠાનાં બારણે કીડીયાંનાં તોરણો, ધોળા એનેમલવાળાં પીપોને ફુલોના હાર શોભી રહ્યા હતા. પીઠાનું લાઇટ એટલું તો તેજસ્વી હતું કે આવતા જતા લોકોથી અંદર જોઇ શકાતું નથી. આંખો અંજાઇ જતી અને એનું અજવાળું 'સર્ચ લાઇટ' ની માફક ઘણું દૂર પડતું. મકાન ત્રિકોણાકાર અને ત્રણ રસ્તાને નાકે આવ્યું હતું. જયન્ત એવી જગાએ બેઠો કે તમામ પ્રકાશ એના ઉપર પડતો અને આવતા જતા લોકો એને જોઇ શકે એટલાજ માટે બેઠો હતો એમ લાગે. પીઠામાં દાખલ થવાનાં બે બારણાં હતાં એટલે જ્યાં જયન્ત બેઠો હતો ત્યાં ન બેસે તો પીઠામાં કોણ પેસે છે ને ત્યાંથી કોણ નિકળે છે તે દેખાય એમ ન હોતું. આ દુકાનની સામેજ એક મારવાડીની નાની દુકાન હતી. એ મારવાડીની દુકાનમાં છત્રી, લાકડી, ટોપી, પાઘડી, ધોતીયાં, પેરણ, ઉપરાંત બીજી હંમેશની ઉપયોગી ચીજોનો ઢગલો પડયો હતો. દરેક વસ્તુને રેશમની દોરીથી ન્હાની

ચીઠી લગાવી હતી અને તે ઉપર નંબર કે નામ લખેલું હતું. મારવાડીની પાસે એક મોટી પેટી હતી. અને એ પેટીને જબરૂં તાળુ લગાવેલું હતું. મારવાડી ઘડી ઘડીમાં એ પેટી ઉઘાડતો–અંદરથી પૈસા કાઢતો–મૂકતો અને તાળુ વાસતો. દારૂ અને આવી દુકાન હમેશાં સાથેજ હોય છે. દારૂ પીનારા એવા શોખીન હોય છે કે વખત થતાં દારૂ જોઇએજ પણ પાસે પૈસા ન હોય તો!—પૈસા ન હોય તો અક્કલ તો હોયજ ને–એ અક્કલનો ઉપયોગ કરી પાઘડી, છત્રી, બટન જે હોય તે આવા મારવાડીને ત્યાં ગીરો મૂકી બે ચાર આના લઈ સામાના પીઠામાં જતા અને દારૂ પી કૃતકૃતાર્થ માનતા. બીજે દિવસે પૈસા કમાતા તો ચીજો લઈ આવતા, નહી તો ચીજો ખોતા. મારવાડી એક દિવસ વાટચ જોતો પણ બીજે દિવસે પૈસા ન મળે તો સામાન વેચી દેતો. મારવાડી આમાં ને આમાં માલદાર થયો હતો છતાં એની દુકાનમાં, એના વેશમાં કે એના વર્તનમાં જરાયે ફેર થયો ન હોતો. મારવાડીની દુકાનમાં ધમાલ રાતના વધતી. કોઈ છોકરાની ટોપી, નાની ઘડીયાળ, બટન, લુગડું, ફેંટો એમ દરેક જાત જાતની ચીજો મૂકાતી–ઉપડતી. આવી રીતે માથાનું નૂર પાઘડી આપી ઉઘાડે માથે રહી દારૂ પીવાનો શોખ પૂરો પડાતો અને લત જતી નહી. આવતા જતા લોકોના મ્હોમાંથી દારૂની છાક, ચીથરેહાલ પુરૂષોના સ્પર્શ અને અપશબ્દોનો અનુભવ જયન્તને પહેલ વહેલો થયો. શનિવાર હતો, બીજે દિવસે રજા હતી, મીલો બંધ હતી, એટલે આજ આ ભાગનાં ન્હાનાં મ્હોટાં બધાં થીએટરો, સીનેમેટોગ્રાફ અને વૃત્તિઓ સંતોષવાના સ્થાનો ભરચક હતાં. પીઠામાં એની મેળે ઉઘડે વસાય એવાં અડધાં બારણાં મીનીટમાં સાઠ વાર ઉઘડતાં વસાતાં. આમ રસ્તા વચ્ચે

ઉભા રહેવાથી કાંઇ લાભ નથી અને આમ માણસોની આંખે આવું છું માની જયન્ત પીઠામાં દાખલ થયો.

જયન્ત, કેળવાયેલો જયન્ત, સુધાનો પુત્ર—દારૂના વાતાવરણમાં કદિ ન જવા સોગંદ લીધેલા એવો જયન્ત મુંબાઇમાં પહેલી વાર દારૂના પીઠામાં પેઠો. દારૂના પીઠાવિશે જયન્તે ઘણું વાંચ્યું હતું—બીજા અનુભવી દારૂના માઠાં પરિણામ વિશે કહેતા ત્યારે કહેતો કે "દારૂનું વ્યસન હજી આપણામાં નથી એ વિશે ભાષણ કરી, પુસ્તક લખી—હોલીકા સંમિલન જેવી સંસ્થાથી દારૂનું નામ કોઈ જાણતું નથી તે જણાવો છો. મદ્ય નિષેધક સભાની જરૂર નથી" પણ ગવર્નમેન્ટ આબકારી રીપોર્ટમાં દારૂનો ખપ વિશેષ વધતો જાય છે એ વાંચ્યું. પોલીસ રીપોર્ટમાં દારૂડીયા ગુન્હેગારોની સંખ્યા વધતી હતી તે જણાયું હતું અને પોતાનીજ જ્ઞાતિમાં, પાડોશમાં, કુટુમ્બમાં દારૂએ વર્તાવેલો ત્રાસ અનુભવ્યો, અને આજ દારૂનું બજાર—દારૂની રેલછેલ જોઈ, આજ ત્હેને નવોજ અનુભવ થયો. દારૂની દુકાનમાં નાના યુવાનો ઉઘાડે પગે પણ ધોળા કોટ પાટલુન પહેરી—માથાના વાળ હોળી આમતેમ હરતા ફરતા હતા. વિશેષમાં ઘરાકોને આકર્ષવા બે ચાર યુવાન છોકરીઓને 'બાર મેઇડ' તરીકે રાખવામાં આવી હતી. તેમનો ડ્રેસ આકર્ષક હતો. ચહેરા ઉપર પાવડર નાંખ્યો હતો. માથાના વાળના ઝુલ્ફાં રાખ્યાં હતાં. એમનો આપેલો પ્યાલો કોઈ પાછો કાઢતું નહિ અને આ યુક્તિથી દારૂના પીઠાના ગલ્લામાં પૈસાની છોળ ઉઠતી. ટેબલ પાસે બેસનારાઓ પોતાની સીકલ સામે જ્હોડેલા અરીસામાં પોતાની સીકલ જોતા—ચોગરદમ પ્રકાશ ઝળકતો જોતા. દારૂના પીપના કૉક રૂપાના હતા. સળીયાવાળી જાલીમાં ઉંચે તેમજ કબાટમાં વ્હીસ્કી, પોર્ટ, કોગ્નેકના સીસા

ગોઠવ્યા હતા અને એના ઉપર પ્રકાશ પડતાં રંગબેરંગી કિરણો નીકળતાં. કીંગ જ્યોર્જ વ્હીસ્કી, સ્કોચ વ્હીસ્કી, ફ્રેન્ચ બ્રેન્ડી, રમ–વગેરેના અનેક જાતના ને તરેહનાં લેબલો સીસાઉપર શોભી રહ્યાં હતાં અને દારૂ પીનાર રોજના ઘરાકોને મનહર કેલેન્ડર ભેટ મળતાં. દારૂના પીપની પાસે ઉંચી બેઠક હતી. ત્હેના ઉપર સફેત ચાદર વાળી ગાદી અને તકીયો પડયાં હતાં. તે ઉપર એક દૃષ્ટપુષ્ટ શરીરનો પારસી વગર બીડેલાં સોનાનાં બટન-વાળું બદન પહેરી બેઠો હતો. માથા ઉપર નાની મુખ-મલની પારસી ટોપી હતી, હાથમાં પંખો હતો અને વારંવાર પંખો નાંખતો હતો. પાસે તે દિવસનું 'જામે જમશેદ' પડયું હતું. આજ બારનો માલેક હશે ધારી જયન્ત ત્હેની પાસે ગયો. જયન્તનો દેખાવ–જયન્તનો વેશજ એવો હતો કે તે પારસી જરાક ટટાર થયો. આવો માણસ–આવો જેન્ટલમેન દારૂ પીવા આમ આવે એ એણે માન્યું નહી. આ બારનું નામ જેન્ટલમેન બાર હતું પરંતુ બારમાં આવનારા જેન્ટલમેન અને ખરા જેન્ટલમેનમાં તફાવત હતો. રખેને કસ્ટમ્સ–આબકારી અમલદાર હોય–નવો આવ્યો હોય–પણ યુનીફોર્મ ડ્રેસ ન હોતો. સાથે પટાવાળો કે સીપાઈ ન હોતો. ડીટેકટીવ હશે. આવા વિચારમાં હતો ત્યાં જયન્ત સાહેબજી કરી બોલ્યો.

ત્હમને ખાસ હરકત ન હોય તો હું અડધો કલાક અહીં બેસું. મ્હારો એક મિત્ર અહીં વખતો વખત આવે છે તે કદાચ આજ આવે.

ઘણી ખુશીથી. આપ સાહેબ અંદરના મ્હારા ખાનગી ઓરડામાં બેસો. કાંઇ રમ, વ્હીસ્કી–જ્યોર્જ ધી ફોર્થના વખતનો વ્હીસ્કી છે–જો જોઇએ તો.

આપનો ઉપકાર—પણુ કાંઇજ નહી જોઇએ. અહીંજ ઠીક છે. અંદર બેસું તો આવી ને ચાલ્યો જાય તો ખબર ન પડે.

પારસી શેઠે રામાને બોલાવી ખુરસી મંગાવી અને જયન્ત ખુરસી લઈ ખૂણામાં બેઠો. જ્યાં આખી દુકાનજ ઝગઝગી રહી હોય ત્યાં અંધારૂં હોયજ શાનુ! આમ છતાં બીજાને દેખી શકાય ને પોતે ન દેખાય એમ જયન્ત બેઠો. પારસી શેઠે 'જામે જમશેદ' આપ્યું તે જયન્તે હાથમાં રાખ્યું એટલું એજ, બાકી એનું ધ્યાન વાંચ-વામાં જરાયે ન હોતું. પીઠામાં કોણ પેસે છે ને ત્હેમાંથી કોણુ નિકળે છે એજ જોતો હતો.

જયન્તને આજ અવલોકવાની ઉત્તમ તક મળી હતી. સદભાગ્યે હિંદુસ્તાનમાં બીજા દેશોની માફક સ્ત્રીઓ ઉઘાડે છોગ દારૂ પીતી નથી એટલે આવાં પીઠામાં સ્ત્રીઓ દેખાતી નથી પણુ સરકારી નોકરો—મીલ મજુરો, કોલેજીયનો, ખાનગી ધંધા કરનારાઓ, મદ્ય નિષેધ ઉપર ભાષણુ કરનારામાંના કેટલાક, પ્રતિજ્ઞા લેનારા—દિવસના નીતિ પવિત્રતા ઉપર લેખ લખનારામાંના કેટલાક એક પછી એક દાખલ થતા હતા. કોઇ ઇસ્કી-ટાઈટ હતા તો કેટલાક ચીથરેહાલ હતા. અંદરના હૉલમાં અશ્લીલ વાતો, પ્યાલાનો ખખડાટ, અને દારૂના પ્યાલા, સીસા લઈ આવનાર છોકરીયોની છાની ઉઘાડી મશ્કરીના, બિભત્સ શૃંગાર યુક્ત ગાયનોના ઘાંટા આ જેન્ટલમેન બારમાંથી નિકળતા હતા. જયન્ત આ બધું જોઇ આભોજ બની ગયો. દારૂની ગન્ધ, ઇન્દ્રીયો ઉત્તે-જીત થાય એવી વાતો અને બારમેડોને જોઇ એમજ થયું કે દારૂને ન અડકવાની સુધાની આજ્ઞા લાભકારક છે એમ લાગ્યું હોય, યોગ્યજ છે એમ થયું હોય તો આજજ. ફીકા ચહેરા—વીસ પચીસ દીવસથી અસો ન

ફર્યો હોય એવા મ્હોવાળા–ખીસામાં પાઇ ન હોય છતાં આપ લાખબારના હોય તેવા દેખાતા અનેક યુવાનો આવતા જયન્ત જોતો હતો. આ સ્થિતિ જોઇ–વીસ વીસ વર્ષના ભરછક યુવાનોને દારૂની પ્યાલીઓ ગટગટાવતા જોઇ દીલગીર થતો હતો ત્યાં એક દેશી ખ્રીસ્તી સ્ત્રી નાના છોકરાને લઈ આવી. માના શરીર ઉપર એક યુરોપીય ફેશનનો ચણીયો ને બદન સાથે જોડેલો ડ્રેસ હતો. લાંબી બાયનો કબજો હતો ને માથે ઘાસની જૂની મેલી ટોપી હતી. બાલક નબળું હતું ને અત્યારે રોતું હતું. તે બાઇએ આવી બે આનાના પૈસા પારસીના મો આગલ પડેલા ઉંચા મેજ ઉપર મૂકયા અને એક પ્યાલો બીર માગ્યો. બે આના ગલ્લામાં પડયા ને પ્યાલો પેલીના હાથમાં આવ્યો. પ્યાલો આવતાંજ ત્રણ દિવસની ભૂખ હોય તેમ ત્રણ ભાગનો પ્યાલો એકદમ પોતાના ગળામાં રેડયો ને પા ભાગનો પ્યાલો રોતા બાળકના મ્હોમાં નાંખ્યો. રેડતાંની સાથેજ બાલક શાન્ત થયું અને જયન્તથી ચીસજ પડાઈ ગઇ–ખુરશી ઉપરથી ચોંકી ઉભો થયો. સદભાગ્યે અંદરના ઘોંઘાટમાં કોઇએ જયન્તની ચીસ સાંભળી નહિ. આ ખ્રીસ્તી સ્ત્રી ગઈ કે તરતજ એક વીસ બાવીસ વર્ષની હિંદુ લાગતી સ્ત્રી દાખલ થઇ. ત્હેના ચહેરા ઉપરથી એમ લાગતું કે તે ઉંચી જ્ઞાતિની હશે પરંતુ અનીતિમય જીવન ગાળવાથી ઉચ્ચ સંસ્કારો નષ્ટ થયા હતા. આ બાઈ આવી ને પારસી શેઠ પાસે ઉભી ને બોલી.

શેઠ! પ્યાલો બીર આપો હું કાલે પૈસા આપીશ.

જે પારસીએ જયન્ત તરફ આટલી સભ્યતા દર્શાવી હતી તેજ પારસી પેલી છોકરીને તિરસ્કારની નજરથી કહેવા લાગ્યો.

અલી જા–કાંઇ નહી મળે.

મ્હેરબાન ! આજનો દિવસ આપો. હું મરી જાઉં છું. મ્હારૂં ગળું સુકાઈ જાય છે. પાણી ભાવતું નથી. આજ મ્હને પૈસા મળ્યા નથી, મળશે એટલે જરૂર આપીશ.

એ ત્હારા બ્હાના મ્હારી પાસે નહી ચાલે. પેહેલા પૈસા ને પછી વાત.

શેઠ ! આમ શું કરોછો. જ્યારે અમારી સ્થિતિ સારી હતી ત્યારે ત્હમને ઓછા રળાવ્યા નથી. અમારો પૈસો આજ દુકાનમાં ખાલી થયો છે. મ્હને અને મ્હારા ધણીને દારૂનું વ્યસન આજ દુકાનના પ્રતાપે લાગ્યું છે. આ દુકાન–અમારી આ મકાન–તેજ દુકાન–તેજ મકાનનો તું ધણી થઈ બેઠો છે છતાં મ્હને એક પ્યાલો આપતો નથી. યાદ રાખજે ત્હારી પણ એજ સ્થિતિ થશે.

પારસી મુગોજ રહ્યો. એણે ઘંટડી વગાડી રામો આવ્યો. રામાએ પાંગોટુ ઝાલી બૂમ પાડતી બાઇ ને રોતા છોકરાને બ્હાર ફગોટી દીધી.

પારસી માલીકે જયન્તના સામું જોયું ને બોલ્યો–જી, માફ કરજો પણ અમારે તો આવાંજ ઘરાક. એમની સાથે મારામારી શિવાય છૂટકો નથી. દારૂ ઉધાર આપી કયાં રહીયે ને તેમાં આજ શનીવારની રાત—

ગરીબ બિચારાં.

જી. આપને જે જોઇએ તે માગજો. ઉંચામાં ઉંચો જલદ દારૂ તૈયાર છે. આપ જેવા અમારે ત્યાં કયાંથી.

મ્હેરબાની–હું દારૂ પીતો નથી.

નથી પીતા ! સમૂળગો ! કોઇ તરેહનો–ડાઇલ્યુટ પણ નહી ?

ના જી. પાણીશિવાય કાંઇજ નહી.

સાહેબ પાણીમાં શું પીવું છે? દારૂની લહેજત ઓરજ છે.

એ લહેજત તો હું આ જોઉં છું તેજ ને. મ્હારે આવી લહેજત નથી જોઇતી.

પણ સાહેબ એ લોકો કયાં ને આપ કયાં? હલકો દારૂ પીએ ને તેપણ માફકસર ન પીએ. આપ તો સમજુ છો એટલે આપને હરકત નહી આવે.

આમાનાં ઘણા ખરા એવા જોઉ છું કે આ લહેજતના ટેસમાં ન પડયા હત તો મ્હારા કરતાં સારી સ્થિતિ ભોગવતા હત. બેચાર જણાતો એવા લાગ્યા કે પાસે મુંડી ટોળી જોઇએ.

હા જી.

અને તેઓ આ લહેજતને લીધેજ ચીથરેહાલ થયા છે. એટલામાં એકાએક હસાહસ ને બૂમાબૂમ થઈ. જયન્તે ઉંચુ જોયું તો પેલી યુવાન બાઇ ફરીને આવી હતી અને બે આના ટેબલપર મૂકી પ્યાલો પીતી હતી. એના શરીર ઉપરનું લુગડું સામી મારવાડીની દુકાને ગયું હતું. આ સ્ત્રી પ્યાલો પી આનંદમાં આવી ગઇ હતી અને હસતી ચાલી ગઈ અને જયન્ત હાથમાં પેપર લઇ અધ ઘડી ગાંડાની માફક હાલ્યા ચાલ્યાવિના ઉભોજ રહયો. કોઇ ફાંકડો તો કોઇ રોગથી ફીકા પડેલા, નાના મોટા ઘરાકોની આવ જાવ જોઇ જયન્ત વિચારમાંજ પડી ગયો. દારૂની દુકાનમાં પૈસાની ટંકશાળ પડતી હતી. શરીર અને આત્માનો વિનાશ કરનાર દારૂ અમૃત સમાન લાગતી અને એક પ્યાલો ખાલી થતાં બીજો પ્યાલો મંગાતો. મૃત્યુ પછી તો વિચાર કરવાનો તો રહયો પણ આજ જીવનમાં શું થશે ત્હેનો વિચાર કરવાની ફુરસદ ન હોતી.

અગીઆર વાગ્યા. પીઠાનો બંધ થવાનો સમય થયો. પણ વામન દેખાયો નહિ એટલે જયન્ત ઉઠયો ને જતાં જતાં તેણે માલીકને કહ્યું. 'ત્હમને ખાસ વાંધો ન હોય તો કાલે આવું. મ્હારે બારગામ જવું છે ને મ્હારા મિત્રને મળ્યા વિના ચાલે એમ નથી. એ કયાં રહે છે તે ખબર નથી. અને એ અહીં આવે છે એ ખાત્રી છે.

એનું નામ શું?

એને નામે નહી ઓળખો.

કાલ શું પણ રોજ રાતના આવશો તો એ ઘર ત્હમારૂં છે, પણ મ્હને એટલુંજ લાગે છે કે તમારે મુગા મુગા બેસી રહેવું ને જ્યારે બીજા આનંદ કરે ત્યારે ત્હમારે કાંઇજ નહી. મેમાનગીરી સ્વીકારો તો ઠીક.

દારૂ પીવા કરતાં મુગા બેસી રહેવું મ્હને બહુ ગમે છે ને ત્હેમાં એ આજના અનુભવ પછી તો એ દિશા-એજ જવું નહી એમ પકકો ઠરાવ છે.

સાહેબ આપની ગેરસમજ થાય છે. દારૂ જાતે ખરાબ હોય તો સરકાર થવા શું કામ દે. આટલા બધા લોકો ને દેશોમાં વપરાયજ નહી. જરા ને માફક-સર લે તો ઉલટો લાભ થાય એમ છે.

પણ તમારા ઘરાકમાંથી કેટલા માફકસર લે છે?

તે ખરૂં, પણ તેમાં એકલા દારૂનો વાંક નથી.

સાહેબ આજકાલ લોકો કેવાં નાટક જુવે છે. કેવી હલકી ચોપડીઓ વાંચે છે તેની તપાસ કરી? દારૂનાં કરતાં હલકી વાતો, અનીતિમાન નવલ કથાઓ અને હલકી જાતનાં નાટકો કુમળાં મગજ ઉપર માઠી અસર ઓછી નથી કરતાં!

પારસી શેઠના કહેવામાં જરાયે અતિશયોક્તિ ન હોતી. સીનેમેટોગ્રાફમાં અર્ધ નગ્નાવસ્થાના નાચ, શૃંગારી-ઉઘાડા શૃંગાર યુક્ત વાતો, યુવાન અને યુવતીના આલિંગનો ને ચાળા, શૃંગારીક ગાયનો, ચિત્તવૃત્તિ ઉશ્કેરે એવાં પાત્રો, માસિકોમાં પણ એવાંજ ચિત્રો હોય પછી પ્રજા દેશોન્નતિનો શી રીતે વિચાર કરી શકે?

પ્રકરણ ૧૮ મું.

જુના મિત્રો.

જુનું ત્હેનું સ્મરણ કરવુ એય છે એક લ્હાણું.

જયન્ત મુંબાઇ કોલેજમાં અભ્યાસ કરતો હતો અને વાસુદેવ સાથે ક્રીકેટ, નાટક, પાર્ટીમાં ફરતો હતો. વાસુદેવની કેટલીક અણઘટતી ટેવો મૂકી દેવા એને કહેતો ત્યારે એને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હોતો કે એજ વાસુદેવ એનો બનેવી થશે. કોલેજ છોડી અને વાસુદેવનો સંબંધ પણ છૂટયો. વર્ષોનાં વર્ષો થયા પત્રવ્યવહાર કે ખર ખબર આવતા ન હોતા. ત્યાર પછી કેટલેક વર્ષે વિનાયક સોલીસીટરને ત્યાં વાસુદેવ અને ભદ્રાનો ભેટો થયો અને નૈસર્ગિક પ્રેમનાં બીજ રોપાયાં. સમય જતાં એ પ્રેમબીજ પોષાયાં. અંદર વિઘ્ન આવતાં, વિઘ્નનો ભય દેખાતાં આત્મસંરક્ષણોથી બન્ને આત્મા પાસે ને પાસે આવતાં એક થયા. જયન્ત તેમજ વસન્ત આ ગ્રન્થીની સ્હામે ન હોતા. વાસુદેવની આર્થિક સ્થિતિ સુધરે, એની કેટલીક કૂટેવો દૂર થાય ત્યાં સૂધી મુલ્તવી રાખવાનીજ તરફેણમાં હતા. મુલ્તવી એટલે કદાચ ન એ મળે એ શંકા વાસુદેવને અસ્વસ્થ બનાવવા બસ હતી. વાસુદેવ ભદ્રાને ચહાતો. એના વિના કેમ થશે એ

ધારતો પરન્તુ લગ્નની ઉતાવળ માત્ર સ્વાર્થ પૂરતી હતી. ભદ્રાની પોતીકા દસ હજારમાંથી લગ્ન થયે ત્રણ હજાર લઇ દેવું વળાય અને દેવું વળાય તોજ પેસુ પસ્તાકીયો શાન્ત થાય. પરન્તુ દુર્ભાગ્યે લગ્નની મુદત આવી જતી ગઇ. જે વસ્તુ મેળવવામાં મુશ્કેલી તે વસ્તુ વધારે આકર્ષક લાગે છે અને તે ન્યાયે ભદ્રા વાસુદેવના જીવનનો આત્મા મનાયો. જે વાસુદેવ ભદ્રાના દ્રવ્યનો લાલચુ હતો તેજ વાસુદેવના હૃદયમાં શુદ્ધ પ્રેમાંકુર દાખલ થયાં. ભદ્રાંથીજ પોતાનું ભલું થશે એમ લાગ્યું ને બન્યું પણ એમજ. જે કાર્ય જયન્તના શબ્દોએ ન કર્યું—જે કાર્ય દુનિયામાં પ્રત્યેક પળે નજરે પડતા દૃષ્ટાન્તોએ ન કર્યું, જે કાર્ય દારૂ નિષેધક પુસ્તકોએ અને મહાત્માઓના નીતિબોધે ન કર્યું તે કાર્ય ભદ્રાના પ્રેમે કર્યું. ભદ્રા શાથી ખૂશી થાય, ભદ્રા શી રીતે મળે? ભદ્રા સાથે આનંદમાં શી રીતે જીવન ગળાય એજ વાસુદેવનો માનસિક વ્યાપાર હતો અને એનેજ અંગે જુગાર, દારૂનો એણે ત્યાગ કર્યો. સદ્ભાગ્યે એજ અરસામાં વાસુદેવ—ભદ્રા મળ્યાં. વસન્તે લગ્નની ના કહી, અને બન્ને પ્રેમી આત્મા વધારે આકર્ષાયાં. કેવી રીતે મળવું, લગ્ન કરી નાંખી પતિ પત્ની થવું એજ રાત્રી દિવસની ચિંતા થતાં ભદ્રાની શોધમાં, ભદ્રાની પ્રાપ્તિમાં વાસુદેવે જુગાર અને દારૂ વિસાર્યા. વસન્તને પણ એમજ લાગ્યું કે બન્ને એક બીજાને ચાહે છે. આર્થિક સ્થિતિ કેસને અન્તે સુધરશે પણ વ્યસનનો ત્યાગ થયો છે અને ભદ્રાના સહવાસમાં વધારે શુદ્ધ થશે એમ માની લગ્ન કર્યાં. બન્ને સુખી થયાં. સુધાના સદગુણો ભદ્રામાં વિકસ્યા. પરંતુ જુના સંસ્કારો સંયોગ-વશાત્ કોઇવાર ઉછળી આવે છે અને એટલેજ મનુષ્ય મનુષ્ય છે એ પુરવાર થાય છે. મનુષ્ય એમ માને કે હું કદી લોભાઉં નહી. મ્હારા ઉપર બાહ્ય વસ્તુની જરા

પણ કદીપણ અસર થાયજ નહી તો તે તદ્દન અસંભવિત નહી પણ કઠિન તો છેજ. બ્રહ્મા જેવા પોતાની પુત્રી પાછળ પડયા, મહાત્માઓ યોગભ્રષ્ટ થયા છે તો પછી વાસુદેવ કોણ માત્ર? પ્રસંગો મળતાં છતાં હૃદય બળ દાબવી શકે એવા વિરલ મહાત્મા સદા વંદનીય છે. પરંતુ સામાન્ય મનુષ્યોએ હઠ કરી એવા પ્રસંગો ખોળવાજ નહી. એથી દૂર રહી જગ નિયંતા મનોબળ આપે એટલીજ પ્રાર્થના કરવી. વાસુદેવ સાંતાક્રુઝ ગયો ત્યાં જુના મિત્રો મળતાં–વાતાવરણને લીધે, મનોબળની પરીક્ષા પહેલાં ન થયેલી હોવાથી ફસ્યો. એજ દારૂના જોમમાંજ કાવસ સાથે કલહ થયો હતો ને ઘવાયો હતો. ઘવાયો, મૃત્યુ વશ થયો ત્યારેજ જુના કૃત્યો નજર આગળ તરી આવ્યાં અને ગર્ભ ઉદરમાંથી મુક્ત કરવા પ્રભુ પ્રાર્થના કરે છે અને જીવન પુણ્યમય ગાળવા વચન આપે છે તેમ મદિરામાંથી બચાવવા અને બચાવ થશે તો જીવન નીતિમય ગાળવા શપથ લીધા. ભદ્રાના સૌભાગ્ય બળે વાસુદેવને આરામ થતો ગયો અને પતિ પત્ની ફરીને એકવાર નિશ્ચિત થયાં.

જયન્ત વામનની શોધમાં બાર વાગતાં સૂધી દારૂના, પીઠામાં બેસી રહ્યો પણ વામન આવ્યોજ નહી. બીજે દિવસે સવારે જયન્ત બ્હેન બનેવીને મળવા વાલકેશ્વર ગયો. ભદ્રા અને વાસુદેવ બ્હારથી ફરીને હમણાંજ આવ્યાં હતાં. જયન્ત મુંબાઇમાં હતો એની કોઇને ખબર ન હોતી એટલે જયન્તને એકદમ આમ અચાનક આવેલો જોઇ બન્નેને નવાઈ લાગી. જયન્તે વાસુદેવની તબીયતના સમાચાર પૂછ્યા ને વાસુદેવ બોલ્યો.

હવે ધીરે ધીરે સારો થતો જાઉં છું પણ તમે ક્યારે આવ્યા?

શુક્રવારે સવારના. પણ એ દિવસ જરૂરનું કામ હતું એટલે અવાયું નહી. આજ અહીં જમવાનો છું. ગોપાલ ક્યાં?

ગોપાલનું નામ આવતાંજ ભદ્રાની છાતી ઉછળી. ભાઇના ખોળામાં પુત્ર મૂકી મામાને ભાણેજના દર્શન કરાવવા ઉત્સુક થઇ.

જયન્ત! એ કેવો છે ને કોના જેવો છે તે કહે જો!

સીધી ભાઇને પોતાનો છોકરો ગોરોજ લાગે ખરૂ ને જયન્ત?

જયન્તને કહેવા દો ને! હજુ ત્હમે એવાને એવા રહ્યા; જરાક તો બોલતા શરમાવો. ગમે તેમ ભરડે જાઓ છો ને. શું ગોપાળ નથી સારો?

જયન્ત તારો ભાઈ હશે પણ મ્હારો તો જુનો કોલેજ મિત્ર છે.

છોકરો બધી રીતે એના બાપ જેવો થશે.

'બધી રીતે' શબ્દ વપરાતાં જરા હસાહસ થઇ અને ભદ્રા અંદર ગઇ.

વાસુદેવ! પાછો લાલબૂમ થતો જોઈ ખરેખર મ્હને આનંદ થાય છે. મ્હને તો ત્હારી જરાયે આશા ન હોતી. કદાચ સારો થઇશ તોએ નબળો રહીશ એવી મ્હને બ્હીક હતી. ગઇ વખત આવ્યો ત્યારે તું કહેતો હતો કે મ્હને સારૂં છે પણ મ્હારા માનવામાં ન હોતું આવતું.

જયન્ત! આ પુનરજીવન આશીર્વાદ રૂપ છે!

વાસુદેવ! હવે માતાજીની પ્રસાદીનું કેમ ચાલે છે?

જયન્ત! પરમેશ્વરની કૃપાથી અને ભદ્રાના શ્રમથી તે દિવસ પછી છાંટો લીધોજ નથી. મંદવાડમાં પણ

પરમેશ્વરે મ્હને બચાવ્યો છે. કાલ મરતો હોઉ તો આજ મરૂ પણ દારૂ નહી એ મ્હારો મક્કમ વિચાર. દાક્તરોએ પણ આશા મૂકી હતી. તે દિવસ મ્હને બરાબર યાદ છે. હું પૃથ્વી અને નર્ક વચ્ચે ઝોલાં ખાતો હતો. મ્હારી અંતકાળની પ્રાર્થના પરમેશ્વરે સાંભળી અને મ્હને સાજો કર્યો. આટલું થતાં આમ મળેલા જીવનન્તે દુરૂપયોગ કેમ થાય! ભૂતકાળ માટે પશ્ચાત્તાપ કરી, ભવિષ્યમાં સુધરી, આપેલાં વચનો પાળવાનું મનોબળ છે. એ દર્શાવી આપવા પરમેશ્વરે મ્હને તક આપી છે. જયન્ત! દારૂ તો શું પણ કોઇપણ તરેહનો માદક પદાર્થ નહિ લઉં એવી મ્હારી દ્રઢ પ્રતિજ્ઞા છે. એને લીધેજ મ્હેં અનેક દૂરાચાર કર્યા—

વાસુદેવ! કોલેજમાં હું ત્હને દારૂ તો નહીજ પણ સોડા, પીક-મી-અપ વગેરે ઉપર રહેવાની ટેવ કાઢી નાંખવા કેટલી વાર કહેતો સાંભરે છે! સોડા જેવા નિર્દોષ પાનનો વાંધો નથી. જરૂર પડે લેવા—કોઇવાર લેવો—પણ એનાવિના ચાલેજ નહિ એ સ્થિતિ આવે એ ખોટું.

જયન્ત! ત્હારૂં કહેવું અક્ષરશઃ ખરૂં છે. મ્હારા મનથી એમજ હતું કે સહજ લેવામાં શો વાંધો! પ્રમાણમાં લેવામાં હરકત આવતી નથી પરન્તુ પાછળથી ખબર પડી કે પ્રમાણ રહેતું નથી. મર્યાદા મૂકાતાં ક્યાં જઇને પડશું ત્હેનું ભાન હોતું નથી. આટલાજ માટે આપણા લોકોએ એના નિયમો કર્યા છે. આજ એક પ્યાલી એવી દસ ઠેકાણે દસ પ્યાલી થાય માટેજ એથી દૂર સારા. અરે જયન્ત! પરમેશ્વરે મ્હારી કસોટી કરવામાં પણ મણા રાખી નથી. હમણાજ થોડા દિવસ ઉપર દાકતરો કહે કે ત્હમારામાં અશક્તિ છે માટે એગ મીક્ષ્ચર લેવું પડશે. પોર્ટ વાઈન કે એક્ષઓ નંબર

ટુ લાવો. જો એ નહી લો તો સારા નહી થાવ ને ફરીને ઉથલો ખાશો! પણ ઇશ્વરની કૃપાથી હું મ્હારા ઠરાવમાં અડગ રહ્યો અને ત્હેમાં પણ ભદ્રાની સહાનુભૂતિ.

ખરેખર, દાકતરો અનેકવાર સલાહ આપવામાં કેવી ગંભીર ભૂલો કરે છે તે તેઓ નથી જાણતા. એવા ઘણા દાકતરો છે જે એમજ માને છે કે દારૂ લાભ કરે છે. પુરૂષોના મંદવાડમાં, દવામાં ખાતાં પહેલાં દારૂ આપે છે એટલુંજ નહી પણ હવે તો સ્ત્રીઓને પણ સુવાવડમાં દારૂ આપવાની પધ્ધતી ચાલી છે. આમ બાલકો માતાના સ્તનમાંથીજ દારૂના અંશ ગ્રહણ કરે છે. પથારીમાંથી અશકત, હાડ ચામડીવાળો, વગર લોહીવાળો માંડ માંડ ઉઠે, દુધ કે ખોરાક પચતો ન હોય ને દાકતરો પોર્ટ વાઇન લેવા ભલામણ કરે. દિવસમાં ત્રણ વાર લેશો તો જોર આવશે. ભૂખ લાગશે એમ કહે પછી દારૂની ખપ કેમ ન જાગે! એવા એક નહી પણ અનેક દાખલા છે જ્યાં મંદવાડમાંથીજ આમ દારૂનું વ્યસન લાગેલું. અશકિત મટાડવા દારૂ પીવો શરૂ કરે ને એ અશકિત જીવન પર્યન્ત રહે પછી શું થાય!

જયન્ત! ત્હારૂં કહેવું ખરૂં છે. હૃદયબલ ન હોત, અને ઇશ્વર કૃપાને અભાવે દાકતરો બોલ્યા ને શી વાત કરી મંદવાડ પછી વાઇન લેવો શરૂ કર્યો હત તો મ્હારૂં શું થાત તે કહી શકતો નથી. ભદ્રાને પણ સુવાવડમાં–પછી ને હજી સૂધી દારૂ લ્યો એમ દાકતરો આગ્રહપૂર્વક કહેતા આવ્યા છે. ભદ્રાથી આમ સ્હામે થવાય એમ નથી પણ પ્યાલો ખાળમાં જાય છે મ્હોંમાં નહી.

શું! ભદ્રા પીતી નહી ને ઢોળી નાંખતી!

તો શું! પોર્ટનું એક ટીપું ભદ્રાના પેટમાં ગયું નથી ને જતું નથી. અને છોકરાની તંદુરસ્તીમાં વાંધો આવ્યો હોય એમ મ્હને લાગતુ નથી.

પણ વાસુદેવ ! આપણામાં વાર તહેવારે ને પાર્ટી-ઓમાં દારૂ પહેલો. તો તે વખતે શું કરોછો !

હાલ તો તબીયત સારી નથી અને દાકતરોની સલાહ નથી એમ બાનું કાઢ્યું છે પણ થોડા દિવસ પછી હું જાહેરમાં કહેવાનો છું કે શરીર અને આત્માની ઉન્નતિ માટે દારૂની જરાપણ જરૂર નથી.

પરમેશ્વર કરે ને એ દહાડો આવે.

આવશેજ. સાજો થાઉં એટલી વાર. દારૂડીયાના અનુભવો લખી, દારૂથી નાશ પામતાં કુટુમ્બોનાં ચિત્રો સીનેમેટોગ્રાફ દ્વારા નિશાળીઆઓને બતાવીશ. દારૂ ઉપરનો કર વધારવા, જેમ બને તેમ દારૂની દુકાનો ન ઉઘાડવા દેવા, અને એ સંબંધી કાયદામાં સુધારો કરાવવા જીવન પર્યંત મહેનત કરીશ.

વાસુદેવ ! તું દેસાઈ છે. કોઈ દિવસ લેજીસ્લેટીવ કાઉન્સીલમાં આવી શકે એમ છે. તું આવે ને તારી મનકામના પ્રભુ પૂરી કરે. સરકાર ધારે તો ઘડીના છઠા ભાગમાં—

• જયન્ત ! હા. સરકારની મદદની જરૂર છે ખરી પણ સરકાર કોઈ માણસને એમ ન કરી શકે કે તું દારૂને ન અડકીશ. અથવા એક પ્યાલીથી વધારે નહી પીવા દઉં. એ તો આપણે પોતેજ સમજવું જોઇએ.

પણ વાસુદેવ ! ત્હેં દારૂની દુકાનો જોઇછે ! એની રચના, અંદરની આકર્ષક છબીયો, ઝગઝગાટ લાઇટ, આરસની લાદીઓ અને કોઈ કોઈ વાર ભપકભર ડ્રેસ-વાળી યુવાન બારમેડો હોય પછી મનુષ્ય કેમ આકર્ષાય નહી. સામાન્ય દુકાનોમાં દિવાળીને દહાડે પણ જે શોભા હોય છે તેવી શોભા દારૂની દુકાનોમાં રોજ. માણસો આંખરે પામર છે. પતંગીયાની માફક એવા

સ્થાને આકર્ષાય એ સ્વાભાવિક છે. કાલેજ હું આવી એક દુકાનમાં બેઠો હતો.

તું ?

હા. હુંજ. એક માણુસની શોધમાં હતો ને મ્હને ખબર મળી કે એ માણુસ ત્યાં મળશે. ત્રણ કલાક વાટચ જોઈ પણ પત્તો ન લાગ્યો, કદાચ નાટક નિરસ લાગતાં ઉંઘ આવે પણ જે દેખાવો મ્હેં ગઈ કાલે જોયા તેથી મ્હને જરાપણ ઉંઘ ન આવી. ખરેખર! જ્યારે દારૂની આટલી બધી દુકાનો જોઉં છું ત્યારેજ આટલા બધા ગુન્હા થાય છે તે બરાબરજ થાય છે એમ લાગે છે.

સવાલ એ છે કે આ ગુન્હામાટે કોણ જવાબદાર છે !

વાસુદેવ ! પોલીસ કમીશનર પાસેથી મદ્યનિષેધક સમાજે એક તપસીલ એવી માગવી જોઇએ કે દર વર્ષે થતાં ખૂનો, ચોરી અને બીજા ગંભીર ગુન્હા કરનારામાંથી દારૂ પીનારા કેટલા છે? આથી દારૂ કેટલો હાનીકારક છે તે જણાશે. વાસુદેવ ! ત્હને પહેલાં પાણી તો ગમતું નહિ.

હા. પણ હવે જમાનો બદલાયો છે. હવે તો મ્હારા મ્હો આગળ પાણી ને દારૂ તો શું પણ પાણીને સોડા મુકે તો પણ પાણીજ પીઉં. હવે તો મ્હને એમ લાગે છે કે દારૂની ટેવ રહી હત તો કયારનોએ સ્મશાન ભેગો થયો હોત. વારૂ એ તો ઠીક. જયન્ત! ત્હને એક ખુશ ખબર કહું. અમારા કેસનો ચુકાદો થોડા દિવસમાં થશે ને તે પણ અમારા લાભમાંજ—

હવે ત્હારા પાસા સવળા પડવા માંડયા છે. કોઇ દિવસ વામન આવે છે?

ના. ભદ્રા તો રોજ સંભારે છે. ભદ્રાની વર્ષગાંઠને દિવસે જમવા બોલાવ્યો હતો પણ આવ્યોજ નહી ને કાગળનો ઉત્તરજ નહી. પણ જયન્ત! એણે નોકરીનું રાજીનામું આપ્યું એ વાત ખરી?

હા. અમને પણ હમણાજ ખબર પડી. એની વાત બહુ બગડી છે.

મને પણ એમજ લાગે છે.

આ વાત ચાલે છે ત્યાં ભદ્રા ગોપાલને લઇ આવી.

ગોપાલ હૃષ્ટપુષ્ટ, ગોરો અને હસતા ચહેરાનો હતો. ગરમ ફ્રૉક અને માથે ઉનની ટોપી હતી. હાથ, પગ હવામાં ઉછાળતો હતો. ભદ્રાએ ગોપાલને જયન્તના ખોળામાં મૂકતાં મુકતાં કહ્યું– જો–મામા બોલાવે–

જયન્તે બાલકને લીધો તો ખરો પણ તેડતાં આવડયું નહી ને ગોપાલે મુછો પકડી.

જયન્ત! આપી દે. ત્હને છોકરાં રાખતાં આવડતું નથી. એમને આપ. એ શીખી ગયા છે.

વાસુદેવને તો આવડેજ. મ્હને કયાંથી આવડે!

યમું શીખવશે.

ભદ્રા!—

એમ છુપાવે છે શાનો. હું નથી જાણતી કે? કાકીએ જાણે છે.

એમ! હું તો કોઈ દિવસ બોલ્યો નથી.

એ વાત તો બોલ્યાવિનાજ સમજાય. તમારી બેની આંખો કેમ ફરે છે તે અમને ખબર છે હો કે? પણ ભાઇ! હવે તમારામાંથી કોઈ નાનુ નથી તો પછી લગ્નનું નક્કી કરો ને.

હાલમાં મ્હારે ચિન્તા ઓછી નથી કે વધારૂં. સગવડભર ન રહી શકાય પછી પરણીને શું કરવું?

શું તું સગવડથી ન રહે—

ભદ્રા! અહીં બેઠા બધું સારૂં લાગે. ખરે, કારખાનુ તો ચાલે છે. પણ હમણાં હમણાં ઘર ખર્ચ ચોગણું થઈ ગયું છે.

એટલે ભાઇઓનું ખર્ચ—

હા. તેમાં વામનનું તો પૂછીશજ નહી. બાબુ અને દત્તુનું ખર્ચ છે પણ વામનને તો હદ્દજ નથી. આવામાં પરણવાની વાત કરવી એટલે રોકડ રકમ ક્યાંથી કાઢવી!

પણ ત્હારો ભાગ છે ને! ભાઈ, ત્હારા ભાગના પૈસા વસન્તભાઈ બેંકમાં મૂકે છે ને.

એ પૈસા હતા તે મ્હારે ધંધામાં–કારખાનામાંજ રોકવા પડયા છે. એ રોકયા ન હત તો ઘર નભતજ નહી. આજ ત્રણ વર્ષથી મ્હારો ભાગ ઘર ખર્ચમાંજ જાય છે.

જયન્ત! જયન્ત! આ શું! ત્હારો ભાગ ઘર ખરચમાં. ભાઇઓને માટે તું હેરાન થાય છે!

એ શિવાય છૂટકો નથી. વામનનો ગોટાળો નાનો નથી. એને માટે જે રકમ આપવી પડી છે તે અમારૂ મન જાણેછે. વામનની શોધમાંજ આવ્યો છું. આ કામ એવું છે કે ઓછામાં ઓછા આઠ નવ હજાર જોઇશે.

શું કહેછે! આવો ખરાબ!

બ્હેન! આમ છતાંએ એ બધા સારૂ જીવન ગાળતા થાય, વ્યસન છોડી દે તો હજી પણ હું પાછો આનંદમાં આવું. પૈસાની મ્હને જરાયે બળતરા નથી.

અને દત્તુ! બાબુ!

એ બધાએ સરખા છે. લગ્નસુધી બાબુ સારો રહ્યો પણ પાછળથી સોબત નઠારી મળી. દત્તુની તો આશાજ નથી કે ઠેકાણે આવે.

પણ મોહિની કાંઈ કહેતી નથી.

જ્યારે ત્યારે બાબુનો વાંક કાઢી એને ધમકાવે છે અને વામન કે દત્તુની વાત આવે ત્યારે એનો બચાવ કરવા તૈયાર. વામન અને દત્તુના પ્રમાણમાં બાબુ ઘણો સારો. વામનનું આ પરાક્રમ મોહિની સાંભળશે ત્યારેજ ખબર પડશે કે ભાઈ કેવા છે.

પણ જયન્ત! વામને રાજીનામું કેમ આપ્યું? અહીં તો કોઇ દિવસ આવતોજ નથી.

લાનોલીમાંએ કયાં ખબર છે? ઉડતો હું ત્હને પૂછવાનો હતો.

મને તો મુદલ ખબર નથી. મ્હને તો મ્હોંજ કયાં દેખાડે છે? ઘણા મહિના ઉપર એક દહાડો આવ્યો હતો અને એ અને વાસુદેવ ગુસપુસ કરતા હતા. પછીથી ખબર મળી કે પૈસાની વાત હતી.

પછી! વાસુદેવે પૈસા આપ્યા તો નથી ને.

અરે એક વખત આવ્યો ત્યારે કહે કે લાનોલીથી પૈસા આવ્યા નથી. મ્હે તાર કર્યો છે પૈસા મોકલવા ને આવશે કે તરતજ આપી જઇશ કહી પાંચ રૂપીઆ લઇ ગયો. પછી બીજીવાર એક રાત માટે હજાર રૂપીઆ લઇ ગયો છે તે દેખાયોજ નથી. એનું શું થશે?

થાય શું? લાનોલીમાં પડયો રહેશે ને ઘરના રોટલા ખાશે. વસન્તભાઇનો હુકમ છે કે એને ઘેર લાવવો.

જયન્ત ! વસન્તભાઈ ભોળા છે. એમની જગાએ હું હોઉં તો એનું મ્હોંજ જોઉં નહી. એ એનું ભોગવી લેશે. હવે કાંઇ નાનો છે! ભોગ એના—કુટાવા દ્યો.

બ્હેન ! એથી તો વધારે બગડવાનો. એને ઘેર લઇજ જવો જોઇએ.

મોહિની એવીને એવીજ છે કે સાંજના તમે બેસોછો?

ના—રે—ઘરમાં કોણ કયાં છે ત્હેનુંજ ભાન હોય તો એ બસ. હું કારખાનામાં—મ્હારા રૂમમાં કે કાકીને ઘેર. કોઇ વખત બાબુની રૂમમાં જાઉં. જમતી વખત પણ છૂટા છૂટા જમવાનું.

દત્તુ હવે ત્યાંજ રહેશે કે !

ભદ્રા ! દત્તુ હોંશીયાર છે. રોગની ચિકિત્સા કરવામાં નાયક કરતાં પણ ચ્હડી જાય એમ છે પણ—

અને બાબુ !—

એની તો મ્હને કાંઇ સૂજજ પડતી નથી. મ્હને એમ લાગતું કે ત્હારી પેઠે પરણ્યા પછી સંસારનો બોજો માથે પડશે એટલે ઠેકાણે આવશે પણ હમણાં હમણાં એનું કામ વીફર્યું છે. આઠ વાગ્યા પછી ભાઇ ઘરમાં આવે તો જાણવું કે ભાઇ તૈયાર થઇનેજ આવ્યા હશે. ભાઇઓની વાત કરવી ઠીક નહી પણ બાબુને બગાડનાર દત્તુ છે.

દત્તુ ! દત્તુ શી રીતે ?

દત્તુ હમેશાં બાબુને બ્હાર લઈ જાય છે. બાબુ આમ બગડે એવો નથી. પણ એ નબળા મનનો છે. એનાથી કોઇને કાંઇ વાતની ના પડાતી નથી. કોઇ આગ્રહ કરે એટલે થઈ રહ્યું. દારૂ પીવાનો એને ગાંડો શોખ નથી પણ એનામાં કોઇનો હાથ ઠેલવા હિમત

નથી. દત્તુનું એથી ઉલટુંજ છે. એને તો એનાં સ્વપ્નાં આવે છે. ક્યારે સાંજ પડે ને ક્યારે પીઠાંમાં જાઉં એમ થયા કરે છે.

પણ વસન્તભાઈ બાબુને દત્તુ સાથે કેમ ફરવા દે છે!

બ્હેન! બાબુ–દત્તુ કાંઇ નાના છે. ભાઈ કાંઇ કહે તો અપમાનજ થાય બીજું કાંઇજ નહી. સુશીલા કાકીએ પણ દત્તુને કહેવામાં કાંઈ બાકી રાખી નથી.

દત્તુ કાંઇ પછી બોલ્યો ?

શરમ હોય તો ને! હસ્યા કર્યું ને કહે કે બાબુ મોટો છે. પછી બાબુને બદલે મ્હને શું કહો છો ?

એમાં દત્તુનું કહેવું ખોટું નથી. બાબુ મ્હોટો છે. પરણેલો છે. પછી એટલું મનોબળ ન આવે! જરાક તો દૃઢ થવું જોઇએ.

ભદ્રા! 'જોઇએ ખરૂં' પણ 'જોઇએ' એ સમજીયે છીએ પણ એ પ્રમાણે વર્તાતું હોય તો આપણે સાધુજ બનીયે. વાસુદેવને પૂછ.

સાંતાક્રુઝની પાર્ટીએ મ્હારૂં જીવન સુધાર્યું.

માણસ સમજે તો જે બને છે તે કાંઇક હેતુ સરજ બને છે. ઇશ્વર જે કરે છે તે સારાનેજ માટે. બ્હેન! એ સૂત્ર યાદ રાખવાનું છે.

ભાઈ! ગયા દિવસ સંભારૂં છું ત્યારે ત્રાસ છૂટે છે. રાતના કલાકોને કલાકો વાટ્ય જોયા કરૂં. હમણાં આવશે–હમણાં આવશે એમ થાય. લગ્નના પહેલા દિવસોમાં–જ્યાં સ્નેહ હોય, રસ હોય, વિદ્યા હોય, ત્યાં કેવો ઉમંગ હોય, કેવી હોંશ હોય! આનંદ કરવા–સાથે રહી–બેસી કાંઈ વાંચવા, ગાવા ઇચ્છા કેમ ન થાય? કૌમુદીમાં બેસી રીઝવા–રીઝવવા કેટલી ઉત્સુકતા? ભાઇ!

આ સઘળું મનનું મનમાંજ રહેતું. જમવાનું કહ્યું હોય, દુધ પુરી શાક તૈયાર થાય ને રાત્રે ગમે તે સ્થિતિમાં આવે કે નકામું. ભાઈ! શું થશે? મારશે? લોકો ફજેતી જોશે—આ ગાડી આવી તેમાં નંખાઈ આવ્યા હશે. પાછળ પોલીસ—લોકો હો હો કરતા હશે—બેંકમાંથી આણેલા રૂપીઆ સહી સલામત ઘેર આવશે કે કેમ એ ફીકરે બળી જતી. રોજ રોજ જવાનું તો હોય. આજ છત્રી તો કાલ ઘડિયાળ. દસબાર તો ઘડીયાળો ગઈ. ગુંજવામાં પૈસો ન મળે. આ સ્થિતિમાં જે દિવસો કાઢયા છે તે મારૂ મન જાણે છે. પરમેશ્વરનો ઉપકાર કે આખરે આ વખત આવ્યો.

ગોપાલ હજી વાસુદેવના હાથમાંજ હતો અને ભાઇ બ્હેન વાતમાં તલ્લીન હતાં એ જોઇ વાસુદેવ બોલ્યો—

ભદ્રા! ભાઈ આવ્યા એટલે ધણી પાસે આયાનું કામ કરાવવાનું કે? સ્ત્રીઓને મત આપવાનો હક મળશે ત્યારે તો શુંએ થશે?

હજી હક મળ્યો નથી ને ત્હમે અમારી અદેખાઇ કરો છો તો પછી જ્યારે મળશે ત્યારે તો શુંયે કરશો? અહીં લાવો. પોતાને રાખવો ગમે ને બ્હાનાં કાઢે.

પણ એની નજર આ ઘડીયાળના અછોડામાં છે. એ એકદમ છોડાવું તો કેદારો ચાલે. જયન્તને આવા કેદારાનો અનુભવ નથી એટલે એના કાનમાં વાગે.

ભદ્રા ગઇ ને ગોપાળને લીધો. નોકરને બોલાવી ગોપાળને બાર રમવા મોકલ્યો.

કેમ વાસુદેવ! ગોપાળ જરા મ્હોટો થાય એટલે વામમાર્ગીઓમાં થાય છે તેમ ગોપાળને માતાજીની પ્રસાદી આપી ગુરૂમંત્ર આપશો ને!

ભાણેજની એ ફિકર ન રાખશો. ગોપાલ કે ગોપાલનાં ભાઈ બ્હેન સ્વપ્નામાં પણ આ પ્રસાદી નહી દેખે. મારી પછી મરજીમાં આવે તે કરે.

એ તો ન્હાનપણમાં જેવા સંસ્કારો પાડશો તેવા થશે.

નોકરે આવી વર્ધી આપી. 'સાહેબ! જમવાની વખત થઈ છે.

જયન્ત! બનતાં સૂધી સાંજના અમે વહેલાં ખાઈ પરવારીયે છીએ. ભદ્રાનું કહેવું એમ છે કે નોકરો પણ વ્હેલા પરવારે. આપણે દસ દસ અગીઆર અગીઆરેજ જમીએ તો પછી નોકરો બાર એક વાગે પરવારે ને સવારે આપણાથી વ્હેલાં પરવારે એમ ધારીયે. અરે પણ જયન્ત! લક્ષ્મણ શેઠે દારૂની બાધા લીધી છે તે ખબર છે કે?

કોણ લક્ષ્મણ શેઠ.

હા. હા. હમણાજ થોડા દિવસ ઉપર એક ઠેકાણે હમે સાથે જમવા ગયા હતા ત્યાં આપણા નિયમપ્રમાણે દારૂ આપ્યો તે વખતે એમણે ચોખ્ખી ના પાડી.

શા માટે!

આ બધાની વાતો સાંભળી એને એમજ થઇ આવ્યું કે નહી બસ દારૂ નજ પીવો અને છોકરાંમાં ખરાબ ટેવ ન પડે એવું ઇચ્છનારા માબાપે પોતાની ખરાબ ટેવ ત્યાગવી એમ એનું માનવું થયું છે.

ખરેખર. પાણીને બદલે નવી નવી જાતની પીવાની વસ્તુઓ થઇ છે તે બંધ થતાં હોત તો કેટલે લાભ થાત.

હશે. ચાલો હવે.

પ્રકરણ ૧૯ મું.

કેવો ભલો !

જો સ્નેહીને જોઇ સુખી તમ હૃદય સુખમય ન થયું
જો દેખી દુઃખી અન્યને તમ હૃદય દુ:ખે ના દ્રવ્યું
કદી શબ્દથી, કદી કર્મથી સુખ ના દીધું દુઃખ ના હર્યું
શા કામનું જીવ્યું તમારૂં, જીવી જગમા શું કર્યું.

ચંદ્રશંકર

આઠ વાગ્યા અને ભદ્રા વાસુદેવ બાર નીકળ્યાં. આજ એકાદશી હતી. બાબુલનાથના મંદિરમાં દર્શન કરવા જવાનો રીવાજ હતો અને તેટલાજ માટે બન્ને નિકળ્યાં હતાં. જયન્ત ભાડાની ગાડીમાં ગ્રાન્ટરોડ આવ્યો. ગઈકાલવાળી દારૂની દુકાનપાસે વખતસર આવી પહોંચ્યો. સામા નાના ઘરમાં ઘાટીયોનું એક ટોળું ભજન ગાતું હતું. દારૂની દુકાનથી સહજ આગળ એક નાનુ મારૂતીનું મંદિર હતું. ત્યાં ભાવિક હિંદુઓ તેલ ચઢાવતા હતા. અને બે ચાર વૃદ્ધો ઓટલે બેસી માળા જપતા હતા. અગીઆરશ, અમાવાસ્યા કે ત્હેવારના દિવસે કાપડ બજાર, ઝવેરી બજાર બંધ; ગંધીઆણાની દુકાનો બંધ. બીજા કામની પાકી. દશરા, નાતાલ, દીવાળીને દિવસે બેંકો, ઓફીસો બંધ પણ તેજ દિવસે દારૂનાં પીઠાંના બારે બારણાં ઉઘાડાં; તે દિવસે વિજળીના દીવા પીઠાંમાં ખરા. તોરણો પણ ખરાં.

પીઠાના બારના પાસે જયન્ત પહોચ્યો હશે ત્યાં વામનને અંદરથી નિકળતાં જોયો. એકાદ બે દોસ્તો સાથે તડાકા મારતો હતો. જયન્ત પાછળ ગયો ને વામનના ખભા ઉપર હાથ મૂકયો. વામન અત્યારે તૈયાર હતો પણ બેભાન ન હોતો. મુંબાઇમાં પ્રત્યેક

પળે પકડાવાનો ભય હતો એટલે જેવો ત્હેના ખભા ઉપર હાથ પડયો કે ચમકયો–બીન્યો ને પાછું જોયું. વામનનો આ વેશ જયન્તે જન્મભર જોયો ન હોતો. જે વામન અપ ટુ ડેટ ફેશનનાં કપડાં પહેરે તેજ વામન આજ ઘાટીના વેશમાં એ મનાય કેમ? છતાં હતું એમ. જયન્ત વામનના હાથમાં હાથ નાખી આઘો લઇ ગયો. પારસી માલીક બંનેની પાછળ પાછળ ગયો અને જયન્તના સામુ જોઈ બોલ્યો–જી. આ આપનો–

ભાઇ—

આપ કહો છો એટલે માનું છું બાકી માનત નહી. તમારા અને એના વચ્ચે આશમાન જમીનનો ફેર છે.

શેઠ! તમારૂં કહેવું ખરૂં છે. કારણ એણે દારૂને મિત્ર માન્યો છે ને મ્હે પાણી સાથે સંબંધ રાખ્યો છે. સાહેબજી, માફ કરજો.

નહિ રે બાવા એમ શું બોલો છો! આય તમારૂંજ ઘર છે.

વામન! હમણા તું રહે છે કયાં?

તે– દૂર– નથી. ત્યાં ત્હમને નહિ લઇ જાઉં.

કેમ?

તે ગંદી જગા છે.

ત્હેની ફિકર નહી. ત્હારી સાથે ગમે ત્યાં જઇ શકીશ.

ચાલ આ રસ્તો ને!

જયન્તની બોલવાની ઢબજ એવી હતી કે વામન ચું કે ચાં કરી શકયોજ નહી ને વામન આગળ ચાલ્યો. ગ્રાન્ટરોડથી મ્યુઝીયમ ઇસ્ટ જતાં ટ્રામ સડકની એકાદ આડી ગલીમાં થઇ એક ઘરમાં પેઠો. ઘરમાં પેસતાંજ દાદર અંધારામાં ન દેખાયો ને વામને ઠોકર ખાધી.

વામન ! કોઇની પાસેથી દીવો માગી આવું ?

ના. ના. મ્હારી પાસે દીવાસળી છે. અંદર પેઠા પછી રસ્તાનું અજવાળું બારીએથી આવશે.

આ બેની વાત સાંભળી દાદરા પાસેની એક નાની ઓરડીમાંથી એક સ્ત્રી ફાનસ લઈ આવી ને વામનને જોઇ બોલી.

એમ ! પાછા તમે આવ્યા છો કે. ગઇ કાલે તો મ્હને આપવાના પૈસા ન હોતા અને આજ દારૂ પીવાના પૈસા કયાંથી મળ્યા ?

બ્હેન ! તમારૂં ફાનસ જરા આપશો. હમણાં પાછું આપીશ.

પેલી સ્ત્રીએ જયન્તને જોયો ન હોતો. પણ 'બ્હેન આપશો' જેવા સભ્યતાના શબ્દો સાંભળતાંજ એની તરફ જોયું. સ્ત્રી સ્વભાવિક, શરમ આવી અને બોલી-જી. આપને શું જોઇએ છીએ ?

બ્હેન હું આ ભાઇની સાથે આવ્યો છું. આપના ફાનસની થોડી જરૂર છે.

લ્યોજી. આપને ના કહેવાશે. આ ભાઇને જે જે વસ્તુઓ જોઇએ તે આપતી ને નાએ નથી પણ પૈસાજ ન મળે પછી શી રીતે અપાય ! લાકડાં, દુધ, ચાહ, ખાવાનું. દીવાબત્તી બધું આપ્યા કર્યું છે પણ પૈસા નહી. કેટલાં તો મ્હારાં વાસણ ભાગી નાખ્યાં.

તમે કેટલા પૈસા માંગતા હશો.

આશરે ચારેક રૂપીઆ હશે. ધોવાના સાબુના પૈસા અને ઓરડીનું ભાડું જૂદું સાહેબ; રોજના બે આના લેખે બે અઠવાડીયાના જે થાય તે. રાતના જ્યારે દારૂ પી આવે છે ત્યારે ઉપર લઇ જતાં ને સૂવાડતાં જે મહેનત પડે છે તે અમેજ જાણીયે છીએ.

જયન્તે ધીરે રહી ગુંજવામાંથી પંદર રૂપીઆની ગીની પેલી સ્ત્રીના હાથમાં મૂકી ને બોલ્યો. નોટીસની જરૂર નથી ને! આજે અત્યારે ઓરડી ખાલી કરીયે છીએ.

ના જી. આપ જેવા માટે નોટીસ શી! જી, મારી પાસે છુટા પૈસા નથી. કાલે સવારે લઇ જશો. ઉભા રહો તો વટાવી આવું.

ના, ના. એટલી ઉતાવળ નથી. આજની રાત અમે તમને જે તકલીફ આપવાના છીએ તે બદલ એ રકમ રાખજો.

ના રે સાહેબ! એમાં તકલીફ શી! તમારા જેવાનાં પગલાં હમારે ત્યાં કયાંથી? આપ તેડવા આવ્યા હશો. ઉપર ઓરડામાં દીવો મુકી આવું? દેવતા સળગાવું?

ના. કાંઈજ નહી જોઇએ. હરકત ન હોય તો એક વીકટોરીયા મંગાવી આપો.

એક ને બદલે એકાશી હાજર કરૂં.

ફાનસ લઇ જયન્ત ઉપર ગયો. વામન તો એની પહેલાંજ ઉપર ગયો હતો અને પથારીમાં ઘસઘસાટ ઉંઘતો હતો. જયન્ત પથારીમાં બેઠો–વામનનું માથું ખોળામાં લીધું ને એક બાલકને ઉઠાડે તેમ પ્રેમથી ઉઠાડવા લાગ્યો. વામન જાગૃત થયો એટલે જયન્તે કહ્યું.

વામન! મ્હારે ત્હને બહુ કહેવું છે ને બહુ પૂછવાનું છે માટે જાગૃત થઇ સાચું બોલ. વામન! તારા આટલા કામથીજ અમે ધરાઇ ગયા હતા પણ ત્હારૂ છેલ્લુ પરાક્રમ એવું છે કે વસન્તભાઇ એમાં ને એમાં જીવ ખોશે. ખોટી સહી? ખોટી સહી કરનારને સાત વર્ષ જેલ જાત્રા કરવાની હોય છે તે તો પોલીસ ઇન્સ્પેકટર થઈ જાણતોજ હોઇશ. અને તું કોણ? વસન્તરાવનો પુત્ર–વાસુદેવ દેસાઇનો સાળો, પોલીસ ઇન્સ્પેકટર

ખોટી સહી કરી બેંકમાંથી રૂપીઆ લાવે ને તે રૂપીઆ આમ ઉરાડી નાંખે-કેમ !

વામન એકદમ રોઈ પડયો-ડુસકાં ખાવા લાગ્યો ને જયન્તની ભાઇની લાગણી સ્ફુરી આવી.

છાનો રહે. આમ વસન્તભાઈની સહી કરતાં કયાંથી શિખ્યો ?

જયન્તભાઇ ! મ્હને કાંઈ સૂઝયું નહી ને કયું. ભાઇએ પૈસા મોકલવા ના પાડી ને મ્હારે જોઇએ પછી શું કરવું ? જો રૂપીઆ ન મળે તો મારે ગોળી ખાઈ મરવાનો વખત હતો.

આવી ખોટી સહીનાં બીજાં કેટલાં બીલ છે ?

ભાઇ નથી. ત્હમારા સમ નથી. એ ત્રણજ. વસન્તભાઇને નુકશાન કરવાનો મ્હારો ઇરાદો ન હોતો ને નથી. માત્ર આવી પડેલી આફત દૂર કરવાના હેતુથીજ એ કર્યું. એ પાછા હુંજ લઇ લઇશ એમ ધારી વેચ્યા-

ત્યારે કેમ ન લીધા ?

જયન્ત ! એ ન પૂછશો !

પણ હું પૂછું છું તે ત્હારે કહેવુંજ પડશે.

વામન થરથર્યો-ગીગવાયો-રોવા જેવો થઇ ગયો ને બોલ્યો—

જયન્તભાઇ ! એ રકમ લઈ બારોબાર ગ્રાન્ટરોડ કલબમાં ગયો ત્યાં જુગારખાનામાં હાર્યો. તે વખત મને મારા જીવનું ઠેકાણુંજ ન હોતું.

અત્યારે છે ત્હેવો ને !

જયન્તનું હૃદય ચીરાઇ જતું હતું એટલેજ આટલું બોલ્યાવિના ન રહેવાયું.

અને તે દિવસથી બધાથી સંતાતો ફરૂં છું.

પણ ત્હેં હમારી સહી શી રીતે કરી?

જયન્તભાઈ આજ કેટલાક મહિનાથી આપણી કંપનીની સહી કરવાની ટેવ પાડતો હતો. નાનપણથીજ બીજાના અક્ષર જેવા અક્ષર કાઢવાની, બીજાનાં નામ લખવાની ટેવ હતી તે તો જાણો છો. અને એમ થાય છે કે પાઇએ પાઈ આપી દઉં પણ મ્હારી પાસે ફુટી બદામ નથી.

જયન્તે ઓરડીમાં જોયું. ઓરડીમાં પથારી શિવાય કાંઇજ ન હોતું.

ત્હારા હથિઆરો-ડ્રેસ હશે ને?

રાજીનામા સાથે આપી દીધાં. મ્હારાં હતાં તે વેચી દીધાં.

ત્હારી પેટીઓ-

તે પણ વેચી.

ત્હારાં લુગડાં-

મારવાડીને ત્યાં.

ધોતીયાં-

ત્યાંજ.

ઘડીયાલ-

તેનું પણ તેમજ.

વામન! વામન! આ સાંભળી મ્હને ત્રાસ છૂટે છે. તારી જાત મારવાડીએ ઘરેણે ના રાખી!

વામન નરમ ઘેંશ થઈ ગયો હતો. નીચેથી ઉંચે જોઇ શકતો નહી.

ત્યારે ત્હારી પાસે આ પહેરેલાં કપડાં ને જાન શિવાય કાંઈ નથી એમ ને?

એજ.

તું લાનોલીથી ખુરશી, મેજ, પલંગ, લુગડાં, વાસણ લાવ્યો હતો. નોકરીમાં રહ્યા પછી બીજું વસાવ્યું હતું એ બધું ફના ફાતીયાં!

હા.

પણ ઘરેણે મૂકયાનું લખત પત્ર હશે ને!

હા. તેપણ વેચી નાખી તેના પૈસા ઉપજાવ્યા. આજ છેલ્લી વસ્તુ લઇ આઠ આના લીધા ને દારૂ પીધો. મ્હારી બહુ ઇચ્છા હતી કે પૈસા મળે તો કીંગ કીંગની કમ્પનીને ભરવા. વસન્તભાઈ માફ નહી કરે? જયન્ત ભાઇ! વસન્તભાઈ ત્હમારા હાથમાં છે.

વામન! ત્હારી પાસે પૈસો નથી, ખાવા ધાન નથી, પહેરવા લુગડાં નથી. હું આજ ન મળ્યો હત તો ત્હારૂ કાલે શું થાત?

મુંબાઇનો દરિયો પુરત.

જયન્ત મુગો થઇ ગયો- વિચારમાં પડયો.

જયન્તભાઇ! નીચેવાળી બહુ ખરાબ છે. ગઇ કાલે મ્હને પજવવામાં બાકી રાખી નથી.

ગાડી આવી કે કેમ એની ખબર કાઢવા જયન્ત નીચે ગયો. ગાડી ઉભી હતી.

વામન! અહીંથી તારી જાનશિવાય તો કાંઈ લઇ જવાનું નથી ને!

ના. પણ ત્હમે મ્હને કયાં લઈ જશો!

ઘેર.

ઘેર ! ના. હું ત્યાં નહી આવું. વસન્તભાઇને શું મ્હોં બતાવું !

ડુંગરી કે સાબરમતીની જેલ કરતાં વસન્તભાઇનું મ્હો જોવું વધારે સારૂં નથી? ભાઇનો હુકમ છે. માટે આ બેમાંથી ત્હને ગમે તે જગાએ જવાને તૈયાર થા.

પણ નીચેની રાંડ મ્હને આવવા દેશે?

હા. અને ત્હારી પીડા પતશે જાણી ખુશીએ થશે.

વામને આનાકાની તો કરી પણ જયન્ત સમજાવી ધમકાવી નીચે ગાડીમાં બેસાડ્યો. પેલી બાઈ આજ આનંદમાં હતી. એણે નવાં લુગડાં પહેર્યાં હતાં. શરીરે શણગારેલી હતી. એના ચહેરામાં કોઈક નવીન વૃત્તિ સ્ફુરી દીસતી હતી અને ત્હેનું મ્હો દારૂની છાક મારતું હતું. જયન્તને બોલાવવા, આકર્ષવા એણે ઘણુંચે પ્રયત્ન કર્યાં પણ જયન્તે એના સામુંજ ન જોયું. બન્ને ભાઇ ગાડીમાં બેઠા.

જી. કયાં હાકુ?

સરદાર ગૃહ?

ગાડી ઝપાટાબંધ કોટમાં આવી. સરદાર ગૃહ આગળ આવતાંજ જયન્તને થયું કે જો હું જાતે સામાન લેવા ઉપર જઇશ તો વામન જરૂર ન્હાશી જવાનો. એટલામાટે ગાડીવાળા મારફતજ સરદાર ગૃહમાંથી પોતાનો સામાન મંગાવ્યો. સરદાર ગૃહનો માણસ સામાન બીલ લઇ નીચે આવ્યો. બીલ ચુકાવી ગાડી બોરીબંદર તરફ હંકાવી. બાર વાગવા આવ્યા હતા અને પુનાની છેલ્લી ટ્રેનમાં બન્ને ભાઈ બેઠા. વામન લાનોલી આવ્યો. જયન્ત અને વસન્તરાવને લીધે કુટુમ્બમાં વામન કેમ આવ્યો છે? એણે શું કર્યું છે એ સંબંધી કોઇએ વાત

કહાડીજ નહી અને વામન લાનોલીમાં યથેચ્છ ફરવા લાગ્યો. રજા ઉપર આવ્યો છે એ વાત લોકો ધીરે ધીરે માનતા બંધ થયા.

પણ વામન આમજ જીવન ગાળશે ! વસન્તરાવ છે ત્યાંસૂધી તો ઠીક પણ પછી? કારખાનામાં જ્યારે બીજા ભાઇઓ મહેનત કરે, બીજા ભાઇઓ કમાય ત્યારે વામન શું આળસુ પડ્યો રહે? હિંદુ કાયદામાં–સંયુક્ત કુટુમ્બની પધ્ધતિના દુઃખે આમજ આળસાઈ ને ઉત્તેજન અપાય છે. એ તો દુનિયામાં પલોટાય તોજ સારૂં ! વસન્તે વામનને કારખાનામાં એક નજીવું કામ સોંપ્યું. વામનથી ના કહેવાઈ નહી પણ એક પોલીસ ઇન્સ્પેક્ટરની પદવિવાલો એવું હલકું કામ કેમ કરે એમ એને થતું. પોતે કરેલું કામ હલકુ છે કે કેમ તે જાણતો હતો છતાં આ કામ સોંપવામાં આવતાં ઓરમાન ભાઇઓનો જુલમ-અન્યાય માટે કોઈ કોઈ વાર બળતો.

પ્રકરણ ૨૦ મું.

ખરાબ રસ્તે.

Sole Chief of Hell's dark multitude.

થોડા મહિના થયા–વર્ષો થયાં સમસ્ત લાનોલીમાં વસન્તરાવનાં છોકરાંનાં નામ ચકલે અને ચૌટે ગવાવા લાગ્યાં. સવારના પહોરમાં નામ દેવા લાયક વસન્ત રાવને આવા છોકરા? એમ લોકો બોલવા લાગ્યા. સુધાના ગયા પછી અને મોહિનીનાં ઘરમાં પગલાં થતાંજ આ સ્થિતિ થઈ. વસન્તરાવ, સદા આનંદી વસન્તરાવ, નાનામાં નાનો મજુર પ્રેમથી બોલાવે તો ત્હેને ત્યાં જનારા વસન્તરાવે કોઇને ત્યાં જવા આવવાનું માંડી વાળ્યું. ઘરથી કારખાનું ને કારખાનાથી ઘર, મોહિની પણ આવા

છોકરાથી કંટાળી. વસન્ત અને મોહિની એક બીજાને મ્હોએ છોકરાની ફરિયાદ કરતાં. આ કાંઈ એક દિવસ કે એક રાત્રીનીજ ફરિયાદ ન હોતી. દરરોજ સૂરજ અસ્ત થતાં મા, બાપ અને જયન્તને ફાળ પડતી. દત્તુ આવ્યો છે? વામન કયાં? બાબુ કયાં? એ પ્રશ્ન વારંવાર ઉઠતા. કેટલીક વાર બધાએ સાથે તો કેટલીક વાર છૂટા છૂટા ગાયન ગાતા, બૂમો પાડતા અગર ગાડીમાં નંખાઇ અર્ધ નગ્નાવસ્થામાં આવતા. અને આ લોથોને નોકરો ઠેકાણે સૂવાડી આવતા.

બળવન્ત એક દિવસ કારખાનામાંથી ઘેર જતો હતો ત્યાં એક ખેડુત મળ્યો.

બળવન્તભાઇ! ત્હમારા શેઠના બે છોકરાનું શું થશે? સંભાળજો હો? કોઇ દિવસ માર ખાઇ બેસશે પછી વસન્ત શેઠની શરમ નહિ રહે.

ભાઇ! અમારાથી બનતું કરીયે છીએ. વામને આખરે કારખાનામાં આવવા કબૂલ્યું છે. વસન્તભાઇ ઘણુએ ચ્હીડાય છે.

તે એમ ચ્હીડાયે ન ચાલે. એમની જગ્યાએ હું હોઉ તો આમ પડયો પડયો ખાવા ન દઉ.

પણ વસન્તશેઠ બહુએ કહેછે પણ માનતો નથી. એને કાઢી તો ન મૂકાય?

શામાટે નહિ? હું તો એમજ કરૂં. માથે પડે ને પેટમાં લાગે કે એની મેળે હાથ પગ ચલાવાય. બાપ ઓછોજ જન્મારો બેસી રહેશે. મોકલોને પાછો મુંબાઇ. ખાસે ત્યાં ગોધા એટલે આવશે ઠેકાણે.

બળવન્ત શું બોલે? સગા ભાઈ કરતાં વિશેષ સંબંધ રાખનાર વસન્તના કુટુમ્બની આ સ્થિતિ જોઇ એ હમેશાં બળી જતો.

અને બળવન્તભાઇ! દાકતર નાયકને બીજો માણસ મળે છે કે નહી? તે દારૂડીયા દત્તુને રાખ્યો છે.

એટલે? દત્તુ ભાગીદાર છે.

તે અભાગીદાર છે. હું વાત કહું છું સાચી. જો દત્તુ રહેશે તો દાકતર નાયક પાઇ કમાવાના નથી અને જે ઘરાકી છે તે પણ તુટશે. પરમદિવસજ મારા પડોશમાં એક બાઇ એકાએક સીક થઇ ગઇ ને દાકતર નાયકને બોલાવ્યો. બાઇ કહે કે દાકતર નાયકનેજ બોલાવજો દત્તુને નહી. દત્તુથી બ્હીતી હતી અને બ્હીએ એ સ્વાભાવિકજ છે. દત્તુને દારૂના ઘેનમાં ઘણીવાર રખડતો જોયેલો.

પછી!

પછી શું? નાયક ઘેર ન હોતા એટલે દત્તુ આવ્યો. સદ્‌ભાગ્યે દત્તુ તે વખતે ઠેકાણે હતો અને બાઇને જોઇ દવા આપી. બાઈ ખુશી થઈ.

ઠીક થયું.

પણ સાંભળો તો ખરા. બાઈ સુવાવડમાં હતી અને હાલના દાકતરો એમજ માને છે કે સુવાવડમાં થોડી બ્રાન્ડી આપવી જોઇએ. હવે બાટલી નવી આણેલી ને બૂચ નીકળે નહી. લાવને દાકતર પાસેજ ઉઘડાવું કરી દત્તુને બાટલી ઉઘાડવા આપી. બાઈ જરા અંદર ગઈ ને દત્તુ ભાઇએ આખી બાટલી ખાલી કરી. બાટલી ખાલી થતાંજ બ્રહ્માંડ ફરતું લાગ્યું. હવે પેલી બાઇની શી હાલત! દવા દવા ને ઠેકાણે રહી. એ તો સારૂ થયું કે મ્હારા ઘરમાંથી જઈ ન્હડી, બધો તાલ જોયો ને નાયકને બોલાવવા દોડી. નાયક આવ્યા ને દત્તુને લઈ ગયા.

બહુ દીલગીરીની વાત.

એમ દીલગીરીની વાત કહે ન ચાલે, સમજ્યા?

બળવન્ત ભાઇ! વસન્તભાઈનું માન રહે ત્યાં સૂધી ઠીક, બાકી વસન્તભાઇનો છોકરો ત્હેમાં હમારે શું! ઓછીજ બાજરી પૂરે છે! દાકતરનું તો હજાર વાર કામ પડે ને ઘરમાં નાની વહુ છોકરીઓ ફરતી હોય. દાકતરજ ઉઠી આમ કરે પછી. જો દાકતર નાયકથી પોતાથી ના અવાતું હોય તો ના કહે. અમે તો ઠરાવ કર્યો છે કે પેલા નવા દાકતરને બોલાવવો. કાંટો કાઢવા એ દત્તુને નહિ બોલાવીયે.

ખેડુતના શબ્દે શબ્દ ખરા હતા. નાયકની ઘરાકી ઓછી થવા માંડી એટલે નાયકે દત્તુનો ભાગ કાઢી નાંખી બીજો માણસ રાખ્યો. દત્તુ વગર ધંધે એકલો નવરો પડયો. વામન અને દત્તુ એકઠા થયા. રાતના રખડી, દારૂની ઘેનમાં સવારે આઠ વાગ્યે ઉઠતા. કલાકો ને કલાકો ઉંઘતા છતાં ન મળતો માનસિક કે શારીરિક આરામ. મોહિની ઘણીએ વાર ધમકાવતી. આજીજી કરતી અને રોતી. વસન્તરાવ સમજાવતો, ભવિષ્યમાં પડવાનાં દુખોનું મ્હોટું રૂપ આપતો અને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપવા ચૂકતો નહી. સવારમાં બન્ને 'હવેથી નહિ કરવા' વચન આપતા અને તે પણ અંતઃકરણથી. વસન્તરાવ અનેકના દાખલા આપતા. પેલી રેલ્વે પોલીસનો હેડ કલાર્ક કેવો મ્હોટા પગારનો ને બુધ્ધિશાળી હતો. લોકપ્રિય હતો છતાં ભર જુવાનીમાં દસ રૂપીઆના પેન્સનમાં આથડે છે. પેલો બીજો આગળ ન્હડતોજ નથી. દારૂના પાસમાં પડવાથી ઘરબાર, જાત પાયમાલ ગયેલાના દાખલા આપતો. બીચારા વામન અને દત્તુ ઘણીવાર પસ્તાતા, દારૂ ન પીવા નિશ્ચય

કરતા પણ દારૂડીયાના મનોબળ ન હોય, તેમના ઠરાવો કેટલી ઘડી ચાલે? દારૂનું વ્યસનજ વિચિત્ર છે. છાનુ માનું આપણા ઉપર સામ્રાજ્ય ભોગવતું થાય છે કે આપણને કયારે ને કેમ આવ્યું તેનું ભાન પણ હોતું નથી. દીવસના અન્તે રાત્રી કેવી પથરાઈ જાય છે—રાત્રી કયાં જતી રહે છે ત્હેની ખબરે પડતી નથી. શિયાળા પછી ઉન્હાળો એકાએક કેવો આવે છે! મૃત્યુ કયારે ને કેમ આવે છે ત્હેની જરાયે ખબર પડતી નથી. દારૂનું વ્યસન પણ એમજ આવે છે. રાત્રીનો દિવસ, દિવસની રાત્રી, એક રૂતુ પછી બીજી અને મૃત્યુ આપણા હાથમાં નથી પણ આ વ્યસન આપણા હાથમાં છે છતાં આપણે કાંઈ કરી શકતા નથી.

વામન અને દત્તુ દારૂના ગુલામ હતા. ઝગઝગતા દિવાને જોતાંજ પતંગીયા આકર્ષાય તેમ દારૂના ચકચકિત પ્યાલા માટે બન્ને ભાઇઓ ગાંડા થતા. દિવસમાં લેતા પણ રાત પડતાં અફિણીયાની માફક પગ ઘસતા. મળે ત્યારેજ જીવમાં જીવ આવતો. પોતાની સાથેજ રમેલા—ભણેલા આજે સારી નોકરીમાં, સારે ધંધે લાગ્યા હતા. લોકોમાં માન પામતા, પોતે કુટુમ્બમાં અને જાતે સુખી હતા પણ પોતે—

મોહિની સવારમાં વામન અને દત્તુના સુવાના ઓરડામાં જતી. ત્હેમને અસ્ત વ્યસ્ત સ્થિતિમાં જોઇ આંસુ ગાળતી—ઉઠાડતી. નાના બાળકની પેઠે મ્હો ધોવરાવતી. પોતે જાતેજ ચાહ, બીસ્કીટ લાવી આપતી. પરન્તુ ત્હેમની તૃષા એથી મટતી નહી. મોહિની બહુજ કરગરતી, પણ નિરર્થક. માતા ગયા પછી ખાનગી કબાટ ઉઘડતું. એમાંથી એકાદ બાટલી લેવાતી ત્યારેજ ઉંઘ ઉડતી ને ખૂમારી આવતી. જે મોહિનીને માતાની પ્રસાદી લેવા—લેવડાવવા આગ્રહ હતો તેજ મોહિની તે

પ્રસાદી હવે કબાટમાં રાખતી. પરન્તુ દત્તુ અને વામનને માણસો મળી આવતા. સાંજ પડતાં મનની સ્થિરતા જતી અને બહાર જવા તલપાપડ થતા. 'હમણા આવીયે છીએ' કરી બન્ને ભાઇઓ રીફ્રેશમેન્ટ બારમાં મળતા. રીફ્રેશમેન્ટ બારની શોભા, ચકચકિત પ્યાલા અને મિત્રોનું એટલું આકર્ષણ હતું કે એમનું મનોબળ નષ્ટ થતું.

વસન્ત અને મોહિની ચિંતા–દુ:ખથી અકાળે વૃદ્ધ થયાં હતાં. મોહિનીનો રોફ, મોહિનીનો મિજાજ મોહિનીનો ક્રોધ કોણ જાણે કયાંએ જતો રહ્યો. જે મોહિની માત્ર પોતાની મરજી સંપાદન કરવા, બીજાને ઓશીઆળા કરવા રોતી તેજ મોહિની આખો દિવસ છોકરાંને જોતાં ત્રાસતી, રાત્રે ઝબકી ઉઠતી અને પાડપડોશીની ફરિયાદ આવતાં શીયાવીયા થઇ જતી. ગભરાયેલી મોહિની હૃદય ખોળવાનું સ્થળ ખોલતી અને પછી નોકર કે ચાકર ને મેમાન ગમે તે આગળ ભડભડતી ત્યારેજ સંતોષ થતો.

મોહિનીને ભૂતકાળ સાંભર્યો. વામન–દત્તુને કોઇ લ્હડતું તો તે કેવી ચ્હીડાતી! એને છાનું ખાવાનું આપતી; વસન્તરાવ લડતા ત્યારે ખોળામાં બેસાડી કહેતી કે 'શું કામ જાય છે ત્યાં?' 'જઇશ નહિ' 'માંદો પડશે.' ખાવાનું બહુ આપીશ નહિ, એમ વસન્તરાવ કહેતા ત્યારે મોહિની છોકરાંને ઓરડામાં લઇ જઈ ખાસ આપતી, છોકરાંને લાડ લડાવતી, ભાઇ જે માગે તે આપતી તેનું પરિણામ આજે નજરે જોયું. વામન અને દત્તુ માટે અનેક વાર વસન્ત જોડે, સુશીલા જોડે મોહિનીએ જંગ મચાવ્યો હતો અને વામન અને દત્તુને ઉપરાણું મળતું.

અરે રે! પણ કોઈ દહાડો આ ન ખવાય, ન પીવાય, ભાઇની સામું ન બોલાય, બાપનું કહ્યું માનવુંજ જોઇએ એમ કહ્યું ન હોતું. ખાઓ ખાવું હોય તો. માગો છો એ જક્ક કરો છો તે નહી મળે એમ કહ્યું ન હોતું. હાય. હાય. ત્હેનું પરિણામ અરે રે આવું. જ્યારે આ ઘેરમાં આવી ત્યારે કેવો ઉત્સાહ હતો! શી શી ઉમેદો હતી? ઘરની માલીક થઈશ. તે થઇ પણ શા કામનું. છોકરા આવા ઉઠયા. છોકરાની હોળી રોજ સળગે છે. આના કરતાં નજ આવી હત તો. સુધા! સુધા! તું જીતી ગઇ. અને હું આ દુઃખમાં સડયા કરૂં છું.

પરન્તુ દત્તુના વર્તનમાં કાંક ફેરફાર થવા માંડયો. આ ફેરફારથી કાંઇ કુલાઇ જવા જેવું ન હોતું પણ છતાં ફેરફાર આવકારદાયક હતો. સાંજના ઘેર વ્હેલો આવતો–મન કાબુમાં રાખતો–લુગડાં ઠીકઠાક રહેતાં. સાધારણ રીતે દારૂના વ્યસનમાં લાગ્યા પછી વસન્તરાવના છોકરા હશે એમ એમના ડ્રેસ ઉપરથી જણાતુ નહી. દત્તુમાં આવો ફેરફાર જોઇ દુઃખી–નિરાશ મોહિનીના અંધકારમય જીવનમાં ઉજાશ દેખાયો. આનું કારણ જૂદું હતું.

વામન અને દત્તુ દારૂના પીઠામાં રોજ જતા. આ પીઠું ગજાનન નામના પરભુ–એમની પોતાનીજ જ્ઞાતિનાનું હતું. ગજાનન અને ત્હેની પત્ની સીતા છોકરાંને કેળવવા ખાસ ધ્યાન આપતાં હતાં. દારૂ વેચવાનો ધંધો ઉદ્યોગાર્થે લીધો હતો. પણ ગજાનન પોતે એક છાંટો લેતો નહિ. ગજાનનને ત્રણ છોકરીઓ હતી. મોટાં શહેરોમાં નીતિનું ધોરણ બહુ ઉચું નહી હોય એવા લોકો પોતાની છોકરીઓને બારમેડ તરીકે દારૂની દુકાનમાં રાખે છે, ગજાનનની બે છોકરીઓ વધારે ચબરાક અને દામ દમામવાળી હતી. આ છોકરીઓ હંઇ રહેશે અને

દારૂનાં પીઠાંનાં અંગે ચિત્રવિચિત્ર માણસો સાથે સંબંધમાં આવશે તો પરિણામ કદાચ ખરાબ આવશે માની બન્ને છોકરીયોને મોસાળ મોકલી દીધી હતી. ત્રીજી છોકરી લલિતા ઠરેલ–હસમુખી અને વિનયયુક્ત હતી. લાનોલીમાં વાત ચાલતી હતી કે દત્તુ લલિતાને વારંવાર મળે છે. પણ જગતમાં બને છે તેમ આપણી અગર આપણા સ્નેહીની વાત આપણને મોડીજ મળે છે તેમ સીતાને આમાંની કાંઇજ ખબર ન હોતી. લલિતા દત્તુને કયાં ને કયારે મળતી હશે તેનો સીતાને વિચારજ ન હોતો. એક દિવસ એક નવરી બાઈ સીતા પાસે આવી ને પૂછયું–

અલી સીતા! લલી કયાં છે?

ઉપર છે. બીજે કયાં હોય!

જોઇ આવ. ઉપર છે? આવું ને આવું ભાન રાખજે. લલી તો દત્તુ સાથે ઓ ફરે વાડીમાં–

શું! દત્તુ સાથે લલિ! હોય નહિ. મ્હારી લલી દત્તુસાથે ફરેજ નહિ. એ કાંઈ એવી નથી.

બેશ બેશ હવે. જુવાન છોકરી થઇ ને તમ્હે માવરો ધ્યાન ન આપો તો એમજ થાય. માબાપ જાણે કે મ્હારાં છોકરાં જેવાં છોકરાં નથી. પણ એમ વિશ્વાસે રહીશ તો કોઈ દીવસ નાત જાતમાં નાક કપાશે નાક. સમજી! અમે તો કોઇ દહાડો નાનાં હોઇશું હો. મ્હારે શું. ભોગ તારા. આ તો મ્હારા મનથી કે ગજાનન જેવા ભલા માણસની આમ ફજેતી થાય તે ઠીક નહી જાણી કહેવા આવી. બીજો કોઇ હત તો કાંઈ નહી. આ તો કોઇ જડયો નહી ને દત્તુ. એવાને પરણી લલી સુખી થશે?

સીતા બીચારી એકદમ આભી બની ગઇ. અત્યારેજ જાણે બેઆબરૂ થઇ ગઈ હોય એમ લાગ્યું. લલિતા સાંજના મંદિરે જતી. બેનપણીને ત્યાં જતી પણ સીતાના સ્વપ્નામાં એ ખ્યાલ નહી કે આમ ગોટાળો હશે. એટલામાં લલિતા ગભરાતી–કાંક હસતી સામેથી આવી.

લલી ! કયાં ગઇ હતી અત્યારે ?

મ્હારે કોર જોઇતી હતી તે જરા બજારમાં ગઇતી.

લલી ! જો જુઠું બોલી તો ઉભી ને ઉભીજ ચીરી નાંખીશ. દત્તુની સાથે હતી ને જુઠું બોલે છે.

લલિતાએ માથું નીચું નાખ્યું ને લાલ લાલ થઇ ગઈ.

લલી ! કેટલા દિવસથી આમ ચાલે છે ?

લલિતા રોઈ પડી. માને પગે પડી. મ્હોં ઢાંકી દીધું–

બા. મ્હને એ ચાહ્ય–

ચુપ રહે ! આ કરતાં ત્હેં મને મારી નાંખી હત તો ઠીક હતું.

બા. બા. વસન્તરાવનો પુત્ર અને આપણી જ્ઞાતિનું, પછી શું–

પણ એ કેટલા દીવસથી આવે છે ?

બે મહિનાથી.

મૂર્ખી, એ કદી બનવાનું નથી. મ્હારૂં ને ત્હારા બાપનું નાંક કપાવીશ. મ્હારે કે ત્હારે ફાંસો ખાવાનો વખત આવશે.

મા. એ સારા છે. પરણવા માગે છે.

પરણવા ? હોયજ નહી. તું કોણ ? એ કોણ ? વસન્તરાવને કાને વાત જશે તો તારા બાપને ધંધો

ચલાવવા ભારે પડશે. દીવસમાં દત્તુ કેટલો દારૂ પીએ છે તે જાણે છે?

પણ એ ટેવ મૂકી દેવા વચન આપ્યું છે. દારૂ પીતા બંધ થશે, પછી!

ખબરદાર જો એની સાથે ફરતી દેખાઈ તો.

લલિતા મુગી રહી. દત્તુને આપેલું વચન નહી પળાય એ વિચારે મુઝાઈ.

જેમ સીતાને કાને વાત આવી તેમ મોહિનીને કાને પણ વાત ગઇ અને મોહિનીએ દત્તુને અડાવ્યો. દત્તુ–સ્વતંત્રતામાં ઉછરેલા દત્તુએ ઉત્તર આપ્યો–

ત્હેમાં ત્હારે શું? હું મરજીમાં આવે ત્હેની સાથે ફરીશ.

એટલે તું એમ ધારે છે કે એવી કન્યા સાથે પરણીશ. આટલી ફજેતીથી સંતોષ નથી મળ્યો કે વળી આ કરવા તૈયાર થયો છે.

એમાં ફજેતી શાની?

દત્તુ! જો એવી છોકરીઓ સાથે ભમ્યો તો ઘરમાં પેસવા નહી દઉ. તે કાંઇ ત્હારે માટે લાયક નથી.

મ્હારે લાયક છે કે નહિ તે મ્હારે જોવાનું છે, ત્હારે નહી.

દત્તુ! દત્તુ! ચુપ રહે. એક દારૂના પીઠાના માલીકની છોકરીને પરણવા તૈયાર થાય છે જાણી અમને બહુ ખેદ થાય છે. જો એને પરણવું હોય તો આજથી આ ઘર ત્હારૂં નથી. પરણીને કરીશ શું? કમાઈ કમાઇને શું વહી જાઓ છો–પાઇ કમાતા નથી ને એકને બદલે બે થઇ ભાઇઓના ઠોંસા ખાવા.

દત્તુ બારી પાસે ઉભો હતો. એક હાથે બારીના કાચ ઉપર તાલ આપી ગાયન ધીરેથી લલકારતો હતો. વામનની માફક દત્તુનું શરીર વ્યસનમાં બગડી ગયું ન હોતું. દેખાવે સભ્ય અને ખુબસુરત હતો.

પણ બા ! લલિતાસાથે ફરૂંછું એ કહ્યું કોણે?

આખું ગામ જાણે છે. નફ્ટ!

લોકોને કાંઈ ધંધો છે કે નહી. બીજાની ટિકાજ કર્યા કરવી. વસન્તભાઈ આવ્યા. વળી એ પીંજણ પીંજશે —હું જાઉં છું.

"એ પીંજણ પીંજશે" એ શબ્દો દત્તુએ નાનપણમાં મોહિની પાસેથી હજાર વાર સાંભળ્યા હતા અને એજ શબ્દો દત્તુ વાપરે એમાં નવાઈ નથી.

વસન્તરાવ આવ્યા ને તરતજ મોહિની બોલી.

દત્તુ વિશે કાંઈ સાંભળ્યું છે?

હા. પેલી છોકરીનું ને!

હા. બોલાવીને બે અક્ષર કહોને.

મ્હેં એને કહ્યું છે પણ પત્થર ઉપર પાણી. એ તો એનેજ પરણશે.

મને લાગે છે કે એનું મગજ ખસ્યું છે.

અરે મ્હેં તો વિચિત્ર વાત સાંભળી છે. તું પેલા આજ્ઞા સાહેબને તો ઓળખે છે. આજ્ઞા ને દત્તુ એક ઠેકાણે જતા હશે ત્યાં એક છોકરી જોઈ. એ છોકરીને દત્તુને પરણવા મન થયું પણ પેલી છોકરીએ ચોખ્ખો જવાબ આપ્યો કે દારૂડીયાને કોણ પરણે ! એમ કરી એ આજ્ઞાને પરણી. દત્તુએ એજ વખત કહ્યું કે હું મહિનાની અંદર પરણું છું કે નહી તે જોજે. આમ કરી લલિતાને મળ્યો. આ તો મ્હને બાબુએ કહ્યું.

બાબુ જુઠો છે. મ્હારા દત્તુને હલકો પાડવાની એને ટેવ છે.

વસન્તરાવ મુગાજ રહ્યા ને ચાલ્યા ગયા. વસન્તરાવ અને મોહિની આ લગ્નથી જેટલાં નાખુશ હતાં તેટલાંજ બલ્કે તેથી વિશેષ નાખુશ ગજાનન અને સીતા હતાં. વસન્તરાવ જેવા ધનવાન–પ્રતિષ્ઠીત, ઉમદા કુટુમ્બમાં લલિતા જાય એ માન હતું પણ જ્યારે તેઓ દત્તુની કુટેવોનો વિચાર કરતાં ત્યારે ત્હેમને કંપારી છૂટતી. શું કરવું ? એજ. લલિતાને મોસાળ તળેગામ મોકલવી. મ્હારી છોકરી નવરા–દારૂડીયાને કદી પરણશે નહી. એમ ગજાનન અનેકના મોઢે બબડતો. લલિતાને મોકલી દેવા નિશ્ચય થયો. સીતાએ માને લલિતા સંબંધી સર્વ હકીકત લખી દેખરેખ રાખવા જણાવ્યું. ગજાનને બે દિવસ દુકાન સંભાળવા તજવીજ કરી. સવારના આઠ વાગ્યે તળેગામ જતી ગાડી પકડવા તૈયારી થઈ. ગજાનને લુગડાં પહેર્યા ને સીતાએ લલિતાને બૂમ પાડી. પણ કોઈએ જવાબ ન આપ્યો. મેડીયે, વાડીમાં, ઘરમાં ખોળ કરી પણ લલિતા ન મળે. દત્તુ પણ લાનોલીમાં ન હોતો. બન્ને કુટુમ્બમાં ત્રાસ વર્ત્યો.

આઠેક દિવસ થયા અને દત્તુ લલિતાને લઈ નાશી ગયો, એવી ગામમાં બૂમ ઉડી. દસમે દિવસે બન્ને લગ્ન કરી આવ્યાં. લલિતાના માબાપે છોકરીના સામું જોયું નહી તો પછી આશરો તો શેનોજ આપે ! વસન્તરાવે પણ એમજ કરવા ધાર્યું. પરન્તુ મોહિનીના કજીયા કંકાસથી કંટાળી એક ન્હાનું ઘર લઈ આપ્યું. એમાં રહી દાકતરના ધંધામાંથી જીવન નભાવવા કહ્યું. તે દિવસથી દત્તુ–લલિતા શાન્તિકુંજમાં આવતાં બંધ થયાં.

ગરીબ બિચારા વસન્તરાવનું શું થવા બેઠું છે ! એમ લોકો બોલતા.

પ્રકરણ ૨૧ મું.

અકાળ મૃત્યુ.

All these do tell me I must die,
And yet my life amend not I.

દત્તુ અત્યારસૂધી એકલો હતો. હવે લગ્નની જવાબદારી એણે વ્હોરી હતી. અત્યારસૂધી પિતાના ઘરમાં, તૈયાર ભાણે જમતો. હવે શું ખાવું ત્હેની ફિકર હતી. એટલે દુષ્ટ ટેવો છોડવાની-કમાવાની ઓછી જરૂર ન હોતી. લગ્ન પછી અનેક જીવનો સુધરે છે-વાસુદેવનું જીવન સુધર્યું હોય તો તે ભદ્રાના લગ્નથીજ. દત્તુ જાણતો હતો કે દારૂ એ એનું જીવન થયું છે એટલે ત્યજાય એમ નથી. છોડી દેવા પ્રયત્ન કર્યો હોય ને સફળ થયો ન હોય. એના અંતઃકરણમાં ગમે તે હોય પરંતુ લગ્ન પછી કુટુમ્બથી સ્વતંત્ર થયા પછી તે વધારે સ્વચ્છંદી થયો; અને જે દત્તુ માત્ર રાતેજ દારૂ લેતો ત્હેને દિવસ અને રાત્રી સરખાં થયાં.

મોહિનીએ દત્તુને ઘરમાંથી કાઢયો હતો છતાં માતાનું અંતકરણ પુત્ર માટે બળતું હતું અને તેમાં જ્યારે સાંભળ્યું કે દત્તુ દિવસે દિવસે દુઃખી થતો જાય છે ત્યારે માન-આબરૂની દરકાર રાખ્યાવિના મળવાને ઉત્સુક થઇ. એના મનથી એમ લાગ્યું કે કદાચ સ્નેહ અને ક્ષમાથી દત્તુ સુધરે તો સુધરે. દત્તુ તો સારો છે પણ એ દારૂ વેચનારની છોકરીએજ મ્હારા દત્તુને બગાડયો એમ મોહિની માનતી. લલિતા, ગરીબ બિચારી લલિતા, દત્તુના શબ્દો ઉપર વિશ્વાસ રાખી ઠગાઇ હતી. લગ્ન પછી દારૂનું નામ નહી દે એમ કહ્યું હતું પણ આખો દિવસ દારૂમાં મશગુલ રહેતો. બિચારી આખો દિવસ ઘર કામમાંથી નવરી પડતી નહી. માતા-પિતા સાસુસસરાની અનુમાનિતી હતી છતાં પણ પાડ-

પડોશીમાં દળણું દળી પતિને ખવડાવતી. દરનું બપોરના, સાંજના ફાવે ત્યારે આવતો. ખાવાનું લાવ–અગર એવાજ હુકમ કરી લલિતાને ધમકાવતો–મારતો તોપણ લલિતા મુગી મુગી સહન કરતી. એકપણ પાડોશીને પતિની ફરિયાદ કરતી નહી. આ વાત વસન્તરાવ પાસે ગઇ ને પુત્ર વધૂ માટે ત્હેને માન થયું.

લગ્નને બાર મહિના થઈ ગયા હશે ને એક દિવસ સંધ્યાકાળના લલિતા, સુકાઈ ગયેલી, ફીકી, રોતી, ડસકાં ખાતી શાન્તિકુંજમાં આવી. જો લલિતા પોતાનાં રોદણા રોવા, ફરિયાદ કરવા, મદદ માગવા આવી હોય તો તે વખત ખરાબ હતો કારણ ઘરમાં વામનની ધમાલ ચાલતી હતી. વામન ભાઇએ બે પેગ વધારે લીધા હતા અને પિતાપાસે ભાગ માગતો હતો. વસન્તરાવે ચોખ્ખી ના પાડી એટલે દેવાઇ તેટલી ગાળો દીધી. બારણા પછાડી ચાલ્યો ગયો. દારૂની ધૂનમાં બોલતો હશે એ કાંઈ કારણ નથી. છેલા ચારેક દિવસથી વામનરાવ રાત્રી દિવસ ખૂમારીમાં રહેતા હતા. વસન્ત અને મોહિની ખુરસી ઉપર સામ સામાં બેઠાં બેઠાં કલ્પાન્ત કરતાં હતાં. વસન્તરાવને આપણે કેટલાક વર્ષ ઉપર પહેલા જોયા ત્યારે કેવા તંદુરસ્ત! કેવા હસમુખા! કેવા ઉત્સાહી! હતા. તેજ વસન્તરાવનાં મ્હોં ઉપરથી આનંદ –હાસ્ય હમેશને માટે લુપ્ત થયાં હતાં. વસન્તરાવ ખખળી ગયા હતા અને હાથમાં લાકડી લેવી પડતી હતી. આ કંઇ ઉમરની અસર ન હોતી. ઉમર કરતાં કુટુમ્બ ચિન્તા એમના કોમળ હૃદયને પ્રત્યેક પળે બાળતી હતી. જે છોકરાના જન્મ વખતે આખા કુટુમ્બમાં તો શું પણ આખા લાનોલીમાં આનંદ છવાયો હતો, જે છોકરાને લાડ લડાવવાં, તેમને માટે અભ્યાસમાં પૈસા ખરચવામાં પાછુંવાળી જોયું ન હોતું, જે છોકરા કુટુમ્બની લાજ

રાખશે અને વસન્તરાવને બહુ બહુ આશા હતી તેજ છોકરાને પોતાના છોકરા કહેતાં શરમાતો હતો એપણ કાળની વિચિત્રતાજને. પતિ પત્ની આમ બેઠાં હતાં ત્યાં લલિતા આવી. લલિતાને જોતાંજ મોહિનીનાં ભવાં ચઢયાં પણ વસન્તરાવે સભ્યતા પૂર્વક પૂછયું:—

લલિતા! કેમ! ત્હારૂ મ્હોં કેમ પડી ગયું છે?

લલિતાએ બોલવા યત્ન તો કર્યો પણ બોલતાં પહેલાં રોવાઇ જવાયું–ત્હેની જીભ ઉપડતી ન હોતી. દર મહિને ઘરનું ભાડું વસન્તરાવ લલિતાને મોકલતો. લલિતા, ભોળી લલિતા ઘર ધણીઆણીને આપી આવવા એ રૂપીઆ દત્તુને આપતી. પણ ઘર ધણીને પાઈ મળી ન હોતી.

લલિતા! એમાં વાંક ત્હારો છે. હું રૂપીઆ ત્હને મોકલતો હતો એનું કારણ એટલુંજ કે દત્તુના હાથમાં ન જાય.

પણ હું શું કરૂં. મ્હારો વાંસો જોયો છે.–વળી આપી આવ્યો એમ કહેતા અને રસિદ મોકલાવી છે એમ કહેતા.

ત્યારે એ પૈસા પીઠામાંજ ગયા ને—

એમજ. ઘરધણી ભાડું લેવા આવ્યો છે ને મ્હને બ્હીક છે કે મારામારી કરશે.

લલિતા! આ બધી વાત ત્હેં આજસૂધી કેમ કરી નહી!

શું કહું. કોની ફરિયાદ કરૂં. મારે તો જેગણું તેમાં એજને. એમને વિશે ફરિયાદ કરી કયાં રહું?

લલિતા! દત્તુ ત્હને રોજ મારે છે એ વાત ખરી?

લલિતાએ ઉત્તર ઉરાડયો અને રોતાં રોતાં એટલુંજ બોલી- 'કોઇ ઉપાયે ટેવ છૂટે તો એમના જેવા કોઇ નથી.'

મોહિની પ્રમત્ત મોહિની-પોતાના છોકરાની આ સ્થિતિ જોઈ આંખમાંથી આંસુ ખેરવતી હતી. અરે રામ! મ્હારે આ સાંભળવાનું આવ્યું !

વસન્તરાવે ભાડાના પૈસા પોતાની પાસેથી લેવા અને દત્તુને હેરાન ન કરવા ઘર ધણીને ચીઠી લખી. દત્તુ છૂટો થયો પણ તે રાતે દત્તુની પાસે બે માણસો ઉભા ને ઉભા રહ્યા.

મોહિની સુવા ગઇ પણ ઉંઘ આવી નહિ. અર્ધ નિદ્રિત અવસ્થામાં દત્તુ, વામનની ફજેતી જોવા લાગી અને 'હાય હાય' ના ત્રાસમાં ઝબકી ઉઠતી. વામન હમણાજ આવ્યો હતો અને તે ઉપર અગાશીમાં ભૂતની માફક ફરતો હતો. દારૂને લીધે એનાથી તાપ સહન થતો નહી. વામન અગાશીમાંજ પાથરેલા પલંગ ઉપર પડયો ને ઉંધી ગયો. મોહિની પણ સૂતી.

પ્રાતઃકાળના કિરણો સાથે મોહિનીની આંખ ઉઘડી. હૃદયમાં ચિંતાનો ભાર હોય ને સૂઇએ પછી બીજે દિવસે ઉઠતાં કેવી સ્થિતિ થાય છે? દિવસ ભર ચિન્તા પત્થરવત્ લાગતી હશે. ઉંઘતાં પહેલાં શંકા, ઘભરાટ-ચિંતાથી પાંસા ફેરવવાં પડે છે પણ એજ ચિંતા નજર આગળ તરી આવે છે ત્યારે તે જે કેર વર્તાવે છે તે માત્ર અનુભવથીજ સમજાય છે. સ્વપ્નામાં વામન ને ફાંસીએ લટકતો અને દત્તુને કુવે પડતો જોયો. એ જોતાંજ મોહિની ત્રાસી-ચીસ પાડી ઉઠી. આખા ઓરડામાં ગાભરી ગાભરી ફરવા લાગી અને દત્તુ અને વામનને જોતી હોય તેમ ચકળ વીકળ જોવા લાગી. એટલામાં સ્હામે

ગુરૂદત્તાત્રયની છબી ઉપર નજર પડી. નજર પડતાંજ મોહિની એક બાળકની માફક નીચે પડી પોતાનાં બાળકને તારવા, એમને સત્પથે લઇ જવા-હૃદયનો ભાર ઓછો કરવા ગદ્‌ગદિત કંઠે પ્રાર્થના કરવા લાગી.

મોહિની ઘરકામમાં રોકાઇ અને વસન્તરાવ કારખાનામાં ગયો. બપોરના કારખાનામાંથી વસન્તરાવ આવ્યો અને પગે હિંડાતું નહી એટલે પાછુ જવાય એમ ન હોતું. વસન્તરાવ પગે શેક કરાવતો હતો ને વામન આવ્યો. ટોપી ઉપર મણ ધૂળ હતી. કોટનાં બટન અવળસવળ લગાવ્યાં હતાં. બૂટ પહેર્યા હતાં પણ એક પગમાં સ્લીપર ને બીજામાં શુઝ હતાં. કોલરનું ઠેકાણું ન હોતું. વસન્તરાવ વામનના સામું જોઇજ રહ્યો. જોતાં જોતાં એની આંખમાં પાણી આવ્યા. "વામનની આ સ્થિતિ! આટલા માટે એની પાછળ પૈસા ખરચ્યા? વામન પિતાના હૃદયમાં ઘૂંટાતાં વિચાર સમજી ગયો. વામન અત્યારે ઠેકાણે હતો એટલે રાતની હકીકત યાદ આવતાંજ પિતાની માફી માગી અને ધીરે રહી પૈસાની માગણી કરી. જો પૈસા નહિ મળે તો જેલમાં જવાનો સમય આવશે એ પણ જણાવ્યું. વસન્તરાવ મુંગો મુંગો સાંભળતો હતો. વામન ચૂપ થયો એટલે બોલ્યો—

વામન! તમારે લીધે મ્હારી આ સ્થિતિ થઇ. પૈસા—આબરૂનું સત્યાનાશ વળ્યું. ચાર મહિના ઉપરજ ત્હારૂં દેવું વાળ્યું છે. તે વખત પણ જેલ હતી. હજી ક્યાંસૂધી મ્હારે ત્હારૂં દેવું ભર્યાં કરવું? મુંબાઇમાં મોટી રકમ આપી છે તે રકમ તો હજી પુરાઇ નથી. નથી ત્હારે અહીં ખાવાનું, પીવાનું, રહેવાનું કે પહેરવાનું ખર્ચ. પણ દેવું શાથી થાય છે. જયન્ત ને હું રાતદિવસ ગદ્ધા વૈતરૂ કરીયે છીએ તે આમ ઉરાડી દેવાને! મ્હારા પછી તમારૂં શું થશે?

વામન સંભળતો હતો પણ એનું ધ્યાન પૈસા ઉપર હતું એટલે બાના કાઢવા માંડયાં.

વામન ! હવે મ્હારાથી પાઇ અપાય તેમ નથી. હવે આપું એટલે કારખાનું ગીરવે મુકવાનોજ વખત આવે. જયન્તને ભીખ માગતો કરૂં. એ હજી પરણ્યો નથી. દત્તુ અને ત્હારે માટે પૈસા ખરચવામાં કચાસ રાખી નથી. બીચારા જયન્તને સુખે રોટલો તો ખાવા દેવા દઈશ. તમારા પાપમાં એ પરણતો નથી. એક દિવસે હું એનાથી દીલગીર થયો હોઉં એ સાંભરતું નથી. જયન્તને ભીખ માગતો કરૂં તે કરતાં હું ભીખ માગું એ વધારે સારૂં. જયન્તે પોતાનો તમામ ભાગ ત્હમારા માટે ખર્ચી નાંખ્યો છે. એવા ભાઇ લાખમાં એકપણ નથી મળતા સમજ્યો. હજી કેટલા પૈસા જોઇએ છીએ.

માત્ર બસો રૂપીઆ.

માત્ર બસો ? બહુ નાની રકમ. એટલી રકમ લાવવી કયાંથી ? મ્હારી પાસે નથી. ત્હારી માને મજુરી કરતી જોવી છે? આ ત્હારા બાપને હાથમાં તોલડી લઈ ભીખ માગતો જોવો છે ? પરમેશ્વરે મ્હને ઉપાડી લીધો હત તો આ પીડાથી પતત.

મોહિનીની આંખમાં આંસુ ચાલ્યાં જતાં હતાં. એક બાજું છોકરાંની ચિન્તા, બીજી બાજુ વૃધ્ધ, ચિંતાગ્રસ્ત, માંદા, મૃત્યુ માગતા પતિની ચિન્તા; ભીખ, વૈધવ્ય આ બધા સામટા વિચાર થતાં મોહિની મુઝાઈ. વસન્તરાવ વસ્તુસ્થિતિ સમજતાં, ક્રોધને વશ થયો એ ઠીક નહિ એમ થયું ને અવાજ ફેરવી વામનને કહ્યું.

વામન ! આમને આમ કયાં સૂધી ચાલશે ? હું કાંઇ લખેશરી નથી કે ત્હમે બ્હાર દેવાં કરો ને હું ભર્યાં

કરૂં! તું કેવું પાપમય જીવન ગાળે છે ત્હેનું ત્હને ભાન છે! ત્હારા આત્માનો વિનાશ થાય છે. ત્હારા માબાપની આંતરડી બાળવાનું પાપ કરી પ્રભુનો ગુન્હેગાર થાય છે.

વામનનું હૃદય શુદ્ધ હતું. લાંબા કાળના વ્યસન અને દુષ્ટ સંગતથીજ ત્હેની આ સ્થિતિ થઇ હતી. વૃદ્ધ, અશક્ત, મંદવાડવશ પ્રિય પિતાની અશ્રધારા, તીવ્ર વચનો સાંભળી અને મોહિનીના દિદાર જોઇ વામનને ક્ષણવાર પશ્ચાત્તાપ થયો ને બાલકની માફક રોયો. વામને માતાપિતાની ક્ષમા માગી. ભવિષ્યમાં સુધરવા વચન આપ્યું. વામનનું શરીર લથડી ગયું હતું—મન નિર્બલ થયું હતું અને મુંબાઇમાં ગંધાતી ગલીમાં જયન્ત આગળ રોયો હતો તેમ આજે પિતાપાસે રોયો. આ પળનો લાભ લઇ વસન્ત અને મોહિનીએ વામનને પ્રેમથી બોલાવ્યો, સમજાવ્યો અને વામને અંતઃકરણ પૂર્વક જીવન પવિત્ર ગાળવા વચન આપ્યું. એ વચન પાળવા—પિતાના પ્રીતિ સંપાદન કરવા તીવ્ર ઇચ્છા હતી. પાપ વૃત્તિ ત્હેના હૃદયને કરડી ખાતી હતી. આમ છતાં વામનની પૈસાની માગણી ચાલુ હતી. વસન્તરાવે હિસાબ જોયાવિના, ઠીક લાગશે તો વ્યવસ્થા કરીશ એમ કહી તેને પૈસા આપવાની નાપાડી અને તે પણ વામન ભવિષ્યમાં દેવું ન કરે એ શરતેજ.

આ શરત વામનને કબૂલ કરવી પડી પરન્તુ પૈસાની એ વ્યવસ્થા ત્હેને જરાયે રૂચી નહી. પૈસા પોતાના હાથમાં જોયતા હતા. આમ વામન પોતાની ધારણામાં નિરાશ થયો. ઢીલાં ટાંટીયે બ્હાર ગયો. વામનને ઘરમાં—ઓરડામાં એકલાજ રહેવાની ટેવ હતી. કુટુમ્બના બધા માણસો સાથે બેસી આનંદ કરવાનો શિરસ્તો મોહિનીએ પાડ્યો ન હોતો એટલે શું કરવું? વામન અગાશીમાં ગયો—વળી અંદર ગયો. કબાટ ઉપર

નજર પડી અને એમાંથી બ્રાન્ડી બાટલીનો ઉપયોગ થયો. વામનના વચનો કયાં ગયાં? એનું રોવું? એ ઢોંગ હતો? ના. નિર્બળ મનનાં વચનો હમેશાં એવાંજ હોય છે. એવાને કુટુમ્બમાં આકર્ષણ ન હોય, પ્રેમથી બોલાવી વાતો કરનાર ન હોય, તો પાછા એના એ. નિરાશા, માનસિક દુઃખને દૂર કરી આનંદ આપનાર દારૂ જેવું કોઈ નથી એમ એ લોકો અંતકરણપૂર્વક માને છે. વામન કાંઇ અપવાદ રૂપ ન હોતો. એટલી બ્રાન્ડીથી સંતોષાયો નહી એટલે સંધ્યાકાળ પડતાં હમેશની જગાએ ગયો.

જયન્ત આજ બાબુને ત્યાં ગયો હતો અને કદાચ રાત ત્યાં ગાળે એમ સંભવ હતો. દસ વાગ્યા ને મોહિની સુવા ગઇ. વસન્તરાવને પગે વા આવ્યો હતો એટલે શેકાવતો ત્યાંજ પડી રહયો હતો. તકીયાને અઢેલી–સગડીમાં બળતા દેવત: સામું જોતો વિચારતો હતો.

માણસો છોકરાં નાનપણમાં મરી જાય ત્યારે શા માટે કલ્પાન્ત કરતાં હશે? મોટા થઇ આવા ભવાડા ઉત્પન્ન કરે, આપણા હૃદય શોષી નાંખે એવા થાય એ કરતાં મરી જાય તો શા ખોટા? ખરેખર સુધા ભાગ્યશાળી. અને હું આ કર્મકથા જોવા જીવ્યો. આમ વિચારમાંજ તે અર્ધ નિદ્રામાં પડયો ત્યાં ઓરડાનું બારણું ઉઘડયું હોય તેમ લાગ્યું. વસન્તરાવે પાસુ ફેરવ્યું–બારણા તરફ નજર કરી તો વામન! માથાના વાળ અડધા આગળ આવ્યા હતા. દારૂથી લાલ થયેલી આંખો ક્રોધથી વધારે રાતી થઇ હતી. કોટ ફાટેલો હતો. પગ ઠરતા ન હોતા. પૈસા માગવા આવ્યો હશે એમ વસન્તને લાગ્યું.

વામન! વામન! આ ત્હારાં વચન કે? ત્હારાં આંસુ સાચાં હતાં કે! ત્હારો પશ્ચાત્તાપ આવોજ કે?

ચાલ્યો જા. ત્હારૂ મ્હો મ્હને બતાવીશ નહિ. ચાંડાલ! ધૂળ પડી ત્હારા જીવતરમાં. જીવ ઠેકાણે ન હોય ત્યાં સૂધી મ્હારી પાસે ન આવીશ.

મ્હારે પૈસા જોઇએ છીએ ને તમારે આપવાજ પડશે. ના પાડવાની–ના આપવાની શી તાકાત છે તે તો જોઉ?

વસન્તરાવને પગે વા હતો–દરદ થતુ હતુ છતાં વામનના ઉધ્ધતાઈ ભરેલા આ શબ્દો સાંભળતાંજ રૂવે રૂવે ક્રોધ વ્યાપ્યો અને એકદમ ઉભો થઇ ગંભીર ક્રોધ-યુક્ત ચહેરે બોલ્યો.

તાકાત છે કે નહિ તે તારે જોવાનું નથી. એ હક મ્હારો છે ને એ હક હું અમલમાં મૂકીશ ને તું જોઇશ. આ પ્રમાણે થોડા વર્ષ પહેલા મ્હેં કર્યું હત તો આ જોવાનું ન થાત.

વામનને જરાયે ભાન હતું કે કેમ તે કહી શકાય એમ ન હોતું પણ પિતાના આ શબ્દ સાંભળતાંજ પિતા ઉપર ધસ્યો અને 'આપો ને બદલે 'તું નહિ કેમ આપે જોઉ તો ખરો કહી હાથમાંનો ડંગોરો પિતાના માથામાં માર્યો. વસન્ત–સાધુ ચરિત્ વસન્ત, આ ચંડાલોને જન્મ આપનાર, પોષનાર તેમની તરફ દયા દર્શાવનાર વસન્ત પડયો. પડવાનો ધબાકો મોહિની એ સાંભળ્યો ને શ્વાસ ભર દોડતી આવી–પતિ પાસે ગઇ ને પતિને લોહી લુવાણુ જોઇ ગભરાઇ. પુત્રને ધકકો માર્યો તેમજ મ્હો ઉપર તમાચો લગાવ્યો. વામન માને ગાળો દેવા લાગ્યો. શું કરવું ત્હેનું ત્હેને સૂજ્યું નહી. વામનની નજર કબાટ ઉપરની કેશબોક્ષ ઉપર ગઈ ને તે ઝડપથી લઈ નાઠો.

ઘરમાં બૂમાબૂમ અને ધબાકો નીચે નોકરો સૂધી પહોચ્યાં અને પટાવાળા ઉપર આવ્યા. સદ્‌ભાગ્યે તેજ વખત જયન્ત આવી પહોચ્યો. જયન્તનું અંદર આવવું ને વામનનું બાર જવું. વામનને જોતાંજ જયન્તે ગળચી પકડી ઉભો રાખ્યો–ઓરડામાં ઘસડી લાવ્યો. નોકરોએ વસન્તરાવને પથારીમાં સૂવાડયો. મોહિની પાણી વતી ઘા ધોતી હતી અને વસન્તરાવ આમતેમ જોતો હતો.

વામન મૂર્ખો છે. એને વધારે હેરાન ન કરશો.

હેરાન ! હેરાન શામાટે ! ભલે ને એ બધું લઇ જાય. લઈ જવા દો. અત્યારથીજ અમને ઘરમાંથી કાઢી મૂકે તો સારૂં જેથી પછી દુઃખ ન થાય.

જયન્તે નોકરની મદદથી વામનને ઓરડામાં ઘાલ્યો –તેના ઉપર બે ત્રણ ઘડા ઠંડુ પાણી નાંખ્યું ને શાન્ત પાડવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ. વામને હૃદયની શાન્તિ ખોઈ હતી. એક ઓરડામાંથી બીજા ઓરડામાં ગાંડાની માફક ફરતો હતો. વસન્તરાવને દાક્તરે પાટો બાંધ્યો. સદ્‌ભાગ્યે ઘા ઉંડો ન હોતો એટલે કાંઇક આરામ મળતાં સૂતો. વામન હજી અસ્વસ્થ હતો. ઘડીકમાં નોકરો ભેગો જઇ ત્યાં થતાં ભજનમાં અર્ધ નગ્ન સ્થિતિમાં રામરામ કરી બૂમો પાડતો–ઘડીકમાં એકલોજ ગાતો–ઘડીકમાં બ્હારીએ ઉભો ઉભો. હે ! સૂરજ ! હે જે કોર ! હે ! એમ પાડોશના બંગલાવાળાને બોલાવતો અને ઘડીકમાં પથારીમાં પડયા પડયા તાપે બળી જતો હોય તેમ જોરથી પંખો નાંખતો હતો, જયન્ત અને એક નોકર આખી રાત વામન કાંઇ શરીરને નુકશાન કરે એટલા માટે એની પાછળ ને પાછળ ફરતા રહ્યા.

પ્રાતઃકાળ થયો. દારૂની અસર તો ગઈ પણ ગાંડ-પણનો અંશ ગયો ન હોતો. મોહિની ઉઠતાં વારજ

વામન ભાઈની ખુશામત કરવા, એવું ન કરવા સમજાવવા, માથું દુખતું હોય તો દાબવા, ભૂખ લાગી હોય તો ખવડાવવા ગઈ. મોહિનીને જોતાંજ ગઇ રાતનો બનાવ નજર આગળ તરી આવ્યો–માને જોતાંજ તેને પગે પડયો અને રોતાં રોતાં બોલ્યો–બા–બા મ્હારૂં મગજ ભમી ગયું હતું. મને માફ નહી કરે! ભાઈને કેમ છે?

વામન! શાન્ત થા! તું સમજીશ તો અમે તો ક્યારનીયે માફી આપી છે. તારા બાપના મનમાં જરાયે નહિ રહે. જરા આંખ મીચી ઉંઘતો. ચાલ મારા ઓરડામાં. મોહિની વામનને હાથ ઝાલી પોતાના ઓરડામાં લઇ ગઈ. વામન માની પથારીમાં સૂતો. પચીસ કે ત્રીસ વર્ષ ઉપર આજ પથારીમાં માની હાજરીમાં કે ગેર હાજરીમાં સૂતો ત્યારેજ ઉંઘ આવતી. આજ પથારીમાં અનેકવાર વસન્તરાવે ઉંઘતા–જાગતાં તેના ગાલ ઉપર પ્રેમથી ચુંબન કર્યા હતાં. આજ પથારીમાં અનેકવાર વામનને કુદાવ્યો હતો–હસાવ્યો હતો તેજ પથારીમાં આજપણ સૂતો હતો પણ એ ત્રીસ વર્ષમાં કેટલો કેવો ફેરફાર?

જયન્ત વામનને ખોળતો આ ઓરડામાં આવ્યો. વામન શુંડમુંડ જેવો પડી રહયો હતો તોપણ એની આંખ ઉઘાડી હતી. જોયો એટલે કાંક બોલવુંજ જોઇએ માની બોલ્યો—

વામન! ત્હેં બોલાવ્યો.

ના. હું અહીં સૂતો છું.

ઠીક. ઉંઘી જા. આરામ મળશે.

મોહિની જયન્ત પાસે આવી ને કહ્યું. જયન્ત! દાક્તર નાયકને બોલાવી લાવ. એ બોલતા નથી.

હેં! હું જાઉં છું પણ વામનને ઉંઘાડી દો. ઉંઘે તો સારૂં.

મોહિની ઘડીકમાં વસન્તની તો ઘડીકમાં વામનની ખબર કહાડતી દાક્તરની વાટય જોઇ કરતી હતી ત્યાં દાક્તર આવ્યા. દાક્તરને જોતાંજ બોલી.

દાક્તર ! દત્તુને કેમ છે ! કયાં છે !

દત્તુને કાંક ઠીક છે. ધીરે ધીરે ઠીક થઈ જશે. દત્તુએ બધી હકીકત કહીં છે. મોહિની ! આ છોકરાઓએ આપણા જીવન નિરસ બનાવી દીધાં. એમાં હું ને ત્હમે સરખાંજ છીએ.

દાક્તરે વામનના ઓરડાનું બારણું ઉઘાડયું—અંદર પગ મૂકયો ને પાછો હઠયો. બારણું બંધ કર્યું પણ બારણાનું કડું હાથમાંજ હતું.

જયન્ત ! મોહિની ! થોડો સરકો જોઇએ. મોહિની જરા લઇ આવો તો—

મોહિની લેવા દોડી એટલે દાકતરે જયન્તનો હાથ પકડયો ને બોલ્યો ! જયન્ત ! મોહિનીને મ્હેં જાણી જોઇ ને મોકલી છે. અંદર શું છે તે મ્હેં સહજમાં જોઇ લીધુ છે. માતાને જોવા જેવું નથી.

જયન્તના મનમાં ફાળ પડી અને એકદમ બોલ્યો.

એટલે શું છે ! એણે કાંઇ કર્યું તો નથીને !

વામને આપઘાત કર્યો છે.

હેં ! આટલું કહેતાંજ જયન્તના હોશ ઉડી ગયા. બન્ને અંદર ગયાં. પથારી લોહીથી તર બોળ થઈ ગઇ હતી અને પથારીમાં અસ્ત્રો પડયો હતો. વામનનો જીવ હજી ગયો ન હોતો પણ એ થોડીજ પળનો મ્હેમાન હતો.

જયન્ત, બેબાકળો જયન્ત ઓરડા બાર જઈ મોહિનીને અંદર આવતાં અટકાવવા ઉભો રહયો. મોહિનીને જોતાંજ હ્રદયનો ગભરાટ ઓછો કરવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ.

લાવો. હું લઇ જાઉં.

ના. હું જાતેજ લઇ જઇશ.

દાકતરનું કહેવું છે કે અંદર કોઇનું કામ નથી.

પણ હું કોઇ નથી ને! જયન્ત! આમ કેમ! શું છે! ફીકો કેમ પડી ગયો છે. એકદમ બોલ. મને જવાદે. મોહિનીમાં આજ અલૌકિક જોર આવ્યું. જેનો નવમાસ ભાર પેટમો હતો તેવા પુત્રના જીવન માટે શંકા આવી. જયન્તને ફગોટી બારણાને લાત મારી મોહિનીએ બારણું ઉઘાડયું-ઉઘાડયું તો ખરૂં પણ પથારી ઉપર નજર પડતાં, લોહીનું ખાબોચીયું ને વામનની સ્થિતિ જોતાં મોહિનીથી કારમી ફાટી ચીસ પડાઇ ગઇ-ને ચીસની સાથે પડી. પડતાં પડતાં જયન્તે બચાવી લીધી. મોહિનીની ફાટી ચીસથી ખૂન થયું કે શું? એ ત્રાસે અશકત વસન્ત અને નોકરો દોડી આવ્યાં. વસન્ત સૌથી પહેલાં હતો. વામન તરફ દોડયો-ત્હેનો હાથ ઝાલ્યો-વામનનું ઠાંડું ઝાલતાંજ કોણ જાણે કેમ વામને પિતા તરફ જોયું. એનામાં બોલવાની-હાલવાની જરાયે શકિત ન હોતી પરન્તુ એકલી આંખો સીનેમેટોગ્રાફના ફીલ્મની માફક હૃદયના ભાવો-હૃદય વેદના સ્પષ્ટ દર્શાવતી હતી. કહે છે કે માણસ ડુબી જાય છે ત્યારે ત્હેની નજર આગળ આખો ભૂતકાળ-ભૂતકાળનું જીવન, દુષ્ટ કર્મો આવે છે અને એક પળમાં હૃદયમાં કાંઇ કાંઇ વ્યથા કરે છે. આવીજ સ્થિતિ વામનની નહી થઇ હોય? આમ દરેક મનુષ્યને મૃત્યુકાળે નહી થતું હોય!

Woe, Woe for me, if the past should be
Thus be present when I die.

અંતકાળે વામનનો હૃદયપટ ઉઘડયો. એની બુધ્ધિ વિશુધ્ધ અને વિકસિત થઇ. ભૂતકાળનાં બાલ્યાવસ્થાથી

અત્યાર સૂધીનાં પાપો એક પછી એક નજર આગળ આવી ત્હેને ત્રાસ આપવા લાગ્યાં. 'મ્હેં મ્હારી બુધ્ધિનો, જ્ઞાનનો કેવો દુરૂપયોગ કર્યો? મ્હારા ભોળાં-સ્નેહાળ માબાપનાં હૃદય ચીરી નાંખ્યાં છે. જયન્ત જેવા ભાઇને ન કહેવાનું કહ્યું હતું. અગણિત તારાઓમાનાં એક તારા માફક, વિશાળ ઉદધિના પાણીમાં એક બિન્દુ સમ આ પૃથ્વી ઉપર નાનું જીવન ગાળવાનું હતું તે પણ બરાબર ન ગળાયું. પોતાની જાત પ્રત્યે, દુનિયા પ્રત્યે. ઇશ્વર પ્રત્યેનો કર્તવ્યો કર્યાં નહી. એક સહજ મનોનિગ્રહ કર્યો હત, સહજ અંકુશ રાખ્યો હત જરાક દૃઢતા રાખી હત તો આ સ્થિતિ ન આવત! પરમેશ્વરે શરીર સૌંદર્ય આપ્યું ત્હેને ધૂળમાં રગદોળ્યું. બુદ્ધિ આપી હતી ત્હેનો ઉપયોગ ન થયો, જ્ઞાન આપ્યું ત્હેની ટોકણી ગણકારીજ નહી. વિષય વાસના, વ્યસનમાંજ મશગુલ રહયો એમાંજ આનંદ, જીવનનું સાર્થક માન્યું અને પરિણામ આ—મૃત્યુ! આ સર્વ છોડી કયાં જવું? ત્યાં શું થશે? મંગલમય પ્રભુની સમક્ષ આત્મા ઉભો રહી શકશે? આ બધા વિચાર ક્ષણવારમાં આ મૃત્યુ વશ થતા જીવને આવ્યા અને પિતાનો હાથ જોરથી દાબ્યો અને તે સાથે ઓ બાપરે! ની જોરથી ચીસ પાડતાંજ આત્મા નાશવંત દેહ છોડી ચાલ્યો ગયો. જે બાલકને સ્નેહથી રમાડયો હતો; જે બાલક ખભા ઉપર અનેકવાર રમતમાં ચ્હડતો હતો—જે બાલકને જોઇ હર્ષ થતો તેજ બાલક આમ આ:વી સ્થિતિમાં મૃત્યુ પામતો જોઇ વૃધ્ધ વસન્ત, નિરાશ, દુ:ખી વસન્તની ધીરજ જતી રહી ને બૂમ પાડી ઉઠયો.

વામન! વામન! હાય. આ સ્થિતિ જોવાનો વખત આવશે એમ મ્હેં ધાર્યું ન હોતું. હે પ્રભુ! મ્હને શામાટે ઉપાડી ન લીધો કે આ હત ભાગીને આ જોવાનું આવ્યું—

પ્રકરણ ૨૨ મું.

આશા ને નિરાશા.

આશા નથી, પછી બધાં સુખ કામના શાં ?

શિયાળાની કડકડતી ટાઢ પડતી હતી. સઘડીમાં કોલસા છોડીયાં બાળી કૃત્રિમ ગરમી ઉત્પન્ન કરવા પ્રયત્ન થતા હતા. સર્વત્ર શાન્તિ હતી. ચકચકિત દેવતા-માંથી નિકળતો આછો ભૂરો તાપ જોતી એક યુવતી કોચમાં પડી હતી. આ યુવતી કોઇજ નહિ પણ બાબુની પ્રિય પત્ની અને યમુની બ્હેન સગુણા.

પાસેના ઓરડાના ઉમરાપાસે એક બીજી સ્ત્રી નાના બાલકને લઇ બેઠી હતી. આ બાલક દોઢ બે મહિનાનું હશે પરન્તુ એ બાલક માતાની અનેક આશાસ્થાન હતું. એ એનું જીવન હતું. એનાથીજ જગત આનંદમય—રસ-વન્ત લાગતું કારણ આ યુવતીને આ એકજ બાલક હતું. આયા બરાબર સંભાળે છે કે કેમ ત્હેનું નિરીક્ષણ કરતી હતી એટલામાં કોઇએ બારણું ઠોકયું. બાળકને ગોદડી ઉપર સુવાડી આયા અંદર ગઈ અને 'તમારી તબીયત નરમ છે એટલે જે હોય ત્હેને ના કહું?' એમ સગુણાને પૂછ્યું.

સગુણાને કાચા વાસા હતા એનામાં હજી શકિત આવી ન હોતી એટલે ધીરેથી બોલી—ખરૂં છે પણ સહજમાં વાંધો નહી આવે. જોતો ખરી કોણ છે! આયા એ બારણું ઉઘાડયું ને જુવે તો સુશીલા.

કાકી! તમે છો! અમારા મનથી કે બીજું કોઈ હશે. વારૂ યમુને કેમ ન લાવ્યાં!

ત્હને હાલમાં બહુ શ્રમ ન પડે અને વાતોમાં ન લાગે પણ પછી હેરાન થાય માટે. એવું હશે તો યમુને કાલ મોકલીશ, પણ તું આમ કેમ!

કાકી તમે આવ્યાં તે ઠીક થયું. મ્હને ત્રણ દિવસ તો સખ્ત તાવ આવી ગયો.

બાબુ ક્યાં !

કાકી! તમને શું કહું? હમણા હમણાના એ બ્હારથી બહુ મોડા આવે છે. કોણ જાણે કેવા દોસ્તદારો વારા ફરતી તેડવા આવે છે ને એ જાય છે. આના જનમ પછી ભાગ્યેજ બાર વાગ્યા પહેલાં ઘેર આવ્યા હોય અને તે પણ ક્યાં ને શું છે ત્હેનું ભાનપણ નહિ. માદી માદી હું હમણાં આવશે, હમણાં મ્હારી ખબર પૂછવા આવશે એમ વાટ્ય જોતી નિરાશ થાઉ પણ એમનાં દર્શનજ દુર્લભ.

સગુણા ! ખરેખર આ સાંભળી હું બહુ દીલગીર થઈ છું. આ વિશે તું હમણા જરાયે વિચાર ન કરીશ. એમ કરીશ તોજ શરીર સુધરશે.

સગુણા કોઇની વાત કરતી ન હોતી. હૃદયની, જાતની બળતરા હતી. એના હૈયાની હોળી હતી એટલે શું કરે ?

કાકી ! હું ત્હમને ન કહું તો કોને કહું. મનમાં ને મનમાં રાખવાથી તો આ સ્થિતિ થઇ. ઉભરો કાઢવાથી કાંક આરામ મળશે.

સગુણા ! બાબુ સુધર્યો હશે એમ હું ધારતી હતી.

કાકી ? એ હજાર વાર નિશ્ચય કરે છે ને ધારે તો મક્કમ રહી પણ શકે છે. કારખાનામાં આ વર્ષે ખોટ આવી તે તો જાણતાં હશો.

શું? કારખાનામાં ખોટ ! શાથી.

એમને લીધેજ. કહે છે કાંઇક બનાવતા હતા. શું ને શા માટે તે તો ના કહ્યું પણ મોહિની કહેતાં હતાં કે

એ ગયા તે ફાંકને બદલે કાંક બનાવવાનું કહ્યું ને કામ તૈયાર થયા પછી ભૂલ જણાઇ. પાંચ હજારનો સામાન ઘરજમાઈ થયો.

જો બીચારા વસન્તની દશા. સગુણા! વસન્તને મ્હેં નાનપણથી ઉછેર્યો છે એના જેવો તો કોઈ થયો નથી ને થવાનો નથી. સુધા બીચારી આ વખતમાં જીતી ગઇ. હું ને વસન્ત હજી આવા દુઃખ જોવા જીવતાં રહ્યાં.

કાકી! પછી એ ઘેર આવ્યા પણ શુંડમૂઢ જેવાજ ફરતા હતા. થયેલી ભૂલ બહુ સાલતી હતી.

ત્યારે તે દિવસ ડબલ ચઢાવ્યો હશે.

ના કાકી! એમતો એ જુદુંજ પુતળું છે. તે દિવસતો શું પણ બરાબર વીસથી પચીસ દિવસ લગી દારૂનું નામ લીધું નથી. જો મનમાં ઉતર્યું તો બ્રહ્મા આવે તોયે ડગે એમ નથી.

વસન્તને કેમ છે.

કાંક ઠીક છે. ગાડીમાં ફરવા જતા દેખ્યા હતા.

મોહિનીને પણ તાવ આવે છે. હમણા તાવના વાવર છે. મોહિનીને વામનનો મ્હોટો ઘા લાગ્યો છે.

કાકી! એ તો સંભારશોજ નહી. સંભારતાં ત્રાસ છૂટે છે. જે વામનનું થયું તેજ દત્તુનું ને તેજ—

દત્તુ! નાનપણમાં કેવો ગાભલા જેવો હતો.

કાકી મ્હને તો લાગે છે કે દત્તુ ગાંડો થઇ જશે. દાક્તર નાયક કહે છે કે એનું મગજ બગડતું જાય છે. કાકી વામનનું ત્રાસદાયક મૃત્યુ, દત્તુનું ભવિષ્ય જોઉ છું ત્યારે એમને માટે મ્હને—

સગુણા! ખબરદાર જો એવી વાત કાઢી તો કે વિચાર કર્યા તો. બીજો ધંધોજ નથી. બધા એમ મરતા હશે, બીજા ગાંડા થશે ત્યારે થશે પણ તું થઈશ પછી આ બાલકનું શું?

કાકી! માફ કરો પણ મ્હને વિચાર ન આવે?

તે ખરૂં પણ કાઢી નાખવા. જ્યાં સૂધી એવા વિચાર કરીશ ત્યાં સૂધી ઉઠી ઉભી નહી થાય. ખરા કે ખોટા વિચાર કરવાથી શરીર બગડે છે.

કાકી આગળ કોઇનું ચાલે એમ ન હોતું એટલે સગુણાને વાત બંધ કરવી પડી. 'કાલ સોરી આવીશ વખતે રાતરે એ આવું કહી કાકી ગયાં' કાકી ગયાં ને તરતજ બાબુ આવ્યો. આજ બાબુ આનંદમાં હતો. એકદમ સગુણા પાસે ગયો. સગુણા, પ્રેમાળ સગુણા પતિ ને સારી સ્થિતિમાં ને વ્હેલો આવેલો જોઇ હરખાઇ ગઇ. 'ચાહ અહીંજ પીજો' કરી ખુરશી લાવી.

સગુણા! તું ના ઉઠ. હવે ત્હને કેમ છે.

હમારી ત્હમને કયાં ફિકર છે. એક જશે તો બીજી. આજ કેટલે દિવસે વ્હેલા આવ્યા.

ગાંડી ન થા. હવે તું બ્હાર કયારે નીકળીશ.

હજી મ્હને શક્તિ કયાં છે! જો—

શું કહેવું છે!

પતિના બન્ને હાથ હાથમાં લઈ પંપાળતી સગુણા બોલી—જો ત્હમારી ફિકર ન હોય તો તરત સાજી થાઉ.

સગુણા! આજથી હું જૂદોજ છું માનજે.

એટલુ થાયને! વ્હા— મારે માટે નહીતો પે—લાને માટે.

ફિકર નહી. રૂવે છે શામાટે ! જો શરીર બગડશે.

તું કહીશ તેમ કરીશું પછી કાંઈ—

બાબુ જ્યારે ઠેકાણે હોય ત્યારે એના જેવો પ્રેમાળ પતિ, દિલોજાન દોસ્ત કોઇજ ન હોતું પણ પછી—

ચાહ ખલાસ થયો—આયા છોકરાને સુવાડવા ગઇ. પતિ પત્ની આજ ઘણે દિવસે એકલાં મળ્યાં. ઘણા દિવસની વાતો કરી—સાંભળી. એવામાં સામેની ઘડીયાળમાં છ વાગ્યા ને બાબુને કીડીયો ચટકવા લાગી. બગાસા આવવા માંડયા—ઉભો થયો—આખા ઓરડામાં ફરવા માંડયું ને ચતુર સગુણા સમજી.

હમણાં ચાહ પીતાં શું કહ્યું હતું? ઉઠયાં ત્યાંથી સવાર. ચાલો આજ બ્હાર ન જશો.

બાબુએ ઉત્તર ન આપ્યો.

વ્હાલા ! મ્હારી ખાતર નહી. આજ ઠરાવ કર્યો ને આજજ તોડશો. આજથી ધાર્યું કરવાં શરૂ કરો—મ્હારૂ માનો—

સગુણા ! આમ ઉશ્કેરાઇ જઇશ તો માંદી પડીશ.

હા તે હશે પણ મને માંદી ન પાડવી હોય તો બ્હાર ન જશો.

નહિ જાઉં પછી.

ખરે ! નહી જાઓ ! સુવાવડી, માંદી સગુણા હરખાઇને શંકા લાવતી પતિને ભેટી.

તારા સમ.

હાશ ! કરી સગુણા પતિને પગે પડી—ભેટી—પતિને છાતી સરસો ચાંપ્યો. હું સારી થઈ ગઇ. જુવો કેવી હુંશીયાર થઈ.

વાત પુરી થાય છે ત્યાં બાબુનો મિત્ર આવ્યો—બાબુને વરધી આવી ને સગુણાનાં ભવાં ચડયાં.

જા એને કહે કે—ચાલ હું જાતેજ કહી આવું—

ના. ત્હમે ન જાશો, નોકર સાથેજ કહેવડાવો.

સગુણા ! હું નહી જાઉં. મ્હેં ત્હારા સોગન ખાધા છે તે ભૂલી ગઇ.

બાબુ નીચે ગયો ને તે સાથે સગુણાનો જીવ પણ નીચે ગયો, બારણું ઉઘડયું-વસાયું-એ ગયા-એમ સગુણાને થયું.

એટલામાં બાબુ આવ્યો. બાબુને જોતાંજ-હરખાતી ઉપકાર માનતી સગુણા પતિની પાસે ગઇ.

સગુણા ! ત્હને આખો દિવસ ઘરમાં ગમતું તો નહીજ હોય.

વાંચવાં, ભરવામાં ગાળું છું. રાતના વંચાતુ નથી. અશકિતને લીધે આંખે ઝાંઝવા વળે છે.

કહેતો હું વાંચી સંભળાવું.

મ્હને ઘણીયે વાર થાય છે કે પહેલાંની પેઠે તમે વાંચો પણ તમને નહી ગમે ધારી બોલતી નહી.

રામાયણ કે મહાભારત અથવા કહેતો તુકારામના અભંગ વાંચુ. જયન્તને મ્હારા કરતાં એમાં વધારે રસ પડે. ચાલ ભગવદ્‌ગીતાજ વાંચું—

વાંચવાનું પુરૂં થયું અને નોકરે આવી કોઇના આવ્યાની ખબર આપી. બાબુ નીચે ગયો. 'હવે તો જરૂર પાછા આવશે' એમ માની વાટ્ય જોતી ઉભી રહી પણ બાબુ ન આવ્યો. નોકર આવ્યો.

ત્હારા શેઠ કયાં ?

બ્હાર ગયા.

બ્હાર ગયા? કોની સાથે?

દત્તુભાઇ સાથે ને કહી ગયા છે કે હમણાં આવુ છું.

સગુણા નિરાશ થઇ ગઇ–રોઈ પડી.

હમણા તો પુસ્તક વાંચી ડાહી ડાહી વાતો કરી. મ્હને વચન આપ્યું એ વચન એક રાત પણ ન પળાયું. હાય હાય આની શી આશા! વામન–દત્તુની જે સ્થિતિ તેજ એમની–આટલુ થતાં અશક્ત સગુણા મુઝાઈ ને મૂર્છાગત થઇ. સુશીલાને સગુણાનું શરીર જોઇ ફિકર થઇ હતી અને ત્હેમાં બાબુ આવ્યો ન હોતો એટલે ઘેર જતાં ખબર કાઢવા આવી.

કાકીને જોતાંજ સગુણાની આંસુધારા એકદમ છૂટી. કાકી! કાકી! મ્હને વચન આપ્યુ છે કે હું નહી જાઉં પણ એક રાત વચન ન પળાયું ત્હેની ભવિષ્યની શી આશા? મ્હારૂં હ્રદય બળીને ખાખ થઇ ગયું છે.

હમણા આવું છુ કહીને ગયેલો બાબુ બે કલાક થઇ. ગયો પણ આવ્યો નહી. સગુણાને આવી સ્થિતિમાં મૂકી ઘેર જવુ એ સુશીલાને ઠીક લાગ્યુ નહી. સગુણાને સુવા–આરામ લેવા કહ્યું પણ સગુણા એકની બે ન થઇ. આયાએ પણ બહુ સમજાવી પણ નિરર્થક. કાકી ભત્રીજા વહુ આમ વિચારમાં પડયાં હતાં ત્યાં દૂરથી કોઇના રોવાનો અવાજ આવ્યો. કોઇએ પ્રાણપોક મૂકી હોય એવો ભણકારો વાગ્યો–અશકત સગુણાના કાનમાં આરપાર ગઈ હોય એમ લાગ્યું.

કાકી? કોઇ ગુજરી ગયું. આ સંસારના પરિતાપમાંથી કોઈ છૂટયું.' આટલું બોલી ઉંડો નિશ્વાસ નાંખ્યો.

રાતના ને રાતના રોકકળના અવાજ આવ્યા તે ઉપરથી લાગ્યું કે કોઇ જાણીતું માણસ ગયું હોવું જોઇએ. આશરે એકાદ કલાક ગયો હશે ને બાબુ આવ્યો–બાબુ બારોબાર પોતાના ઓરડામાં ગયો.

કાકી! જુઓ. બારોબાર ઉપર ગયા.

હું મળી આવું.

સુશીલા ઉપર જઇ જોઈ આવે છે તો 'બાબુ બારીયે હાથ ટેકવી ઉભો રહયો છે, મ્હો ઉપર શોક અને ચિન્તા છવાયાં હતાં. બાબુ પુરે પુરા ભાનમાં હતો.

કાકી! ઘણે દહાડે મળ્યાં. તમે આવ્યાં છો એ ખબર મળી હતી પણ મળવા ન હોતું અવાયું. સગુણા એકલી છે.

બાબુના બોલો–બાબુની બોલવાની પધ્ધતિજ એવી હતી કે એ અત્યારે શાન્ત હતો.

બાબુ! તું બારોબાર ઉપર આવ્યો તેથી સગુણા કેટલી ગભરાય છે તે તું જાણે છે! એ બિચારી રોયા કરે છે. એના મનથી કે તું—

કાકી! હું પીઠામાંથી નથી આવતો. એક જૂદીજ જગાએથી આવું છું. કાકી તમને ખબર નથી મળ્યા?

ના--શેનાં?

મોહિની ગયાં—

શું કહે છે! મોહિની ગુજરી ગયાં? એ કેમ બને! ક્યારે? જ્યારે આ રોતાં જતાં હતાં તે એજ. મને ખબર કેમ ન કરી. હું આવી છું તે ખબર નથી!

દત્તુ મ્હને તેડવા આવ્યો હતો. સગુણા ગભરાય નહી માટે એને ખબર કરી ન હોતી. મોહિની વધારે

સીક છે માટે ચાલ એમ કહી દત્તુ મ્હને લઇ ગયો. મન તો થયું પણ સગુણાને કહેવાનો વખત ન હોતો અને તરતજ પાછો આવીશ એમ ધાર્યું હતું.

પણ શાથી !

મોહિની હમણા હમણાં નરમ રહેતાં હતાં તે તો જાણો છો. વામનનો ઘા રૂઝાયો ન હોતો. વસન્તભાઈએ ગઇ કાલે મુંબાઇથી દાકતર બોલાવ્યો હતો પણ ન ફામો. વસન્તભાઇ તમને સંભારતા હતા પણ ત્હમે તળેગામથી આવ્યાં નહી હો એમ ધારે છે. કાકી ! મોહિનીએ મ્હને પાસે બોલાવ્યો. મ્હને છાતી સરસો ચાંપ્યો અને જોર જુલમથી નાનપણમાં માતાજીની પ્રસાદી લેવડાવી હતી તે માટે મ્હારી ક્ષમા માગી.

બાબુ ! તું શું કહે છે ? બાબુ ! વામન અંતકાળે પસ્તાયો. મોહિની પણ ગાળેલા જીવનમાટે પસ્તાતી ચાલી ગઈ.

મ્હારો ને જયન્તનો હાથ ઝાલી ક્ષમા માગી પણ દત્તુ વખતનો દેખાવ કાકી મ્હારાથી કહી શકાતો નથી. અરે પ્રભુ ! કાકી ? મોહિની પણ ગયાં. એમનાં શબ્દો સંભારી ત્રાસ છૂટે છે.

બાબુ ! વામન અને દત્તુનં લીધેજ મોહિની વ્હેલી ગઈ.

દત્તુ પણ એમજ કહે છે. દત્તુ તેડવાને આવ્યો પણ એને ઘરસૂધી લઈ જતાં એને શાન્ત કરતાં જે મહેનત પડી છે તે પ્રભુ જાણે. ઘડીકમાં વાતો કરે ને ઘડીકમાં રૂવે. આ સ્થિતિમાં જો એ દારૂ પીએતો જરૂર ગાંડો થાય.

બાબુ ! આ બધાની ત્હારા ઉપર અસર નહી થાય !

કાકી! કાકી થશેજ. મ્હારૂ મન આજ બહુજ નરમ થઈ ગયું છે.

વસન્તનું કેમ!

વસન્તભાઇ તો ગાંડા જેવા થઇ ગયા છે. મોહિની–સુધા સુધા–મોહિની વામન એમ કર્યા કરે છે. વસન્ત ભાઈ હવે બહુ દહાડા કાઢે એમ લાગતુ નથી.

બાબુ! એક દારૂએ કેટલું સત્યાનાશ કરી નાંખ્યું?

કાકી! સગુણાને આ વાત અત્યારે કહી શું કે કેમ?

હા. એતો ત્હારી ચિન્તા કર્યા કરે છે. વાત જાણશે એટલે શાન્ત થશે.

કાકીએ સઘળી હકીકત સગુણાને કહી–સગુણાપાસે બાબુ આવ્યો અને એની એ વાત ફરીને કહી.

સગુણા! હું ગયો ત્યારે મોહિની પથારીમાંજ હતી પણ આશા ન હોતી. દત્તુ મ્હો આગળ હતો અને વસન્તભાઇ જયન્ત અને હું જરા આઘા બેઠા હતા. વામનના મૃત્યુ પછી મોહિની ગમગીન અને ભયંકર પાપ કર્યું હોય એમ પશ્ચાતાપ કરતી દેખાતી. વામન ગયો. દત્તુના સામું જોતાં એને કાંઇ કાંઇ થતું. થોડીવાર પછી મોહિનીએ મ્હને બોલાવ્યો. બાબુ! ઘણા ઘણા વર્ષો ઉપર માતાજીની પ્રસાદી ન લેવા માટે ધમકાવ્યો હતો તે માટે આ મૃત્યુ પામતી માને માફી નહી આપે! બાબુ! વામન એમાં ને એમાં ગયો. આ દત્તુ જશે. બાબુ ત્હારામાં સુધાનું લોહી છે. એની પવિત્ર કુખને બદનામ ન કરીશ. મ્હને હવે થાય છે કે જો હવે જીવું તો, હવે મ્હારા છોકરા નાના થાય તો દારૂ તો શું પણ સોડા, લેમન જેવા નિર્દોષ વ્યસન પણ કરવા ન દઉ. પણ એ શા કામનું! વામન, દત્તુનું મ્હેં મ્હારે હાથેજ

બગાડયું છે. દત્તુ! હજી પણ તું સુધરતો હોઉ તો ત્હારાં પાપ-હું—

આખા ઓરડામાં શાન્તિ-ત્રાસ ફેલાયો. મોહિનીનો આત્મા ઉડી ગયો. વસન્તભાઇ બેબાકળા થયા. દત્તુ તો એટલો ગભરાયો હતો કે છાતીમાં ડચુરો લાગ્યો, બેભાન થઇ ગયો અને જાગૃતિની દવા આપી ત્યારેજ કાંક શુધ્ધીમાં આવ્યો. શ્મશાનમાં અગ્નિ સંસ્કાર દત્તુ પાસે કરાવ્યો. દત્તુને જન્મ આપનાર માતાને, અંતકાળે બોધ આપનાર માતાને અગ્નિ સંસ્કાર કરતાં દત્તુને ત્રાસ છૂટયો-જો એને ઝાલ્યો ન હત તો ચીતામાં પડત.

આ સર્વની અસર બાબુ ઉપર થઇ અને થોડા દિવસ તો બાબુ વ્યસનથી તદ્દન દૂર રહયો. સાંજના છ વાગતાં ઘેર આવતો. એવા દોસ્તોને મળતો નહી-બોલાવતો નહિ. આમ પંદર વીસ દિવસ ચાલ્યું. એક રવીવારે સગુણા ઉપર આવી જુવે છે તો બાબુ ખૂણામાં એક સીસો ઉઘાડવા મથતો હતો. સીસો તાજોજ આણેલો હતો. સીસો ઉઘડયો-પ્યાલો ભરાયો ને બાબુ પીવાની તૈયારી કરે છે ત્યાં સગુણાએ બાબુના ખભા ઉપર હાથ મૂકયો.

વ્હાલા! બસ કરો.

બાબુ સગુણા તરફ, લાલ પ્રવાહીથી ભરેલા પ્યાલા તરફ જોઇજ રહયો. સગુણાની બ્હીકે સીસો કબાટમાં મૂકયો ને પ્યાલો રસ્તામાં ગયો. તે દિવસે બાબુનું ચિત્ત અસ્વસ્થ રહયું. શું કરવું એ વિચારે કાંઈ સુજ્યું નહિ અને રાત પડી-સૂતો-રાત્રી ચાલી જતી હતી-સર્વત્ર શાન્તિ હતી. અસ્વસ્થ બાબુ પ્રિય પત્ની અને બાલકને પડખેથી ઉભો થયો. ધડકતી છાતીએ કબાટ ઉઘાડયું. કબાટના બારણાનો અવાજ થયો. વળી પાછો પથારીમાં

આવી સૂતા. સગુણા હજી ઉંઘતી હતી. બાબુ ધીરે રહી ઉઠયો–પ્યાલો ભર્યો–વળી સગુણા તરફ જોયું અને–એક પ્યાલો પીધો ને જોર આવ્યું. સગુણાનો ભય ગયો અને બે ત્રણ પ્યાલા પીધા. નિર્દોષ, વિશ્વાસુ સગુણા–પત્નીનો હૃદયભંગ કર્યો. કબાટ વસાયું અને મહાન જીત મેળવી હોય તેમ આનંદ પામી–સગુણા જાણી જશે એ બ્હીકે ત્હેની પાસે પણ દૂર સૂતો.

પ્રકરણ ૨૩ મુ.

મૃત્યુશય્યા.

Come it slow or come it fast,
It is but death that comes at last.

Scott.

લાનોલી દિવસે દિવસે વધતું જતું હતું. ગામ બહાર ચારે બાજુ નાના મોટા બંગલા બંધાયા હતા ને બંધાતા હતા. ટાટા વકર્સને લીધે હજારો માણસની રોજી જાગી હતી. જી. આઇ. પી. રેલ્વેની વર્કશોપ પણ અહીંજ હતી. રેલ્વેના મોટા અધિકારીઓ અહીંજ રહેતા. હવા ફેરમાટે હિંદુ, પારસી, મુસલમાન કુટુમ્બો આવતાં. ખુશનુમા હવા, ચોગરદમ પહાડો, સૃષ્ટી સૌંદર્ય, અને શાન્ત જીવન એ લાનોલીનાંજ.

બાબુનો બંગલો 'ઝાડી' ની પેલી બાજુ વીલ્ડરનેસ હોટલપાસે હતો. વસન્તરાવને કારખાનામાં મળતો એટલે બાબુ ઘેર જતો નહિ. આજ બે મહિને ઘેર–શાન્તિકુંજમાં જવા નિકળ્યો. સંધ્યાકાળ પડી ગઇ હતી. શાન્તિકુંજ ગામને બીજે છેડે આવેલો હોવાથી ગામમાં થઇ ને જવું પડતું. રસ્તામાં જતાં જતાં દારૂની આકર્ષક દુકાનો એક પછી એક આવવા માંડી. એવો પણ સમય હતો કે બાબુથી આ દુકાનો પાસેથી એમને એમ

જવાતું નહિ. આ બાબુની હમેશની જગા હતી પણ આજ બાબુ એ તરફ નજર પણ ન હોતી કરી–અંદરથી પ્યાલાઓના ખડખડાટ, દારૂની સુગંધ, ઝગઝગીત દીવા, ઓળખીતા ચહેરા જોઈ મન–પગ એ તરફ જવા આકર્ષાતાં. પણ બાબુનું હૃદય બળવધ્યું હતું. જેને આવી દુકાનોનો અનુભવ લીધો નથી ત્હેંનાથી બાબુના હૃદયમાં શું શું થતું હશે તે નહી સમજાય, કોઇ પણ તરેહના વ્યસન કે પાપમય જીવનમાં પડયા પછી એ વૃત્તિ સંતોષનારી વસ્તુઓ નજર આગળ હોય–આપણે એનો ઉપયોગ કરી શકીએ એમ હોય છતાં મનોબળ બતાવી એનો તિરસ્કાર કરવામાં જેટલી મહત્તા છે તેટલી મહત્તા તેનાથી દૂર રહેવામાં નથી.

દત્તુનું ઘર વચમાંજ આવતું હતું. ઘર બ્હાર એક વૃધ્ધ ડોશી બેઠી હતી તે બાબુને જોઇ બોલી—

લલિતાને મળવું હોય તો તે દાકતરને બોલવવા ગઇ છે આવે ત્યાં સૂધી મ્હને બેસવા કહ્યું છે.

કેમ દત્તુની તબીયત ઠીક છે ને !

અરે દત્તુ તો કહે છે કે એને ઉંદર–બીલાડાં–ભુત ખાઇ જાય છે. એની માતા મરી ગયા પછી એક મહિનો તો શું પણ એક રાત પણ એનો જીવ ઠેકાણે રહયો નથી. પરમ દીવસે ત્રણ માણસો ઘસડી લાવ્યા ત્યારે-માથું લટકતું–પગ ઘસડાતા હતા. બાર કલાક મડદાની માફક પડી રહયો. કેટલું તો પાણી રેડયું.

એટલામાં લલિતા આવી ને જેઠને જોઇ ગંભીરપણે બોલી. નાયકને તેડવા ગઇ હતી પણ ઘેર નથી. આવે ત્યારે મોકલવા કહી આવી છું.

લલિતા સુકી લકડી થઇ ગઈ હતી. એના ચહેરા ઉપરનું તેજ નષ્ટ થયું હતું એની આંખો ઉંડી ઉતરી

ગઇ હતી અને એમ થાય એમાં નવાઇ ન હોતી. હૃદયમાં ચિન્તા હતી. પતિ કયાં અને કેવી સ્થિતિમાં હશે એજ રાત દિવસની એની ઝંખના. આખી રાતના ઉજાગરા, અને ઘરમાં ખાવાના વખાં. દત્તુના ગુંજવામાનાં પૈસા પીઠામાં. લલિતાએ શાક ભાજી તો જોઈ ન હોતી. લલિતાની માતા સીતા દત્તુને મૂકી ઘેર આવવા, નાહક હેરાન ન થવા લલિતાને અનેક વાર કહેતી પણ લલિતા દત્તુને મૂકી બ્રહ્માંડ ફરે પણ જવા ઇચ્છા કરતી નહી. દત્તુ અને લલિતા અને ત્હેમાં પણ લલિતા ખાધે પીધે હેરાન છે. અડધાં ભૂખ્યાં રહે છે એ વાત વસન્તરાવને કાને આવી હતી અને વસન્તરાવ ગમે તે બાને લલિતાને અમૂક રકમ મોકલતા. વસન્તરાવ જેવા કેટલા પિતા મળી આવશે! ભાગ્યેજ. લલિતા-ગરીબ લલિતા દત્તુને પરણી શું સુખી થઇ! માતા પિતાની ઇચ્છા વિરૂધ્ધ થનાર આવીજ સ્થિતિ ભોગવે છે.

વામનના ત્રાસદાયક મૃત્યુની અસર દત્તુ ઉપર થશે એમ માનવામાં આવ્યું હતું પણ ત્હેમાનું કાઇજ થયું નહિ. આમ છતાં દત્તુ-નબળા મનનો દત્તુ રાતમાં સ્વપ્નામાં વામનનું મૃત્યુ સંભારી અનેકવાર ઝબકી ઉઠતો. પ્રાતઃકાળ થતાં-દિવસના વામનની ટેવ અને મૃત્યુ સંભારી એ રસ્તે ન જવા સોગન લેતો પણ પાછું એનું એ. ત્હેમાં પણ મોહિનીના મૃત્યુ પછી તો એકાન્ત દીલગીરી ચિંતા ઓલવવાનું દારૂ એજ સારામાં સારૂં સાધન માનવા લાગ્યો.

દત્તુ વધારે નરમ છે!

હા. અંદર આવો ને જુવો તો ખરા.

દત્તુ પથારીમાં પડયો પડયો પછાડા મારતો હતો-બૂમ પાડતો હતો. ત્હેની આંખો ગભરાયેલા જેવી હતી.

બાબુ ! આવ્યો. આણે મારાં લુગડાં—મ્હારા બૂટ-મ્હારા ટોપી સંતાડી છે.

બાબુભાઇ! ન સંતાડું તો શું કરૂં? અત્યારે ક્યાં હોય! ગઇ રાતે બાર વાગ્યાસૂધી ન આવ્યા ને હું જાને ખોળવા નીકળી. ભાઈ તમને શું કહું. હું એવી એવી જગામાં ફરી છું કે મારૂં મન જાણે છે. જ્યાં સભ્ય સ્રીને તો શું પણ સભ્ય પુરૂષને જવું ભારે પડે ત્યાં હું મધ્યરાત્રે ગઇ. એવાં એક નહિ પણ દસ ઘરોમાં તપાસ કરી. છેવટે રસ્તામાં પડેલા. મ્હે ડોશીને લુગડાં બૂટ સંતાડવા કહ્યું પણ એમનાથી ન થયું એટલે મ્હે કર્યું.

દત્તુની નજર સામી ભીંત ઉપર હતી. ત્હેની આંખો ફાટતી હતી અને ત્હેનો ચહેરો બ્હીઆમણો થતો હતો. દત્તુ પાછો બીન્યો હોય એમ ધ્રુજ્યો ને બડબડ્યો.

બાબુ ! પણે જોતો—

શું ?

કેવી કાળી બીલાડી! એટલું દેખતો નથી! ચાર વખત મ્હારી સામી આવી ઉભી રહી. કાઢને-બાબુ! કાઢ—બા—બુ--મ્હને બ્હીક લાગે છે.

દત્તુ ગરીબ દત્તુને પરસેવા છૂટયા. બીલાડી ત્હેના સામે ડોળા કાઢતી હોય-તેને ખાઈ જતી હોય એમ એને થયું ને દત્તુએ કારમી ચીસ પાડી.

“દત્તુ! દત્તુ!” બાબુએ દત્તુની આંખો મીચી કપાળ ઉપર હાથ રાખી કહ્યું– ‘આમ ગભરાય છે કે! ક્યાં છે બીલાડી. હું છું બીલાડીમાં. ભીંત ઉપર ત્હારો વાસકુટ લટકે છે તે છે લેજો–વાસકુટ કાળો છે ને પવનથી હાલે છે–જો છે બીલાડી–” બાબુ ઉઠયો ને ભીંતે હાથ ફેરવ્યો.

દત્તુને શાન્તિ વળી એ ભીંત ઉપરથી આંખ ફરી. બીજા ખૂણા ઉપર, જમીન ઉપર, છત ઉપર–પથારી તળે જોવા લાગ્યો. કોઇક ઓરડામાં ફરતું હોય તેમ ત્હેની પાછળ પાછળ આંખ ફેરવવા લાગ્યો.

દત્તુ ! આંખો મીચી સૂઇ જા. ચાલ સૂઇ જા. જો હું નાયકને બોલાવું છું.

દત્તુ પથારીમાંથી ઉભો થયો હતો. કાળી બીલાડી નજર આગળ તરતી હતી અને પરસેવાના રેબે રેબ વળતા હતા. લલિતા ગાભરી ગાભરી ઉભી હતી. બાબુએ દત્તુનો હાથ પકડયો અને જરાક ધમકાવીને પથારીપાસે લઇ ગયો. બાબુના હૃદયમાં શંકા પેઠી હતી પણ લલિતા ગભરાય નહી એટલા પુરતોજ મુગો રહયો.

હા. હા. લે પથારીમાં જાઉં. ને તું નાયકને બોલાવી લાવ.

દત્તુ 'પથારીમાં જાઉ છું' મોઢેથી કહેતો હતો. હાથ લંબાવ્યો હતો પણ પથારી પાસેથી ત્રાસીને દૂરને દૂર જતો હતો. બાબુએ પાછો ખેંચ્યો–દત્તુ ઉભોજ રહયો ને બૂમ પાડી –

ઓ બાપરે ! બાબુ ! બીલાડી પથારી ઉપરજ છે. મ્હને ખાઇ જવા. અરે એની ચામડી ઉપર કેવા ચટાપટા છે.

આ શું દત્તુ ! કાંઇ નથી.

દત્તુ એકદમ કુધો. બાબુના હાથમાંથી છૂટયો ને દાદરા તરફ દોડયો. દાદર ઉપર–દાદરના કટેરા ઉપર ડોશી બેઠાં હતાં તે દત્તુના દોડવાથી ચમકયાં ને ડોશી નીચે ગબડયાં. આથીજ દત્તુ નીચે ઉતરતાં ખંચકાયો. બાબુ પાછળ દોડયો ને દત્તુને પકડી પથારીમાં આણ્યો.

બાબુ! પથારીમાં જો તો ખરો. કેટલી બીલાડીઓ છે. અરે ભૂત છે. મ્હારી સામાં દાંતીયા કરે છે.

દત્તુ ચાલ! પથારીમાંથી બધી બીલાડીઓને ફુગોટી દઉં.

લલિતાએ પથારી ઉપરથી ચાદર ઉપાડી-ખંખેરી હાથે ધબકારા કર્યા અને પછી દત્તુને કહ્યું-'એ મનનીજ ભ્રમણા છે ને. બીજું છે કાંઇ!' એટલામાં દાકતર નાયક આવ્યા.

બાબુ શું છે! ડોશી બીચારાં દાદરથી પડતાં હાથ પગ પંપાળતાં સામાં મળ્યાં--વળી શું છે!

લલિતા વચમાં બોલી--એ તો જ્યાં ત્યાં બીલાડીઓજ જુવે છે. પથારીઓમાં બીલાડીઓ ભરાઇ છે.

દાકતર સાહેબ! તમે એ બીલાડીઓ કાઢશો તોજ હું સૂઇશ.

જો કાઢું છું. તું પથારીમાં જા તો. હું પાસે ઉભો છું ને બીલાડીઓને આવવા નહી દઉં. પથારીમાં બૂટ! ના. ના. લાવ બૂટ ને બીલાડીઓ પાછળ મોકલું.

નાયક આગળ દત્તુનું કાંઇ ચાલ્યું નહી. ધીરે રહી બૂટ કાઢી આપ્યાં. દાકતરે દવા પાઇ અને દત્તુને પથારીમાં સૂવાડયો.

દાકતર અને બાબુ જવા નિકળ્યા. દાદરપાસે જતાં પાછું જોયું તો દત્તુ પથારીમાં બેઠો થયેલો.

મ્હારાથી નહી રહેવાય. જોતો ખરી. પાછી બીલાડીઓ આવી. મ્હારી પાસે આવ-જઇશ નહી.

હું કાંઈ જતી નથી. આ રહી! તમે સૂઇ જાવ. હું પથારીમાં બેસું છું એટલે બીલાડીઓ નહી આવે.

દત્તુ! સૂઇ જા! દાક્તરના હુકમથી દત્તુ સૂતો. બાળુ ને નાયક નીચે ઉતર્યાં.

બાળુ! મ્હને બિચારી લલિતા માટે બહુ થાય છે. એનું શું થશે!

તે તમ્હે એમ ધારો છો કે દત્તુ નહિ બચે.

હા. મને ભય છે. એ ઉશ્કેરાઇ ગયો છે. બ્હાર જવા ગાંડો થયો છે. કોઈ મજબૂત માણુસ ઘરમાં નહીં હોય તો રાતના જરૂર એ ન્હાસી જશે. હું નથી ધારતો કે દત્તુ સુધરે. 'બનશે તો મ્હારે ત્યાંથી એ માણસ મોકલીશ પણ ત્યાં સૂધી તું રહેજે.

વારૂ હું રહીશ. એની વહુને એકલી નહિ રહેવા દઉં.

દત્તુ અને લલિતા વચ્ચે હોંસાતોંશી ચાલતી હતી. દત્તુ લુગડાં, બૂટ માગતો હતો ત્યાં બાળુ જઇ ચઢયો.

બાળુ! મ્હારાં બૂટ!

આપું; પણ શામાટે!

અહીં મ્હને બ્હીક લાગે છે. મ્હારે બાર જવું છે.

કયાં?

મારે–મા–રે–વસન્તભાઈ પાસે જવું છે.

અત્યારે નહિ.

ના કેમ! વસન્તરા– બૂટ—

બાળુ મુગો રહ્યો ને દત્તુ ઉશ્કેરાયો. નાયકના મોકલેલા ત્રણ માણુસો આવ્યા ને બાળુ ગયો.

બાળુ શાન્તિકુંજમાં પેંઠો ત્યાં સામે આરામ ખુરશી ઉપર જયન્ત પડયો હતો.

જયન્ત! ભાઈ કયાં?

એમને શરીરે ઠીક નથી એટલે સૂતા છે. બાબુ! એ હવે થોડા દિવસના મહેમાન છે. કાલ સવારે નાયકને બોલાવીશું. ઘણુંએ કહ્યું પણ અત્યારે દાકતરની ના કહે છે.

દાકતર નાયક ને હું અત્યારસૂધી દત્તુને ત્યાંજ હતા. બીચારા નાયકે ત્રણ માણસો દત્તુ માટે મોકલ્યા છે. કોણ જાણે શું એ થશે?

પરમ દિવસ દત્તુને રસ્તામાંથી ઘસડી લઇ ગયા તે સાંભળ્યું હતું.

ગઈ રાતે બાર વાગ્યે લલિતા કાંઇથી ખોળી આવી ત્યારે—

ગરીબ બિચારી—

નાયકનું કહેવું છે કે આમાંથી દત્તુ બચે એમ નથી એકદમ મગજ ફાટશે.

વસન્તભાઈ વહેલા મરશે.

બાબુ ઘેર જવા નિકળ્યો ને જયન્ત થોડે સૂધી મૂકવા આવ્યો. સ્વચ્છ આકાશ, તારા, મંદ પવનમાં બન્ને ભાઇઓ ક્ષણવાર ઉભા રહ્યા. જયન્તે પ્રેમથી બાબુના ખભા ઉપર હાથ મૂકયો.

બાબુ! દત્તુનું જોયું? વામનનું તું જાણે છે. આશા છે કે તું બારોબાર ઘેર જઇશ ને સગુણાને નિશ્ચિત કરીશ.

જરૂર, ને મારી મરજી પણ છે! અને બાબુ હિંમતથી અંદરની વૃત્તિઓ દાબી સહીસલામત ઘેર પહોચ્યો.

દત્તુનું જીવન બોજારૂપ હતું. પત્ની, પિતા, લોકો પાડોશીને દુઃખરૂપ હતું પરંતુ એ સર્વનો અંત આવતો હતો. ગામમાં વાત ઉડી હતી કે દત્તને શ્વાસ થયો છે, ભોંય લીધી છે, ખાઇ ગયો. સુશીલાને કાને આ વાત આવતાંજ દત્તુની ખબર કાઢવા ગઇ.

દત્તુની પથારીપાસે બે માણસો બેઠા હતા. ત્રીજો માણસ બ્હાર છજામાં બીડી પીતો હતો. લલિતા દત્તુના કપાળ ઉપર બરફ ઘસતી હતી. દત્તુ પથ.રીમાં પડયો પડયો બૂમ પાડતો હતો. એને તાવ ચડયો હતો. હાથ પગ પછાડતો હતો. તાપ–તાપની બૂમો પાડતો હતો. અને આખું શરીર વગર અગ્નિએ બળતું હતું. જન્મ-ભરના દારૂની ગરમી દત્તુને ગભરાવતી હતી. સુશીલા દત્તુપાસે ગઇ અને તેનો હાથ હાથમાં લીધો.

દત્તુ! મ્હને ઓળખે છે!

'કાકી! જુઓ તે બીલાડીઓ મ્હને હેરાન કરે છે. ભૂતડાં મ્હારી સામે દાંતીયા કરે છે. મ્હને બોલાવે છે. કેવી કાળી–હો કા–કી–! મ્હને લઈ.' દત્તુ કાકીના ખોળામાં ઉંધું માથું નાખી પડયો. કાકીએ કપાળે હાથ ફેરવ્યો.

દાકતર નાયક આવ્યા હતા. બરફમાં લુગડુ બોળી કપાળ ઉપર નાખ્યું. દત્તુને ઠંડું લાગતાંજ બોલ્યો.

હાશ–હાશ. લલિતા! ગરીબ બિચારો બાબુ. બાબુ મરી ગયો. અહીંથી ગયા પછી એનું રસ્તામાં ખૂન થયું. હા–હા—

દત્તુનું મગજ અત્યારે ઠેકાણે ન હોતું.

'લલિતા! બાબુ મરી ગયો તે ત્હને ખબર નથી? મ્હારો ભાઈ મરી ગયો ને ત્હને ખબર નથી?' દત્તુની બોલવાની એવી ઢબ હતી કે અજાણ્યો માણસ તો એમજ સમજે કે એ ખરૂં કહે છે.

લલિતા! કેવી મૂર્ખી! બાબુ બિચારાએ બૂમ પાડી ને હું જાગી ઉઠયો ને ત્હને ખબર નથી? વામન! એ ભૂતડાં પાછાં આવ્યાં. હાય! હાય! મ્હારી પાછળ

પડયાં છે. કાળાં-કેવાં મ્હારી સામે ડોળા કાઢે છે-અને કેટલાં! એક, બે, દસ, પચાસ, હજાર, લાખ-હાય હાય—

દત્તુ પાછો મુગો થયો પણ થોડી વાર પછી એક દમ પથારીમાંથી કૂદી ઉભો થયો. નાયકના માણસો, કાકી, લલિતા ગભરાયાં, નાયકના ત્રણ માણસો દત્તુને પકડવા દોડયાં અને દત્તુ અને એમની વચ્ચે ઝપાઝપી ચાલી. ચાર જણાથી પણ દત્તુ પકડાયો નહી. ઓરડામાંથી છરી, અસ્તરો, ચાપુ, સોયો એવી સઘળી વસ્તુઓ લઇ લેવામાં આવી બારીઓ બંધ થઈ. કાકી નીચે જવા તૈયાર થયાં ત્યાં લલિતાએ ખુરસી આપી.

લલિતા! બાબુનું શું છે! જલ્દી કહે!

કાકી, કાંઇ નથી. બાબુ રાતના અહીંજ હતા. એ તો લવારી.

સુશીલા ઘેર ગયાં પણ દત્તુને ફરીને જોશે નહી એમ એમને બ્હીક હતી.

દત્તુને બાંધી રાખવો પડયો, કારણ ઘડી ઘડીમાં પથારીમાથી કુદતો-ઘડીમાં પાસેજ હોય તે ફેંકતો-મારતો. આથી માણસો ત્રાસી ગયાં. લલિતા-ગરીબ બિચારી લલિતાને અખંડ ઉજાગરા થતા. નાયક, બાબુ વખતો વખત આવી જતા. કલાક બે કલાક બેસી લલિતાને આશ્વાસન આપી જતા. કાળી બીલાડીઓ, ભૂતડાં દત્તુની પથારીમાં, ઓરડામાં હજી ફરતાં હતાં-દોડતાં હતાં. છાપરાનાં નળીયામાં, ચાદરમાં, દવામાં, પાણીના પ્યાલામાં, દત્તુ ભૂતડાંજ જોતો હતો. જેઓએ પવિત્ર જીવન ગાળ્યું છે તેમને આ સંબંધી કલ્પના પણ નહી આવે.

વહાણું વાયું-દિવસ ગયો-દિવસ ગયા પણ સન્નિપાત ઓછો થયો નહી. પ્રત્યેક પળે ભય વધતો હતો.

આ ખબર વસન્તરાવને મળ્યા. વૃદ્ધ, મૃત્યુને શોધતો વસન્ત, દત્તુની ફિકર કરતો વસન્ત, જયન્તના ના કહેવા છતાં પુત્ર સ્નેહથી દોરાઈ ગાડીમાં માંડમાંડ બેઠી આવ્યો હતો.

'જયન્ત! મ્હને અહીં કેદમાં રાખ્યો છે જુઓ ને! વસન્તભાઇ! મ્હારે આપણે ઘેર આવવું છે. વસન્તભાઇ! હાશ. હાશ. ત્હમે મળ્યા તે સારૂં થયું. હાશ! હાશ! ત્હમે કેવા ટાઢા હીમ જેવા લાગો છો. ભાઇ, ભાઇ! ત્હમે ભૂતડાંને કાઢી મૂકો ને? જયન્ત કયાં!' કરી દત્તુએ માથા ઉપર મુકેલું કપડું ફેંકી દીધું. દાક્તરે ફરીને મૂકયું.

કોણુ કહે છે કે હું મરીશ. પણુ સાળી આ બીલા ડીઓ મ્હારા શરીર ઉપર કુદે છે. ભાઇ! કાઢો ને–પેલી લીલી બીલાડી આજજ આવી. ભાઇ! તમે છો! હાશ. હાશ. ભાઈ હું મરી જઈશ? ના ના તમે શું કહો છો!

વસન્તરાવ શું ઉત્તર આપે? એના હ્રદયમાં થતી ચિંતા દાઝે કે ઉત્તર આપે. આવો પ્રશ્ન પુત્ર પિતાને પૂછે તે પણુ મૃત્યુ સમય પૂછે તે વખત પિતાના મનની શી સ્થિતિ?

ના, ના હજી વાર છે. પિતા! હવે હું નહી અડકું. એક ટપકું નહી. મ્હારી છાતી બળી જાય છે. રાતના કોઇ મ્હને કહી ગયું કે તું મરી જાય છે પણુ ખોટી વાત. થોડી વાર ઉભા રહો! યમરાજ! ઉભા રહો! હજી મ્હારે બહુ કામ છે. મ્હેં અત્યારસૂધી શું કર્યું છે! 'દારૂ' દારૂ શિવાય કાંઈજ નહી. પણુ આ ભૂતડાં લઈ જાવ તો—

'આખી રાત આ કામ થયું છે ને આ નથી થયું' એમ લવ્યા કર્યું છે.' લલિતા બોલી.

'એમને એમ મ્હને વખત નહી આવે. લલિતા! મ્હે ત્હને દુઃખી કરી છે પણ હવે ત્હને સુખી કરીશ. જરૂર મ્હારૂ વચન ખોટું નથી. પાળવાનો. આટલો ઘોંઘાટ શો! ચૂપ રહો–તમે બધા કેમ બોલો છો! જુઓ પાછાં આવ્યાં. મ્હારાં ઉપર, મ્હારી પથારી ઉપર બીલાડીઓ. હાય હાય, ખાધો.' આટલું કરી દત્તુ પાછો કુદવા ગયો પણ એનાથી કુદાયું નહી.

બાબુ! આવ્યો હાશ. તું તો મરી ગયો હતો ને. મ્હને સ્વપ્નુ આવ્યું કે મ્હને ફરીને નાનપણુ આવ્યું ને પાછો દારૂ પીવામાં પડયો. માથા ઉપર આ શું બીલાડી! (આમ કહી ભીનું લુગડું ફેંકયું.) હું મરવાનો. ના. ના. કોણ કહે છે!

વસન્તભાઇ! બચાવો–એક વાર બચાવો. હવે હું નહી પીઉં–આ બધી બીલાડોઓ મારી પાસે કેમ ઉભી છે–ઠોકી કાઢો ને! ભાઇ! મ્હને તમારા પડખામાં લો. આ ટોળું આવ્યું ને મ્હને ખાધો–આ મારૂ માથું એમનાં મ્હોમાં પેઠું. હાય. હાય. મ્હારૂં માથું કયાં!

વસન્તરાવની આંખમાંથી ચોધાર આંસુ પડે જતાં હતાં–શુંડમૂંડ જેવા થઇ ગયા હતા ને દત્તુની સામેજ જોયા કરતા હતા. તે જોઈ જયન્ત બોલ્યો, "ભાઈ! તમે અહીથી ચાલો. તમારાથી નહી જોવાય."

જયન્ત! આ પૃથ્વી ઉપર હવે મારે માટે જગા નથી. અમારા બેમાંથી કોણ વ્હેલું જશે! બાબુ! જયન્ત! આવો. મ્હારૂં હ્રદય ભાગી ગયું છે. તમને નવાઈ લાગતી હશે. ઘડપણના મ્હારા દિવસોમાં મ્હેં દુઃખ શિવાય કાંઇજ જોયું નહી શરીર ખખળી ગયું ને મનની શાન્તિ રહી નથી. મ્હારો એક છોકરો મ્હારી આગળ થયો ને તે પણ કેવી રીતે! બીજો જવા બેઠો છે. પરમેશ્વરે મ્હને પહેલા કેમ ઉપાડી ન લીધો–પૂર્વજન્મનાં શાં પાપ

નડયાં! એમાંથી એકકેને હું મળી શકવાના નથી. બાબુ! જયન્ત સ્વર્ગમાં હુમે મળીશું"

જયન્ત અને બાબુ વસન્તરાવને બીજા ઓરડામાં લઈ ગયા. લલિતાને પણ બોલાવી લીધી કારણ કે દાક્તર નાયકે નિશાની કરી હતી. પિતા, ભાઇઓ, પત્ની ગયાં અને આ બાજુ દત્તુનો આત્મા મંગલમય પ્રભુને જવાબ આપવા ગયો. થોડીવાર જીવ્યો હત-સાજો થાઉં તો ફરીને દારૂને અડકીશ નહો એમ દત્તુની યાચના હતી. પરીક્ષા પાસે આવતાં આખા વર્ષસૂધી ન વાંચનાર કેટલી વાર વાંચવાનો વખત માગે છે-હવે જો પરીક્ષા મહીનો ઠેલાય તો રોજના દસ કલાક વાંચું-એ દહાડા મળેતો બસ. આપણા જીવનના અનેક કાર્યોમાં પણ આપણે એમજ કરીયે છીએ. હવે આમ થાય તો આમ કરૂં. એવું અનેકવાર થાય છે છતાં પાછા ત્યાં ને ત્યાં. એકે આત્મઘાત કરી જીવનનો અંત આણ્યો. બીજો આમ રીબાઈ રીબાઇ મુવો. એમાંથી એકકેએ જીવનમાં સત્કૃત્ય કર્યું ન હોતું-એક કલાક પ્રભુને સંભાર્યો ન હોતો. સૌંદર્યવાન વપુ, તીવ્ર બુધ્ધિ, શરીર સંપતિ અને દ્રવ્ય, મોહિની-દારૂ-મદિરા દેવીને બલિદાન આપ્યાં હતાં.

પ્રિય વાચક! ત્હને જીવનમાં આવી વાસના કદી થાય, ત્હારા મ્હો આગળ શરાબનો-સુગંધીદાર શરાબનો પ્યાલો ધરવામાં આવે. માર-માન કે લાભ હોય તોપણ શિક્ષા ગ્રહણ કરજે. આવા અનેક બનાવો સંસારમાં બને છે. અનેક કુટુમ્બો આ શરાબને વશ થઇ પાયમાલ થઇ ગયાં ને જાય છે. આ સંસારમાં ગૃહ શાન્તિ, સુખ અને પરલોકમાં આનંદ મેળવવો હોય તો દારૂ-વ્યસનને નવ ગજના નમસ્કાર કરજે.

પ્રકરણ ૨૪ મું.

ચિંતા.

ચિંતા ચિતા સમા બન્ને, ફેર મીંડા તણો રહે,
જીવતાને દહે ચિંતા, મુવેલાને ચિતા દહે

લાનોલીના બજારમાં આજ હડતાળ હતી. રસ્તામા લોકોનાં ટોળે ટોળાં ભેગાં થયાં હતાં. યુવાન, વૃદ્ધ ધોળાં ધોતીયાં ઓઢી સ્મશાનમાં જવાની તયારી કરતા હતા. સ્ત્રીઓ આભડવા જતી હતી. નિશાળો, કારખાના, ઓફીસો બંધ હતી. જયન્ત આગળ દોણી લઇ ચાલતો હતો. બાબુ, વાસુદેવ, લક્ષ્મણરાવ ને બળવન્તે શબ વાહિની ઉપાડી હતી. બીજા જ્ઞાતિવાલા વારંવાર બદલાવતા હતા. શબ ઉપર સફેત ચાદર, તે ઉપર પુષ્પ પથરીયાં હતાં. શબવાહિની પાછળ જ્ઞાતિ બન્ધુ, કારખાનાના કામદારો, પારસી, હિંદુ, મુસલમાન, યુરોપીઅન મિત્રોની ઠઠ જામી હતી. લાનોલીમાં આવો દેખાવ ભૂતકાળમાં થયો ન હોતો. રસ્તામાં સ્ત્રીઓનાં ટોળાં ઉભાં રહેતાં અને અંદર અંદર વાતો કરતાં.

એક સારા માણસને પરમેશ્વરે બોલાવી લીધો. એના જેવો થવાનો નથી.

અરે એક છે. એનાજ પગલામાં ચાલે એવો એક મૂકી ગયો છે. જયન્ત વસન્તને ભૂલાવશે. પણ પંદર દિવસનોજ ફેર. અરેરે—પંદર દિવસ પહેલા ગયા હત તો પેટમાં બીજો ઘાતો ન રહેત. બીચારી ભદ્રા! વામનને મળીજ નહી. દત્તુનું મ્હો ન જોયું. બાપને બીચારી માંડમાંડ મળી.

દત્તુ ગુજરી ગયો ને વસન્તરાવે સ્મશાનમાં જવાની હઠ લીધી. છોકરાઓએ, દાકતરે જવા ન દીધા ત્યારે ઘેર રહ્યા પણ સ્મશાનમાંથી આવીને જુવે છે તો વસન્ત-

રાવ ન હાલે કે ચાલે. દાકતરને તો એમજ થયું કે વસન્તરાવ ગયા પણ ચાર કલાકે આંખ ઉંચી કરી. ચારે દિવસે કાંક ટટાર થયા. પથારીમાં બેસી શકે એવા થયા. વળી પાછો ઉથલો ખાધો ને ભદ્રાને તાર કરી બોલાવી.

અરે કહે છે છેલી ઘડીસૂધી બોલતા હતા.

મ્હેં તો બીજું સાંભળ્યું છે કોઈકે દાકતરને પુછ્યું શું થયું છે ત્યારે કહ્યું કે બીચારાને આઘાત થયો. ન થાય! એક વર્ષમાં ઘરમાંથી ચાર ચાર માણસો ગયાં.

લોકોમાં વાત ચાલતી હતી. શ્મશાનમાંથી લોક પાછું ફર્યું. જયન્ત આખા ઘરમાં એકલોજ. ભદ્રા અને જયન્તને ઘર ખાવા ધાતું હતું. જે ઘરમાં આનંદ, હાસ્ય, પ્રેમ માણસો આવજાવ કરતાં હતાં તેજ ઘરમાં આજ શોક, એકાન્ત, નિરાશા શિવાય કાંઇ નજરે પડતું નહિ. બેસમણું પુરૂં થયું અને લક્ષ્મણશેઠ ને બેચાર સભ્ય ગૃહસ્થો ભેગા થયા. લક્ષ્મણશેઠે વસન્તરાવના નામની સીલવાળું પાકીટ કાઢયું. આખું કુટુમ્બ અને સ્નેહી મંડળ ચુપ બેઠું હતું. પાકીટમાં શું હશે વીલમાં શું લખ્યું હશે? દેવું હશે! ભદ્રાને કાંઇ આપ્યું હશે કે કેમ એ શંકા હતી. લક્ષ્મણશેઠે કવર ફાડયું—એમાંથી બે નાના કાગળ નીચે પડયા. લક્ષ્મણશેઠે ઉપાડી લીધા. એક ઉપર 'જયન્ત' ને બીજા ઉપર 'બાળુ'નું નામ લખ્યું હતું. બન્નેના ઉપલા ખૂણા ઉપર 'વીલ વંચાયા પહેલાં વાચવો' એમ લખ્યું હતું. જયન્ત અને બાળુએ પત્રો ઉઘાડ્યા. જયન્તને વાંચતાં વાંચતાં આશ્ચર્યની વૃત્તિ થઈ—બાળુને જૂદીજ લાગણી થઈ—વીલ શા ઉદ્દેશથી લખાયું છે તેના જે કારણો હોવાં જોઇએ જેથી છોકરાઓ લડે નહી એમ આગળ પાછળનાને થયું. હિંદુ

સંસારમાં સામાન્ય રીતે વીલ કરવાની પધ્ધતી નથી. વીલ કરવું કે વીલ કરવા કહેવું એ અપમાન મનાય છે. શું મને મરવા તાકયો? અમે અમારૂં હીત નહી સમજતા હોઇએ? અમને ચાહો છો કે અમારા પૈસાને! આ લાગણી થાય છે. વસન્તરાવ સમજુ હતો. પોતાનાં બાલકોનો સ્વભાવ, વર્તન જાણતો હતો. એ પાછળથી કંકાસ કરશે અને જયન્ત-ભદ્રા કે વિધવાને હેરાન કરશે એમ માનતો હતો, એટલે વીલ કરી રાખતો. કારખાનાના સરવૈયા સાથેજ દર વર્ષે વીલ બદલતો અને ફેરફાર કરતો. દત્તુના મૃત્યુ પછી વીલ બદલ્યું હતું અને જે તારીખ વીલમાં હતી તેજ તારીખ કાગળોમાં હતી સર્વ શાન્ત થયા એટલે સોલીસીટર લક્ષ્મણશેઠ બોલ્યો.

કેમ! હવે બધા તૈયાર છો!

હા.

'પહેલાં મ્હારે કહેવું જોઇએ કે વસન્તરાવે આ વીલ તૈયાર કરવામાં કોઇની સલાહ લીધી નથી અને આ વીલની તપસીલ એ જાણતા હતા અને બીજો હું જાણું છું. કારણ એ વીલ મેં લખ્યું છે. સાંભળો.' સઘળા ચુપ થઈ ગયા. વીલ જેમ જેમ વંચાતું ગયું તેમ તેમ સઉને આશ્ચર્ય થતું ગયું. લોખંડનું કારખાનું, ત્હેમાં નાંખેલી મૂડી સાથે જયન્તને મળ્યું. કારખાનાની ઉપજમાંથી અમુક રકમ પાંચ વર્ષ સૂધી દર વર્ષ બાબુને આપવા ઠરાવ્યું હતું. પાંચ વર્ષ પછી જયન્તને યોગ્ય લાગે તો બાબુને સરખો ભાગીદાર બનાવે. જો યોગ્ય ન લાગે તો દર વર્ષે નફામાંથી અમૂક ટકા આપવાના હતા. નોકરો, ચાકરો, મંદિરો, સમાજોને નાની નાની રકમ આપી હતી. લલિતાને જીવતાં લગી વર્ષાસન મળે એમ વ્યવસ્થા કરી હતી. શાન્તિકુંજ ત્હેના રાચરચિલા સાથે જયન્તને

આવ્યો હતો. બાબુને ઉચક રકમ આપવામાં આવી હતી. ઘરેણાં–વાસણમાં જયન્ત અને બાબુનો સરખો ભાગ હતો. મોટા તખ્તા અને થોડાંક ઘરેણાં ભદ્રાને આપ્યાં હતાં. વીલનો હેતુ બન્ને ભાઇઓ સમજ્યા. બાબુના વર્તનની શંકાને લીધેજ આવું વીલ થયું હતું અને જયન્ત એટલો ઉદાત્ત, પ્રમાણિક અને સ્નેહાળ હતો કે બાબુને રોવડાવશે એ વસન્તરાવને જરાયે ભીતી ન હોતી. જયન્તના ઉપર બીજાને વિશ્વાસ હોયજ પણ બાબુને પોતાને પણ હતો. બાબુ સારો રહે ને એ બે સરખા ભાગીદાર થાય એજ વૃત્તિ જયન્તને હતી.

બાબુને પણ એજ વૃત્તી થઈ હતી. ભાઇને માટે, પિતાને માટે જરાયે દીલગીરી કે ક્રોધ આવ્યો ન હોતો. બસ હું સારો થાઉં–સારો રહું–જગતને બતાવી આપું એજ થયું. એમનો બળ રાખતાં, દર્શાવતાં, નભાવતાં ઘણી મુશ્કેલી પડી. થોડા માસ થયા તેણે દારૂનું નામ લીધુ ન હોતું. ઘણી તલપ આવતી તો કોઈવાર દ્રાક્ષાસવ લેતો. કલબના–જુના મિત્રોના સહવાસમાં કોઇવાર 'વાઈન' લેવાતો ત્યારે બીજો પીવા તલપાપડ થઈ જતો. રોજની ટેવ ત્હેને પીવા ઉશ્કેરતી. શુધ્ધ ભાવના અટકાવતી. બાબુના હૃદયમાં આમ બે વૃત્તિઓ વચ્ચે યુધ્ધ ચાલતું હતું. એ યુધ્ધમાં કોઇવાર એક વૃત્તિ તો કોઇવાર બીજી વૃત્તિ જય મેળવતી.

વાસુદેવ અને ભદ્રા શાન્તિકુંજમાં ઓરડામાં બારીપાસે બેઠાં હતાં એક બાજૂ દૂર કાર્લાના બંગલા–ટેકરા દૃષ્ટી મર્યાદામાં દેખાતા હતા–બીજી બાજુ ટેકરાઓની ઉંચી ટોંચો આકાશસાથે વાત કરતી હોય એમ લાગતી. ત્રીજી બાજુ રેલ્વેના ધુમાડા નજરે પડતા હતા.

ભદ્રાને ભૂતકાળ સાંભર્યો ને આંખમાં ઝળઝળીયાં આવ્યાં.

વાસુદેવ! તમે તો કોલેજમાં હતા. તમારી વાતો જયન્ત કહેતો. પણ આજ જગાએ અમે કેવા આનંદમાં રહેતાં હતાં! કેવાં સુખી હતાં! સુધા! ખરેખર સુધા આ ઘરની શાન્તિ દેવી-કલ્યાણ દેવી હતી. તેણી ગયા પછી ઘરમાંથી શાન્તિજ ગઇ. મોહિની માનો શોક અને પાછળથી એમનો બદલાઇ ગયેલો સ્વભાવ સંભારૂં છું ત્યારે મ્હને ગભરામણ થાય છે. વામનનું ત્રાસદાયક મ્હોત. દત્તુ! વાસુદેવ આપણા લગ્નમાં કેટલી મુશીબતો આવી હતી! ત્હમારૂં મારૂ જીવન! પરમેશ્વરનો ઉપકાર કે આપણે સુખી થયાં. વસન્તભાઈ બીચારા કેવા સુખી હતા! આખા લાનોલીમાં-આપણા ન્યાતમાં સુખી ગણાતા તેજ કુટુમ્બની આ સ્થિતિ-પૈસા છતાં સુખનું નામ નહી.

ભદ્રા! બીજા તો ઠીક પણ વસન્તરાવ જેવા અનુભવી, ન્યાયી આમ કરશે એમ મ્હે નોતું ધાર્યું. વસન્ત ભાઇ આવો પક્ષપાત કરશે એ સ્વપ્નેપણ ખ્યાલ નહી. બે છોકરા એમને મનતો સરખા હોવા જોઇએ. ગમે તો પાંચ વર્ષ માટે! પછી કોણ જાણે શું યે થશે તે રામ જાણે.

એનો અર્થ એટલોજ કે બાબુ હજી સુધર્યો નથી એ વસન્તભાઇ જાણતા હોવા જોઇએ.

એમ હોય તોએ શું? એનો હક જાય! ધારો કે જયન્તની દાનત બગડી તો-બાબુ ચોગ્ય થયો છે કે નહી ત્હેની મુનસફી એના ઉપરજ રાખી છેને.

જયન્તમાં ફેરફાર થાય નહી. વસન્તભાઇને એ ખાત્રી ન હોય તો આવું વીલ કરે નહી.

એટલામાં પાછળથી અવાજ આવ્યો-'વીલ જેવું જોઇએ તેવુંજ ને સંપૂર્ણ છે' એક ડાહ્યા અને અનુભવી માણસને છાજે એવુંજ છે.

વાસુદેવ અને ભદ્રા ચમકયાં. પાછળ જોયું તો બાબુ.

બાબુ! તું કયાંથી?

તમે ઉપર આવ્યાં તે વખતનો હું આવ્યો છું. મ્હારા મનથી કે તમે મને જોયો છે પણ હું મારા વિચારમાં હતો એટલે તમને બોલાવ્યાં નહી. વાસુદેવ! મ્હારા પિતા આનાં કરતાં વધારે સારૂ વીલ કરી શકતજ નહી. (આટલું બોલી બાબુ બ્હેન બનેવીની પાસે આવ્યો ને એની વચમાં ઉભો.)

ધારો કે મ્હને જયન્તનીસાથે સરખો ભાગીદાર બનાવ્યો હત. જયન્તના જેટલાજ હકને સતા આપી હત તો શું થાત? મારો પૈસો તો ઉરાડત તે સાથેસાથે જયન્તને ભીખ માગતો કરત. કામ ધંધા ઉપર લક્ષ ન આપત અને જે સ્થિતિ વામન-દત્તુની થઇ તે મારી થાત. પાંચ વર્ષ પુરા થતા અગાઉજ કારખાનું વેચવું પડત.

બાબુ! બાબુ! તારૂ કહેવું અક્ષરશઃ ખરૂં છે. હું સમજી શકયો ન હોતો—એ વિચારજ ન હોતો આવ્યો. ભદ્રા સમજી હતી.

એ વીલ ઉપરથી મ્હારા પિતાનો મ્હારા ઉપર કેવા સાચો સ્નેહ છે તે જણાય છે. મ્હારૂ કલ્યાણ કરવું એજ એમની મુરાદ હતી અને મારા કાગળમાં પણ એજ હતું.

વસન્તરાવ બીચારા છોકરા માટેજ જીવતા હતા. પણ બાબુ! વામન—દત્તુના અનુભવ પછી પણ એ સ્થિતિએ જવું છે!

(બાબુએ નિશ્વાસ નાંખ્યો) ભદ્રા! ઘણીવાર થાય છે કે હું મારા મન ઉપર કાબુ રાખી શકું કે કેમ! વાસુદેવ! તમને ખરેખર ધન્ય—

પણ બાબુ! એમ નાહિમત કેમ થાય છે. શ્રદ્ધા રાખ.

ભાઇ એજ દુખ છે. મ્હારા જીવનમાં મ્હે અનેકવાર પ્રતિજ્ઞાઓ કરી છે ને બીજીજ પળે ખોહી છે એટલેજ મ્હને મ્હારે માટે વિશ્વાસ નથી.

ભદ્રા! માત પિતાના મૃત્યુ પછી ભાઇઓ ઉપર આધાર રાખનારી, પીયરમાં અવશેષ રહેલા ભાઇઓની પ્રેમભીની નજરથી હૃદય ઠારનારી ભદ્રાને બાબુનું બોલવું ગમ્યું નહી.

વાસુદેવ! સપ્રેમ ઉત્તેજનાર્થ બોલ્યો. બાબુ તું નબળા મનનો થઈ ગયો છે. આ પંદર વીસ દહાડા થયાં આપણે સાથે છીએ એ દરમિયાન એક દીવસ પણ મ્હે ત્હારૂં મન હઠ્યું હોય એમ જોયું નથી.

હા. પંદર દહાડા એટલુંજ નહો પણ તે પહેલાં આઠેક દિવસ ચોખ્ખોજ હતો. ઘણીએ વાર આટલા દીવસ ચોખા ગયા છે ને પાછો એનો એ. હોટલમાં ગયો ને આઇસ્ક્રીમ સોડા લીધો કે બીજુ પીવાનું મન થાયજ. એમાં વળી કોઈ સરખે સરખા મળ્યા તો થઇ રહ્યું. એક પેગ લીધો કે બીજો લેવાય ત્યારેજ જીવ ઠેકાણે બેસે.

બાબુ! મ્હારી પણ ત્હારા જેવીજ સ્થિતિ હતી. ત્હારા કરતાંએ ખરાબ. સોડા, લેમન કાંઇજ નહી. માત્ર પાણીજ લેવું એવો ઠરાવ કર્યો.

સોડા, પીક-મી-અપમાં શું?

એમાં કાંઈ નથી પણ જ્યાંસુધી તારૂં મન કાબુમાં આવે ત્યાંસૂધી—સામે ગમે તેવુ પડ્યું હોય છતાં પીવાનું મન ન થાય ત્યાંસૂધી પાણી શિવાય કાંઈ ન લેવું

એવો ઠરાવ કર. આપણામાં સોપારી બહુ ખાનારપાસે બાધા લેવડાવે છે. હમેશાં બાધા રાખવી તે આકરીજ રાખવી જેથી ખરાબ ટેવ જાય.

બાબુ! જેઓ એમ કહે કે અમારી ઇન્દ્રીયો અમારે વશ છે અને ગમે એવા વાતાવરણમાં મુકાઇએ તોપણ ચળીયે નહી તેઓ જરૂર આખર જતાં પસ્તાય છે. મહાત્માપણ સુંદરીઓના પાશમાં ફસાંતાં યોગ્યાયોગ્ય, કીર્તિ અપકીર્તિ વિસરી ગયા છે. આટલામાં શું એમ માની એક બીડી કે છાંટો દારૂ પીનાર જબરા ફુકનારા અને દારૂડીયા બન્યા છે. મ્હને મારી જાતનો અનુભવ છે માટેજ એનાથી દૂર મારા. ઘણા વર્ષ ઉપર કોલેજમાં જયન્તે જે શબ્દો કહયા હતા તે સાંભરે છે.

વાસુદેવ! તમે જરાયે દારૂ લેતા નથી?

જરાયે નહી. ઘણીવાર ન પીનારા, રાજા મહારાજા સત્તાધારીઓની હાજરીમાં અંજાઈ જાય છે—એમાં શું કરી એકાદ પ્યાલી લે છે. હું તો હવે ચોખ્ખી ના પાડું છું. જરાકે ન લેવો. તદ્દન એવી વસ્તુથી દૂર રહેવાથી મ્હારી આ સ્થિતિ થઇ છે. એક પ્યાલામાં શું! અંબાજી માતાએ ગયો ત્યાં માતાની પ્રસાદી લેવીજ જોઇએ એમ પૂજારીએ કહ્યું પણ મ્હેં ના પાડી. માતાજીનું કરોહુ. ના પડાય નહી એમ લોકો કહેતા પણ હું જરાયે ડગ્યો નહી. જરા ઢીલો થયો હત તો આ સુખ સ્વપ્ને પણ મળત નહી. આટલે વર્ષ કદાચ હું કોઈવાર એકાદ પ્યાલી લઉ તો મ્હને ખાત્રી છે કે વધારે લેવા મન ન થાય છતાંએ પાણી શિવાય વાત નહી. આટલા અનુભવથી છોકરાં ઉપર સારી છાપ ન પાડીયે તો પછી જીવ્યું શા કામનુ?

તમને પાણીમાં શો સ્વાદ લાગે છે!

ગોલ્ડસ્મીથનું હર્મીટનું કાવ્ય નથી વાંચ્યું? પાણી, કુદરતી ઇશ્વરી સ્વચ્છ પાણીની લહેજત બીજામાં નથી. ટેવ–ઉપયોગ એ પછી સ્વભાવ થઈ જાય છે.

ખરેખર જે કરવું જોઇએ તેજ કરો. પછી અણગમતું પણ થઈ શકશે. સુધા બ્હેન ગયાં એ હુંજ નિર્ભાગી બાકી જેમ એણે જયન્તને ટેવ પાડી તેમ મને એ પાડત. પણ મારે નશીબે મોહિની આવ્યાં. સુધા બ્હેન કયારે મરી ગયાં–એ કેવાં હતાં એ મારે મન તો સ્વપ્નુંજ છે. વામન! દત્તુ! શું જીવ્યા? શું સુખી થયા?

બાબુ! બે દહાડા મુશ્કેલી નડશે પણ પછીથી કાંઈ નહી થાય. ગમે તે આવી દારૂ આપે તો ચોખ્ખી ના પાડવી. ખોટું લાગશે કે ચ્હીડાશે ત્હેની ફિકર ન રાખવી. સ્વચ્છ–નિર્મળ પાણી જેવી મજાહ નથી.

વાસુદેવ! મ્હેં કોઇ દહાડો પાણી પીધું નથી. મુંબાઈમાં હું જેને ત્યાં રહેતો ત્યાં કોઈ દહાડો પાણી પીતો નહી, સોડાજ. પાણી માત્ર હાથ પગ ધોવામાં ને ન્હાવામાંજ વાપરતો. બજારમાં જઇએ, કોઇને ઘેર જઇએ ને પાણી આપે તો ના–સોડાજ.

જેવું પાણીમાટે ધારે છે તેવું દારૂમાટે ધાર. મનની વાત છે. મ્હારો એક મિત્ર અજમેર ગયો ત્યાં બીજાને સોડા લેમન લેતાં જોઈ ચ્હીડાતો તેજ બે વર્ષ પછી સોડા લેમન પરજ રહે છે.

વાસુદેવ ગયો ને ભાઇ બ્હેન એકલાં પડયાં—

ભદ્રાએ બાબુનો હાથ લીધો ને તે પંપાળતી રોતી હતી.

ભદ્રા! ભદ્રા! શું છે?

બાબુ! ભાઇ! મ્હને ત્હારી ચિન્તા બહુ થાય છે. આપણાં કુટુમ્બમાંથી ઓછાં માણસો ગયાં નથી? આપણે

ઓછું દુઃખ ભોગવ્યું નથી. પરમેશ્વર આટલા તરફ અમીની નજર રાખે ને જીવતાં રહી સુખે રોટલો ખાઇએ તો એ બસ. ભાઇ! ભર્યા ભાદર્યા ઘરમાં આપણે ત્રણજ રહ્યાં.

ભદ્રા! ત્રણજ–સાતના ત્રણ! અરે પ્રભુ!

બાબુ! વચન આપ. આ ત્હારી એકલી બ્હેનની ખાતર સુધર! એ ત્હારા કરતાંએ ખરાબ હતા. પણ મનોબળથી કેવા થયા!

બાબુ મુગોજ રહ્યો.

બાબુ! ત્હને સાંભરે છે! ઘણા વર્ષો ઉપર આજ ઘરમાં એક રાત્રે તું બ્હાર જવા તૈયાર થયો હતો. મોહિની ચ્હીડાયાં હતાં ને મ્હેં ત્હને રોકી રાખ્યો હતો. શતરંજ રમવાને બ્હાને–એજ પ્રમાણે ફરીને કરૂં છું–તારા ભલા ખાતર કરૂં છું.

"ભદ્રા! મને મારે માટે એટલો અણવિશ્વાસ છે કે હું વચન આપી શકતો નથી. તે વખતે પણ મ્હેં એમજ કહ્યું હતું કે યત્ન કરીશ. અને યત્ન કર્યો પણ હતો. જરાયે યત્ન ન કર્યો હત તો હું પણ વામન–દત્તુની પેઠે હું પણ સ્વધામ પહોંચ્યો હત. ભદ્રા! વ્હાલી બ્હેન! તારી ખાતર–સુધા બ્હેનના આત્મા ખાતર હું અંતઃ-કરણપૂર્વક યત્ન કરીશ અને એ પાપથી દૂર રહેવા બનતું કરીશ." ભાઈ બ્હેન ભેટયાં–રોયાં અને ભવિષ્યની સુંદર આશાએ ક્ષણવાર પ્રફુલ્લિત થઈ છૂટાં પડયાં.

વાસુદેવ, ભદ્રા મુંબાઈ ગયાં. લાનોલીમાં જીવન વ્યવહાર એનો એ હતો. જે કામ વસન્તરાવ કરતા તે કામ જયન્તને માથે પડયું–વસન્ત વિસરાતાં જયન્ત પ્રસિધ્ધીમાં આવતો ગયો.

પૂર્ણિમા હતી. આખો દિવસ કારખાનામાં રહી કંટાળેલો જયન્ત જમ્યા પછી રાત્રે બહાર નિકળ્યો. કોઈપણ હેતુવિના કેવળ આરામ, જીવ છૂટો કરવા, ફરતો ફરતો ગામની સડક તરફ ચાલ્યો. શનિવાર હતો. બીજે દિવસે કારખાનું બંધ હતું. વળી તહેવાર હતો એટલે બીજાં કામો પણ બંધ હતાં. દારૂના પીઠામાં આજ પુષ્કળ ઘરાકી હતી. જયન્તને રાત્રે ફરવાનો શોખ ન હોતો–સમય ન હોતો એટલે આ પીઠાંનો બીલકુલ અનુભવ ન હોતો કહીયે તો ચાલે. વામનને મુંબાઇમાં ખોળવા નિકળ્યો તે દિવસે રાતના દારૂસ્થાનોનો અનુભવ લીધો હતો. ઘાંટાઘાંટ, ગાળંગાળા, રસ્તામાં પડાપડી ચાલતી હતી. જયન્ત જોતો જોતો ચાલ્યો જતો હતો ત્યાં કારખાનાનો એક કારીગર મળ્યો.

નારણ ! મોડી રાતે અહીં કયાંથી ! આમ દારૂમાં પૈસા નાંખી દે છે કે ! રાઘુની શી દશા થઈ તે ભૂલી ગયો. શરીર બગડશે તે જુદું–ઘર આગળ બૈરાં છોકરાં છે કે નહિ !

ભાઇ સાહેબ ! મ્હારૂં ઘર જુવો તો ખબર પડે. ઘરમાં ગંદવાડનો સુમાર નથી. વાત શું કરે ! વાત કરવા જઇએ કે રાંડ કરડવા થાય છે. છોકરાંને મોયે ચઢાવ્યાં છે ને સાહેબ હું કાંઈ વધારે પીતો નથી. એક ગલાસ બસ. હું કાંઇ દારૂડીયો નથી—

નારણ પીઠામાં પેઠો ને જયન્ત આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં સ્મશાન આગળ શંકરના દેવાલય પાસે આવ્યો. દેવાલયની બાર ન્હાનો પત્થરનો ઓટલો હતો ત્યાં બેઠો. દૂર એકાદ ચિતા બળતી હતી. ચિતામાંથી ભૂરી ધોળી જ્વાળા નિકળતી હતી. આ જોઇ એકાન્ત–શુમશામ સ્મશાનમાં જયન્તની વિચારમાળાના મણકા

ફરવા લાગ્યા. 'હે શંકર! છેવટે તો આજ સ્થિતિ ને! સુધા! આખા કુટુમ્બના દુઃખનું મૂળ દારૂજ ને! સુધા શાથી મરી ગઇ! રાઘુએ દારૂના ઘેનમાં બાબુને બીજી દવા પાઇ ને સુધાને બોલાવવી પડી. એજ દારૂને પાપે રેલ્વેના ઝાંપાવાળાએ ઝાંપો ઉઘાડતાં ભાન રાખ્યું નહી ને સુધા બ્હેનની ગાડીનો ઘોડો ભડક્યો—સુધા પડીને ગઈ. એજ સુધા આજ સ્થળે મ્હારે હાથથી ભસ્મશાત થઈ ગઇ, રાઘુ દારૂમાં ખુવાર થઇ ભીખ માગતો આવ્યો અને આજ સ્મશાનમાં બળ્યો. વામનનું ત્રાસદાયક મૃત્યુ પણ એજ દારૂને લીધે. વામનની રાખપણ અહીંજ અપાઇ. મોહિની! એજ દારૂનું પરિણામ જોઇ અહીજ શમી, દત્તુ ખાખાવીખી થઇ ધૂળ ભેગો થયો અને અહીંજ ચિતામાં રગદોળાયો અને વસન્તભાઇ—ભગ્નાશ વસન્ત ભાઇ પણ આજ સ્થળે વિરામ્યા. દારૂથી એકજ ઘરમાં, કુટુમ્બમાં આટલો વિનાશ થયો તો જગતમાં એથી કેટલો વિનાશ થતો હશે! દારૂમાં ને દારૂમાં હજારો મૃત્યુ વશ થાય છે. સ્વર્ગ સમાન ઘરો નર્કથી પણ નપાટ થાય છે -અરે હમણાંજ પીઠામાં શું જોયું? લાનોલી જેવા આવડા નાના ગામમાં આટલું તો પછી શેહેરોમાં તો શું થતું હશે? મ્હારા પોતાનાજ માણસો એમાં આનંદ માની બૈરાં છોકરાંને ભીખ માગતાં કરે છે. પણ એનો ઉપાય! એનો ઉપાય! આ પ્રશ્ન આપણામાંના ઘણા ખરાને થાય છે. મદ્યનિષેધક સભા—મહાત્મા કેન જેવા પરોપકારી સજ્જનો એમાં જીવન અર્પી કાર્ય કર્યે જાય છે. આપણા મનુ મહારાજે ડીંડીંમનાદે દારૂ ન લેવા કહ્યું છે-લેનારને ઉકળતા તેલથી વિશુધ્ધ કરવા કહ્યું છે છતાં વામમાર્ગી દેવીને નામે જુના મતાવલમ્બી અને સુધારાને નામે નવા એમાંજ તલ્લીન થતા જાય છે એ અવનતીની નિશાની છે. પ્રત્યેક કુટુમ્બમાં, પ્રત્યેક બાળક,

ઓ દારૂના ગેરલાભ નહી જાણે ત્યાં સૂધી શુભ પરિણામ આવનાર નથી.

શબ બળી રહ્યું–એનો અગ્નિ ઠરવા લાગ્યો–ચંદ્ર પશ્ચિમ તરફ જવા માંડયો પણ જયન્ત શુન્યવત્ બેસીજ રહયો. એટલામાં કોઇનો પગરવ સંભળાયો. અત્યારે સ્મશાનમાં મ્હને દેખે એ ઠીક નહી માની જયન્ત ખસી જવા જતો હતો ત્યાં સામેથી વૃધ્ધ બળવન્ત દેખાયો.

બળવન્ત! ત્હમે કયાંથી!

જી. તમનેજ ખોળતો. સુશીલા ભાભીને ઘેર જવાનો આ રસ્તો કોઈ કોઈવાર લઉં છું. લાંબા રસ્તા કરતાં આ પાસે છે પણ આ રસ્તે સ્મશાન આવે છે એટલે આ ટુંકો રસ્તો કોઈ લેતું નથી. પહેલાં ઘેર ગયો ત્યાં તમે ન હોતા. મ્હારા મનથી કે કાકીને ત્યાં ગયા હશો એમ ધારી આમ આવ્યો.

વારૂં શું છે?

ભગો મ્હારે ઘેર આવ્યો હતો. હજી મ્હારે ત્યાંજ છે. પાછો નોકરી ઉપર રાખવા તમને અરજ કરવાનો છે. થઇ ગયેલા ગુન્હાની માફી માગે છે. જો કાંઇ ન થાય તો જીવનું જોખમ થશે. આપઘાત કરશે.

બળવન્ત! ભગાનો ગુન્હો કાંઈ નાનોસૂનો નથી. માત્ર એનાં દોષે એનાં બૈરાં છોકરાં રઝળે એટલીજ દયા આવે છે. સોમવારે કારખાનામાં મળે એમ કહેજો.

મ્હને લાગતુંજ હતું કે વસન્તભાઇના પુત્રમાં દયા ન હોય એ બનેજ નહી. દારૂના ઘેનમાંજ એ ભૂલ્યો.

બળવન્ત! પણ એ દારૂના ઘેને તો ઘર ઘાલ્યું. રસ્તામાં કેટલાને આથડતા જુવે છે! ખરે કાંઇક કરવુંજ જોઇએ ને કરીશ.

કોણ ! તમે.

હા ! મારી ફરજ છે.

માથું કુટી મરો પણ કાંઇજ થાય એમ નથી. દારૂની દુકાનો ઉઘાડવાની રજા અપાય પછી માણસોને કહેવું કે ન જવું એ કેમ બને !

મને પણ મુશ્કેલ તો લાગે છે.

ભાઇ ! મજુર વર્ગ આખો દિવસ ગધ્ધા વૈતરૂં કરે ત્યારે સાંજના કાંઈ આરામ ગમત તો જોઇએ. સાધારણ રીતે એ આનંદ ઘેર મળે નહી. અભણ બૈરીઓ કાં તો કંકાસ કરતી હોય કે લડતી હોય. ઘરમાં કાંઇ ઠેકાણું ન હોય; મોટા લોકો, મીલ માલેકો, શેઠો કાંઈ ગમતનાં સાધન કરી આપે નહી પછી શું થાય!

બળવન્ત! નારણની પણ એજ ફરિયાદ હતી. ઘેર આગળ રહેવુંજ નહી, પછી શું.

જયન્તભાઇ ! બીજે શું જોવું ? આપણે ઘેરજ અનુભવ કયાં નથી ? સુધા બ્હેનના વખતમાં તમને કોઇને બાર જવું ગમતું ? વસન્તભાઇ પણ કારખાનામાંથી વ્હેલા ઉઠતા. તમે તો શું પણ અમને પણ થતું કે ચાલો એ ઘડી સુધા બ્હેન પાસે. મોહિની બ્હેન આવ્યા પછીની હકીકત તો જાણો છો. ઘેરજ રહેવું ન ગમે. નોકર ચાકર બધાને એમજ કે જવાય નહી તો સારૂં. ઉંચા કુટુમ્બની સ્ત્રીઓ વાંચે, ગાય અને એવી વાતો કરે કે ઘર સ્વર્ગ સમાન લાગે. પણ ગરીબ મજુર વર્ગમાં અને તેમાં પણ પશ્ચિમના પવને કલબ હાઉસ થયાં એટલે ઘેર આગળ રહેવું ગમતું નથી. સાંજના નવ નવ દસ દસ વાગ્યા સૂધી કલબમાં યુરોપીયન માફક સ્ત્રી પુરૂષો બન્ને જઈ શકતા હોય તો તો ઠીક. તે બન્ને નહી અને ઘેર આગળ મજાહ પડે નહી એટલે રાત્રી બ્હાર

ગળાય ને ત્હેમાં આવા વ્યસન આનંદના સાધન મનાય એટલે શું થાય! સાંકળો બાંધો તોપણ આ લોકો જવાનાજ. તમેજ કારખાનાને અંગે લાયબ્રેરી કરી ત્હેમાં કેટલા જાય છે? ત્યાં સાથે સાથે ચાહ–પાણી, દારૂ–પાનાની વ્યવસ્થા કરો ને જુઓ કેટલા આવે છે.

જો મ્હારૂ ચાલતું હોય તો દારૂની દુકાનજ ઉઘાડવા ન દઉં!

એ નકામું. એક બંધ કરો કે બીજી ઉઘડશે. ગઇ કાલેજ મ્હારે ગજાનન સાથે વાત થઇ હતી. મ્હેં એને કહ્યું કે દારૂની દુકાન ઉઘાડી લોકોમાં તમે બદી વધારો છો. એણે કહ્યું કે હું નહી ઉઘાડું તો બીજો ઉઘાડશે તો મ્હારે શામાટે લાભ ખોવો! જ્યાંસૂધી લોકો જાતે સમજશે નહી ત્યાંસૂધી દારૂ પીવાના છે.

દારૂ નુકશાન કરે છે છતાં–એમ જાણતાં છતાં!

અરે પૈસાદાર કે ગરીબ–સમજુ–બેસમજુને એ વ્યસન એવું તો પંજામાં લે છે કે ન પૂછો વાત. બીજી વાત તો કયાં પણ બાબુને હમણાંજ પીઠામાં જોયા.

શું કહે છે! બાબુને! પીઠામાં હોય નહી?

અરે ભાઇ! હું શામાટે ખોટું બોલું? હું રસ્તામાં કોકની સાથે વાત કરતો ઉભો હતો ત્યાં મ્હેં બાબુને જોયો. હું તો ડઘાઇજ ગયો. મ્હને તો એમજ થયું કે હું જઇને ખેંચી કાઢું. મ્હને એને માટે આશા હતી—

જયન્ત ફરીને એકવાર નિરાશ થયો. બાબુને માટે મોટી મોટી આશાઓ બાંધી હતી એ આશા આકાશ કુસુમવત નષ્ટ થઇ. બન્ને મુંગા મુંગા નિકળ્યા અને યંત્રની માફક ચાલ્યા.

પ્રકરણ ૨૫ મું.

પીઉં કે નહિ?

બાબુ એકલો પોતાના ઘરમાં વાંચવાના રૂમમાં હતો. મેજ ઉપર મોટા જાડા કાગળ ઉપર કાંઇ પ્લાન–નકશો–દોરી હિસાબ કરતો હતો. એનું ધક ધ્યાન એ પ્લાનમાં હતું ત્યાં નોકરે આવી વરધી આપી.

કૃષ્ણાજી આવ્યો છે?

કૃષ્ણાજીનું નામ સાંભળતાંજ બાબુએ પાછું જોયું ને ઉભો થયો. કૃષ્ણાજી એક પાસેના ગામનો ધનાઢય ખેડુત હતો અને એણે કેટલાંક નવિન જાતના ઓજારોનો ઓર્ડર આપ્યો હતો. એ ઓજારો તૈયાર થયાં છે કે કેમ તેની તપાસ કરવાને અને તૈયાર થયાં હોય તો લઇ જવા આવ્યો હતો. બાબુને એ સંબંધી પુરતી માહિતી ન હોતી એટલે 'મીસ્રીને ખબર હશે' એમ કહ્યું.

'મીસ્રી કયાં મળશે?'

મીસ્રી આટલામાંજ રહે છે. ચાલો આપણે સાથેજ જઇએ. પણ તમારૂં જમવાનું કેમ!

કૃષ્ણાજી ગામડામાં રહેતો અને એને તાડીની ટેવ હતી. બાબુના ઘરમાં તાડી ન હોતી પણ મેમાનગીરી કરવા બ્રાન્ડી મંગાવી. કૃષ્ણાજી ખાવા બેઠો તે સાથે બાબુને પણ બેસવું પડયું. કૃષ્ણાજીએ બાબુને આગ્રહ કર્યો. એ દેશમાં–એ લોકોમાં તાડી, સામાન્ય દારૂ રોજનો ખોરાક હતો એટલે અને એમનામાં રીવાજ એટલે જ્યારે બાબુએ છાંટો પણ લેવા ના પાડી ત્યારે કૃષ્ણાજીને આશ્ચર્ય લાગ્યું. બાબુએ અનેક તરેહના દારૂ ચાખ્યા હતા; પેગ ઉપર પેગ લેવામાં લહેજત માનતો તે બાબુના

મ્હો આગળ બ્રાન્ડીનો શિશો પડયો હતો. પ્યાલામાં ચકચકતા હતો. કૃષ્ણાજીએ પાણીની સાથે ભેળવી સહજ લીધો. બ્રાન્ડીની ગંધે નાકમાં ને નાકદ્વારા બાબુના મગજમાં તોફાન મચાવી મૂકયું હતું. જેણે દારૂ શું એ જાણ્યું નથી. જેણે કોઈ દીવસ દારૂનો સ્વાદ લીધો નથી ત્હેને કાંઇ ન થાય એ સ્વાભાવિક છે પણ જેણે એમાં મજાહ માની હોય, એનો સ્વાદ લીધો હોય ત્હેને તે ચીજ નજર આગળ હોય-આવતાં ઇંદ્રીયો કેમ વશ રહે?

અત્યારે સગુણા, જયન્ત કે ભદ્રામાંથી ના કહેનાર કોઇ ન હોતું. એથી ઉલટું-એ પૈસા કમાવી આપનાર. કારખાનાનો કાયમનો ગ્રાહક કૃષ્ણાજી આગ્રહ કરતો હતો. લઉં લઉં થતું હતું. બાબુના આખા શરીરમાં ગભરામણ થઇ ગઇ--પરસેવાના રેલે રેલ વળ્યા. પડયો! પડયો! થયું ત્યાં-પ્યાલો હાથમાં લઇ પીવા જાય છે ત્યાં ઉંચી નજર ગઈ અને સગુણાના હાથનો ભરેલો તખ્તો સામી ભીંતે જોયો. એ તખ્તામાં આટલાજ અક્ષર હતા.

Trust in Me.

મ્હારા ઉપર વિશ્વાસ રાખ-મ્હારેજ શરણે આવ.

બાબુની નજર પડતાંજ હિમત આવી. પરમેશ્વર ઉપર-અંતઃકરણ ઉપર વિશ્વાસ વધ્યો. બાબુએ પ્યાલો બારીએ ઢાળી નાંખ્યો. ખેડુત ખાઈ પરવાર્યો. નોકરે સીસો ઉંચે મૂકયો-બાબુની નજર સીસા પાછળજ હતી પણ સીસાના બુચની સાથે ઇંદ્રીયોને બૂચ દેવાયો અને બાબુએ પ્રથમ જીત મેળવી. ઉન્નતિનું એક પગથીયું ચડયો. બન્ને બહાર નીકળ્યા. મીસ્ત્રીને ઘેર ગયા-મીસ્ત્રી ઘેર ન હોતો. ખાઇ પરવારી મીસ્ત્રી કલબમાં-બાર રૂમમાં ગયો હતો. કલબનું નામ-બારનું નામ સાંભળતાંજ બાબુને કંપારી છૂટી પણ ઘરાકને નારાજ કરવો, મ્હેમાનને

બારરૂમ ખોળવા એકલો મોકલવો એ વિવેક હીનતા ગણાય માની કૃષ્ણાજીની સાથે ગયો. કલબમાં ભીસ્ત્રી હતો અને સાથે સાથે બાબુના જુના મિત્રો પણ હતા. બાબુને આજે ઘણે દિવસે આવેલો જોઇ 'એ-લો-આખરે આવ્યો–ઉડાઉ દીકરો–રીસાળ દીકરો ઘેર આવ્યો' કરી બાબુની ચોગરદમ ફરી વળ્યા. બાબુ હસમુખો, દીલોજાન, ગમતી અને સ્નેહાળ મિત્ર હતો અને એની ખોટ કલબમાં પુરાઈ ન હોતી. એકજણ તો બોલી ઉઠયો. બાબુ! મ્હે તો સાંભળ્યું હતું કે તું તો બડો સાધુ–ભગત થઇ ગયો છે ને પાણી પીને રહે છે–અઠવાડીયાના આઠ વાર કરે છે અને પેલી મદ્યનિષેધ કલબ તરફથી ખિતાબ, ચાંદ ને ઝભ્ભો મળ્યો.

બાબુ મુગોજ રહયો. એના હૃદયમાં એટલી ભાંજગડ ચાલતી હતી કે આ મશ્કરી ત્હેને બાળી નાખતી હતી. ઘર આગળ એકલો કૃષ્ણાજી હતો, એકજ બ્રાન્ડી હતી. પીઓ પીઓનો દુરાગ્રહ કરે એવું કોઇ ન હોતું. કલબમાં જુદુંજ વાતાવરણ હતું. વ્હીસ્કી, બીર, શેમ્પેન, એલ, રમ, બ્રાન્ડી, પોર્ટ, કોગ્નેકના શિશા એક પછી એક ઉઘડતા હતા. જૂદી જૂદી સુગંધીઓ અને લાલ ચમકતા રંગો બાબુને બેબાકળો બનાવવા બસ હતાં. બાબુના પહેલાના કલબના દીલોજાન દોસ્તોએ ધીરે રહી બોયને હુકમ કર્યો ને બાબુના મ્હોં આગળ પાણી અને બ્રાન્ડીના પ્યાલા મુકાયા.

બાબુ! ટેમ્પરન્સ એસોશીએશનમાં દારૂ ન પીવાની સહી કરી આપી ન હોય તો ચાલ ઉઠાવ. એમાં એ દવા તરીકે વાપરવાની છૂટ છે તો ચાલ થાક ઉતરી જશે અને ગમગીની જતી રહેશે. ચાલ જોઇ શું રહયો છે! મનને ગમે તે લે. જોતો ખરો! આવી બ્રાન્ડી જન્મમાં નહી લીધી હોય. સુગંધ તો જો–મસાલાદાર છે.

બાબુરાવ! દોસ્તોનો હાથ ઠેલાય કે? સોસાયટીમાં ના કહેવાય નહી. ઉંચા જ્ઞાતિના, ઉંચા વિચારના, સુધરેલા, દારૂ ન પીનારાપણ કોઇવાર સોસાયટીના નિયમ ખાતે દારૂ પીએ છે. વિલાયત જનારા ત્યાં વારંવાર સોસાયટીમાં સીગાર આપે ને લેડી ને જેન્ટલમેનને ના કહેવાય નહી તેટલાજ ખાતર સીગાર પીએ છે તો પછી તમને તો અનુભવ છે. આ મ્હારા જુના દોસ્તો છે. આપણામાં બ્રાહ્મણો કે ગુજરાતીઓની માફક વાંધો નથી. જય ગુરૂ દત્ત! ઉઠાવ.

ગરીબ બિચારો બાબુ! મુર્ખ, ભલો, નબળો બાબુ જુના ઠરાવો–ભદ્રા આગળ કરેલી પ્રતિજ્ઞા–એને આપેલાં વચનોનાં બંધ ઢીલા થવા લાગ્યા. છાતી ધબકવા લાગી. નસોમાં લોહી ધસવા લાગ્યું. આવી સ્થિતિ બાબુ જ્યારે છડેચોક દારૂ પીતો ત્યારે પણ થઇ ન હોતી. ઘર આગળ કૃષ્ણાજીને ના કહી શકયો હતો પણ અહીં આ–બાબુએ પ્યાલો ઉપાડયો ને એકદમ ગળામાં રેડયો. એ નાખતાંની સાથેજ આખું મંડળ ઉભું થયું. 'શાબાશ. રંગ છે' કરી બાબુની પીઠ થાબડવા લાગ્યા. પણ બાબુ–બાબુ ઉંચુ જોઈ શકયો નહી. કલબમાં હતો મ્હો આગળ મિત્રો હતા છતાં ત્હેની અંતરદૃષ્ટી આગળ તો જયન્ત-ભદ્રા અને સગુણા ઠપકો આપતાં ઉભાં હોય એમ લાગ્યું. બહાદુર બાબુ નરમ ઘેંશ થઇ ગયો. નીચેથી ઉંચું જોઈ શકયો નહિ. ગુન્હેગાર ગુન્હો કરતાં પકડાતાં શરમિંદો પડે તેમ શરમિંદો પડયો. અરે રામ! મ્હે શા માટે મ્હારા પ્રભુની મદદ ન માગી. 'મામેકં શરણં વ્રજ' Trust in me, એ તખ્તો અહી હત તો કેવું સારૂ. અરે અહીં તો કોઇ નાજની હાથમાં શરાબનો પ્યાલો લઈ ઉભી છે. આમ દિવસોના દિવસો, મહિનાના મહિનાના ઠરાવો ઉપર પાણી ફેરવ્યું. મૃત્યુની શય્યા ઉપ-

રથી પ્રેમપૂર્વક આપેલી વસન્તરાવની સલાહ, પતિપરાયણ સગુણાની આશા, જયન્ત અને વાસુદેવની ભલામણ, ભદ્રાની પ્રાર્થના એક સેકન્ડમાં મગજમાંથી જતાં રહ્યાં–નિષ્ફળ થયાં. જો કોઇને ખરેખરો પશ્ચાત્તાપ અને અંતર દુઃખ થયાં હોય તો તે અત્યારે બાબુને થયાં હતાં. પોતાની જાતને માટે હલકો અભિપ્રાય આવ્યો ને એકદમ ઉઠયો.

બાબુ! એટલામાં જાય છે!

હા. જવુંજ જોઇએ, મ્હારે કામ છે.

એક પ્યાલો—

માફ કરો સાહેબજી.

બાબુ એકલોજ બાર નિકળ્યો. કૃષ્ણાજીને ખોટું લાગશે, અપમાન ગણાશે, એકલો મૂકી ચાલ્યો ગયો લાગશે એનો વિચારજ ન આવ્યો. વિચાર આવ્યો હોય તો ત્હેની બાબુએ દરકાર ન કરી. બહાર ચંદની ખીલી હતી. રસ્તાના પત્થર, ધોળેલાં ઘર અને બંગલાઓનાં ટેનીસ કોર્ટ ઉપર સફેત ચાદર પથરાઈ હતી. ટુંકે રસ્તે ઘેર જતાં સામેથી બળવન્ત મળ્યો.

બાબુ! મળ્યા તે બહુ સારૂં થયું.

કેમ! કાંઇ કામ હતું?

કારણ મ્હેં તમને એક ઠેકાણે પેસતાં જોયા હતા અને ત્યાંથી કયારે વ્હેલા નિકળો એમ મ્હને થતું હતું. વ્હેલા નિકળ્યા તેથી બહુ ખૂશ થયો.

બળવન્તભાઇ! મ્હારા જેવા ગધેડા નહી હોય. ખુશી થવા જેવું કાંઇ નથી.

કદાચ આજે ત્હેં ભૂલ કરી હશે પણ મ્હને ખાત્રી છે કે ત્હારૂં અંતઃકરણ સારૂં છે ને તે માટે ત્હને ઠપકો દે છે.

બાબુ! ત્હને ખબર નથી પણ મ્હને તો ત્હારો નાનપણથી અનુભવ છે. જો ત્હારૂં મન ડગે તો હું તો નિરાશજ થાઉં.

બળવન્તભાઇ! મથું તો બહુ છું પણ રાત દિવસ સામા થવામાં કામ સુજતું નથી. એક પળમાં બધું પાણીમાં ગયું.

કાંઇ ફિકર નહિ. બાળક હજાર વાર પડે ને પાછું ચાલે ત્યારેજ ચાલતાં શીખે. યત્ન કર, હિમત રાખ અને જય મળશે એ મ્હને ખાત્રી છે.

કેમ જાણ્યું? મ્હને તો હિમત નથી.

બાબુ! બાબુ! હિમત રાખ. હવે હું વૃદ્ધ થયો છું પણ જો પેલો ખંડાળાનો રસ્તો. હાલ તો નવો થયો છે. એ પુલ ઉપરથી–ત્હને રાઘુએ કાંઇને બદલે કાંઈ દવા આપી હતી તેથી–ત્હને મૃત્યુ મુખે પડેલો જોવા, સુધા બ્હેનને ખંડાળે તેડવા ગયો હતો ત્યાં પણે રેલ્વેના ઝાંપાથી ઘોડો ભડકયો ને સુધા બ્હેન પડયાં. ગાડી ઉંધી પડતાંજ સુધા બ્હેન મ્હોત આવ્યું એ સમજ્યાં હતાં પણ પડતાં પડતાં–મરતાં મરતાં એટલુંજ બોલ્યાં હતાં - "હે પ્રભુ! મ્હારાં છોકરાં ત્હને સોંપું છું–ત્હારાં ગણી એમને સંભાળજે, એમને પડતાં બચાવજે" બાબુ! મૃત્યુના પંજામાં સપડાયેલી સુધા જેવી પવિત્ર માતાની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. પરમેશ્વર ત્હને બળ આપશે ને તું બચીશ. માત્ર પ્રભુને શરણે જા.

બાબુની બન્ને આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. સુધાની માત્ર છબીજ જોઈ હતી--સુધાના મૃત્યુનું કારણ પોતે હતો.

ભાઈ હિમત રાખ! ત્હારી માના આ શબ્દો ત્હને કહેવા ધારતો હતો. આટલે વર્ષે આજ પ્રસંગ આવ્યો.

બળવન્ત અને બાબુ છૂટા પડયા. બાબુ અજ્ઞાન અવસ્થામાં જોયેલી માતાની છબી–માતાના વ્હાલ ભર્યા શબ્દો સંભારતો મુગો મુગો ચાલ્યો જતો હતો ત્યાં સામેથી જયન્ત આવ્યો. બન્ને ભાઇઓના મનમાં સુધાનાજ વિચાર હતા. જયન્તે માતાનું વ્હાલ અનુભવ્યું હતું–માતાના પ્રેમનો સ્વાદ લીધો હતો–સમજ્યો હતો. મોહિનીની સાથે સરખાવ્યો હતો. બાબુમાં બળવન્તના શબ્દે માતાનો પ્રેમ જગવ્યો હતો. માત્ર નામેજ માતા જાણતો હતો. બન્ને ભાઈ મળ્યા અને એક બીજા જાણતાં ન હોતાં છતાં આ એકાન્ત–માતાસમ શાન્તિ ફેલવતી ચાંદનીમાં માતાના ખોળામાં મળે તેમ મળ્યા.

બાબુ ! આમ ગમગીન કેમ! મારા સમ કહે ! ત્હારૂ શોકગ્રસ્ત મુખ મ્હારાથી જોવાતું નથી. જગતમાં આપણે બે ને ભદ્રાજ છીએ.

ભાઇ! મ્હને બોલાવશો નહી. હું તમારી સાથે સંબંધ રાખવા લાયક રહયો નથી. મ્હારા મનને બહુ રોકુ છું. આટલા દિવસ કેમ રહયો છું તે મ્હારૂ મન જાણે છે પણ સઘળું આજ ધૂળધાણી થઈ ગયું.

શાથી !

કૃષ્ણાજી એના ઓજાર માટે આવ્યો હતો. એને બ્રાન્ડી આપી. પહેલાં તો ઘણી મહેનતે પણ હું અડકયો નહી. પછી મીસ્રીને ખોળતાં કલબમાં ગયા ત્યાં જૂના મિત્રોની સાથે ફાંદામાં ફસાયો—

હદ બાર—

ના–એકજ ગ્લાસ.

એટલો પણ પીવાયો ન હત તો હું ખૂશી થાત, પણ બાબુ એમાં નિરાશ થવાનું નથી. એવી ભૂલોથી તો વધારે બળ આવે છે. પરમેશ્વર બળ આપશે.

ભાઇ તેજ હું શોધું છું પણ મળતું નથી. દારૂ ન પીવાથી મારા આખા શરીરમાં તનમનાહ થાય છે ને સામા થવાથી વેદના—

બાબુ! પ્રભુ સર્વ સમજે છે. જગતમાં મહેનત ન હોય, દુઃખ ન હોય તો સુખની કીમત શી? જે દુઃખો સહન કરે છે તેજ પ્રભુ પ્રેમનો પાત્ર થાય છે. બાબુ! થશે ત્યારે ત્હનેજ ખરો આનંદ થશે. હિમત રાખ.

સગુણાએ આવાજ શબ્દો—આવાજ અર્થના અભંગ વાંચી સંભાળાવ્યા હતા. ભાઈનો ઉપકાર માની બાબુ ઘર તરફ ગયો.

બાબુ ઘેર પહોચ્યો. મેડીયે ગયો—યંત્રની માફક લુગડાં કાઢયાં પણ શાન્તિ ન વળી. બ્હારીયેથી ફરફર શાન્ત પવન આવતો હતો છતાં બાબુને અંતરનો તાપ બાળતો હતો. બાબુએ આખા ઓરડામાં ફરવા માંડયું. હૃદય શુન્ય, અંધકારમય હતું, આત્માને ઠપકો આપતો હતો, જીવનને ધીક્કારતો હતો. હૃદયમાં નિરાશા, શંકાનાં મોજાં આવતાં હતાં. આ અંધકારમાં આશાનું નાનુપણ ઉત્તેજક કિરણ દેખાતું હતું. યત્ન કરશે–યત્ન જારૂ રાખશે તો જય મળશેજ. એક બાજુ અનુભવેલી—ચાખેલી મજાહ, નિરાશા, પડતીનો રસ્તો, શરીર અને આત્માનો વિનાશ, ત્યારે બીજી બાજુ સંયમ, આત્મત્યાગ, કેવળ પાણી ઉપર જીવન પણ તેની સાથે કર્તવ્યની પરિપૂર્ણતાની આશા, શાન્તિ, સુખી ગૃહ જીવન અને આત્માનો આનંદ. એક સ્વીકારે છે તો પરમાત્માનો ત્યાગ કરે છે. બીજું સ્વીકારે છે તો પહોળે હાથે. હસતા મુખે પ્રભુ મદદ માંગો તો આપવા તૈયાર થાય છે.

બાબુએ નીચું જોયું અને વિચારમાં પડયો. 'મારી ક્ષણભંગુર જીંદગી કાલસમુદ્રમાં બિન્દુ માત્ર છે.

મોહિની, વસન્તભાઈ, વામન, દત્તુ એજ સમુદ્રમાં સમાઇ ગયાં. વસન્તભાઇનો આત્મા કેવો શાન્ત હશે. વામન-દત્તુનાં મૃત્યુજ એવાં હતાં કે શાન્તિ ઉભીજ ન રહે. મ્હારે-મ્હારીપણ એજ સ્થિતિ. વસન્તભાઇ જેવું શુદ્ધ જીવન! કે વામન-દત્તુ જેવું કલેશમય જીવન! આ બે માંથી કયું અભિનંદનીય! વામન-લોહીથી બદબદ થયેલી પથારી-અસ્ત્રો, બ્હીક લાગે એવો ચહેરો બાબુની નજરે તરતાં બાબુ થરથર્યો. દત્તુનો અંતકાળ સાંભર્યો. પાસે શ્રીભગવત્ ગીતા પડી હતી તે ઉઘાડી-પાનુ ઉઘાડતાં વાંચ્યું.

> મ્હારામા ચિત્ત પ્રોયેલા એવાને અલ્પ કાલમા
> ઉધ્ધારૂં છુંજ હું, પ્રાર્થ ! મૃત્યુને વિશ્વસિન્ધુથી,
> મ્હારામાજ મન રાખ, મ્હારામા બુધ્ધિ પ્રોવતું
> તો મ્હારામાજ નિઃશંક તું રહીશ હવે પછી

બાબુએ હજાર વાર ગીતા વાંચી હતી પરન્તુ જેટલો આજ આનંદ થયો-જેવો આજ રહસ્ય સમજ્યો હતો તેવો આનંદ કદી અનુભવ્યો ન હોતો ત્હેવું રહસ્ય સમજ્યો ન હોતો. દૃઢતા રાખવા, હિંમત મેળવવા મદદની જરૂર જણાઇ હતી. કયાંથી મદદ મેળવવી ને કયાંથી મળશે એ જણાતાં મંગાઇ ને મળી.

સગુણા એક સગાને ત્યાં ગઈ હતી. ત્હેને બોલવવા જવાનું હતું તે સાંભર્યું અને બાબુ નીચે ઉતર્યો. ઓરડામાંથી લાકડી લેવા ગયો ત્યાં કૃષ્ણાજીવાળી બ્રાન્ડીની શીશી નજરે પડી. મનમાં જરાપણ આ શંકા વગર બાબુએ બાટલી લીધી-બુચ ઉઘાડયો બારીપાસે આવી બાર બાગમાં ગુલાબના કુંડામાં પડે એમ ખાલી કરી. 'પરમેશ્વરે જેવો અત્યારે દૃઢ રાખ્યો છે તેવો સદા રાખે' કરી બાટલીના બે કકડા કર્યા.

બાબુ બ્હાર નિકળ્યો. ઘરમાં આવતાં બાબુના મનની જે સ્થતિ હતી તે કરતાં અત્યારે જૂદીજ હતી. અત્યારે

મનઃશાન્તિ હતી. હૃદય પ્રફુલ્લિત હતું, રસ્તો ખોળતાં ગ્રીધો ને ખરો રસ્તો જડતાં જે આનંદ થાય તે આનંદ આજ બાબુને થયો. પોતાના હૃદયમાં આ શું થાય છે તે સમજી શકયોજ નહી.

સગુણા હતી તે કયાં ગઈ. સગુણા આવી-સગુણા પતિને જોતાંજ ગભરાઇ. ફીકકો ચિંતાતુર ચહેરો—આંખો લાલ હતી. પાસે આવતાં બ્રાન્ડીની ગંધ આવી ને સગુણા નિરાશ થઈ ગઈ. નિરૂત્સાહી સગુણા એમને એમ મુગી મુગી ચાલી. સગુણા રોવા જેવી થઈ ગઇ હતી. પતિ તરફની સર્વ આશા નષ્ટ થઇ હતી. ઘરના બારણામાં પેસતાં એટલું બોલી.

‘આટલી બધી વાસ અહી શાની?’

સગુણા! એ તો બાગમાં બ્રાન્ડીનો છંટકાવ કર્યો છે. ગુલાબના છોડને બ્રાન્ડી પાઇએ તો માણસો બ્રાન્ડી પી ખીલે છે તેમ ખીલે. આજ રાત કેમ ગુજારી તે તું જાણે છે!

હા. ન ગુજારવી જોઇએ તેમજ ગુજારી હશે. બાબુ! પ્રિય બાબુ! તમારા ઉપર કોઇની અસર નહિ થાય!

આજ તો ન થઇ. રાતના મ્હારે કલબમાં જવું પડયું ને ત્યાં મ્હારી હિમત ન રહી. હું પડયો. સગુણા! મ્હે બહુ યત્ન કર્યા પણ મ્હારાથી ટકી શકાયું નહી.—

સગુણા રોતી હતી.

ઘેર આવ્યો. બ્રાન્ડીની બાટલી નજરે પડી. તે લઇ આ કુંડામાં ખાલી કરી. એ ખાલી કરતાં મ્હને જીવ ઉપર આવ્યું પણ ખાલી થતાં મ્હે જય મેળવ્યો, મ્હને હિમત આવી છે. એ જય મળશે -કાયમ રહેશે?

જરૂર—વ્હાલા! જરૂર જય મળશે.

વ્હાલી! ત્હારી અને પ્રભુની મદદથી જરૂર મેળવીશ.

પ્રકરણ ૨૬ મું.

જયન્ત.

લાનોલીમાં વાટે ને ઘ.ટે, બજારમાં-સ્ત્રીઓ કુટવા જતી ત્યાં, કારખાનામાં, પીઠામાં, કલબમાં ભારે ચર્ચા ચાલી રહી હતી. રેલ્વેના ઝાંપાપાસે અને ગામ અને કારખાના વચ્ચે વસન્તરાવની જમીન હતી. આ જમીન ઉપર એક ગંજાવર મકાન બંધાતુ હતું. એ મકાનમાં આરસની લાદીઓ, વીજળીના દીવા, વીજળીના પંખા રવીવર્માનાં ચિત્રો મુકાતાં હતાં. પણ આવા ભવ્ય મકાનનો લાનોલીમાં ઉપયોગ શો? વાત એમ ઉડી હતી કે કલબ હાઉસ થશે. આ કલબમાં ઉંચી પ્રકારના દારૂ, ઉંચી જાતના મેવા મીઠાઈ મળશે અને તેપણ નજીવે ભાવે. બારમેડો ખાસ મોટે પગારે રાખવામાં આવનાર છે. વધારામાં આ મકાન કોઇને માટે બંધાતું ન હોતું— કોઇ વ્હેપારીને માટે બંધાતું ન હોતું પણ જયન્તની પોતાની દેખરેખ નીચે પોતાનેજ માટે થતું હતું.

જયન્ત માટે! કલબ-દારૂનું પીઠુ જયન્ત બંધાવે! કહે છે કાંઇ ને કરે છે કાંઇ આમ લોકો બબડતા હતા. ખરૂં શું તે હજી કોઇને ખબર ન હતી. એ મકાન જયન્તે બંધાવ્યું હતું અને તે ભાડે આપવાનું ન હોતું એ ચોક્કસ. એક જણે ભાડે આપવાને કહ્યું પણ જયન્તે એટલોજ ઉત્તર આપ્યો કે 'કોઇને આપવા બંધાવ્યું નથી.' વિશાળ ઓરડા, ભપકાદાર ઠાઠ, અને એવી વ્યવસ્થા હતી કે લોકોની ધીરજ રહી નહી ને એક જણે તો જયન્તને મ્હોડે મ્હોડ પૂછ્યું.

શું લોકોને બેસવા ઉઠવા, ખાવા પીવા, રમવામાટે આ મકાન કર્યું છે!

હા. આ નમુનેદાર કલબ હાઉસ-રેસ્ટોરાં કરવા ધારૂં છું. આ લાનોલીમાં ન મળે એવું તો હોયજ પણ મુંબાઇમાં ન હોય એવું કલબ હાઉસ બનાવવું છે.

આટલા વર્ષના અનુભવથી મને લાગે છે કે દારૂનો ખપ વધતો જાય છે. મ્હારા કારખાનાના માણસોને દર રાતના પીઠામાં ગયા શિવાય ચાલતું નથી. આ ઉપરાંત બીજા પણ જાય છે તો જ્યારે એ વિના ચાલતુંજ નથી તો પછી હુંજ આવું પીઠું-આવી કલબ શું કામ ન ઉઘાડું? જેથી મને લાભ મળે. એપણ એક જાતનો કમાણીનો રસ્તોજ છે ને. મહિના માસમાં મકાન તૈયાર થશે અને બીજા કરતાં સારી સવડ, ઉંચો માલ અને થોડા પૈસા, પછી મ્હારે ત્યાં ઘરાકી કેમ ન જામે? ઘરાકી વધવીજ જોઇએ.

પૂછનાર તો આ ઉત્તર સાંભળી આભોજ બન્યો. જી માફ કરો.

કેમ?

આ વાત ગામમાં તો કયારનીયે ઉડી છે પણ હું સામો હતો. હું માનતો ન હોતો. હોયજ નહિ એમ કરી બધા સાથે લડતો હતો.

હવે લડવાની જરૂર નથી. મારી તરફથી મહેનત કરી મને ઘરાકી વધે એમ કરશો તો ઉપકાર માનીશ.

તે બિચારો એબાકળો દિગમૂઢ હોય--સ્વપ્નામાં હોય એમ પાછો ફર્યો. જયન્તભાઇને શું થયું છે! એમનું ડહાપણ કયાં ગયું? પોતે ઉઠી દારૂની દુકાન ઉઘાડે છે જેમ જેમ આ વિશે વિચાર આવતા ગયા તેમ તેમ તે ગભરાયો અને લોકોની ખાત્રી થઈ.

કારખાનામાં કામ કરતા મજુરો, હલકા પગારના ચાકરો જે ચાલોમાં રહેતા અને જે ચાલોમાંના જીવનની

વાતો આપણે આગળ કરી ગયા છીએ તે વાચક વર્ગને સાંભરતી હશે. ચાલમાં ફેરફાર ન હોતો—એમાં રહેનારામાં થોડો ઘણો ફેર પડયો હતો. કેટલાક વયોવૃધ્ધ થતાં મરી ગયા હતા પણ તે શિવાય જે ફેરફાર થયો હતો તે પુરૂષવર્ગના અનિયમિત જીવનનું પરિણામ હતું. પારવતી શરીરે જાડી અને વયોવૃધ્ધ માતા થઈ હતી. દેવો પારવતીની રોજની પીટણીથી કાંક સુધર્યો હતો અને એ સૂધર્યો હતો એટલેજ છોકરાં બે પૈસે સુખી થયાં હતાં. પારવતીના પડોશમાં એનાં એજ રોદણાં હતાં. જે છોકરાં ઘોડીયામાં હતાં તે અત્યારે કમાતાં થયાં હતા, પરણ્યાં હતાં. તેમના બાપને દારૂ હજી જોયતોજ હતા. છોકરાંને પણ બાપની ટેવ વારસામાં મળી હતી અને ઘરમાં પાંચ પાંચ છ છ માણસની કમાણી છતાં માર વાડીને ત્યાંથી પૈસા લાવવા પડતા.

ભગો -રાજબાના પતિ ભગાનું કામ બગડયું હતું. ભગાને નોકરીમાંથી દૂર કર્યો હતો. રાજબા વૃધ્ધ થઈ હતી. છોકરાં મોટાં હતાં પણ માબાપને મારતાં. ભગો - રાજબા પારવતીની આગળ છોકરાંની ફરિયાદ કરતાં પણ તેમાં કાંઇ વળતું નહી. ભગાને દારૂ પીવા જોઇએ ત્યારે ઘરમાંથી જે મળી આવે તે વસ્તુ ઉપાડી મારવાડીને ત્યાં મૂકતો કોઇનું હલકુ કામ કરી—દારૂ વગેરે લાવી આપી કમીશન કાઢતો અને એનું જીવન કલેશમાંજ જતું. ભગાના છોકરામાંથી એક કમાતો પણ એણે એક મરાઠણ રાખી હતી. ઉમર લાયક છોકરીઓ સ્વતંત્ર, સ્વછંદ અને અનિયમિત જીવન ગાળતી. આ ચાલીમાં બૈરીઓ સાંજના રાતના તડાકા મારતી અને પીડાં બંધ થયે પતિઓની આવવાની વાટ્ય જોતી હતી. આ બૈરક સભામાં નવાં દારૂનાં પીઠાની વાત આવી હતી. અને પારવતીએ શરૂ કર્યું.

જયન્ત આવો થશે એમ મ્હે ધાર્યું ન હોતું. બળવન્તભાઇને મ્હે વાત કરી કે જયન્તભાઈ દારૂનું પીઠું ઉઘાડેછે. ત્યારે કહે એમ થાયજ કેમ! હોયજ નહી.

અલી પારવતી! કહે છે વળી એમાં વીજળીના દીવા પંખા અને એવો ભપકો રાખ્યો છે કે ગયાવિના રહેવાયજ નહી-બાપનો બધો પૈસો આ મકાનમાંજ ખરચ્યો લાગ્યો છે. અત્યારે મધ્યરાત સૂધી ઘેર આવવાનું ભાન નથી તો પછી એ નવું પીઠું ઉઘડશે ત્યારે તો શું એ થશે.

જયન્તનો આ ફેરફાર આપણી અને આપણા કુટુમ્બની પડતી સૂચવે છે. એ ન પસ્તાય તો કોણ જાણે આપણે તો રોઇશું.

શું રોવું બાકી છે તે હજી રોવું પડશે. મ્હારા ઘરમાં શું છે તે મારૂ મન જાણે છે. આ ફાટેલું લુગડું અમારી મીલકત. દશ રૂપીઆ પગાર મળે તેમાંથી પગારને રાતે કેટલા પૈસા ઘરમાં આવે છે તે જાણે છે. આઠ આના-આટલું બસ ન હોતું કે શેઠ પોતે દુકાન ઉઘાડવા બેઠા છે. આઠ આનાએ લઈ લે એટલે નિરાંત.

હાય! હાય! બા.

પરમેશ્વર મને મોત આપે તો સારૂં. દારૂની દુકાનો ઉઘાડવાની રજા આપવી હોય તો પછી ચોર-ખૂનીને પકડવા શિક્ષા કરવાની શી જરૂર છે! દુઃખે માથુ ને પેટ ચોળ્યે શું થાય!

પારવતી! મારા મનથી કે મકાન કોઇ અનાથાશ્રમ કે આપણા કારીગરોના છોકરાં માટે નિશાળ હશે. આવો આશ્રમ વસન્તભાઈ બંધાવવાના હતા પણ એમના છોકરાઓની હોળીમાં એ બિચારા કાંઇ કરી શકયા નહિ.

જયન્તે બાપની ઇચ્છા પૂરી પાડી હત તો એ સારૂ. આ મ્હોટો હજીરો ઉભો કરી ગરીબનાં લોહી રેડાવશે. જયન્તભાઇ જેવા દારૂના પીઠાના માલીક! એમ તો કાંઇ નહી. એમ તો મોટા મોટા માણસો, વૈષ્ણવના ટીલાવાળા, પરમ ભકતો, ગુરૂ દત્તાત્રયની છબી સામી રાખનાર, પીઠાના માલીક હોય છે. મ્હે તો સાંભળ્યું હતું કે અનાથાશ્રમ બંધાય છે.

ખરે! વસન્તભાઇ અને જયન્તભાઇ માટે કોઈ બોલી શકે એમ ન હોતું. બાપ બેટા ઘણા ઉમદા, ઉંચા ખવાસના એમના જેવા દારૂની દુકાન ઉઘાડે એ ખરેખર હીણપતનુંજ કામ. જયન્તભાઇ જાણે ને રખેને અભિપ્રાય હલકો થાય એ બ્હીકે મ્હારા ઘરમાંથી દારૂની ટેવ ગઇ; તેજ જયન્તભાઇ દારૂના પીઠાના માલીક!

પરમદિવસ કારખાનામાં પેલાના બે પગ કપાઇ ગયા. જયન્તભાઇએ તરતજ બેરીને વર્ષાસન બાંધી આપ્યું. મારા મનથી કે એવા નિરાધાર માટે મકાન બંધાવતા હશે. એમની પાસે થાય એવું કામ કરાવશે ને રાખશે. સાંભળ્યું છે કે એજ માણસ અહી બેઠો બેઠો દેખરેખ રાખશે.

હોય નહી. એ તો દારૂને અડતો નથી. એણે તો દારૂ ન પીવાના સોગન લીધા છે.

તે હશે પણ એને રાખવાનું કારણ છે. જો બીજાને દેખરેખ સોંપે તો વખત છે ને દારૂ પી બેભાન થાય ને હિસાબ કીતાબનું ભાન ન રાખે. આતો પોતે પીએજ નહી એટલે બરાબર દેખરેખ રાખી શકે ને.

ભોગ. પુરેપુરૂં જાણ્યાવિના નિંદા કરવી ઠીક નહી. વાજતે ગાજતે ઘાણુંએ માંડવે આવશે. અત્યારસૂધી તો આપણે એમના ઉપકાર નીચે છીએ.

પણ જયન્તમાં આવો ફેરફાર થશે એવું કોણે ધાર્યું હતું! ગઇ કાલે પીઠામાં થયું હતું તે સાંભળ્યું ને!

હા. ત્યાં મારામારી થઇ હતી અને કાંઇક શીસા પ્યાલા ફુટયા.

આમ સ્ત્રીઓ જયન્તના કલબ હાઉસની યોજનાની તદ્દન વિરૂધ્ધ હતી, જ્યારે પુરૂષો અજાયબ થતા હતા. છતાં અંદરથી ખુશ જણાતા હતા.

જયન્ત એક દિવસ નવા મકાન નવા કલબ હાઉસ કે નવા પીઠામાંથી બ્હાર નીકળ્યો ને સામેથી બળવન્ત નજરે પડયો.

બળવન્ત! મકાન તૈયાર થઇ ગયું છે. સામાન આવે એટલી વાર. થોડા દિવસમાં ઉઘાડી શું.

ખરે!

બળવન્ત! લોકો શું કહે છે!

સ્ત્રીઓ ગાળો દે છે. પારવતી તો મણ મણની ચોપડાવે છે. સુધા બ્હેનનો છોકરો આવો ઉઠયો! એ તો તમારૂ આજથી મ્હો જોવાની નથી.

આ સાંભળી જયન્ત ખૂબ હસ્યો ને ચાલ્યો ગયો. ત્યાંથી સુશીલા કાકીને ત્યાં ગયો-સુશીલા ન હોતી. યમુ હતી. યમુ લગભગ ૨૫-૨૭ વર્ષની થઈ હતી. એ જ્ઞાતિમાં કન્યા મોટી કરવામાં કાંઇ નવાઈ નથી. યમુનું જીવન એક આશામાંજ નભતું હતું. શરીરે તંદુરસ્ત હતી, કેળવાયેલી હતી-ઠરેલ હતી, પરન્તુ કાંઇક ઉંડી ચિન્તા હોય એમ એના મ્હો ઉપરથી જણાતું હતું. બારીએ ઉભી ઉભી પશ્ચિમનો મંદપવન અનુભવતી હતી. સાદી ગુલાબી બૂટીદાર સાડી પહેરી હતી. માથામાં ગજરો ખોસ્યો હતો. શ્વેત કપાળમાં ચાંલ્લો હતો.

ગૌર વદન ઉપર યુવાનીની લાલાશ હતી. હૃદયના મન ગમતા જયન્તને જોતાંજ યમુ ટટાર થઇ–સામી ગઈ. અસ્ત થતા સૂર્યના કિરણમાં બન્ને ભવિષ્યનાં પતિપત્ની પ્રેમી યુગ્મ મુંગાજ–હૃદયના ભાવ માત્ર નેત્રથીજ–સ્પર્શ-થીજ સમજતાં ઉભાં રહ્યાં.

આવી ખુશનુમા સંધ્યાકાળ કદી અનુભવી હતી!

નહિજ, તેમાં તારી સાથે તો નહિજ.

સુશીલા ફોઇ નથી તેથી દીલગીર છું—

હું ખૂશી છું તો–કારણ—

એકાન્ત, સંધ્યાકાળ, અંદરથી જોર કરતો પ્રેમ અને જયન્તનું સ્નેહાળ વદન અને વચન કોમળ યમુના રૂંવે રૂવાં ઉભાં કરવા બસ હતાં. યમુ શરમાઈ ગઈ. યમુએ મર્યાદાસર જયન્તનો હાથમાંથી હાથ ખેંચ્યો.

યમુ રહેવા દે! એ હાથ મારો છે અને કાયદેસર એ હાથ મારો કરવા દેવા વિનંતી કરવાજ આજ આવ્યો છું.

યમુને હર્ષનાં આસુ આવ્યાં--નીચુંજ જોઈ રહી–એની છાતી ઉછળવા લાગી.

યમુ! ત્હેં મારે માટે અને મ્હેં તારે માટે ઘણાં વર્ષો રાહ જોઇ. આજ કાલ કરતાં દશબાર વર્ષો થઇ ગયાં. યમુ! આપણા બેમાંથી એકકેએ ગાંડાઈ કરી નથી. બહુ બોલ્યાં નથી છતાં આપણે એક બીજાનું હૃદય સમજી શકયાં છીએ. યમુ! ત્હારે માટે હું લાયક છું? ત્હારી મરજી ન હોય તો—

યમુ નરમ થઈ ગઈ. આંખમાંથી આંસુ વહયાં જતાં હતાં. લાગણીના જોમમાં માથું જયન્તના ખભા ઉપર નાખ્યું. જયન્તનો સ્નેહભર હાથ યમુના માથા ઉપર ફર્યો ને પ્રેમથી યમુને છાતી સરસી ચાંપી.

લગ્નની વાત ચાલી. વસન્તભાઈના બાર મહીનામાં નહી એમ યમુની દરખાસ્ત હતી.

શામાટે! રૂઢી! શોક! એવો ખોટો ઢોંગ શામાટે! ધાર કે આજ અત્યારે આપણે પરણીયે તેથી વસન્તભાઇ વીસરાવાના હતા? સુધા વીસરાશે? વામન, દત્તુ મોહિની કોઈ વીસરાશે તો પછી નાટક રૂઢીને વળગી રહેવાથી શો લાભ?

પણ—

પણ શું? બીજો વાંધો હોય તો બોલ. વસન્તભાઇ માટે મને લાગે છે એટલું બીજા કોઇને નહી લાગતું હોય. અત્યારે એમનો અમર આત્મા સાંભળતો હોય તો આપણા લગ્નથી દીલગીર થવાને બદલે સંતુષ્ટ થશે.

યમુથી કાંઇ બોલાયું નહી.

યમુ! ઘણા દીવસ એકલો રહયો. હવે ઘરમાં એકલા ગમતું નથી. એટલા મોટા ઘરમાં ઘણા માણસોમાં રહેલો એટલે હવે ફાવતું નથી. બીજું મ્હને મારા કામમાં મંત્રી જોઇએ છીએ.

શું કારખાનામાં!

હા. ગરીબ કારીગરો માટે મારા એકલાથી પહોંચી શકાતું નથી. મ્હારે એક સ્ત્રીની જરૂર છે અને તે તુંજ. એમના ગરીબ ઘરમાં જઈ એમના બાલકોમાં, એમની સ્ત્રીઓમાં શાન્તિ, પ્રેમ ફેલાવનાર જોઇએ છીએ, ત્હેમને સુઘડતા શીખવનાર, ત્હેમના જીવનમાં સુખ રેડનારની જરૂર છે. પુરૂષ એકલાથી આ બનવું અશક્ય છે. સ્ત્રીની મદદશિવાય બને એમ નથી. સ્ત્રીઓને મળે, એમની સાથે પરિચયમાં આવે-એમને પોતાના ગણી એમને કેળવે એવીની જરૂર છે. એમની ચિન્તા એમનાં દુઃખોનો ભાર ઓછો કરનાર-એમને ઓછો કરતાં શિખવનાર સ્ત્રીની

જરૂર છે. યમુ તરીકે આ કરવાની જરૂર નહી લાગતી હોય પણ જયન્તની પત્ની તરીકે જરૂર છે.

યમુથી હસાઈ જવાયું.

યમુ! આ ઉપરાંત મારે એક જીવન મિત્ર જોઇએ છીએ જેથી એની સલાહ અને મદદ મળી શકે.

જયન્ત! હું સલાહકાર! મારી સલાહ ! મને આટલી ઉંચે ન ચઢાવો-હું બીલકુલ લાયક નથી.

સ્નેહાળ, મારા કલ્યાણમાંજ પોતાનું કલ્યાણ માનનાર જીવન મિત્ર, બાહ્ય જીવનથી કંટાળી આવતાં હસતા મુખે, ઉછળતા હૃદયે અને મધુર શબ્દે આવકાર આપનાર–મારા જીવન ક્રમમાં, મારા ઉદ્દેશામાં, મારા કર્તવ્યોમાં મ્હારી આશા નિરાશામાં, મ્હારા સુખદુખમાં ભાગ લેનારની જરૂર છે અને તેને માટે તુંજ લાયક છે.

યમુના હૃદય ઉપર જયન્તના અકેક શબ્દ ઘા મારતા હતા-અને એ પ્રત્યેક શબ્દે ઢીલી થતી હતી. આખરે હીમત રાખી બોલી.

જયન્ત! મારાથી બનતું કરીશ. તમારા કારીગરો તે મ્હારાજ. અને એમનાં જીવનમાં સુખનાં કિરણો ફેલાવવા એ મારૂં કર્તવ્ય માનીશ. મોહિનીએ કેમ નહી કર્યું હોય.

મોહિનીએ ન કર્યું માટેજ વસન્તભાઇનો હૃદયનો આનંદ નષ્ટ થયો. મારી માએ કર્યું. બળવન્તભાઇ હજી પણ સુધા બ્હેનના વખાણ કરે છે. જો સુધા જીવી હત તો આપણા કુટુમ્બો તો શું પણ કારીગરોના કુટુમ્બો અત્યારે સુખ સગવડ અને આનંદમાં રહેત. મોહિનીએ એ કર્તવ્ય ન માન્યું અને આખા જીવનમાં એકવાર પણ ગરીબોનાં ઘરમાં ગઇ હોય એમ હું માનતો નથી. યમુ! માણસ ધારે તો ઘણુંયે કરવાનું છે!

પણ થઈ શકશે? જો કેળવણી હોય તો થાય.

નથી થતું, કારણ ગૃહ કેળવણી કે ઇશ્વર ભાવનાજ નથી. કેળવણીજ કયાં છે? ઉલટી બંધ થાય છે. પણ મ્હારૂ અંતઃકરણ એમ કહે છે કે ઘણુંએ થાય એમ છે. યમુ! મારા કુટુમ્બ કરતાં આ લોકોના ઉધ્ધાર માટે મારૂ જીવન ગાળવા પ્રબળ ઇચ્છા છે. ખોટું લગાડીશ નહી, તારાં બાલકને નહિ વિસારૂં. તેમના શરીર અને મનના વિકાસ માટે મ્હારી સર્વશક્તિનો ઉપયોગ કરીશ એટલુંજ નહી પણ મ્હારી પાસે બે પૈસા હશે તો તે પણ તેમનાજ હીત માટે ગાળીશ.

જરૂર. તમારી સર્વ મનવાંચ્છના પુરી પાડીશ, તમારા સર્વ કાર્યોમાં સહાનુભૂતિ આપીશ. વ્યાપાર ઉદ્યોગમાં પૈસો પ્રાપ્ત કર્યા પછી જે ગરીબ વર્ગના શ્રમથી આ પૈસો મળે છે તે ગરીબ વર્ગને માટે પેટ પુરતોજ પગાર આપવામાં આવે અને નફામાંથી એ પૈસામાંથી તેમનાજ કલ્યાણ માટે પાઇ પણ ન ખરચાય તો ખરે ખર તે માલીક–તે શેઠ પાપી થાય છે. મહેનતના પ્રમાણમાં પગારજ આપવો એ મનુષ્યની નજરમાં યોગ્ય હશે પણ ઇશ્વરની નજરમાં પાપ છે.

વ્હાલા જયન્ત! તમારાથી બને તેટલો પૈસો ગરીબ વર્ગની માનસિક, સામાજીક, નૈતિક ઉન્નતિમાટે વાપરજો ને હું ના કહું તો કહેજો.

જયન્તે પ્રેમથી યમુને પડખામાં લીધી અને એના કોમળ ગાલ ઉપર સ્નેહદાન દઇ કહ્યું-પ્રિયે! આપણે પોતાનાં તરફનાં અને ગરીબ વર્ગ તરફનાં કર્તવ્યો કરીશું એ મને ખાત્રી છે અને જે પ્રભુએ આપણને સારી સ્થિતિમાં મૂકયાં છે તેને ને તેમને કાંઇક હલકી સ્થિતિમાં મૂકયાં છે તેને, સંતોષ આપીશું.

આ પૃથ્વી ઉપર આપણે ટુંક સમય રહેવાનાં છીએ તો નિત્ય જીવનમાં, અનેક ઝંઝાવાતોમાં સ્નેહીની સાથેના આનંદ પ્રસંગમાં અને ગૃહુ જીવનના અનેક કર્તવ્યોમાં એટલુંજ યાદ રાખી શકીયે કે વધારે પવિત્ર, વધારે આનંદમય ભૂમિમાં જવાને અર્થેજ આ સંસાર યાત્રા કરવા નિકળ્યા છીએ તો બસ.

પ્રકરણ ૨૭ મું.

આશાનાં કિરણ.

એપ્રિલ મહિનો આવ્યો અને કલબ હાઉસ તૈયાર થઈ ગયું. એકજ વસ્તુની ખામી હતી. એના ઉપર નામ લખાયું ન હોતું. પાટીયું મરાયું ન હોતું એટલે આખા લાનોલીમાં 'શું હશે'ની ઉત્સુકતા ફેલાઈ હતી. થોડા દિવસમાં લોકોની વૃત્તિ શાન્ત થઈ. બારણાની વચ્ચે પણ ઉંચે એક સૂવર્ણનું મ્હોટું પ્રાણી હતું. આ પ્રાણીનો ઘાટ, એનું કદ અને એનું રૂપ એવું હતું કે સિંહ, વાઘ, બળદ કે શું કહેવું તે સમજાતું નહી પરંતુ થોડા દિવસ થયા નહી એટલામાં એ પ્રાણીની તળે સોનાનાજ અક્ષરો ગોઠવાયા.

THE BRAZEN BULL.

આમ છતાં આ કલબ હાઉસજ હોય તો પાટીયું ન જોતાં લોકો અજાયબ પામ્યા અને આવી ગંભીર ભૂલ જયન્તને કાને લાવવા નિશ્ચય કર્યો અને કહ્યું—

હા. ખરી વાત છે એ ભૂલીજ ગયો. નામ આપવુંજ હોય તો આપીયે. ભલે વિચિત્ર કહે—'આશાનું કિરણ.'

સંધ્યાકાળે જયન્તે પોતાના કારખાનાના તમામ કારીગરોને કારખાનાનાંજ મેદાનમાં બોલાવ્યા. કારખાનાનું કામ સાધારણ રીતે છ વાગે બંધ થતું હતું પણ આજે કામ વ્હેલું આટોપી પાંચ વાગે ભેગા કર્યા હતા. જયન્ત પોતે એક ઉંચા પ્લાટફોર્મ ઉપર ઉભો થયો અને કારીગરો તરફ નજર કરી બોલ્યો.

"ભાઈઓ! આજ તમને અહીં બોલાવ્યા છે પણ આખા દિવસના શ્રમ પછી ઘેર જવાને ઉત્સુક હશો એ સ્વાભાવિક છે. લાંબુ ભાષણ કરી તમને જરાયે કંટાળો આપવા માંગતો નથી. પાંચજ મીનીટમાં મારે જે કહેવાનું છે તે કહી દઈશ. ભાઈઓ! તમે આપણું નવું મકાન જોયું છે અને એ મકાનની અંદર લાભ લેવા ઉત્સુક છો એમ માનું છું. કેમ ખરૂં ને!"

લોકો અંદર અંદર વાતો કરવા લાગ્યા. કેટલાક હસ્યા.

"ભાઈઓ! એ નવા મકાનમાં તમને જોઈને ખરે ખર હું રાજી થઈશ. પણ એમાં દાખલ થવાને માટે કેટલીક શરતો છે અને એ શરતો કેઈ કેઈ છે તે જણાવવાજ આજ મ્હે તમને બોલાવ્યા છે. કારણ કે એ શરતો ન પળાય, ન પાળી શકો તો પછી તમારે માટે એ મકાન થયું કે ન થયું તે સરખુંજ છે. તમને અંદર દાખલ કરવામાં નહી આવે, હાલમાં તો નહીજ, પછી આગળ ઉપર જે થાય તે ખરૂં."

લોકોમાં ગરબડાટ થઈ રહયો. શરતો જાણવાની ઉત્સુકતા વધી.

"સાહેબ! એ શરતો કહો! અમે પાળીશું." એક ખૂણામાંથી એક જણ બોલી ઉઠયો.

"કોણ! નાનુ બોલ્યો કે—"

નાનુ પકડાયો જાણી લોકોમાં હસાહસ થઇ રહી.

"પહેલી શરત એ છે કે જે આજે જાય તેણે આખો મહિનો દરરોજ હાજરી આપવી પડશે."

'કબૂલ' 'કબૂલ' 'કબૂલ' ની બૂમો ચોગરદમ સંભળાઇ.

"પૂરૂં સાંભળ્યાં પહેલાં વચન ન આપો."

"એ આખો મહિનો મારા કારખાનામાંજ કામ કરવાનું-બીજે કામ કરવા નહી જવાય."

'કબૂલ. હમારે બીજા શેઠ ન જોઇએ.'

ત્રીજી શરત એ છે કે એમાંથી જે કાંઇ કોઇ લે ત્હેના પૈસા એ મહીનો આપવાના નહી. આખા મહીનાનું ખર્ચ મારે માથે.

કારીગરો તો ગભરાઇજ ગયા. ઉપકાર-આશ્ચર્ય, પ્રેમની લાગણી એટલી થઇ આવી કે તાળીયો, હુર્રેના પોકારોથી આખું કારખાનું ગાજી ઉઠયું ને એ ઘોંઘાટ સાંભળી બ્હાર જતાં આવતાં લોકો ક્ષણવાર ઉભા રહ્યાં.

"અને ચોથી શરત એ છે કે ભવિષ્યમાં તમારે તમારાથી બને તેટલું કરી-જરાક યત્ન કરી મારા ખાતાને ઉત્તેજન આપવું ને મારે ત્યાંજ આવવું-બીજે જઈ બીજાને ઉત્તેજન ન આપવું."

વળી તાળીયો પડી અને લોકો આનંદમાં ઉશ્કેરાઈ ગયા.

"ધીરા થાઓ. આ શરતો પાળવા આટલા ઇંતેજાર છો જાણી મ્હને બહુ આનંદ થાય છે પણ ભાઇઓ આ શરતો તો દાખલ થવાની છે. અંદરના થોડાક નિયમ છે તે જાણી લ્યો. પહેલો નિયમ એ છે કે મારી મરજી ઉપરાંત કોઇએ વધારે પીવું નહી."

તદ્દન ચૂપકી.

"બીજુ-પીવાની વસ્તુ સારી છે કે ખરાબ એવી ફરિયાદ કરવી નહી. એટલી ખાત્રી રાખજો કે તમે રોજ પીઓછો તે કરતાં તદ્દન જૂદીજ તરહેની હશે. કોઇએ ખડખડાડ કરવો નહી."

"કબૂલ."

"સાંભળો, ભાઇઓ સાંભળો! તમને તાડી પીવાની-જીન-દારૂ પીવાની ટેવ છે. જુઓ હું કોઇ દહાડો પીતો નથી એટલે સારા ખોટાની મ્હને પરીક્ષા નથી તો પછી એક મહિનો નભાવી લેજો. દાખલ થયા પછી બ્હાર નહી નિકળાય માટે બોલો?"

"કબૂલ! જયન્તભાઈ જેવાને દારૂવાળા ખરાબ દારૂ આપેજ નહી."

"પણ ભાઇઓ! બહુ વિચાર કરજો. કદાચ તે દારૂ તમને ભાવશે નહી-સ્વાદ વિચિત્ર હશે, મોહનો રહેવું પડશે પછી ગાળો દેશો કે ફસાવ્યા તે નહી ચાલે."

"કબૂલ."

"છેવટે સાંભળો-વિચાર કરો. અને પછીજ જવાબ આપજો-જવુંજ હોય-એ મકાનનો લાભ લેવોજ હોય, તો ત્યાં પુરો મહિનો જવું પડશે. ત્યાં જેવું ને જે તરહેનું ખાવાનું પીવાનું હશે તે પીવુંજ પડશે. કેમ, નાનુ ત્હને કેમ છે?"

"સાહેબ! આપણે નથી જવાના."

ભાઇઓ! જેમનાથી આ શરતો ન પળાય અને નહી પળાય એમ લાગતું હોય તેમણે ત્યાં ન જવું એ મારી ભલામણ છે. કારણ દાખલ થયા પછી શરતો પાળવીજ પડશે. વારૂ મારા પિતા ને હું એ બેમાંથી સખ્ત કોણ?"

"કોઇ નહી."

વસન્તરાવને સંભારતા કેટલાક વૃધ્ધ કારીગરોની આંખમાં આંસુ આવ્યાં. કારીગરોને જોઇએ એવાજ માયાળુ-ન્યાયી ભલા શેઠ હતા.

"સાહેબ! તમે, તમારા પિતા હમારા શેઠ નહી પણ મિત્ર હતા-છો.

"જો મ્હારા ઉપર, મ્હારા પિતા ઉપર આટલો સ્નેહ હોય તો મ્હારે ખાતર-મ્હારા પિતાની ખાતર જરાક સ્વાર્થત્યાગ કરવા તૈયાર થાવ. મનમાનતો ખોરાક ન હોય તો એક મહિનો નભાવી લેશો."

જયન્તના શબ્દો, જયન્તની બોલવાની પધ્ધતિજ અને એનો પ્રેમાળ ચહેરોજ એવો હતો કે લોકો ઉપર અસર થયા વિના રહેજ નહી, તાળીયો આનંદનો ઘોંઘાટ મચી રહયો. દરેકે મનમાં પ્રતિજ્ઞા કરી કે ગમે તેમ થાય તોપણ એક મહીનો નભાવી લેવો અને નવા મકાનમાં સારો દારૂ મળે કે ન મળે, સમૂળગો ન મળે તોપણ મહિનો ત્યાંજ જવું.

દરેક માણસને ક્રમવાર ટીકીટ આપવામાં આવી. ટીકીટો ત્રણ જાતની હતી, મુકાદમ, કારકુનો, સુપરવાઇઝરો ત્યાં આવે તો ઠીક એમ જયન્તને થતું હતું છતાં કોઇને બોલાવ્યા ન હોતા. બળવન્ત અને એની રેંકના બીજાને પહેલા વર્ગની ટીકીટ હતી તેથી ઉતરતાને બીજા નંબરની અને સામાન્ય મજુર વર્ગને ત્રીજા નંબરની. ત્રણ નંબરની ટીકીટ જોઇ લોકો એમ માનવા લાગ્યા કે ત્રણ જૂદા જૂદા હૉલ હશે. જયન્તે ભાષણ ખલાસ કર્યું ને લોકો વિખરાયા.

નવા મકાન 'આશાના કિરણ' માં શું હશે તે જોવા લોકો એટલા ઉત્સુક હતા કે કારખાનામાંથી નીકળ્યા કે